તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા. આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અજીત જયવંત લેલેને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૧૭મી માર્ચ, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર : કેએચ/એસએચએમસી/વ/એજે/૫૪૩૧/૦૮.—મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિ-પ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર દિનેશ ફાર્માસ્યુટીકલ્સ પ્રા. લી., નંદેસરી અને તેના શ્રમયોગી શ્રી ભીમાભાઈ કેસરસિંગ ગોહીલ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧૦ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા. આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ભીમાભાઈ કેસરસિંગ ગોહીલને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૧૭મી માર્ચ, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર : કેએચ/એસએચએમસી/વ/એજે/૫૪૩૬/૦૮.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિ-પ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સંસ્થા વેદાન્ત કોપર એક્સ્ટુશન પ્રા. લી., વાઘોડીયા અને તેના શ્રમયોગી શ્રી ભાઈલાલ નાથાભાઈ રોહીત વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧૦ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા. આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ભાઈલાલ નાથાભાઈ રોહીતને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૧૭મી માર્ચ, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર : કેએચ/એસએચએમસી/વ/એજે/૫૪૪૧/૦૮.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર દિનેશ ફાર્માસ્યુટીકલ પ્રા. લી., નંદેસરી અને તેના શ્રમયોગી શ્રી પુનમભાઈ શનાભાઈ ગોહીલ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧૦ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા. આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પુનમભાઈ શનાભાઈ ગોહીલને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૧૭મી માર્ચ, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર : કેએચ/એસએચએમસી/વ/એજે/૫૪૪૬/૦૮.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિ-પ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગંધાર પેટ્રોકેમીકલ્સ લી., નંદેસરી અને તેના શ્રમયોગી શ્રી ગોકુળસીંહ શીવજીસીંગ શેખાવત વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧૦ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા. આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ગોકુળસીંહ શીવજીસીંગ શેખાવતને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૧૭મી માર્ચ, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર : કેએચ/એસએચએમસી/વ/એજે/૬૪૩૩/૦૮.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિ-પ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર દિનેશ ફાર્માસ્યુટીકલ્સ પ્રા. લી. નંદેસરી, વડોદરા અને તેના શ્રમયોગી શ્રી કાન્તીભાઈ મંગળભાઈ પટેલ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક : કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧૦ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા. આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી કાન્તીભાઈ મંગળભાઈ પટેલને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૨૭મી માર્ચ, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

સરકારી મુદ્રણાલય,
વડોદરા.

INDEX

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

The Gujarat Government Gazette

EXTRAORDINARY
PUBLISHED BY AUTHORITY

Vol. XLIX] THRUSDAY, JUNE 5, 2008 / JYAISTHA 15, 1930 [No. 23

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૧/આર.યુ.–સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪(૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, જુનાગઢ ડીસ્ટ્રીક્ટ કો. ઓ. બેંક, જુનાગઢ અને શ્રી ગોવિંદભાઈ મૈસુરભાઈ પીઠડીયા, જુનાગઢની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૮ના મે માસના ૫માં દિને આથી નોંધ કરૂ છું.

INDEX

BY THE COMMISSIONER OF LABOUR

Notification

Bombay Industrial Relations Act, 1946.

Appointment of Assistant Registrar

Read :- Officer, Notification, dated 30/9/2006, No. 3064 to 3083.

No. KH-SHMC/38752/BIR.— Whereas the Government of Gujarat in Education and Labour Department, has by Notification No. KH/SH/1386/BIR/Jh, dated 24th November, 1965 in exercise of the powers conferred by Section 124 of the Bombay Industrial Relations Act, 1946 (XI of 1947) directed that the powers exercisable by it under sub-section *(2)* of section 5 of the said Act shall be exercisable also by the Commissioner of Labour in the whole State of Gujarat.

Now, therefore, in exercise of the powers under sub-section *(2)* of section 5 as delegated in the manner aforesaid the Commissioner of Labour, Gandhinagar, hereby appoints Shri K. N. Doshi, I/C, Assistant Commissioner of Labour, Rajkot, to be the Assistant Registrar of Union for the entire Rajkot Region (districts of Rajkot , Bhavnagar, Kutch, Surendranagar, Amreli, Jamnagar, Junagadh, Porbandar) and confers on him all the powers of the Registrar of Union under the said Act wih effect from 1st May, 2007 of the respective region.

A. M. SOLANKI,
Commissioner of Labour,
Gujarat State, Gandhinagar.

ઔદ્યોગિક અદાલત, ગુજરાત
શ્રી પી. આર. દેસાઈ, સભ્ય, સમક્ષ.
અપીલ આઈ.સી. નં. ૭/૦૬.

વિષય :- મજૂર અદાલત, જુનાગઢના બી.આઈ.આર. ટી ૦૫/૦૬ ચુકાદા સામે અપીલ.

હુકમ / એવોર્ડ ક્રમાંક ૧૦/૨૦૦૭

જુનાગઢ ડીસ્ટ્રીક્ટ કો. ઓ. બેન્ક, જુનાગઢ. — પ્રથમ પક્ષકાર/અપીલ કરનાર/અરજદાર

વિરૂદ્ધ

શ્રી ગોવિંદભાઈ મૈસુરભાઈ પીઠડીયા, જુનાગઢ. — બીજા પક્ષકાર/ સામાવાળા.

આથી ઉપરોક્ત અદાલત આ સાથે જણાવ્યા પ્રમાણે ચુકાદો કરે છે.

INDEX

શ્રી પી. આર. દેસાઈ, સભ્ય, ઔદ્યોગિક અદાલત નં. ૧, ગુજરાત રાજકોટ સમક્ષ

અપીલ આઈ. સી. નં. ૭/૦૬

જુનાગઢ ડીસ્ટ્રીક્ટ કો. ઓ. બેન્ક, એપેલન્ટ ;
ઠે. સહકાર ભવન, બસ સ્ટેશન સામે,
જુનાગઢ.

વિરૂદ્ધ

શ્રી ગોવિંદભાઈ મૈસુરભાઈ પીઠડીયા, રીસ્પોન્ડન્ટ.
ઠે. દુર્વેશનગર, લોઢીયાવાડી,
જુનાગઢ.

એપેલન્ટ તરફે :- શ્રી એ. સી. શાહ, એડવોકેટ,

રીસ્પોન્ડન્ટ તરફે :- શ્રી બી. એમ. માવાણી, એડવોકેટ.

બાબત :- બી. આઈ. આર. એક્ટ, ૧૯૫૬ની કલમ ૮૪ હેઠળ અપીલ.

ચૂકાદો

૧. આ અપીલ એપેલન્ટ (કે જે હવે પછી ''બેન્ક'' તરીકે ઓળખાશે) તેઓએ બી. આઈ. આર. એક્ટની કલમ ૮૪ મુજબ આ અપીલ રીસ્પોન્ડન્ટ (કે જે હવે પછી '' કર્મચારી '' તરીકે ઓળખાશે) તે વિરૂદ્ધ મજુર અદાલત, જુનાગઢના ન્યાયાધીશશ્રીએ બી. આઈ. આર. (ટી) ૫/૦૬માં આપેલ ચુકાદાથી નારાજ થઈને કરી છે.

૨. બેન્કની અપીલની ટુંકમાં હકીકત એવી છે કે, કર્મચારી બેન્કમાં હંગામી ધોરણે કામ કરતાં હતાં, અને તેઓને તા. ૧૨-૫-૦૬ના રોજ કાયદેસર રીતે છુટા કરતાં, મજુર અદાલત, જુનાગઢ સમક્ષ બી. આઈ. આર. ટી. અરજી નં. ૫/૦૬ થી દાખલ કરી હતી. મજુર અદાલત, જુનાગઢે તા. ૧૮-૧૦-૦૬ના રોજ હુકમ પસાર કરી છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવી, પડેલાં રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા હુકમ કર્યો છે. આ અપીલ સમય મર્યાદામાં છે. મજુર અદાલતના હુકમમાં ગંભીર ભુલ છે. છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવવા જે જે કારણો આપેલ છે, તે કારણો યોગ્ય નથી, અને કાયદાની જોગવાઈ તેમજ ઉપલી અદાલતના ચુકાદા જોતાં ભુલ કરેલ છે. મજુર અદાલત, જુનાગઢનું એવું તારણ છે કે, ઔદ્યોગિક અદાલતે અપીલ નં. ૧૨/૦૫ના હુકમ બાદ સરક્યુલેટીંગ ઠરાવ કરીને છુટા કરેલ છે, તે શંકાસ્પદ છે.

INDEX

મજુર અદાલતે એવું તારણ આપેલ છે કે, નામદાર ઔદ્યોગિક અદાલતે અરજી નં. ૧૨/૦૫માં આપેલ હુકમમાં કર્મચારીને છુટા કરવા તેવું જણાવેલ નથી. જ્યારે બેન્કે કર્મચારીને છુટા કરવાના તા. ૧૨-૫-૦૬ના હુકમમાં તેવું જણાવેલ છે. મજુર અદાલતે વચગાળાનો હુકમ તેમજ વચગાળાના હુકમ સામે થયેલ અપીલની હકીકતો ધ્યાનમાં લીધી હતી અને ગંભીર ભુલ કરી, કર્મચારીને કામચલાઉ હંગામી ધોરણે બાંધી મુદત માટે ફરજ બજાવતાં હતાં. બી. આઈ. આર. ટી. અરજી નં. ૫/૦૬માં વચગાળાના હુકમ આધારે નોકરીમાં ચાલુ રહેલાં. આ હુકમ સામે થયેલ અપીલનો આખરી હુકમ થતાં, કર્મચારીને તેમની નિમણુંકની શરતો મુજબ કાયદેસર રીતે છુટા કરવામાં આવેલાં છે, તેવું મજુર અદાલતે ઠરાવવું જોઈતું હતું. મજુર અદાલતે વિવિધ રાજ્યોની નામદાર હાઈકોર્ટે આપેલ ચુકાદા ધ્યાનમાં લીધા નથી. આમ મજુર અદાલતનો હુકમ ગેરકાયદેસર ઠરાવી છુટા કરવાનો હુકમ કાયદેસરનો છે, તેવું ઠરાવવા માટે માંગણી કરી છે.

૩. કર્મચારી તરીકે આંક-૭ થી લેખીત જવાબ રજુ કરવામાં આવ્યો છે. અને જણાવ્યું છે કે, અપીલમાં કોઈ વિસ્તૃત વિગતો જણાવેલ નથી. મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ દરેક મુદ્દાનું વિસ્તૃત વર્ણન કરેલ છે. કાનુની આધાર સાથે જણાવેલ છે કે, ગુજરાત સ્ટેટ કો. ઓ. એક્ટના પ્રોવીઝનો અનુસરવાના હોય છે. કોઈપણ સરક્યુલેટીંગ ઠરાવ કરતાં પુર્વે રજીસ્ટ્રારની પરવાનગી તેમજ એજન્ડા બહાર પાડવામાં આવે, અને સભ્યોને બજાવવામાં આવે, તે હકીકત અને કાનુની સ્થિતિ ધ્યાનમાં લઈને હુકમ થયેલ છે. કાનુની રીતે જોવામાં આવે તો મજુર અદાલત સમક્ષ કાયમી કરવાની ચાલતી અરજીનો આખરી નિર્ણય થયો, તે જ વખતે મનાઈહુકમની અરજી પુર્ણ થઈ, ત્યારે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. બેન્ક તેમની કસુરનો લાભ લઈ શકે નહીં. કર્મચારીને કામની જરૂરીયાત મુજબ કામે રાખવામાં આવ્યા છે. બેન્ક ડાયરેક્ટરની જુબાની મુજબ કામની જરૂરીયાત મુજબ હંગામી કર્મચારીને રાખવામાં આવ્યા છે. કર્મચારી દાખલ થયા ત્યારબાદ તા. ૧૨-૫-૦૬ સુધી સતત અને સળંગ નોકરી કરેલી છે. છુટા કરવા સામે મનાઈહુકમ હતો, તે રજુઆત ખોટી છે. કાયમી થવાની અરજી કરેલી, તેમાં વચગાળાના મનાઈહુકમની માંગણી કરેલી. તે અરજીનો આખરી નિકાલ સને ૨૦૦૩ના વર્ષમાં થઈ ગયેલો. ત્યારબાદ કોઈ મનાઈહુકમ નહતો. કાયમી કરવાનો વિવાદ હાલ પણ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પેન્ડીંગ છે. નોકરી સમાપ્ત કરતાં પહેલાં કાયદાની જોગવાઈનું પાલન કરવું જરૂરી છે. મુંબઈ ઔદ્યોગિક રોજગાર અને સ્થાયી હુકમોના નિયમો મુજબ જ્યારે છુટા કરવા કાર્યવાહી એટલે કે ગેરકાયદેસર ફેરફાર કરવા માટે બેન્ક દ્વારા કાયદાની પ્રક્રિયા કરવી જોઈએ તે કરેલી નથી. કર્મચારીને સાંભળવાની તક આપવામાં આવતી નથી. રોજગાર સ્થાયી હુકમો મુજબ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરવી જોઈએ. મજુર અદાલત, જુનાગઢના કાયમી કરવાના હુકમને ઔદ્યોગિક ન્યાયપંચે રદ કરેલ હતો. તે સામે નામદાર ગુજરાત હોઈકોર્ટ સમક્ષ રીટ ફાઈલ કરવામાં આવી છે. વિનંતી પત્ર આપવામાં

આવ્યો છે. જેનો કોઈ જવાબ બેન્કે આપ્યો નથી. મજુર અદાલતનો નિર્ણય સ્પેકીંગ ઓર્ડર છે. કાયદાકીય હકીકતોની કોઈ ભુલ કરવામાં આવી ન હોય, અપીલ રદ કરવા માટે માંગણી કરી છે.

૪. બેન્ક તરફે દલીલ કરતાં જણાવ્યું છે કે, કર્મચારીઓએ અદાલતની પ્રક્રિયાનો દુરઉપયોગ કર્યો છે. પ્રથમ તા. ૧-૫-૦૨ થી છ માસ માટે નિમણુંક કરવામાં આવી હતી. અને આ હુકમ પુરો થાય તે પહેલાં જ તા. ૧૯-૧૦-૦૨ના રોજ બી. આઈ. આર. અરજી નં. ૮/૦૨ દાખલ કરી, નોકરી ઉપરથી છુટા કરે/કરાવે નહીં, તેવો મનાઈ હુકમ મેળવેલો છે. બી. આઈ. આર. અરજી નં. ૮/૦૨માં કાયમી કરવાનો હુકમ થયેલો, જે સામે બેન્કે અપીલ આઈ. સી. ૧૨/૦૫ દાખલ કરી હતી, જેનો ચુકાદો તા. ૮-૫-૦૬ના રોજ આવતાં તા. ૧૨-૫-૦૬ના રોજ છુટા કરેલ છે. કાયમી થવાનો હુકમ મેળવી નોકરીમાં ચાલુ રહેલાં, અને તે સામે અપીલ મંજુર થતાં કાયમી થવાનો કેઈસ નીકળી જતાં તા. ૧૨-૫-૦૬ના રોજ નોકરીમાંથી છુટા કર્યા છે. મનાઈ હુકમના કારણે નોકરીમાં ચાલુ રહેલ છે, તેને સળંગ નોકરીના સમય તરીકે ગણી શકાય નહીં મેટર સબ જયુડીસ હોય, છુટા કરવામાં આવ્યા ન હતાં. બેન્કનો સમગ્ર વહીવટ કસ્ટોડીયન પાસે ગયો છે. મજુર અદાલતે ચુકાદામાં જણાવેલ છે કે, છુટા કરવામાં ઝડપ કરી છે, તે શંકાસ્પદ છે. સળંગ ૨૪૦ દિવસ કામ કર્યુ છે, તેવું બતાવવા કોઈ પુરાવો નથી. કર્મચારીની નિમણુંક અંગેના નિયમો છે. આ અંગે બાયપાર્ટી સેટલમેન્ટ થયેલ છે. પહેલાં કર્મચારીને પ્રોબેશન ઉપર લેવામાં આવે, તે પછી જ કાયમી કરી શકાય. આમ કર્મચારી કામચલાઉ હતાં, ખોટો મનાઈહુકમ મેળવી નોકરીમાં ચાલુ રહ્યાં હતાં. મજુર અદાલતે કાયમી કરવાનો હુકમ કર્યો હતો. પરંતુ તે હુકમ અપીલમાં રદ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ કર્મચારીઓને છુટા કરવામાં આવ્યા છે. તેઓએ તેમની દલીલમાં ઉપલી અદાલતના વિવિધ ચુકાદાઓ રજુ કર્યા છે. અને જણાવ્યું છે કે, કામચલાઉ કર્મચારીને કાયમી થવાનો અધિકાર નથી. આવા કર્મચારીની નોકરીનો સમય પુરો થતાં, નોકરીનો અંત આવે છે, અને મનાઈહુકમના કારણે જેટલા દિવસ નોકરી કરી હોય, તેને નોકરી તરીકે ગણી શકાય નહી.

૫. કર્મચારી તરફે દલીલ કરતાં જણાવ્યું છે કે, ત્રણ કર્મચારીને છુટા કરવામાં આવ્યા છે. મજુર અદાલત સમક્ષ હારી જતાં, બેન્કે આ અપીલ કરી છે. મુદાઓ સમાન છે. મજુર અદાલતના હુકમમાં કાયદાની અને હકીકતની ક્યાંય ક્ષતિ નથી. તમામ દસ્તાવેજો ધ્યાનમાં લેવામાં આવેલ છે. સહકારી કાયદા નીચે કો. ઓ. બેન્કે છુટા કરવાના હુકમમાં કોઈ કારણ બતાવ્યું નથી. મજુર અદાલતે કર્મચારીઓને કાયમી કરવાનો હુકમ કર્યો હતો. ત્યારબાદ અપીલ દાખલ કરી હતી. કર્મચારીઓએ ૨૪૦ દિવસ કામ કરેલ છે. દાખલ થયા ત્યારથી સતત નોકરી કરી છે. કર્મચારીઓને છુટા કરવા સામે મનાઈહુકમ મેળવેલો. ત્યારબાદ કાયમી કરવા માટે પણ મજુર અદાલતે હુકમ કરેલો. લેબર કોર્ટના હુકમ સામે અપીલ કરેલી, તે વચ્ચે મનાઈહુકમ મેળવેલો નથી. સને ૨૦૦૨ પછી છુટા કરવા સામે કોઈ મનાઈહુકમ ન હતો.

INDEX

તેમ છતાં છુટા કરેલ નથી. કસ્ટોડીયને છુટા કરતાં પહેલાં રજીસ્ટ્રારને જાણ કરેલી નથી. કાસ્ટોડીયન ઠરાવ કરી શકે નહીં. ઉતાવળથી છુટા કરવાનો હુકમ કરી દીધો છે. ઠરાવ શંકાસ્પદ છે. કાયદાની મદદ લેવી તે કોઈ ગુનો નથી. આઈ. ડી. એક્ટની કલમ-૨૫/એફનો પણ ભંગ થાય છે. છુટા કરવા સામે કોઈ મનાઈહુકમ ન હતો, તેમ છતાં ચાલુ રાખ્યા હતાં. ૨૪૦ દિવસ થયા છે, તેવું માલિકના સાક્ષી જણાવે છે. આઈ. ડી. એક્ટની કલમ ૨૫-એફનો ભંગ કરી છુટા કરવામાં આવ્યા છે. આથી મજુર અદાલતનો હુકમ યોગ્ય અને કાયદાકીય હોય, અપીલ રદ કરવા માંગણી કરી છે.

૬. આ કામમાં મજુર અદાલતનું ઓરીજીનલ રેકર્ડ રજુ થયું છે. બન્ને પક્ષકારો તરફે ચુકાદા રજુ કરવામાં આવ્યા છે. મજુર અદાલતનું રેકર્ડ, કાયદાકીય જોગવાઈ, અને પડેલ પુરાવા ધ્યાને લેતાં, મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ જે હુકમ કરેલો છે, તે હુકમ યોગ્ય અને કાયદાકીય નથી, અને પુરાવાની યોગ્ય ચર્ચા કર્યા વગરનો છે. આ કામમાં મજુર અદાલતનું રેકર્ડ રજુ થયું છે. મજુર અદાલત સમક્ષ કર્મચારીએ અરજી કરી હતી. તેમાં કર્મચારીએ જણાવ્યું હતું કે, તેઓ બેન્કમાં તા. ૧-૫-૦૨ના રોજ દાખલ થઈ કલાર્કના હોદા ઉપર ફરજ બજાવતાં આવેલ છે. બેન્કમાં કામની જરૂરીયાત ઉભી થતાં, કર્મચારીને કામગીરી માટે બોલાવેલાં, અને મૌખિક રીતે, લાયકાત વગેરે બાબતે પુછપરછ કરેલી, અને ત્યારબાદ નિયત સમયનો પ્રથમ લેખીત ઓર્ડર આપેલો. ત્યારબાદ સતત નિયત સમયના ઓર્ડર આપવામાં આવ્યા છે. અને કામગીરી ચાલુ રાખવામાં આવેલ. કર્મચારીને માસીક વેતન આપવામાં આવતું હતું. કાયમીના લાભો અંગે મજુર અદાલત જુનાગઢ, સમક્ષ માંગણી મુકેલી, અને તેઓને કાયમી કરવા માટે હુકમ કરવામાં આવેલો. આ સામે બેન્કે અપીલ અરજી કરતાં, અપીલમાં મજુર અદાલતનો હુકમ રદ કરવામાં આવેલો. ત્યારબાદ તા. ૧૨-૫-૦૬ના રોજ કર્મચારીને છુટા કરવાનો હુકમ કરેલો છે. ઉપરોક્ત હુકમમાં મનાઈહુકમ ઉઠાવી લીધેલ છે, તેવું જણાવેલ છે. પરંતુ કોઈ મનાઈહુકમ ટ્રીબ્યુનલ દ્વારા ઉઠાવી લેવામાં આવેલ નથી. કર્મચારીએ આ અંગે વિનંતી પત્ર લખેલો. બેન્કનો છુટા કરવાનો હુકમ નલ એન્ડ વોઈડ એન્ડ ઈનઓપરેટીવ છે. કર્મચારીની ૨૪૦ દિવસની નોકરી થતી હોય, ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈઓનું પાલન કરવું જરૂરી હોય, તે પાલન કરવામાં આવેલ નહીં. જુનાને કામે ચાલુ રાખી, તેઓને છુટા કરવામાં આવ્યા છે, કોઈ ખાતાકીય તપાસ કરવામાં આવી નથી, બેન્કનો વહીવટ સરકારશ્રી દ્વારા નિમાયેલ વહીવટદાર કરે છે. આથી કોઈપણ પોલીસી નિર્ણય સરકારશ્રીની મંજુરી સિવાય લઈ શકાય નહીં. કર્મચારીએ કાયમી કરવાની માંગણી કરેલી, તે અદાલત દ્વારા ન સ્વીકારતાં છુટા કરવાની શિક્ષા કરી છે. ઔદ્યોગિક ન્યાયપંચના કાયમી થવાના ચુકાદાને નામદાર હાઈકોર્ટ સમક્ષ પડકારવાનો છે. જે વેતન આપવામાં આવે છે, તે વેતન લઘુત્તમ વેતન ધારા કરતાં ઓછું છે. કર્મચારીઓની હાજરી પુરવામાં આવતી હતી. જે તમામ રેકર્ડ બેન્કના કબજામાં છે. આ છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી હોય,

પડેલાં દિવસોના પુરા પગાર સાથે પુનઃસ્થાપિત કરવાની માંગણી કરી હતી.

૭. બેન્કે લેખીત જવાબ રજુ કર્યો હતો. અને જણાવ્યું હતુ કે કર્મચારી પ્રથમથી જ જાણતાં હતાં, કે તેમની નિમણુંક કામચલાઉ છે. નિમણુંકની પ્રક્રિયા સિવાય બાંધેલ વેતનથી નોકરીમાં રખાયેલ છે. તે સંજોગોમાં અરજદારને કાયદાની જોગવાઈ વિરૂદ્ધ છુટા કરેલ હોવાની હકીકત ખરી નથી. નામદાર હાઈકોર્ટે પણ કર્મચારીની નોકરી ચાલુ રાખવા અંગે કોઈ હુકમ કરેલો નથી. બેન્કની વહીવટી કમીટીએ ઠરાવ કરી, બેન્ક મેનેજરને તેનો અમલ કરવા સત્તા આપી છે. કર્મચારીને કાયમી કરવાનો મજુર અદાલતે હુકમ કરેલો હતો, તે સામે ઔદ્યોગિક ન્યાયપંચમાં અપીલ કરતાં તે હુકમ રદ કરવામાં આવેલ હોય, છુટા કરવામાં આવ્યા છે.

૮. આંક-૨૧થી કર્મચારીએ સોગંદ ઉપર જુબાની આપી હતી. અને જણાવ્યું હતું કે, તા. ૧-૫-૦૨ના રોજ દાખલ થઈ કલાર્કના હોદા ઉપર કામગીરી કરતાં હતાં. બેન્કને જરૂરીયાત પડતાં, કામે બોલાવતાં હતાં. અરજીઓ લઈ ચકાસણી કરી કામે રાખ્યા હતાં. એક વર્ષમાં ૨૪૦ દિવસ નોકરી કરી છે. કાયમી થવા માટે મજુર અદાલત સમક્ષ કેઈસ કરતાં, તેમાં કાયમી કરવાનો હુકમ કરેલો. ઔદ્યોગિક અદાલતમાં અપીલ થતાં, કાયમી કરવાનો કેઈસ કાઢી નાખ્યો છે. તેની સામે તેઓએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કેઈસ દાખલ કરેલો છે. તા. ૧૨-૫-૦૬ના રોજ છુટા કરવામાં આવ્યા હતાં. મજુર અદાલતમાં કાયમી થવાનો એવોર્ડ બાદ લાંબો સમય જતાં વચ્ચે કાયમી કરવા તેનો નિર્ણય થયેલ છે. તેઓ જરૂરી લાયકાત ધરાવે છે. ભરતીની પ્રક્રિયાની તકરાર ખોટી છે. છુટા કરતાં પહેલાં રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓની પરવાનગી લીધી નથી, અને છુટા કર્યા બાદ તેઓ બેકાર છે. ઉલટ તપાસમાં સાક્ષી જણાવે છે કે, બી. આઈ. આર. અરજી નં. ૮/૦૨, તા. ૧૯-૧૦-૨૦૦૨ના રોજ દાખલ કરેલી. મનાઈહુકમના આધારે તેઓ નોકરી ઉપર ચાલુ રહ્યાં. તા. ૧-૫-૦૨ના રોજ તેમને બેન્કે નોકરીએ રાખેલાં. બેન્કે લેખીત કે મૌખિક ઈન્ટરવ્યુ લીધો નથી. કામચલાઉ ધોરણે રાખેલાં, તે વાત સાચી છે. મનાઈહુકમ મેળવ્યો તે વર્ષે ૨૪૦ દિવસ પુરા થયા ન હતા.

૯. આમ સંબંધીત કર્મચારીની જુબાની ઉપરથી એ હકીકત પુરવાર થાય છે કે, કર્મચારીની ભરતી બેન્કને લાગુ પડતાં પરિપત્રો અને નિયમો મુજબ અન્ય ઉમેદવારોની અરજી મંગાવી, લેખિત પરીક્ષા કે ઈન્ટરવ્યુ લઈ, ભરતી કરેલ નથી. કર્મચારીને કાયમી કરવાનો કોઈ હુકમ આપ્યો નથી. કર્મચારીને તા. ૧-૫-૦૨ના રોજ ફીક્સ પગારથી નોકરીમાં રાખેલાં, અને તે હુકમનો સમયગાળો પુરો થાય તે પહેલાં તા. ૧૯-૧૦-૦૨ના રોજ બી. આઈ. આર. અરજી નં. ૮/૦૨ દાખલ કરી મનાઈહુકમ મેળવેલ હતો. અને મનાઈહુકમના આધારે તેઓ નોકરીમાં ચાલુ રહ્યાં હતાં. આમ ખોટી રીતે મનાઈહુકમ મેળવ્યો છે. બેન્કના કોઈપણ હુકમથી એક વર્ષમાં સળંગ ૨૪૦ દિવસની નોકરી કરી નથી. આમ કામચલાઉ કામ માટે બોલાવવામાં

INDEX

આવતાં હતાં, તેવું તેમની જુબાની ઉપરથી પુરવાર થાય છે. બેન્કનો વહીવટ સહકારી કાયદા હેઠળ નિમાયેલ વહીવટદારે સંભાળી લીધેલ છે.

૧૦. આંક-૨૩ થી સામાવાળા તરફે સોગંદનામું રજુ કરી જણાવ્યું છે કે, તા. ૧-૫-૦૨ના રોજ રોજમદાર કલાર્ક તરીકે રાખેલ હતાં. અને તા. ૧૯-૧૦-૦૨ના રોજ બી. આઈ. આર. કેઈસ નં. ૮/૦૨ દાખલ કરી, મજુર અદાલત, જુનાગઢ સમક્ષ મનાઈહુકમ મેળવેલ હતો. જેના કારણે કર્મચારીને કામે ચાલુ રાખવામાં આવેલ. આ કેઈસમાં કર્મચારીને કાયમી કરવાનો હુકમ કરેલો, તે સામે ઔદ્યોગિક અદાલતમાં અપીલ દાખલ કરતાં, અપીલમાં કાયમી કરવાનો હુકમ રદ કરવામાં આવેલો, અને તા. ૧૨-૫-૦૬ના રોજ છુટા કરવામાં આવેલ છે. આ સાક્ષીને ઉલટ તપાસમાં ઘણા પ્રશ્નો પુછવામાં આવ્યા છે. સાક્ષી ઉલટ તપાસમાં સ્પષ્ટપણે જણાવે છે કે, ૫૮ દિવસ પુરા થયા બાદ તુરત જ કોઈ સ્ટે હુકમ આવેલો નહીં, અને બેન્કે તે દરમ્યાન અરજદારને છુટા કરવાનો નિર્ણય લીધો નહતો. કર્મચારીએ અગાઉ જે અરજી કરી હતી, તે કાયમી કરવાની હતી. કાયમી કરવાનો હુકમ થયેલો, તે વાતની ખબર નથી કે નામદાર ગુજરાત હાઈકોર્ટે એવોર્ડનું પાલન કરવા જણાવેલ. ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઈ મુજબ અપીલ દાખલ કરેલ હતી. ઔદ્યોગિક અદાલતે અપીલમાં હુકમ કરેલો, તેમાં છુટા કરવા તેવું જણાવ્યું નથી. છુટા કરવાના ઠરાવને બહાલી આપી, તેની જાણ રજીસ્ટ્રાર કો. ઓ. સોસાયટીને કરેલ હતી. કર્મચારીનું પ્રોવિડંટ ફંડ કપાતું હતું. છુટા કરતાં અગાઉ કોઈ નોટીસ કે પગાર ચુકવવામાં આવેલ નથી. દાખલ થયા ત્યારથી તા. ૧૨-૫-૦૬ સુધી સળંગ નોકરી કરી છે. કો. ઓ. સોસાયટી એક્ટ નીચે હંગામીને છુટા કરવા માટે પ્રક્રિયા કરવી પડે, તેવો કોઈ નિયમ નથી. હંગામી ધોરણે નિમણુંક પામેલાં કર્મચારીને છુટા કરવા સામે બોર્ડના ડાયરેક્ટર કે કસ્ટોડીયન દ્વારા મેનેજરને સત્તા આપી શકાય નહીં તે વાત ખરી નથી. કસ્ટોડીયનની નિમણુંક થયેલ હોય, ત્યારે કોઈપણ ઠરાવ કરતાં પહેલાં રજીસ્ટ્રારને જાણ કરવી પડે. કોઈપણ ઠરાવને બહાલી ન મળે, ત્યાં સુધી અમલમાં મુકી શકાય નહીં. એ વાત ખરી નથી કે કોઈપણ કર્મચારીની નિમણુંક કે નોકરીનો અંત તે રોજબરોજનું કામ નથી. કસ્ટોડીયનની નિમણુંક થઈ હોય, ત્યારે સરક્યુલેટીંગ ઠરાવ કમીટી મેમ્બર કરી શકે. આ સાક્ષીની ઉલટ તપાસમાં કર્મચારી તરફે તેઓને મદદરૂપ થઈ શકે તેવી કોઈ હકીકત કર્મચારી બહાર લાવી શક્યા નથી. કો. ઓ. સોસાયટી એક્ટ નીચેના સવાલો પુછવામાં આવ્યા છે. પરંતુ તે અંગેની કોઈ જોગવાઈ યુનીનના પ્રતિનિધિ તેમની દલીલમાં કે પુરાવામાં રજુ કરી શક્યા નથી. તે હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, કર્મચારી તા. ૧-૫-૨૦૦૨ના રોજ નોકરીમાં દાખલ થયેલ છે, અને તા. ૧૯-૧૦-૦૨ના રોજ બી. આઈ. આર. અરજી નં. ૮/૦૨ દાખલ કરી મનાઈહુકમ મેળવેલો છે, અને તે મનાઈહુકમના આધારે કર્મચારીને નોકરીમાં ચાલુ રાખવામાં આવ્યા હતાં. કાયમી કરવાનો હુકમ અપીલમાં રદ થતા આ કર્મચારીને છુટા કરવામાં આવ્યા છે. આમ કર્મચારીએ ઘણા ટુંકા સમય માટે નોકરી કરી હતી, અને

પોતાને છુટા કરવામાં આવ્યા છે. આમ કર્મચારીએ ઘણા ટુંકા સમય માટે નોકરી કરી હતી, અને પોતાને છુટા કરશે, તેવું જાણતાં, ખોટી રીતે મનાઈહુકમ મેળવ્યો હતો. હંગામી કર્મચારીને છુટા કરવા રજીસ્ટ્રારની પુર્વ પરવાનગી લેવી પડે, તે વાત ખોટી છે. કર્મચારી તરફે બેન્કના સાક્ષીની ઉલટ તપાસમાં હાજરી અંગેનું રેકર્ડ રજુ કરાવી કર્મચારીએ સળંગ નોકરી કરી છે, તે પુરવાર કરવા પુરતી તક મળી હતી, છતાં તે મળેલી તકનો કોઈ ઉપયોગ કરવામાં આવ્યો નથી. આમ કર્મચારીએ સળંગ નોકરી કરી નથી, તે પુરવાર થાય છે. અને ત્યારબાદ મનાઈહુકમના કારણે નોકરીમાં ચાલુ રહેલાં, તે પણ પુરવાર થાય છે. આ સાક્ષીની ઉલટ તપાસમાં બેન્કનો વહીવટ કસ્ટોડીયન મારફત ચાલે છે, તે જણાવ્યું છે. કર્મચારીનો પ્રો. ફંડ કપાતો હતો, તેવો સવાલ પૂછયો છે. પરંતુ કાયદાની જોગવાઈ મુજબ પ્રો. ફંડ કાપવો પડે. તેનાથી કર્મચારી કાયમી કર્મચારી બની જતાં નથી. સાક્ષીની ઉલટ તપાસમાં કો. ઓ. સોસાયટી એક્ટ નીચે હંગામી ધોરણે લીધેલ કર્મચારીને છુટા કરવા માટે પ્રક્રિયા કરવી પડે, તેવો કોઈ નિયમ નથી. જો કામના ભારણને લીધે હંગામી ધોરણે કર્મચારીને કામ ઉપર રાખવા હોય, તો બોર્ડ અગર કસ્ટોડીયન હોય, તો તેની પરવાનગી લઈ નિમણુંક કરવામાં આવે. કર્મચારી સ્પષ્ટપણે જણાવે છે કે, હંગામી કર્મચારીને છુટા કરવા માટે રજીસ્ટ્રાની પુર્વ પરવાનગી લેવી પડે તે વાત ખોટી છે. ત્યારબાદ સાક્ષી જણાવે છે કે, કસ્ટોડીયનની નિમણુંક થઈ હોય, ત્યારે કોઈપણ ઠરાવ કરતાં પહેલાં રજીસ્ટ્રારને જાણ કરવી પડે. પરંતુ આ અંગે ગુજરાત કો. ઓ. સોસાયટી એક્ટ નીચે કોઈ નિયમ બતાવી શક્યા નથી. કોઈપણ ઠરાવ થયો હોય, ત્યારે તે ઠરાવને બહાલી ન મળે ત્યાં સુધી અમલમાં મુકી ન શકાય તેમ જણાવે છે. સરક્યુલેટીંગ ઠરાવમાં રોજબરોજના કામો અંગે નિર્ણય લેવામાં આવે છે. સરક્યુલેટીંગ ઠરાવ કરવામાં આવ્યો છે, તેવું આ સાક્ષી જણાવે છે. આમ સાક્ષીની ઉલટ તપાસમાં તમામ ભાર ગુજરાત કો. ઓ. સોસાયટી એક્ટ નીચે રજીસ્ટ્રારની પરવાનગી લીધા વગર છુટા કરવાના હોય છે, તે મુદ્દા ઉપર ભાર મુકવામાં આવ્યો છે.

૧૧. ઉપરોક્ત છુટા કરવાના હુકમને મજુર અદાલતમાં પડકારવામાં આવેલો, અને આંક-૪૬થી મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર ઠરાવી, પડેલાં દિવસોના પુરા પગાર સાથે પુનઃસ્થાપિત કરવા હુકમ કરેલો. મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ તેઓના ૩૮ પાનાના ચુકાદામાં આ નિર્ણય લીધેલો છે. પરંતુ ચુકાદો વાંચતાં ૨૮ પાના સુધી બંને પક્ષકારોનો પુરાવો અને બંને પક્ષકારો તરફે રજુ કરવામાં આવેલ ચુકાદાનો ટુંકસાર લખ્યો છે. જયારે ફક્ત છેલ્લાં ૧૦ પાનામાં તે અંગેના કારણો આપ્યા છે. ચુકાદામાં બેન્ક તરફે રજુ કરેલ આઠ ચુકાદાઓનો ટુંકસાર લખ્યો છે. પરંતુ શા માટે આ ચુકાદા તેઓ માનતાં નથી, તે અંગેના કોઈ કારણો ચુકાદામાં આપવામાં આવેલાં નથી. ચુકાદામાં એ હકીકત કબુલ કરેલ છે કે, કર્મચારીને ફીક્સ પગારથી ફીક્સ ટાઈમ માટે તા. ૧-૫-૦૨ના રોજ ફીક્સ પગારથી ૫૮-૫૮ દિવસ માટે નોકરીમાં રાખવામાં આવેલ હતાં. એ હકીકત પણ કબુલ કરવામાં આવી છે કે, તેમને આપેલ ૫૮ દિવસ પુરા થાય, તે

INDEX

પહેલાં કર્મચારીએ અદાલત સમક્ષ બી. આઈ. આર. અરજી નં. ૮/૦૨ થી દાખલ કરી, વચગાળાનો મનાઈહુકમ મેળવેલો છે. અને ત્યારબાદ તેઓના અગાઉના ન્યાયાધીશશ્રીઓએ કર્મચારીને તા. ૨૯-૧-૦૪ના રોજ મંજુર કરી કર્મચારીને કાયમી કરી, તમામ લાભો આપવા માટે હુકમ કરેલો. આ જ રીતે આ હુકમને ઔદ્યોગિક અદાલત સમક્ષ અપીલ આઈ. સી. નં. ૧૨/૦૫ દાખલ કરી પડકારવામાં આવેલો, અને ઔદ્યોગિક અદાલતના વિદ્વાન સભ્યશ્રીએ તા. ૮-૫-૦૬ના રોજ મજુર અદાલતનો હુકમ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોય, રદ કરવાનો હુકમ કરેલો. કર્મચારીને છુટા કરવા-કરાવવા નહીં, તેવો કોઈ હુકમ કર્મચારીની તરફેણમાં કોર્ટ દ્વારા કરવામાં આવેલો નથી, અને તા. ૧૨-૫-૦૬ના બેન્કના ચેરમેન તથા અન્ય ચાર સભ્યો દ્વારા ઠરાવ નં. ૨૪ કરી, કર્મચારીએ મેળવેલ મનાઈહુકમ રદ થતાં, છુટા કરવાના હુકમને બહાલી આપવામાં આવેલી. અને તા. ૧૨-૫-૦૬ના રોજ કર્મચારીને છુટા કરવાનો હુકમ કરવામાં આવેલો. ચુકાદામાં જણાવેલ છે કે, કોઈ મનાઈહુકમ મેળવલો નથી. આ જ રીતે અરજી નં. ૮/૦૨ ના કામે મુળ હુકમ સામે અપીલ નં. ૧૨/૦૫ દાખલ કરી, ત્યારે કોઈ વચગાળાનો મનાઈહુકમ મેળવેલ નથી. વિદ્વાન ન્યાયાધીશશ્રીએ તેઓના ચુકાદામાં જણાવેલ છે કે, બેન્કનો વહીવટ સહકારી કાયદા-કાનુન અને તેના પેટા-નિયમોના આધારે થાય છે. કસ્ટોડીયનની નિમણુંક કરવામાં આવી છે. અને એડમીનીસ્ટ્રેટીવ કમીટીની નિમણુંક કરવામાં આવી છે. આવા સહકારી મંડળીના કાયદા તથા બી. આઈ. આર. એક્ટની જોગવાઈઓ લાગુ પડે છે. બેન્કના સાક્ષી જણાવે છે કે, કસ્ટોડીયનની નિમણુંક થઈ ત્યારે, કોઈપણ ઠરાવ કરતાં પહેલા રજીસ્ટ્રારને જાણ કરવી પડે, અને કોઈપણ ઠરાવને બહાલી ન મળે ત્યાં સુધી તેને અમલમાં મુકી શકાય નહી. સરક્યુલેટીંગ ઠરાવમાં ફક્ત રોજબરોજના કામ અંગેના નિર્ણયો લેવામાં આવે છે. ઠરાવ નં. ૨૪માં મીટીંગ ક્યારે શરૂ થઈ, ક્યારે પૂરી થઈ, કયા સ્થળે મીટીંગ મળેલી, તેનો ઉલ્લેખ નથી. ઠરાવને બહાલી તા. ૯-૬-૦૬ના રોજ મળેલી છે, અને તેનો અમલ તા. ૧૨-૫-૦૬ના રોજ બહાલી મળતાં પહેલાં કરેલો છે. આમ બહાલી મળ્યા પહેલા ઠરાવ અમલમાં મુકેલો હોય, પ્રથમ દર્શનીય રીતે ગેરકાયદેસર ઠરાવપાત્ર છે. મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ તેઓના પાના ૩૨ પેરા ૮.૫માં એ કબુલ કરેલ છે કે, કર્મચારીની ભરતી, ભરતીની પ્રક્રિયા અનુસરીને કરવામાં આવેલ નથી. પરંતુ હંગામી ધોરણે કરવામાં આવેલ છે. તે સાથે તેઓ સહમત થાય છે. ઉપરોક્ત પેરામાં જ્યારે ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૩ (૧૭) અંગે ઉલ્લેખ કરેલો છે, તે નીચે મુજબ છે.

કલમ-૧૭ : નોકરીમાંથી દુર કરવા, સમાપ્ત કરવા અને છુટા કરવા બાબત :-

(૧) કાયમી નોકરી માન્ય કોઈપણ કર્મચારી આ નિયમોનાં નિયમ ૩૪ અને ૩૫ માં ઠરાવેલી યોગ્ય કાર્યરીતી અનુસર્યા સિવાય નોકરીમાંથી દુર કરવા અથવા તેની નોકરી સમાપ્ત કરવાને પાત્ર થશે નહીં.

INDEX

(૨) મંડળીની નોકરીમાં કાયમી અથવા હંગામી હોય, તેવા કર્મચારીનો મુખ્ય શિક્ષા કરવા સિવાયનાં કારણો માટે નોકરીમાંથી છુટા કરી શકાશે નહીં, સિવાય કે એવી રીતે છુટા કરવા માટેનાં કારણો સાથેની દરખાસ્ત રજીસ્ટ્રારને મોકલવામાં આવી હોય, અને તેની સંમતી મેળવવામાં આવી હોય.

આમ હંગામી ધોરણે નિમણૂંક પામેલ કર્મચારીની નોકરીમાંથી છુટા કરવા માટેનાં કારણો સાથેની દરખાસ્ત રજીસ્ટ્રારશ્રીને મોકલી અને સંમતી મેળવ્યા બાદ જ નોકરીમાંથી છુટા કરી શકાય. હાલનાં સામાવાળાએ તેઓનાં જવાબમાં આવી કાર્યવાહીનાં અંતે ઠરાવ કરી મેનેજરશ્રીને સત્તા આપેલ હોય, અને સત્તાની રૂએ મેનેજરશ્રીએ તા. ૧૨-૫-૦૬ના રોજનો વાદગ્રસ્ત હુકમ કરેલ છે, તેવો પણ સામવાળા નં. ૧ અને ૨ નો કેસ નથી.

આંક-૨૩-એ થી સામાવાળા સંસ્થાનાં મેનેજરશ્રીની ઉલટ તપાસ જોઈએ તો એ વાતનો સ્વીકાર કરે છે કે, જો કામનાં ભારણને લીધે હંગામી ધોરણે કોઈ કર્મચારીને કામ ઉપર રાખવો હોય, તો બોર્ડને અથવા કસ્ટોડીયન પાસેથી પરવાનગી માંગી નિમણૂક કરીએ છીએ. જે પરવાનગી માંગવાની પ્રક્રિયા બી.આઈ. આર. એકટની જોગવાઈ મુજબ માંગવામાં આવે છે.

આમ નિમણૂંક અંગની કાર્યવાહી એ બેન્કના રોજબરોજનું કામ નથી. સામાવાળા સંસ્થાનાં મેનેજરશ્રી પટેલ ઉલટ તપાસમાં એ વાતનો ઈન્કાર કરે છે કે, કોઈ કર્મચારીની નિમણૂંક કે નોકરીનો અંત એ રોજબરોજનું કામ નથી. ઠરાવ નં. ૨૪ રોજબરોજના કામને ધ્યાને રાખીને નક્કી કરેલ છે. એજન્ડામાં મીટીંગમાં નક્કી કરવાનાં મુદ્દાઓ નક્કી કરવામાં આવે છે. જેથી હાલનાં અરજદારનો વાદગ્રસ્ત તા. ૧૨-૫-૦૬નાં રોજનો છુટો કરવાનો હુકમ એ રોજબરોજનાં કામનો ભાગ ગણી સરકયુલેટીંગ ઠરાવ નં. ૨૪ થી કરવામાં આવેલાની હકીકત સાથે હું સહમત થતો નથી.'' આમ ચુકાદામાં જણાવેલ છે કે, કર્મચારીને કાયમી કરવાનો કેઈસ ઔદ્યોગિક અદાલતે કાઢી નાખતાં, તે સામે નામદાર હાઈકોર્ટ સમક્ષ સ્પે. સી. એ. દાખલ કરવામાં આવેલ.

૧૨. મજુર અદાલતે તેમના ચુકાદાના પાના ઉપ પેરા ૮૭ માં જણાવેલ છે કે, અગાઉથી એજન્ડામાં તે મુદ્દો ઉપસ્થિત કર્યા વગર, અને એજન્ડાના નિયમ અનુસાર પ્રસિદ્ધ કર્યા વગર, અને ૩ મેમ્બરો અમદાવાદથી જુનાગઢ આવી ઠરાવ નં. ૨૪ કરે છે. આ બધી પ્રક્રિયામાં બેન્કની શંકાસ્પદ ભૂમિકા નજરે પડે છે. સરકયુલેટીંગ ઠરાવ નં. ૨૪ તા. ૧૨-૫-૦૬ ના રોજ કરવામાં આવેલ છે. તે જ દિવસે બેન્કના મેનેજરને સત્તા આપવામાં આવે, અને છુટા કરવાનો હુકમ પણ તે જ દિવસે આપી દે છે. ઔદ્યોગિક અદાલતના હુકમમાં કર્મચારીને છુટા કરી દેવા તેવો હુકમ નામદાર ઔદ્યોગિક અદાલત દ્વારા કરવામાં આવેલ નથી, કે કોઈ મનાઈ હુકમ કર્મચારીની તરફેણમાં મલ્યો ન હતો. તેમ છતાં હુકમ ઉઠાવી લેતાં છુટા કરેલ છે, તેવી તકરાર ઉપસ્થિત કરેલ છે. તે સાથે સીધી રીતે સહમત થઈ શકાય તેમ નથી. મજુર અદાલતે કર્મચારીને હંગામી

INDEX

નિમણૂંકની મંજુરીની મહોર લગાવીને, કોઈ વિવાદ તેમની સમક્ષ ઉપસ્થિત થતી નથી. બેન્કે રજુ કરેલ ઓથોરીટીના સિદ્ધાંત તેમને બંધનકર્તા છે. પરંતુ કર્મચારીએ છુટા કરવામાં આવેલ તે હુકમને પડકારેલ છે, તે અંગે તેમણે નિર્ણય કરવાનો છે. મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશ દ્વારા આપવામાં આવેલ ચુકાદો કાયદાની જોગવાઈઓ વિરૂદ્ધ અને પુરાવાની યોગ્ય ચર્ચા કર્યા વગરની એકતરફી લેવામાં આવ્યો છે, તે પુરવાર થાય છે. સબંધીત ચુકાદામાં અપીલમાં કાયમી કરવાનો કર્મચારીનો કેઈસ નીકળી ગયા બાદ બેન્કની વર્તણુંક ઉપર જ ભાર મુકવામાં આવ્યો છે કોઈપણ તબક્કે કર્મચારી હક્કદાર ન હોવાં છતાં, ખોટી રીતે મનાઈ હુકમ મેળવેલો અને ૨૦૦૧ થી આજદિન સુધી નોકરીમાં ચાલુ રહ્યાં, તે મુદા ઉપર કોઈ ચર્ચા કરવામાં આવી નથી, કે ભાર મુકવામાં આવ્યો નથી. આ જ રીતે બેન્ક દ્વારા રજુ કરવામાં આવેલ ચુકાદાઓ તેઓ શા માટે માનતાં નથી, તે અંગેના કોઈ કારણો તેઓએ આપ્યા નથી ફક્ત ગુજરાત કો. ઓ. સોસાયટી એકટ બેન્કને લાગુ પડે છે, તેના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે તેટલા જ કારણોસર કર્મચારીને છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર છે, તેવું ઠરાવે છે. તેઓ જણાવે છે કે, ૩ મેમ્બરો અમદાવાદથી જુનાગઢ આવી ઠરાવ નં. ૨૪ કરે, તે જ દિવસે મેનેજરને સત્તા આપવામાં આવે, અને મેનેજર છુટા કરે. આ બધી પ્રક્રિયામાં બેન્કની શંકાસ્પદ ભૂમિકા નજરે પડે છે, તેમ જણાવે છે. કર્મચારીને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર છે કે કેમ? તે નક્કી કરવાનું છે. બેન્કની શંકાસ્પદ ભૂમિકા અંગે અદાલતે કોઈ નિર્ણય કરવાનો નથી. અદાલત ફોજદારી કોર્ટના ન્યાયાધીશ તરીકે ચુકાદો આપતી નથી, કે શંકાનો લાભ આપવો, ન આપવો તેઓ નક્કી કરી શકે. તેઓના સમગ્ર ૧૦ પાનાના તારણોમાં ગુજરાત કો. ઓ. સોસાયટી એકટ નીચે કસ્ટોડીયનની સત્તા, ઠરાવ કેવી રીતે કરવામાં આવ્યો, તે ભૂમિકા ઉપર ભાર મુકી છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવેલ છે. જો કો. ઓ. સોસાયટીના એકટ નીચે વહીવટદારની ભૂમિકા શંકાસ્પદ હોય, તો સભ્યો કે કર્મચારી રજીસ્ટ્રાર પાસે તે અંગે ફરીયાદ કરી શકે છે. પરંતુ શંકાસ્પદ ભૂમિકાના કારણે છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવી શકાય નહીં. જો ઠરાવ ગેરકાયદેસર રીતે કરવામાં આવ્યો હોય, તેના વિરૂદ્ધ રજીસ્ટ્રાર પગલાં લઈ શકે છે. પરંતુ મજુર અદાલત તે ઠરાવ ગેરકાયદેસર છે, તે બેન્કની વર્તણુંક ધ્યાનમાં લઈને નકકી કરી શકતી નથી. જે રીતે બેન્કની વર્તણુંક ઉપર ભાર મુકવામાં આવ્યો, તેનાથી વિરૂદ્ધ કર્મચારીની વર્તણુંક અંગે કોઈ ચર્ચા કરવામાં આવી નથી, જે યોગ્ય અને વ્યાજબી નથી. ચુકાદાના પાના ૩૩ ઉપર ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૩(૧૭) વંચાણે લઈએ તો તે નીચે મુજબ છે.

કલમ-૧૭ :- નોકરીમાંથી દુર કરવા સમાપ્ત કરવા અને છુટા કરવા બાબત :-

(૧) કાયમી નોકરી માન્ય કોઈપણ કર્મચારી આ નિયમોનાં નિયમ ૩૪ અને ૩૫ માં ઠરાવેલી યોગ્ય કાર્યરીતી અનુસર્યા સિવાય નોકરીમાંથી દુર કરવા અથવા તેની નોકરી સમાપ્ત કરવાને પાત્ર થશે નહીં.

INDEX

(૨) મંડળીની નોકરીમાં કાયમી અથવા હંગામી હોય, તેવા કર્મચારીની મુખ્ય શિક્ષા કરવા સિવાયના કારણો માટે નોકરીમાંથી છુટા કરી શકાશે નહીં, સિવાય કે એવી રીતે છુટા કરવા માટે કારણો સાથેની દરખાસ્ત રજીસ્ટ્રારને મોકલવામાં આવી હોય, અને તેની સંમતી મેળવવામાં આવી હોય.

જેમાં નોકરીમાંથી દુર કરવા, સમાપ્તી કરવી, અને છુટા કરવાની બાબત છે, તેનો ઉલ્લેખ કરેલો છે. ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ-૩ જોઈએ તો તેમાં કોઈ પેટા-કલમ-૧૭ નથી. આ જ રીતે કલમ-૩ માં રજીસ્ટ્રાર, બીજા અધિકારીઓ, અને તેની સત્તાઓ અંગે ચર્ચા કરવામાં આવી છે. તેમાં કર્મચારીને નોકરીમાંથી દુર કરવા, સમાપ્ત કરવી, અને છુટા કરવા બાબતની કોઇ જોગવાઇ કરવામાં આવી નથી. આ જ રીતે કલમ-૧૭ જુદી છે, તેમ માનીએ તો કલમ-૧૭ જોતાં, કલમ-૧૭ એમાલ્ગમેશન, ટ્રાન્સફર ડીવીઝન ઓફ કન્વેન્શન ઓફ સોસાયટી અંગે જણાવેલ છે. આમ કલમ-૧૭ માં પણ જે કંપનીઓને ગુજરાત સહકારી મંડળીનો કાયદો લાગુ છે, તેમાં આવી તમામ મંડળીઓને તેમના કાયમી, કે હંગામી કર્મચારીને છુટા કરતાં પહેલાં, કો. ઓ. સોસાયટી એકટ નીચેના રજીસ્ટ્રારની પરવાનગી લેવી જોઈએ, તેવો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

૧૩. ૨૦૦૬, સેકન્ડ જી.એલ.એચ. પાના ૬૫૯ ઉપરનો નામદાર ગુજરાત હાઇકોર્ટનો પરમાર દિપુભાઇ અને બીજાઓ વિરૂધ્ધ રજીસ્ટ્રાર ઓફ કો. ઓ. સોસાયટીઝ અને બીજાઓના કેઇસમાં આવેલ ચુકાદો રજુ કરેલ છે. ઉપરોક્ત ચુકાદામાં કો. ઓ. સોસાયટી એક્ટ નીચે રજીસ્ટ્રારને કલમ-૧૬૦ નીચે ડાયરેકશન આપવાની સત્તાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. ઉપરોક્ત ચુકાદામાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, રજીસ્ટ્રારને ઘણા મર્યાદીત પાવર આવી મંડળીઓનો ધંધો, મેનેજમેન્ટ, અને સોસાયટીનાં બંધારણ અંગે છે. અને તેમાં કર્મચારીની નિમણુંક અંગેનો પણ સમાવેશ થાય છે. રજીસ્ટ્રારને સોસાયટીના કર્મચારી ઉપર કોઇ ડીસીપ્લીનરી કન્ટ્રોલ નથી. આજ રીતે રજીસ્ટ્રારને આવા કર્મચારીઓની નિમણુંકની પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવાની કોઇ જોગવાઇ કે સત્તા નથી. રજીસ્ટ્રાર કો. ઓ. સોસાયટીના વડા નથી, અને તેને કર્મચારીની નિમણુંક તેમજ છુટા કરવાના કિસ્સામાં હસ્તક્ષેપ કરવાની કોઇ સત્તા નથી. ઉપરોક્ત ચુકાદામાં રજીસ્ટ્રારે કર્મચારીઓને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવેલ. તે હુકમ ગેરકાયદેસર ઠરાવ્યો છે. રજીસ્ટ્રારે જે નીચેના અધિકારીની નિમણું કરી હોય, તેના ઉપર સુપરવીઝનના પાવર છે. પરંતુ તે કો. ઓ. સોસાયટીના વડા નથી. કલમ-૧૬૦ સોસાયટીના મેનેજમેન્ટમાં ઘણાજ મર્યાદીત સત્તા આપે છે. મેનેજમેન્ટ ઘણી એકટીવીટી કરતાં હોય છે. અને તેના માટે કર્મચારીની નિમણુંક કરે છે. જરૂર પડે છુટા પણ કરે છે. પરંતુ આવો છુટા કરવાનો હુકમ કેન્સલ કરવાની તેને કોઇ સત્તા નથી. જે કર્મચારીની નિમણુંક કરવામાં આવી હોય, તેને છુટા કરવાનો સોસાયટીને અધિકાર છે. સોસાયટીને લાગુ પડતાં બાયલોઝમાં આવા કર્મચારીને છુટા કરતાં પહેલા રજીસ્ટ્રારની એપ્રુવલ લેવી જોઈએ, તેવી જોગવાઇ કરવાની કોઇ જરૂર નથી, અને આવી જોગવાઇને કોઇ

INDEX

કાયદાકીય ફોર્સ નથી. આમ આવા કોઇ બાયલોઝ અથવા રેગ્યુલર અથવા રેગ્યુલેશન અથવા સ્ટેચ્યુટરી રૂલ્સના અભાવે કર્મચારીને છુટા કરતાં પહેલાં રજીસ્ટ્રારની એપ્રુવલ લેવાની જરૂરીયાત નથી. રજીસ્ટ્રારને કોઇ કવોસી જ્યુડીશીયલ પાવર નથી. અથવા તો કોઇ એડમીનીસ્ટ્રેટીવ પાવર્સ કર્મચારીની નોકરીની શરતો જેવી કે ભરતી અંગે નથી. રજીસ્ટ્રારને જનરલ સુપરવીઝનના પાવર્સ છે. તેમાં સભ્યોનું હીત જોવાનું છે. પરંતુ મેનેજમેન્ટમાં અથવા તો રોજીંદી સોસાયટીની ક્રિયા કે જેમાં કર્મચારીની ભરતી કરવાની હોય, તે અંગે હસ્તક્ષેપ કરવાની કોઇ સત્તા નથી. આમ નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો જોતાં, એ હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, ગુજરાત કો. ઓ. સોસાયટી એક્ટ નીચે કાયમી કે હંગામી કર્મચારીને છુટા કરતાં પહેલાં રજીસ્ટ્રારની પરવાનગી લેવી જોઇએ, તેવી કોઇ જોગવાઇ નથી. આમ જ્યારે કર્મચારી નિમણુંક કે છુટા કરતાં પહેલાં રજીસ્ટ્રારની પરવાનગી લેવાની કોઇ જોગવાઇ ન હોય, બેન્કના સાક્ષીએ ગમે તે જુબાની આપી હોય, તેનો કોઇ અર્થ રહેતો નથી. જ્યારે કાયદાની જોગવાઇ સ્પષ્ટ હોય, તેમાં કોઇપણ સાક્ષીની એક લીટીની જુબાની કાયદાની હકીકતને ફેરવી શકતી નથી બેન્કના સાક્ષી સ્પષ્ટપણે જણાવે છે કે, હંગામી કે કાયમી કર્મચારીને છુટા કરવાની બાબત માટે રજીસ્ટ્રારની પરવાનગી લેવાની જરૂર નથી. કારણ કે તે બેન્કની રોજીંદી કાર્યવાહીની બાબત છે. આમ જ્યારે કાયદાની જોગવાઇ જોતાં પણ કર્મચારીને છુટા કરતાં પહેલાં રજીસ્ટ્રારની પુર્વ મંજુરી લેવાની જરૂર ન હોય, ત્યારે મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ તેમના ચુકાદા ઉપર તમામ ભાર આ મુદ્દા ઉપર મુક્યો તે યોગ્ય અને કાયદાકીય નથી. જ્યારે રજીસ્ટ્રારની પરવાનગી લેવાની જરૂર ન હોય, ત્યારે બેન્કે કઇ પ્રક્રિયા કરી કર્મચારીને છુટા કર્યા તે મુદ્દા ઉપર અદાલત કોઇ નિર્ણય કરી શકતી નથી. બેન્કે કઇ રીતે તેમનો વહીવટી સત્તા વાપરી ઠરાવ કર્યો, તે સંજોગોમાં જવાની કોઇ સત્તા નથી. ઠરાવ કરવાની પ્રક્રિયા શંકાસ્પદ છે. તેના આધારે છુટા કરવાનું પગલું ગેરકાયદેસર છે તેવો નિર્ણય યોગ્ય અને વ્યાજબી નથી. આમ ચુકાદામાં ગુજરાત કો. ઓ. સોસાયટી જે કલમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે કલમોમાં એવી કોઇ જોગવાઇ નથી, કે કર્મચારીને છુટા કરતાં પહેલાં રજીસ્ટ્રારની પરવાનગી લેવી પડે. ગુજરાત કો. ઓ. સો. એક્ટ નીચે હજારો સહકારી મંડળીઓ નોંધાયેલ હોય છે. આવી દરેક સહકારી મંડળીના હંગામી કે કાયમી કર્મચારી સબંધે રજીસ્ટ્રારની પુર્વ પરવાનગી લેવી, તેવી જોગવાઇ હાસ્યાસ્પદ ઠરે. કારણ કે કોઇપણ કર્મચારીને છુટા કરવા કે નિમણુંક કરવી, તે મેનેજમેન્ટની સત્તાની બાબત છે. રજીસ્ટ્રારે કો. ઓ. સો. એક્ટ નીચેની કાયદાની જોગવાઇનું પાલન થાય છે કે કેમ ? તે સુપરવાઇઝરની કેપેસીટીમાં જોવાનું હોય છે. નહીં કે બેન્કની આર્થીક બાબતોમાં માથું મારી, તેની કાયદેસરતા નક્કી કરવાની હોય છે. આમ ગુજરાત કો. ઓ. સોસાયટી એક્ટ નીચેની જોગવાઇનો ભંગ કર્યો છે, અને રજીસ્ટ્રારની પુર્વ પરવાનગી લીધા વગર કર્મચારીને છુટા કરવામાં આવ્યા છે, તેવા તારણો યોગ્ય અને કાયદાકીય નથી. આથી તે રદ કરવામાં આવે છે.

૧૪. બીજો મહત્વનો મુદ્દો એ છે કે હંગામી કર્મચારીને છુટા કરવાનું પગલું કાયદેસર છે કે કેમ ? તે નક્કી કરવાનું છે. ચુકાદામાં રજીસ્ટ્રારની પુર્વ મંજુરી લીધા વગર છુટા કરવામાં આવે છે, તેથી

ગેરકાયદેસર ઠરાવ્યું છે. પરંતુ બાકીના બીજા મુદ્દાઓની કોઇ ચર્ચા કરવાની આવી નથી. મજુર અદાલત સમક્ષ બેન્ક તરફે આ કર્મચારી હંગામી છે અને તેને ફીક્સ સમય પુરો થતાં, તેઓ છુટા થાય છે, અને તેઓની નિમણુંક કાયદેસરની પ્રક્રિયા કર્યા વગર છુટા કરવામાં આવેલ હોય, કાયમી થવાનો કોઇ અધિકાર નથી, આથી છુટા કરવાનું પગલું કાયદેસર છે, તેમ જણાવ્યું હતું.

અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ તેઓના ચુકાદામાં કર્મચારીની વર્તણુંક ઉપર કોઇ ભાર મુક્યો નથી. અને એ મુદ્દા ઉપર ચર્ચા કરી હતી કે કર્મચારીને કાયમી કરવાનો હુકમ કરવામાં આવ્યો, ત્યાર બાદ વચ્ચે અપીલનો સમય ગયો ત્યારે, અને તે પછી અપીલના સમયમાં કર્મચારીને છુટા કરવા સામે કોઇ મનાઇ હુકમ ન હતો. આજ રીતે જ્યારે અપીલ કાઢી નાખવામાં આવી ત્યારે પણ કોઇ મનાઇ હુકમ ન હતો. ચુકાદામાં બેન્કનાં સંજોગો કેવા હતાં, તે ઉપર કોઇ ધ્યાન આપવામાં આવ્યું નથી, અને બેન્કની વર્તણુંક શંકાસ્પદ છે, તે મુદ્દા ઉપર વધુ ભાર મુકવામાં આવ્યો છે. એ હકીકત અંગે કોઇ તકરાર નથી કે કર્મચારીને તા. ૧-૫-૦૬ ના હુકમથી છ મહીના માટે કામ ચલાઉ ધોરણે નિમણુંક આપેલી, આમ કર્મચારીને બેન્કને લાગુ પડતાં ભરતીના નિયમો મુજબ કોઇ ભરતી કરવામાં આવી ન હતી, અને હંગામી કામની જરૂરીયાત ઉપસ્થિત થતાં નોકરીમાં રાખવામાં આવ્યા હતાં. આ હુકમનો સમય પુરો થાય તે પહેલાં તા. ૧૯-૧૦-૦૨ ના રોજ બી.આઇ.આર. અરજી નં. ૮/૦૨ દાખલ કરી મનાઇ હુકમ મેળવેલ હતો. આમ બેન્કની નહીં પરંતુ કર્મચારીની વર્તણુંક યોગ્ય નહતી. તેઓ પોતે જાણતાં હતાં કે, તેઓ હંગામી કર્મચારી છે, તેમ છતાં કેઇસ દાખલ કરી, મનાઇહુકમ મેળવેલ હતો. અને મનાઇહુકમના આધારે કાયમી કરવાનો હુકમ મેળવેલો. મજુર અદાલતના ઉપરોક્ત હુકમને ઔદ્યોગિક અદાલત સમક્ષ અપીલ આઇ.સી. નં. ૧૨/૦૫ થી પડકારવામાં આવેલો અને તા. ૮-૫-૦૬ ના રોજ ચુકાદો આપી, મજુર અદાલતનો હુકમ રદ કરવામાં આવ્યો હતો. મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ નાના અને સુક્ષ્મ મુદ્દાઓ ઉપર ભાર મુક્યો હતો કે, કાયમી કરવાનો હુકમ કર્યો, અને તે પછી અપીલ દાખલ કરી, ત્યાં સુધી કોઇ મનાઇ હુકમ ન હતો. આજ રીતે અપીલમાં છુટા કરવા સામે કોઇ મનાઇ હુકમ ન હતો. તે સાથે એ પણ હકીકત છે કે, અપીલ દાખલ કરવામાં ત્રણ વર્ષનો વિલંબ થયો હતો, અને આ વિલંબને ઔદ્યોગિક અદાલતે માન્ય રાખી ગુણદોષ ઉપર ચુકાદો આપ્યો હતો. પરંતુ જ્યારે મજુર અદાલતનો મનાઇહુકમ હોય, ત્યારે કર્મચારીને છુટા કરી શકાય નહીં. આ જ રીતે જ્યારે મજુર અદાલતે કર્મચારીને કાયમી કરવાનો હુકમ કર્યો હોય, ત્યારે પણ હંગામી કર્મચારી હોવાના કારણોસર છુટા કરી શકાય નહીં. આ તમામ મુદ્દાઓ મજુર અદાલતે ધ્યાનમાં લીધા નથી. અથવા તો આ મુદ્દાઓની અવગણના કરી છે. જ્યારે ઔદ્યોગિક અદાલતે મજુર અદાલતનો કાયમી કરવાનો હુકમ રદ કર્યો ત્યારે બેન્કે આ કર્મચારી હંગામી હોવાથી તેઓને નોકરીમાંથી છુટા કરેલાં છે. સ્પષ્ટપણે આ સામે કર્મચારીને કાયમીનું સ્ટેટસ હોવાથી છુટા કરવાનું પગલું યોગ્ય અને કાયદાકીય હતું. કારણ કે કાયમી કર્મચારીને છુટા કરતાં પહેલાં બેન્કે ઘણી પ્રક્રિયા કરવી પડે. ગેરવર્તણુંક માટે ખાતાકીય તપાસ કરવી પડે, અને જ્યારે કર્મચારીને ખોટી રીતે કાયમીનો

INDEX

મનાઈહુકમ મેળવ્યો હોય, ત્યારે સ્પષ્ટપણે અપીલનો ચુકાદો આવે ત્યાં સુધી રાહ જોવાનું પગલું યોગ્ય અને વ્યાજબી હતું. આમ બેન્કે છુટા કરવાના હુકમમાં જે પ્રક્રિયા ઝડપથી કરી, તેને શંકાસ્પદ ઠરાવવાનું પગલું કોઇપણ રીતે યોગ્ય અને વ્યાજબી કહી શકાય નહીં. ખરેખર વાસ્તવમાં કર્મચારીની વર્તણુંક યોગ્ય કહી શકાય નહીં, કે તેઓને હંગામી તરીકે હુકમ મળ્યો હોવા છતાં અને કર્મચારી જાણતાં હતા કે, તેઓને હંગામી ધોરણે કામ ઉપર લેવામાં આવે છે, છતાં ખોરી રજુઆત કરીને, મનાઈહુકમ મેળવેલ છે. તેમજ કાયમી કરવાનો હુકમ પણ મેળવેલ છે.

૧૬. કર્મચારીને કાયમી કરવાના મજુર અદાલતના હુકમ સામે બેન્કે અપીલ આઈ.સી. નં. ૧૨/૦૫ દાખલ કરી હતી. ઔદ્યોગિક અદાલતના ન્યાયાધીશશ્રીએ તેઓના વિદ્વત્તાભર્યા ચુકાદામાં મજુર અદાલતનો કર્મચારીને કાયમી કરવાનો હુકમ પુરાવા, હકીકતો અને કાયદાની જોગવાઈઓનું અર્થઘટન અને મુલ્યાંકન કરવાની ભુલના કારણે હુકમ કરેલો હોય, ગેરવ્યાજબી છે, અને તેથી ગેરકાયદેસર ઠરાવી રદ કર્યો હતો. ઔદ્યોગિક અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ તેઓના ઉપરોક્ત ચુકાદામાં જે તારણો નોંધ્યા હતા, તે તારણોની નોંધ કરવી અગત્યની અને મહત્વની છે. ઉપરોક્ત ચુકાદાના પેરા-૨૫, ૨૮, ૩૦ અને ૩૩ માં જે નોંધ કરી છે, તે નીચે મુજબ છે.

પેરા-૨૫ :-પ્રજાતંત્રમાં લોકશાહીનું જતન અને ચિંતન કરવા કાનુની રીતે જવાબદાર તેવા અધિકારી, પદાધિકારી, ચેરમેન, મેનેજર, બોર્ડ ઓફ ડીરેકટર્સ, સ્થાયી આદેશો અને સમાધાનની જોગવાઈનો ભંગ કરી, કાયદામાં જે માન્ય નથી, તેવા પ્રકારે ઠરાવો, હુકમો, નિમણુંક કરી, નિયમોથી વિરૂધ્ધ કરે, તેવા કેસમાં અદાલત દ્વારા જે ન્યાયી ફેંસલો થયેલ હોય, તે ખરા અને સાચા અર્થમાં મેરીટસ ઉપર થયેલ ફેંસલો ગણાય કે કેમ ? તે પ્રશ્ન છે. અને આવું બને ત્યારે લીમીટેશનનાં મુદ્દા ઉપર અપીલ જો ધ્યાનમાં ન લેવાય, તો એક વખત આવેલો ફેંસલો પછી ભલે તે ખોટો હોય, તો પણ તેનો અમલ સંસ્થાએ કરવો જ રહ્યો. આથી પણ જ્યારે ઔદ્યોગિક ન્યાયશાસ્ત્રમાં ઔદ્યોગિક વિવાદનો ન્યાયનિર્ણય કરવો હોય, ત્યારે લીમીટેશનની બાબતને વચ્ચે ન લાવતાં, ડીલે માટે ભુતકાળનાં સમયગાળા માટે જો અરજદાર જે રીલીફ માટે હક્કદાર હોય, તેટલા સમય પુરતો ડીલેના કેસમાં મોડા પડનારને રીલીફ ન મળે પણ ડીલેનાં કારણસર અરજી જ ગુણદોષ ઉપર જો સાંભળવાની અને તેનો ન્યાય નિર્ણય કરવાની પરવાનગી અરજદારને આપવામાં ન આવે, તો જે નિર્ણય કાયદાની તથા હકીકતોનાં અર્થઘટન અને મુલ્યાંકન કરવાની ભુલ કરીને કરવામાં આવેલ હોય, તે કાયમ રહેવા પામે, અને તેમ થાય તો ન્યાય માંગનારને સાચો ન્યાય કયારેય મળે જ નહીં. અદાલતનો કોઇપણ ફેંસલો હકીકતોના ગુણદોષ ઉપર અપાયેલ હોવો જોઇએ. બેન્ક તરફની સાચી હકીકતો, માહિતી, પુરાવા, દસ્તાવેજો જ નહીં પણ આ કેસમાં બેંક તરફે મૌખિક કે દસ્તાવેજી પુરાવો, સાક્ષી પણ બેન્કે તપાસેલ નથી જે બાબત જ શંકાસ્પદ ભૂમિકા, રીત રસમો, પક્ષકારોના પ્રતિનિધીઓ દ્વારા મુળ અરજીમાં

INDEX

ભજવાયેલ હોવાનું સ્પષ્ટ થાય છે. સામાવાળાની અરજદાર બેન્કમાં હંગામી પટાવાળા તરીકેની નિમણુંક થયેલ છે. બી.આઈ.આર. અરજી નં. ૮/૦૨ દાખલ કરી મનાઈ હુકમ મેળવેલ છે.

પેરા-૨૮ :- બેન્ક અને પ્રતિનિધિત્વ સંઘ સાથે સમાધાનથી તેમજ સરકારી પરિપત્રો, ઠરાવો, અને નિયમોથી બેન્કમાં કાયદેસરની ભરતી પ્રક્રિયા માટે નિયત કાર્યપ્રણાલી નક્કી થયેલ છે. તે મુજબ બેન્કમાં કાયમી સંખ્યાબળમાં વધારો કરવો હોય, તો આ કાયમી ખાલી જગ્યા ભરવી હોય, તો તે માટે જાહેર સમાચારપત્રમાં જાહેર ખબર આપવી પડે. રોજગાર વિનીમય કચેરીમાંથી નામો મંગાવવા પડે. લેખીત કસોટીમાંથી પાસ થયા પછી મેરીટસનાં ધોરણે મૌખિક ઈન્ટરવ્યુમાંથી પસાર થયા પછી પસંદગી સમિતિ દ્વારા પસંદગી પામ્યા પછી યોગ્ય ઉમેદવારને તેમની લાયકાત અને મેરીટ્સના ધોરણે સહકારી બેન્કમાં ભરતી માટે નિયુક્તિ અપાય છે. હાલના સામાવાળાનાં કેસમાં આવી કોઇ ભરતી પ્રક્રિયા અનુસરવામાં આવેલ હોય, તેવો એક પણ પુરાવો કે દસ્તાવેજ અરજદારે તેમની અરજીની હકીકતોનાં સમર્થનમાં સમ ખાવા પુરતો પણ રજુ કરેલો નથી. જે મુળ અરજી તથા અપીલ અરજીનાં રેકર્ડ ઉપરથી સ્પષ્ટ થાય છે. ગુજરાત સરકારશ્રીનાં વખતોવખતના પરિપત્રો, હુકમો, આદેશો અનુસાર જાહેર ક્ષેત્રની કોઇપણ કચેરીમાં કોઇપણ જગ્યા ખાલી પડે તો તેવી તમામ જગ્યાઓની જાણ રોજગાર વિનીમય કચેરીને કરવી ફરજીયાત છે. સરકારશ્રીનાં શ્રમ અને રોજગાર વિભાગનાં પરિપત્ર ક્રમાંક ૨૭૨-૧૦૮૩-૧૬૯૧-૨(૨), તા. ૧૮-૯-૮૭ તથા પરિપત્ર ક્રમાંક ૨૭૨-૧૦૯૦-૧૦૯૩-૨(૨), તા. ૨-૮-૯૧ મુજબ જાહેર ક્ષેત્રની તમામ કચેરીએ આ પરિપત્રનું પાલન કરવું ફરજીયાત દર્શાવેલ છે. આ ઉપરાંત ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના પરિપત્ર ક્રમાંક ૨૭૨-૧૦૮૩-૧૬૯૧-૨(૨), સચિવાલય, ગાંધીનગર તા. ૧૮-૯-૮૭ માં જણાવ્યા મુજબ સરકારી સંસ્થા/કચેરીમાં તેમજ જાહેર ક્ષેત્રમાં આવતી સંસ્થાઓ, બીજી અર્ધ-સરકારી સંસ્થાઓમાં ૨૫ કે તેથી વધુ કર્મચારીઓને નોકરીમાં રાખનાર ખાનગી સંસ્થાઓને પણ ધી એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ (કમ્પલસરી નોટીફીકેશન ઓફ વેકેન્શી) એક્ટ, ૧૯૫૯ અને નિયમો ૧૯૬૦, જે અમલમાં છે, તે મુજબ રોજગાર વિનીમય કચેરીઓને ખાલી જગ્યાઓની જાણ કરવાનું ફરજીયાત છે. વર્ગ-૩ અને વર્ગ-૪ ની રૂા. ૮૦૦ સુધીની મુળ પગારની જગ્યાઓ માટે ભરતી કરવી હોય, તો આવી ભરતી રોજગાર વિનીમય કચેરી મારફતે જ કરવી ફરજીયાત છે. સદર પરિપત્ર (કલમ-૨)માં સહકારી બેન્કોને પણ આ પરિપત્રથી આવરી લેવામાં આવેલ છે. એટલે કે બંધારણની જોગવાઇ અનુસાર દેશમાં લાયક અને યોગ્ય ઉમેદવારને પોતાની લાયકાતનાં ધોરણે કોઇપણ જાતની વગ કે ભલામણ સિવાય કાનુની પ્રક્રિયા દ્વારા જ સહકારી બેન્ક કે જે જાહેર ક્ષેત્રમાં હોય, તેવી બેન્કમાં ભરતી માટે સૌને સમાન તક મળી રહે તે માટે ઉપરોક્ત વૈધાનીક જોગવાઇ સિવાય જો બેન્કના ચેરમેન કે મેનેજર કે બોર્ડ ઓફ ડીરેકટર પોતાની સત્તા અને અંકુશ મર્યાદા બહાર જઈ પોતાના ઓળખીતા પાળખીતા, નજીકના સગાસબંધીને ગમે તે રીતે ગમે તે ધોરણે બેન્કમાં હંગામી નોકરી આપી દે, એ અભિગમ પણ વ્યાજબી અને કાયદેસર નથી. કારણ કે સમગ્ર ભારત દેશમાં હજારો અને લાખોની સંખ્યામાં હોશીયાર, આવડતવાળા,

INDEX

લાયકાતવાળા, શૈક્ષણિક ઉજ્જવળ કારકીર્દી ધરાવતા બેકારો નોકરી મેળવવા માટે કતારમાં વર્ષોથી રાહ જોઈને ઉભા છે. વળી હંગામી નિમણુંક આપી હોય, તો આવી નિમણુંક મેળવનાર કર્મચારી કરારયુક્ત સમય પુરો થાય, ત્યાં સુધી જ નોકરી કરવા અધિકૃત છે. પણ કાયમી થવા માટે ઉપરોક્ત પ્રક્રિયામાંથી પસાર થયા વિના જો આવા હંગામી કર્મચારીને અદાલત પોતાની હકુમત બ઼હાર જઈ, કાયદાના પ્રબંધોનો ભંગ થાય, તે રીતે પણ મનાઈહુકમ આપી, આવા હંગામી કર્મચારીને કરારયુક્ત સમય પછી પણ ચાલુ રાખવા હુકમ ફરમાવે, તો તેવો હુકમ કાયદેસર નથી, તેથી રદ થવાને પાત્ર ઠરે છે. આથી મજુર અદાલતનો હુકમ કાયદેસર, યોગ્ય, વ્યાજબી અને ન્યાયી નથી, તેથી તે રદ થવાને પાત્ર છે.

પેરા-૩૦ :-જો આવા પ્રકારની હંગામી કે એડહોક નિયુક્તી તેમજ નીતી નિયમો વિરૂધ્ધની ભરતીની પ્રક્રિયાને અદાલત દ્વારા બહાલી આપવામાં આવે, તો તેનાંથી ગંભીર નાણાંકીય કટોકટીમાં મૃતપ્રાય થતી જાહેર સંસ્થાઓ, લોક સ્વાતંત્ર્યની જાળવણી માટે કાર્યરત લોકતંત્રની સંસ્થાઓમાં આવી પાછલા બારણાની ભરતીથી નિમાયેલ રોજમદાર કે કામચલાઉ કર્મચારીને ચાલુ રહેવા દેવામાં આવે, તો તેનાથી આવી સંસ્થાઓ ઉપર નાણાકીય બોઝ વધે અને જાહેર હિતનાં કામો તેનાથી અટકે. સમાનતાની તકો જાહેર જનતાને ન મળે. એકના હીત માટે લાખો લાયકની તક જતી રહે અને સમાનતાના સિધ્ધાંતોનો પણ જાહેર નીતી અને જાહેર હિતને બંધારણનાં પ્રબંધોની અવગણના થાય. તેવા પ્રકારની ભરતીને કાયદેસરની કરવાનો મજુર અદાલત કે ઔદ્યોગિક અદાલતને કોઇ હક્ક કે અધિકાર નથી. કાયદાની પ્રક્રિયા અનુસર્યા વિનાની ભરતી હોય, તેવા કેસમાં ડેઈલી કે હંગામીને કે કાયમી કરવા કે વચગાળાનો મનાઈહુકમ આપી જરૂર ન હોય, તો પણ નોકરી પર ચાલુ રાખવાનો હુકમ કરવો તે ન્યાયની પ્રણાલિના ભંગ સમાન અને ગેરવ્યાજબી તથા ગેરકાયદેસરનું પગલું છે. તેવું ઉપરોક્ત ચુકાદાઓમાં નામદાર ગુજરાત હાઈકોર્ટની ફુલ બેન્ચે ઠરાવેલ છે.

પેરા-૩૩ :- આ કામમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવો, બી.આઈ.આર. એક્ટનાં પ્રબંધો તેમજ બેન્કને લાગુ પડતાં વહીવટી નિયમો, સરકારી પરિપત્રો, બેન્કના સ્થાયી હુકમો, સમાધાનો અને સબંધીત શ્રમયોગીના કેઈસની હકીકતો, સંજોગો અને પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં હાલનાં આ અપીલના કામમાં એપેલન્ટ બેન્કના જવાબદાર સત્તાધિકારીઓ, વહીવટકર્તાઓ અને પદાધિકારીઓએ હાલનાં કામના સામાવાળા સાથે મિલાપીપણામાં બેન્કને લાગુ પડતાં નીતિ નિયમો પ્રબંધો રીવાજો, પ્રથાઓ, અને પ્રવર્તમાન કાયદાનાં બંધનોને ઘોળીને પી જઈને મનમાની રીતે કાયદા વિરૂધ્ધ ઠરાવો કરીને, નિમણુંકો આપીને જે સગાવાદ, જ્ઞાતીવાદ, જાતિવાદ અને વાડાબંધીને જે પ્રોત્સાહન આપેલ છે, અને તેના કારણે હંગામી શ્રમયોગીને કે જેને મજુર અદાલત, જુનાગઢ પાસેથી કાયમી થવા માટેનો કેસ કરવા માટે કાયદેસરનો કોઇ હક્ક કે અધિકાર નથી. અને અધિનિયમનાં પરિશિષ્ટ-૨ ની બાબતનો ન્યાય નિર્ણય કરવાની કોઇ હકુમત અને સત્તા નથી. તેવી મજુર અદાલત, જુનાગઢ પાસેથી ખોટી રજુઆતો, ગેર રજુઆતોના

આધારે મનાઇ હુકમ મેળવી, અને બેન્ક તરફે કોઇ યોગ્ય રજુઆત, સાક્ષી પુરાવાઓ, માહીતી અને ઢીલી નીતી દાખવવાથી જે ફેંસલાઓ શ્રમયોગીઓની તરફેણમાં મેળવવામાં આવેલ છે, અને તેનાં કારણે આજદિન સુધી બેન્કમાં લાયકાત ધરાવતા ન હોય, તેમજ તદન હંગામીને કાયમી થવા માટે કાનુની પ્રક્રિયા અનુસર્યા વગર મજુર અદાલતને કે બેન્કના અધિકારીઓને બેન્કમાં કાયમી ધોરણે સમાવિષ્ટ કરવાનો કે કાયમી તરીકેના લાભો આપવાનો કાયદેસર રીતે કોઇ હક્ક કે અધિકાર ન હોવા છતાં, બેન્ક અને પક્ષકારો તેમજ પક્ષકારોનાં પ્રતિનિધિઓને અદાલત સમક્ષ રજુ કરવો જોઇતો પુરાવો રજુ નહીં કરીને, જે રીત, રસમ, પધ્ધતિ અને પ્રક્રિયા અખત્યાર કરેલ છે,તે સમુળગી રદ થવાને પાત્ર છે. અને તેના પરિણામે જુનાગઢ જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કને જે કાંઇ આર્થીક નુકશાન થયેલ હોય, તે માટે બેન્કના જે તે સમયનાં પદાધિકારીઓ, સત્તાધિકારીઓ અને વહીવટકર્તાઓ જવાબદાર હતાં અને છે તેવું આ અદાલતનું નમ્રપણે અને દૃઢપણે માનવું છે. અને તેથી પ્રજાકીય સંસ્થાને જે કાંઇ નુકશાન થયેલ હોય, તે તમામ રકમ જવાબદાર સત્તાધિશો, વહીવટકર્તાઓ પાસેથી બેન્કે વસુલ કરવી કે જેથી રાષ્ટ્રમાં એક નોંધનીય દાખલો બેસે કે પ્રજાનાં હિતમાં કામ કરતી બેન્કો માટે પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા બેન્કનાં હિતોની બેન્કની મુઠ્ઠીની તથા શેરહોલ્ડરોનાં હિતોની થતી લુટ કાયદો કેવી રીતે અટકાવી શકે છે. આથી આ બાબતે બેન્કના નવા વરાયેલા, ચુંટાયેલાં, અને નિયુક્ત થયેલા વફાદાર, પ્રમાણીક ફરજનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ અને રાષ્ટ્રહિત જેના હૈયે વળગેલું છે, તેવા ફરજનિષ્ઠ અધિકારીઓએ, પદાધિકારીઓએ આ બાબતે નાણાકીય નુકશાન વસુલાત કરવાનાં યોગ્ય ઘટતાં પગલાં જનતા અને ન્યાયના વિશાળ હીતમાં સત્વરે ભરવાં જોઇએ, તેવું આ અદાલતનું નમ્રપણે માનવું છે.

૧૭. આમ ઉપરોક્ત ચુકાદામાં ઔદ્યોગિક અદાલતનાં વિદ્વાન સભ્યશ્રીએ જે તારણો આપ્યા છે, તે તારણો ઘણાં અગત્યનાં છે, અને કર્મચારીની વર્તણુંક કેવા પ્રકારની છે, તે ઉપર ઘણો ભાર મુકેલો છે. આમ મજુર અદાલતનાં ન્યાયાધીશશ્રીએ તેમની સમક્ષ ઔદ્યોગિક અદાલતના અપીલમાં આપેલ ચુકાદો રજુ થયેલ હોવા છતાં, તેના તારણો પરત્વે કોઇ ધ્યાન આપેલ નથી, અને સ્પષ્ટપણે કર્મચારી અને બેન્કના અધિકારીની વર્તણુંક ઉપર જ ભાર મુકેલો છે. તે ધ્યાને રાખવાની જરૂર હતી, જે ધ્યાને રાખેલ નથી. અને ખોટી રીતે રજીસ્ટ્રારની પુર્વ મંજુરી લીધી નથી, તેવા મુદ્દા ઉપર મહત્તમ ભાર મુકીને બેન્કની વર્તણુંક શંકાસ્પદ છે, તેના આધારે કર્મચારીને છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવવાનું પગલું, પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કર્યા વગર, અને કાયદાની જોગવાઇઓનું ખોટું અર્થઘટન કરીને કરવામાં આવેલ છે. અને આથી તે રદ થવાને પાત્ર છે.

૧૮. બેન્ક તરફે કરવામાં આવેલ ચુકાદા જોઇએ તો, ૨૦૦૬, થર્ડ એલ.એલ.જે. પાના ૧૦૨૬ ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રીમ કોર્ટના સુરેન્દ્રપ્રસાદ તિવારી અને ઉત્તરપ્રદેશ રાજ્ય કૃષિ ઉત્પાદન મંડી પરિષદ અને બીજાઓના કેઇસમાં આપેલ ચુકાદો રજુ કરવામાં આવેલ છે. તે

INDEX

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/મશ્રઆ/જુના/૧૮/૨૦૦૮.—મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર (૧) વન સંરક્ષકશ્રી, જૂનાગઢ, (૨) નાયબ વન સંરક્ષકશ્રી, જુનાગઢ, (૩) રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, મુ. સાસણ અને તેના શ્રમયોગીશ્રી આલભાઈ જીણાભાઈ બાબરીયા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ ૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ની સાથે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૧૦ ની પેટા કલમ-૧ પેટા વિભાગ-સી થી મળેલ સત્તાની રૂએ હું, એમ. સી. કારીયા, મદદનીશ શ્રમ આયુક્ત, જૂનાગઢ આથી મજુર અદાલત, નં. -, જૂનાગઢને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી આલભાઈ જીણાભાઈ બાબરીયાને પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જુનાગઢ, તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૦૮.

એમ. સી. કારીયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
જુનાગઢ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/મશ્રઆ/જુના/૧૯/૨૦૦૮.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર સરદારગઢ ગ્રામ પંચાયત, સરદારગઢ અને તેના શ્રમયોગી શ્રીમતી વિજયાબેન રતીલાલ કુંવરીયા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/૩૬૭૩/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ ૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ની સાથે પેટા વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૧૦ ની પેટા કલમ-૧ પેટા વિભાગ-સી થી મળેલ સત્તાની રૂએ હું, એમ. સી. કારીયા, મદદનીશ શ્રમ આયુક્ત, જૂનાગઢ આથી મજુર અદાલત, નં. –, જૂનાગઢને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી વિજયાબેન રતીલાલ કુંવરીયાને પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જુનાગઢ, તારીખ ૨૮મી એપ્રિલ, ૨૦૦૮.

એમ. સી. કારીયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
જુનાગઢ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઈડીઆર/પોર/૨૦૦૮/૭૫૩.—નીચે સહી કરનાર મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, પોરબંદર તથા તેના શ્રમયોગી શ્રી સાદિયા કરશન નારણભાઈ, મુ. ફટાણા, તાલુકો પોરબંદર વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચએસએચ/આઇ.ડી.એ./૧૦૭૨/૪૬૧૮/૪ થી સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજ્યના મદદનીશ શ્રમ આયુક્તશ્રીને તેમના કાર્ય વિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ ૧૦ ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ સી થી મળેલ સત્તાની રૂએ હું, એ. ડી. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુક્ત, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદર તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રી સાદિયા કરશન નારણભાઈને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૫મી મે, ૨૦૦૮.

એ. ડી. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુક્ત,
પોરબંદર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLIX] THURSDAY, JULY 10, 2008 / ASADHA 19, 1930 [No. 28

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

LABOUR AND EMPLOYMENT DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar, 20th June, 2008.

THE EMPLOYEE'S PROVIDENT FUNDS AND MISCELLANEOUS PROVISIONS ACT, 1952.

No. KHR/2008/115-EPF-18-2008/23485/M(3).– In exercise of the powers conferred under sub-section *(1), (a),* of section-17 of the Employees' Provident Funds And Miscellaneous Provisions Act, 1952 (XIX of 1952) (hereinafterrefered to as "the said act"), the Government of Gujarat hereby exempts M/s. Bhavnagar Sahakari Bank Ltd., Bhavnagar Bearing PF Code No GJ/11985, from the operation of the Employees' Provident Fund Scheme, 1952, under the said Act, with following conditions :–

(1) Rate of contribution as provided for under Section-6 of the Employees Provident Fund and Miscellaneous Provisions Act, 1952;

(2) Benefits available to the members under the various provisions of the EPF Scheme, 1952;

(3) The establishment has enrolled all the eligible employees including employees employed by or through contractor or in connection with the work of the establishment and the employees engaged through contractors who have been covered separately as independent establishment have also been enrolled;

(4) The enrolment of all the employees in the branch units and companies has been verified and confirmed;

(5) The establishment has been enjoying relaxation from 1st January, 1966 and the investment by the trust during the period of enjoyment of relaxation is as per the pattern of investment prescribed from time to time;

(6) The Board of Trustees has been established under the Chairmanship of the employer;

(7) Trustees are maintaining the accounts electronically and the members are able to see their account balance from the computer terminals; The employer has undertaken to maintain the accounts electronically and to make available the individual balance each of the employees electronically;

(8) The board of trustees have furnished an undertakings regarding conditions 22 and 23, Appendix A, Para 27-AA of the EPF Scheme, 1952;

(9) The accounts of the trustees as well as the establishment is being periodically inspected by a term of officers headed by APFCs to ensure that the establishment comply with all the conditions for grant of exemption and the trust handle the funds effectively and efficiently;

(10) Proper records of withdrawals, transfers etc.are maintained by the Trustees;

(11) Monthly returns are submitted regularly and the compliance with the conditions is monitored regularly;

(12) The establishment has remitted the inspection charges as well as the contribution relating to EPS and EDLI contribution as the case may be upto the date of recommendation;

INDEX

(13) The number of trustees representing the employer and employees each are within the permitted strength under para 79-C of the EPF Scheme.

By order and in the name of the Governor of Gujarat,

S. K. BAMANIYA,
Under Secretary to Government .

LABOUR AND EMPLOYMENT DEPARTMENT

Notification

Sachivalaya, Gandhinagar, 20th June, 2008.

THE EMPLOYEE'S PROVIDENT FUNDS AND MISCELLANEOUS PROVISIONS ACT, 1952.

No. KHR/2008/118-EPF-2007/GOI-135-(276906)-M(3).– In exercise of the powers conferred under sub-section *(1), (a),* of section-17 of the Employees' Provident Funds And Miscellaneous Provisions Act, 1952 (XIX of 1952) (hereinafter referred to as "the said act"), the Government of Gujarat hereby exempts M/s. Bhagyodaya Co-operative Bank Ltd., Ahmedabad Bearing Code No GJ/24041, from the operation of the Employees' Provident Fund Scheme, 1952, under the said Act, with following conditions :–

(1) Rate of contribution as provided for under Section-6 of the Employees' Provident Fund and Miscellaneous Provisions Act, 1952;

(2) Benefits available to the members under the various provisions of the EPF Scheme, 1952;

(3) The establishment has enrolled all the eligible employees including employees employed by or through contractor or in connection with the work of the establishment and the employees engaged through contractors who have been covered separately as independent establishment have also been enrolled;

(4) The enrolment of all the employees in the branch units and companies has been verified and confirmed;

(5) The establishment has been enjoying relaxation from 1st March, 2007 and the investment by the trust during the period of enjoyment of relaxation is as per the pattern of investment preseribed from time to time;

(6) The Board of Trustees has been established under the Chairmanship of the employer;

INDEX

(7) Trustees are maintaining the accounts electronically and the members are able to see their account balance from the computer terminals; The employer has undertaken to maintain the accounts electronically and to make available the individual balance each of the employees electronically;

(8) The board of trustees have furnished an undertakings regarding conditions 22 and 23, Appendix A, Para 27-AA of the EPF Scheme, 1952;

(9) The accounts of the trustees as well as the establishment is being periodically inspected by a team of officers headed by APFCs to ensure that the establishment comply with all the conditions for grant of exemption and the trust handle the funds effectively and efficiently;

(10) Proper records of withdrawals, transfers etc. are maintained by the Trustees;

(11) Monthly returns are submitted regularly and the compliance with the conditions is monitored regularly;

(12) The establishment has remitted the inspection charges as well as the contribution relating to EPS and EDLI contribution as the case may be upto the date of recommendation;

(13) The number of trustees representing the employer and employees each are within the permitted strength under para 79-C of the EPF Scheme.

By order and in the name of the Governor of Gujarat,

S. K. BAMANIYA,
Under Secretary to Government .

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ/શમક/૯/આર.યુ.–સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઓદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, વિજય કોમર્શીયલ કો. ઓ. બેંક લી., રાજકોટ અને ગુજરાત બેંક વર્કર્સ યુનીયન, રાજકોટની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૮ના મે માસના ૫ માં દિને આથી નોંધ કરૂં છું.

INDEX

શ્રી એ. જે રાચ્છ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, ગુજરાત સમક્ષ

અપીલ (આઈ.સી.)નં. ૭/૨૦૦૫, ૮/૨૦૦૫.

વિષય :- બી. આઈ. આર. એકટ, ૧૯૪૬ની કલમ ૮૪ હેઠળ અપીલ.

હુકમ/એવાર્ડ ક્રમાંક ૨૯/૨૦૦૬.

વિજય કોમર્શીયલ કો. ઓ. બેંક લી., કનક રોડ, રાજકોટ. — પ્રથમ પક્ષકાર/ અપીલ કરનાર/અરજદાર

વિરૂધ્ધ

ગુજરાત બેંક વર્કર્સ યુનીયન, ઈશાવસ્યમ, ભીલવાસ, જનસત્તા પ્રેસ પાસે, રાજકોટ. — બીજા પક્ષકાર/ સામાવાળા

આથી ઉપરોકત અદાલત આ સાથે જણાવ્યા પ્રમાણે ચુકાદો કરે છે.

શ્રી એ. જે. રાચ્છ, પ્રિસાઈડીંગ ઓફીસર, ઔદ્યોગિક અદાલત નં.-૨, ગુજરાત, રાજકોટ સમક્ષ.

અપીલ આઈ.સી. નં. ૮/૨૦૦૫.

વિજય કોમર્શીયલ કો. ઓ. બેન્ક લી., કનક રોડ, રાજકોટ. — અરજદાર;

વિરૂધ્ધ

ગુજરાત બેન્ક વર્કર્સ યુનીયન, ''ઈશાવાસ્યમ'', ભીલવાસ, જનસત્તા પ્રેસ પાસે, રાજકોટ. — સામાવાળા.

હાજર રહ્યા અરજદાર તરફે : શ્રી પી. એસ. વસાવડા, એડવોકેટ.

બેન્ક તરફે : શ્રી એસ. બી. ગોગીયા, એડવોકેટ.

બાબત :- બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ની કલમ ૮૪ હેઠળ અપીલ.

ચુકાદો

૧. ઉપરોક્ત બન્ને અપીલો મજુર અદાલત, રાજકોટે તેમની સમક્ષની બી.આઈ.આર. અરજી નં. ૫/૧૯૯૧માં તા. ૧૦-૬-૨૦૦૫ના રોજ કરેલ હુકમથી નારાજ થઈ, બન્ને પક્ષકારોએ ઉપરોક્ત નંબરોની કોસ અપીલો કરેલી છે. ઉપરોક્ત બન્ને અપીલોમાં બન્ને પક્ષકારોના પ્રતિનિધિઓએ સંયુક્ત દલીલો કરેલી હોય, તેમજ મજુર અદાલતે તેની સમક્ષની બી.આઈ.આર. અરજી નં. ૫/૧૯૯૧માં જે હુકમ કરેલો છે, તે હુકમ સામેની આ બન્ને અપીલો હોવાથી, બન્ને અપીલોમાં સંયુક્ત રીતે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

INDEX

૨. આ કામે અપીલ નં. ૭/૨૦૦૫માં બેન્કે તેમની અપીલ અરજીમાં જણાવેલ છે કે, લેબર કોર્ટ, રાજકોટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો અનુમાનોના આધારે આપેલ છે, જે ભુલ ભરેલો છે. હાલના રીસ્પોડન્ટ ક્યારેય નોકરી ઉપર હાજર થવા આવેલ નથી, કે કોઈ ખુલાસો મોકલાવેલ નથી, અને નોકરી એબન્ડન્ટ કરેલ છે. જે હકીકત લેબર કોર્ટે ધ્યાને લીધેલ નથી. બેન્કે ખાતાકીય તપાસ કરવા કોર્ટ સમક્ષ તૈયારી બતાવેલી, તેમ છતાં તક આપેલ નથી, આમ લેબર કોર્ટ દ્વારા જે તારણો આપવામાં આવેલ છે, તે ભુલભરેલાં, અને ગેરકાયદેસર છે. કામદારે મુળ બી.આઈ.આર. અરજીમાં જે પત્રો ઉપર આધાર રાખેલ છે, તેવા કોઈ પત્રો સંસ્થાને મળેલ નથી. અને પુરાવા ઉભા કરવા યુ.પી.સી.થી પત્રો મોકલેલ હોવાનું જણાવેલ છે. ખરી હકીકતે કામદાર નશાબંધી એક્ટ હેઠળ પકડાયેલ હતાં. અને તેમની સામે કોગ્નીઝેબલ ગુન્હા હેઠળ ૫૭/૯૭થી એફ.આઈ.આર. દાખલ કરવામાં આવેલી. આમ રીસ્પોન્ડન્ટ વિરૂધ્ધ આવો ગંભીર ગુન્હો દાખલ થયેલ હોય, તે જોતાં રીસ્પોન્ડન્ટ બેન્કમાં પુનઃસ્થાપિત કરવા કોઈપણ રીતે યોગ્ય નથી. અરજદાર સંસ્થા બેન્કીંગ ઉદ્યોગ છે, અને પબ્લીકના નાણાં અને વિશ્વાસ ઉપર કામ કરતી સંસ્થા છે. તેમા આવા કર્મચારીની મનમાની ચલાવી શકાય નહીં, તેમ જણાવી બી.આઈ. અરજી નં. ૫/૯૧ના કામે લેબર કોર્ટ, રાજકોટે તા. ૧૦-૬-૨૦૦૫ના રોજ આપેલ હુકમ રદ કરવા અપીલમાં દાદ માંગેલ છે. અરજદારે તેમની અરજી સામે લેબર કોર્ટ, રાજકોટના હુકમની નકલ રજુ રાખેલ છે.

આંક-૪થી અરજદાર બેન્ક તરફે મનાઈ હુકમની અરજીમાં મજુર અદાલતે બી.આઈ.આર. અરજી નં. ૫/૯૧ ના કામે તા. ૧૦-૬-૦૫ના રોજ કરેલ હુકમ સામે મનાઈ હુકમની અરજી કરેલ છે. તથા રેકર્ડ પ્રોસીડીંગ્ઝ મંગાવવા માટેની અરજી પણ કરેલ નથી. જેમાં આંક-૪ની અરજીમાં કામચલાઉ મનાઈ હુકમ તા. ૨૬-૭-૦૫ના રોજ આપવામાં આવેલ અને ત્યારબાદ વખતોવખત લંબાવવામાં આવેલ છે. તેમજ આ કામે લેબર કોર્ટ, રાજકોટ પાસેથી મુળ બી.આઈ.આર. અરજી નં. ૫/૯૧ના કામનું રેકર્ડ પણ મંગાવવામાં આવેલ છે.

ત્યારબાદ આ કામે આંક-૮થી કામદાર તરફે જવાબ વાંધા રજુ થયેલ છે. જેમાં કામદારે તા. ૨૭-૮-૯૦થી તા. ૨૮-૧૨-૯૦ સુધી રજા લીધેલ ન હોવા અંગેની હકીકતો દોહરાવેલ છે. અને કામદાર દારૂના ગુનામાં સંડોવાયા હોવાની રજુઆત કશા આધાર પુરાવા વિના જણાવેલ છે. લેબર કોર્ટ, રાજકોટે આપેલ હુકમ અનુમાનોના આધારે આપેલ હોવાનું ખરૂ નથી. કામદારની ગેરવર્તણૂંકનો પુરાવો બેન્કે રજુ કરેલ છે જ. તેથી તક આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમજ નામદાર કોર્ટે ઉતાવળ કર્યાની ટીકા કરેલ છે, તે યોગ્ય નથી. આમ નીચેની કોર્ટે કોઈ ભુલ કરેલ હોવાનું ખરૂ નથી. તેમ જણાવી બેન્કની અપીલ અરજી અને મનાઈ હુકમની અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

૩. તે જ રીતે બેન્ક વર્કર્સ યુનીયને અપીલ નં. ૮/૨૦૦૫ કરેલ છે. જેની ટુંકમાં હકીકત એવી છે કે, બેન્કે તેના કલાર્ક શ્રી ખુમાણને તા. ૨૮-૧૨-૯૦ના રોજ છુટ્ટો કરતાં, તેઓએ બી.આઈ.આર.

અરજી નં. ૫/૯૧ દાખલ કરેલ હતી. જેમાં લેબર કોર્ટ દ્વારા તા. ૧૦-૬-૦૫ના હુકમથી ખુમાણને પડેલાં દિવસોના ૫૦ ટકા પગાર સાથે નોકરીમાં લેવાનો હુકમ કરેલો, અને બાકીના ૫૦ ટકા પગારની માંગણી નામંજૂર કરેલ છે, તેનાથી નારાજ થઈ હાલની આ અપીલ કરેલ છે. બેન્કે કામદારને ગેરહાજરી સબબ છુટા કરેલાં. પરંતુ હકીકતે શ્રી ખુમાણના પિતા ગંભીર બિમારીથી પીડાતા હતાં. જે અંગે તેઓએ મૌખિક અને લેખિત રજા માંગેલ હતી. અને બેન્કને આ હકીકતની જાણ હતી. કામદારે કોઈ નોકરીનો ત્યાગ કરેલ નથી, કે કામદાર સામે કોઈ ઈન્કવાયરી પણ કરવામાં આવેલ નથી. જેથી છુટા કરતો હુકમ રદ થવાપાત્ર હતો. જેના અનુસંધાને લેબર કોર્ટે કામદારની બરતરફી ગેરકાયદેસર ઠરાવી પુનઃનોકરીમાં લેવાનો અને ૫૦ ટકા પગાર આપવાનો હુકમ કરેલો છે. ૫૦ ટકા પડેલાં રોજ અપાવવાના કારણમાં લેબર કોર્ટે કામદાર તેમનું માસીક ખર્ચ રૂા. ૧૫૦૦ કંઈ રીતે કાઢે છે, તે ખુલાસો કરેલ નથી, તેમ જણાવી આ તારણ આપેલ છે. ખરી હકીકતે પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે ત્યારે કામદાર પુરા પડતર રોજ મેળવવા હક્કદાર છે. કારણ કે વચગાળાના સમયમાં કામદાર કમાણી કરતાં હતાં, તે પુરવાર કરવાની જવાબદારી માલિકની છે, જે તેઓએ આ કામે પુરવાર કરેલ નથી. પડતર રોજ આપવા ન આપવા બાબતમાં કામદારની લાંબી નોકરી, તેની ૧૫ વર્ષની બેહાલી, ઈન્કવાયરીનો સંદતર અભાવ, તે કોર્ટમાં સાબીત કરવાની તૈયારી, સામાવાળાને ચુકવવા પડતા પડતર રોજની રકમ અને કામદાર પ્રત્યેનો માલિકનો છતો થયેલ દ્વેષ ધ્યાને લેતાં કામદારને પુરા રોજ નહીં અપાવી નામદાર કોર્ટે ભારોભાર અન્યાય કર્યો છે. તે સંજોગોમાં તા. ૧૦-૬-૦૫ના રોજ લેબર કોર્ટે બી. આઈ. આર. અરજી નં. ૫/૯૧ ના કામે આપેલ હુકમમાં સુધારો કરી પડેલાં રોજના પુરા પગારની રકમ અપાવવા હુકમ કરવા બેન્ક વર્કર્સ યુનીયને તેમના નિવેદનમાં દાદ માંગેલ છે. તેમજ તેની અરજી સાથે લેબર કોર્ટના ચુકાદાની નકલ રજુ રાખેલ છે.

જે અપીલ સામે આંક-પથી બેન્ક તરફે વાંધાઓ રજુ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે કામદારે હાલની અરજીમાં વિકૃત સ્વરૂપની અને ચીલાચાલુ રજુઆત કરેલ છે. તેમાં જણાવેલ કોઈ વિધાનો તેઓ કબુલ મંજુર રાખતાં નથી. બી આઈ.આર. અરજી નં. ૫/૯૧માં લેબર કોર્ટે આપેલ ચુકાદા સામે અપીલ દાખલ કરવામાં આવેલ છે, અને જેમાં મનાઈહુકમ આપવામાં આવેલ છે. મજુર અદાલત દ્વારા અપાયેલ ચુકાદો ભુલ ભરેલ હોય, તેને અપીલ આઈ.સી. નં. ૭/૦૫માં પડકારેલ છે. કામદાર બેન્કની નોકરી સ્વેચ્છાએ એબન્ડન્ટ કરી ચાલ્યા ગયેલ હતા. અને કોઈપણ જાતની પુર્વ પરવાનગી લીધા વગર ગેરહાજર રહેલ હતાં. પાછળથી બોગસ પુરાવા ઉભા કરવા યુ. પી. સી. પત્રો લખેલ છે. તેમ જણાવી કામદારની આ અપીલ રદ કરવા રજુઆત કરેલ છે.

૪. અરજદાર બેન્ક તરફે લેખીત દલીલ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, લેબર કોર્ટ દ્વારા કામદારની ગેરહાજરી સંબંધે કોઈ તપાસ કરેલ નથી, તેવા તારણો આપેલાં છે, પરંતુ વિવિધ વડી અદાલતોના ચુકાદા ઉપરથી સ્પષ્ટ સાબીત થયેલ છે કે, એબન્ડન્ટમેન્ટના કેઈસમાં

INDEX

ઈન્કવાયરી કરવાની જરૂર રહેતી નથી. કામદારને બેન્કે શોકોઝ નોટીસ મોકલેલી. જેથી કોઈ ખુલાસો તેઓએ કરેલ નથી. આમ કામદારે સ્વેચ્છાએ નોકરી એબન્ડન્ટ કરેલ છે. તે સંજોગોમાં કલમ ૨૫-એફ ના ભંગનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમજ કામદાર વિરૂદ્ધ ૧૯૯૭માં ફોજદારી ગુન્હો દાખલ થયેલ. જે ગંભીર પ્રકારનો હતો. તે અંગેના પુરાવા પણ લેબર કોર્ટ સમક્ષ રજુ કરેલ. જે ધ્યાનમાં લેવામાં આવેલ નથી. કામદારની ઉપરોક્ત વર્તણુંક ઉપરથી બેન્કે કામદારમાંથી વિશ્વાસ ગુમાવેલ છે. તે સંજોગોમાં હાલની અપીલ અરજી મંજુર કરી, લેબર કોર્ટ, રાજકોટે તા. ૧૦-૫-૨૦૦૬ના રોજ કરેલ હુકમ રદ કરવા દલીલમાં રજુઆત કરેલ છે. અને તેની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

(1) 2001 II CLR 449 Hon. Kerala High Court,

(2) 2005 Supreme Court Cases (L & S) 689,

(3) 1994 Supreme Court Cases (L & S) 904.

(4) Sp. C. A. No. 13212/1993 Hon. Gujarat High Court,

(5) 2005 III LLJ 609 Hon. Andhra Pradesh High Court,

(6) 2005 III LLJ 731 Hon. Supreme Court of India,

(7) 2003 LLR 224 Hon. Punjab & Haryana High Court,

(8) 2003 LLR 1150 Hon. Bombay High Court,

(9) 2003 III LLJ 686 Hon. Madras High Court,

(10) 2003 (4) LLN 616 Hon. Bombay High Court,

(11) 2005 LLR 641 Hon. Supreme Court of India,

(12) 2005 II CLR 484 Hon. Himachal Pradesh High Court,

(13) 2003 (99) FLR 1073 Hon. Andhra Pradesh High Court.

૫. આ કામે ગુજરાત બેન્ક વર્કર્સ યુનીયન વતી વકીલ શ્રી વસાવડાએ મૌખિક દલીલ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બેન્કે ગેરકાયદેસર રીતે કોઈપણ જાતની બચાવની તક આપ્યા સિવાય, ખાતાકીય તપાસ કર્યા સિવાય અરજદારને નોકરીમાંથી છુટા કરી દીધેલ છે, તેમની ગેરહાજરી હતી, તે રાજીનામું સમજીને તેમને કોઈ તક આપ્યા સિવાય છુટા કરેલાં છે, તે ગેરકાયદેસર છે. તેમજ તેમને ત્રણ મહીનાની ગેરહાજરી જો માની લેવામાં આવે, તો તેમણે રાજીનામું આપેલ છે, તેમ ગણી શકાય નહીં. આંક-૨૪ અને આંક-૨૬થી યુ.પી.સી. થી અરજદારે પત્રો લખેલાં છે. ઓરીજીનલ રેકર્ડમાં આંક-૪૦થી બેન્કના સાક્ષીની જુબાની થયેલ છે. તેમાં ઉલટ તપાસમાં તેમણે જણાવેલ છે કે, અરજદારના પિતાની બિમારી અંગે તેમને જાણ

હતી. ગેરહાજરી દરમ્યાન અરજદાર વારંવાર બેન્કમાં જતાં હતાં. અરજદારના પિતા બિમાર હતાં. ઉપરોક્ત રીતે અરજદાર તેમના પિતાની બિમારીના કારણે તેઓ ફરજ ઉપર જઈ શકેલ ન હતાં. લેબર કોર્ટે અરજદારે લખેલ પત્રોની નોંધ પણ લીધેલ છે. ગેરહાજરીને ગેરવર્તણુંક ગણવામાં આવે તો પણ તે પુરવાર કરવાની જવાબદારી બેન્કની છે. અને તે માટે તેઓએ ઈન્કવાયરી પણ કરવી જોઈએ. તેમજ બેન્ક જવાબ રજુ કરે, ત્યારેજ તેમણે અરજી કરવી જોઈએ. તેમજ બેન્ક જણાવે છે કે, બી. આઈ. આર.માં આ કેઈસ ચલાવવાના કોર્ટને પાવર્સ નથી, તે વાત ખોટી છે, અને લેબર કોર્ટે જે ૫૦ ટકા બેક વેજીસ આપવા માટેનો ઓર્ડર કરેલો છે, અને ૫૦ ટકા બેક વેજીસ કાપી નાખવામાં આવેલ છે, તે ગેરકાયદેસર છે. જેથી ૧૦૦ ટકા બેક વેજીસ સાથે નોકરીની સળંગતા સાથે અરજદારને તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવો જોઈએ, અને બેન્કે રજુ કરેલ સાઈટેશન આ કેઈસમાં લાગુ પડતાં નથી. અરજદારને કરવામાં આવેલ શિક્ષા વધુ પડતી હોય, બેન્કની અપીલ રદ કરી, યુનીયનની અપીલ મંજુર કરવા દલીલમાં રજુઆત કરેલ છે. તેઓએ દલીલના સમર્થનમાં નીચે મુજબના ત્રણ ચુકાદાઓ રજુ કરેલ છે.

(1) 1994 LIC 1170 Hon. Gujarat High Court,

(2) 2001 (3) GLR 2577 Hon. Supreme Court,

(3) 1988 (2) GLR 1324 Hon. Gujarat High Court.

૬. ઉપરોક્ત કામે પક્ષકારો તરફે રજુ થયેલ દલીલો, રજુ કરવામાં આવેલ ચુકાદાઓ, લેબર કોર્ટ, રાજકોટ દ્વારા કરવામાં આવેલ હુકમ, તથા લેબર કોર્ટ, રાજકોટ સમક્ષ ચાલેલ મુળ બી.આઈ.આર. અરજીનું રેકર્ડ, આ તમામ વિગતો ધ્યાને લીધેલ છે. આ કામે લેબર કોર્ટ, રાજકોટે તેની સમક્ષની બી.આઈ.આર. અરજી નં. ૫/૯૧માં તા. ૧૦-૬-૦૫ના રોજ નીચે મુજબ કરવામાં આવેલ છે.

હુકમ

(૧) અરજદારની અરજી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળાએ અરજદાર વિરૂદ્ધ કરેલ તા. ૨૮-૧૨-૯૦નો હુકમ આથી રદ કરવામાં આવે છે.

(૩) આ કામના સામાવાળાએ અરજદારને તા. ૨૮-૧૨-૯૦થી પડેલાં રોજના ૫૦ ટકા પગાર સાથે નોકરીની સળંગતા સાથે તેની મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) અરજદારની તા. ૨૭-૮-૯૦થી તા. ૨૮-૧૨-૯૦ સુધીની રજા અંગે સામાવાળાએ પેરા-૧૪માં કરેલ ચર્ચા મુજબ યોગ્ય નિર્ણય કરવો.

INDEX

(૫) સામાવાળાએ અરજદારને અરજી ખર્ચ પેટે રૂા. ૧૦૦૦ અંકે રૂપિયા એક હજાર ચુકવી આપવા.

(૬) સામાવાળાએ આ હુકમનો અમલ હુકમ મળ્યાથી દિન-૩૦માં કરવો.

આ કામે બેન્ક તરફે હાલની અપીલ આઈ. સી. નં. ૭/૨૦૦૫ દાખલ કરી, મજુર અદાલત દ્વારા આપવામાં આવેલ હુકમ કાયદાની અને હકીકતોની ભુલ ભરેલો, તેઓએ રજુ કરેલ પુરાવાઓ લેબર કોર્ટે ધ્યાને લીધેલ ન હોય, ગેરહાજરી સંબંધે શ્રમયોગીને આપેલ નોટીસ, લખેલ પત્રો, તથા શ્રમયોગીની અનઅધિકૃત ગેરહાજરી ધ્યાને લીધેલ ન હોય, તેમજ શ્રમયોગી સામે ૧૯૯૭માં પ્રોહીબીશનનો ગુન્હો નોંધાયેલ, તે સંબંધે કરેલ રજુઆતો ધ્યાને લીધેલ નથી. બેન્ક એ પ્રજાના નાણાનો વહીવટ કરતી સંસ્થા છે. તેમાં કર્મચારીની આવી ગુનાહીત હરકતો ચલાવી શકાય નહીં. જો તેમ કરવામાં આવે તો પ્રજાને બેન્ક ઉપર ભરોસો રહે નહીં. આ સંજોગોમાં બેન્કે શ્રમયોગીમાંથી વિશ્વાસ અને ભરોસો ગુમાવેલ હોય, મજુર અદાલત, રાજકોટ હુકમ રદ બાતલ કરવા તેમજ હાલની અપીલ અરજી મંજુર કરવા દાદ માંગેલ છે.

જ્યારે આ હુકમ સામે બેન્ક વર્કર્સ યુનીયન તરફે અપીલ આઈ.સી. નં. ૮/૨૦૦૫ દાખલ કરી, મજુર અદાલત દ્વારા આપેલ ચુકાદામાં લેબર કોર્ટે કામદારને તેઓ સાવ બેકાર હોવા છતાં, તે ધ્યાને લીધેલ ન હોય, બેન્ક દ્વારા શ્રમયોગી અન્ય જગ્યાએ ગેઈનફુલી એમ્પ્લોઈડ હોવાની હકીકત પુરવાર કરવામાં આવેલ ન હોય, તેમ છતાં લેબર કોર્ટે શ્રમયોગીને પડેલાં દિવસોના ૫૦ ટકા પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરેલ છે, તે ભુલ ભરેલો હોય, તેમાં સુધારો કરી શ્રમયોગીને પડેલાં દિવસોના પુરા પગાર સાથે નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવાનો હુકમ કરવા આ અપીલમાં દાદ માંગેલ છે.

૭. આ કામનું રેકર્ડ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા, પક્ષકારોની લેખીત અને મૌખિક રજુઆતો, અને રજુ થયેલ જુદી જુદી નામદાર વડી અદાલત, અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લેતાં આ કામે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

મુદ્દા-૧ : શું બેન્કે તેની કરેલ અપીલ નં. ૭/૨૦૦૫ માં સાબીત કરે છે કે, અપીલમાં કરેલ માંગણી સંપૂર્ણપણે મંજુર થવાપાત્ર થાય છે ?

મુદ્દા-૨ : શું બેન્ક વર્કર્સ યુનીયન સાબીત કરે છે કે, અપીલ નં. ૮/૨૦૦૫ માં કરેલ માંગણી સંપુર્ણપણે મંજુર થવાપાત્ર છે ?

મુદ્દા-૩ : શો હુકમ ?

ઉપરોક્ત મુદ્દાઓમાં હવે પછી જણાવેલ કારણોસર મારા નિર્ણય નીચે મુજબ છે.

INDEX

મુદ્દા-૧ : અંશતઃ મંજુર થવાને પાત્ર છે,

મુદ્દા-૨ : નકારમાં,

મુદ્દા-૩ : છેવટના હુકમ મુજબ.

કારણો

મુદ્દા નં. ૧-૨ : આ બન્ને મુદ્દાઓ એક બીજા સાથે સંકળાયેલ હોય, તેની ચર્ચા એક સાથે કરેલ છે. બેન્ક તરફે તેમની દલીલમાં એવી રજુઆત થયેલ છે કે, સબંધીત શ્રમયોગી બેન્કમાંથી અને અધિકૃત ગેરહાજર રહી નોકરી એબન્ડન્ટ કરેલ છે. જે રેકર્ડ ઉપરથી પણ પુરવાર થયેલ છે. તેમજ તેઓની સામે પ્રોહીબીશન હેઠળનો ગુનો નં. ૫૭/૯૭થી નોંધાયેલ હતો. જે અંગેનું રેકર્ડ પણ તેઓએ લેબર કોર્ટ સમક્ષ રજુ કરેલ હતું, આમ છતાં લેબર કોર્ટે આ હકીકતો ધ્યાને લીધેલ નથી. અને સબંધીત શ્રમયોગીને પડેલાં દિવસોના ૫૦ ટકા પગાર સાથે પુનઃસ્થાપિત કરવા હુકમ કરેલ છે. જે ગેરકાયદેસર અને રદબાતલ થવાપાત્ર છે. કર્મચારી જ્યારે અનઅધિકૃત ગેરહાજર રહી નોકરી એબન્ડન્ટ કરતા હોય, ત્યારે માત્ર ફોર્માલીટી ખાતર ઈન્કવાયરી કરવાની જરૂરીયાત રહેતી નથી. તેમ જણાવી બેન્ક તરફે તેમની દલીલના સમર્થનમાં ૨૦૦૫ એસ.સી.સી (એલ.એન્ડ.એસ.) પાના ૬૮૯ ઉપરનો નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો રજુ કરેલો છે. જેમા નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, "Need-for-in case of abandonment of work by the workman - merely for the sake of enquiry it is not necessary to conduct the same as an empty formality. As a matter of fact on an analysis of the recent trend in the decisions of the Apex Court, it cannot be stated in absolute terms that it is mandatory to conduct a domestic enquiry before taking disciplinary action against a workman proceeded against for unauthorised absence. It is not mandatory to conduct a domestic enquiry for that only purpose."

અને હાલના કેઈસમાં પણ અરજદાર જ્યારે અનઅધિકૃત રીતે ગેરહાજર રહી, નોકરી એબન્ડન્ટ કરેલ હોય, ત્યારે તેઓની સામે માત્ર ફોર્માલીટી ખાતર ઈન્કવાયરી કરવાની જરૂરીયાત રહેતી નથી. તેમ જણાવેલ છે. આ કામે શ્રમયોગી તરફે તેમના પિતાશ્રી બિમાર હોવાનું કારણ દર્શાવેલ છે, પરંતુ આ એકમાત્ર કારણથી તેમને અનઅધિકૃત રીતે ગેરહાજરીને અધિકૃત ગણી શકાય નહીં. તેઓએ ખુદે જ કબુલ કરેલ છે કે, આ ગાળા દરમ્યાન તેઓ બેન્કમાં આવતાં જતાં હતાં, તો તેઓ તેમનો રીપોર્ટ અચુક આપી શક્યા હોત પરંતુ શ્રમયોગીએ આવા કોઈ જ રીપોર્ટ આપેલ નથી. આમ તેઓની સામે આક્ષેપ પુરવાર થયેલ છે, ત્યારે કોઈ ફોર્માલીટી ખાતર ઈન્કવાયરી કરવાની જરૂર રહેતી નથી, તેમ જણાવેલ છે.

INDEX

આ ઉપરાંત નામદાર ગુજરાત હાઈકોર્ટે સ્પે.સી.એ.નં. ૧૩૨૧૨/૯૩ તથા સીવીલ એપ્લીકેશન નં. ૫૪૩૮/૨૦૦૩ના કેઈસમાં ઈન્કવાયરીના મુદા ઉપર નિર્ણય આપતાં ઠરાવેલ છે કે "The learned Labour Judge, having taken note of the pleadings and a specific request made by the company to hold the enquiry before the Labour Court to prove the charge against the workman, has manifestly erred in holding that no such request was made by the company and in holding that the action of discharge of the workman from service was violative of section 25-F of the Act." તેમ જણાવી લેબર કોર્ટનો હુકમ સેટ એ સાઈડ કરેલ હતો. હાલના કેઈસમાં પણ શ્રમયોગી સામે ખાતાકીય તપાસ કરવા માટે બેન્ક દ્વારા લેબર કોર્ટ સમક્ષ માંગણી કરવામાં આવેલ હતી. આમ છતાં લેબર કોર્ટે તે માંગણી ગ્રાહ્ય રાખેલ નથી, અને આવી કોઈ તક બેન્કને આપેલ નથી. અને તેથી કલમ ૨૫-એફનો ભંગ થયો હોવાનું માની શકાય નહીં. તેવી રજુઆત કરેલ છે.

આ કામે બેન્ક તરફે ૨૦૦૫ થર્ડ એલ.એલ.જે. પાના ૭૩૧ ઉપરનો નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો રજુ થયેલ છે. જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, "Termination of Service - For unauthorised absence and no response by employee to show cause notice. Statement in termination order regarding lack of response to show cause notice, held to stigma - Employee directed to reply to show cause notice and employer to take fresh decision." હાલના કેઈસમાં પણ શ્રમયોગીને આંક-૧૯થી શોકોઝ નોટીસ આપેલ છે. જેનો કોઈ ખુલાસો અરજદારે મોકલેલ નથી તેમ જણાવેલ છે.

આ ઉપરાંત બેન્ક તરફે ૨૦૦૩ (૩) એલ.એલ.જે. ૬૮૬ નામદાર મદ્રાસ હાઈકોર્ટ, તથા ૨૦૦૩ એલ.એલ.આર. પાના ૧૧૫૦ ઉપર નામદાર બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો રજુ થયેલ છે. તેમાં પણ એબડન્ટમેન્ટ સબંધે નામદાર હાઈકોર્ટ ચર્ચા કરેલ છે. અને કામદારને માલિકે પત્ર લખી જાણ કરવા છતાં ફરજ ઉપર આવેલ ન હોય, અને અનઅધિકૃત રીતે ગેરહાજર રહેલ હોય, તેવા કેઈસમાં ''સરવીસ એબન્ડન્ટ'' કર્યાનું યોગ્ય માનેલ છે. તેમ દલીલમાં જણાવેલ છે.

જ્યારે પ્રોહીબીશન અંગેના ગુના સંબંધે રજુઆત કરતાં બેન્કે જણાવેલ છે કે, શ્રમયોગી વિરૂદ્ધ ૧૯૯૭માં ફોજદારી ગુન્હો દાખલ થયેલ હતો. જે સબંધે તેઓએ પુરાવા લેબર કોર્ટ સમક્ષ રજુ કરેલાં. જે ખુબજ ગંભીર પ્રકારનો ગુનો છે, આમ છતાં તે પુરાવાને લેબર કોર્ટે ધ્યાને લીધેલ નથી. ઉપરોક્ત હકીકતે બેન્કે શ્રમયોગીમાંથી વિશ્વાસ ગુમાવેલ છે. શ્રમયોગી કામગીરી કરતાં હતાં, તે વિશ્વાસુ પ્રકારની કામગીરી હતી. બેન્ક એ પબ્લીકના નાણા સાથે સંકળાયેલ સંસ્થા છે. તેમાં આવા કર્મચારીને રાખી શકાય નહીં. અને આ સંબંધે તેઓએ ૨૦૦૩/૯૯/

એફ.એલ.આર. ૧૦૭૩નો નામદાર આંધ્રપ્રદેશ હાઈકોર્ટનો ચુકાદો રજુ કરેલો છે. "Dismissal from service - On ground of loss of confidence - Approved by the Labour Court - Petitioner was a watchman, a post of trust - Responsible for security and safety of employer and properties in the hospital - No exception can be taken to the decision of Labour Court is not ordering reinstatement - However, compensation 2,00,000 awarded to him. અને હાલના અરજદાર પણ વિશ્વાસુ જગ્યા ઉપર કામ કરતાં હોય, તેમના આવા કૃત્યથી બેન્કે તેમનામાંથી વિશ્વાસ ગુમાવેલ હોય, તેને નોકરીમાં પુનઃસ્થાપિત કરી શકાય નહીં. તેવી રજુઆત કરેલ છે.

જ્યારે બેન્ક વર્કર્સ યુનીયન તરફે તેમની દલીલમાં જણાવેલ છે કે, શ્રમયોગીએ નોકરી એબન્ડન્ટ કરેલ હોવાનું પુરવાર થતું નથી. બેન્કે તેમની સામે કોઈ ઈન્કવાયરી કરેલ નથી. અને શિક્ષાની અતિશયતા હોય, ત્યારે બી.આઈ.આર.ની જોગવાઈ હેઠળ લેબર કોર્ટને વચ્ચે પડવા સત્તા છે. તેમ જણાવી લેબર કોર્ટે કોઈ પુરાવો ન હોવા છતાં પડેલાં દિવસોના ૫૦ ટકા પગાર જ અપાવેલ છે, તેમાં સુધારો કરી પુરેપુરા પગાર સાથે પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવા દલીલમાં રજુઆત કરેલ છે. અને તેના સમર્થનમાં નીચે મુજબના ચુકાદામાં રજુ કરેલાં છે.

(૧) ૧૯૯૪ એલ.આઈ.સી. પાના ૧૧૭૦ ની નામદાર ગુજરાત હાઈકોર્ટ

(૨) ૨૦૦૧ (૩) જી.એલ.આર. ૨૫૭૭ નામદાર સુપ્રીમ કોર્ટ,

(૩) ૧૯૮૮ (૨) જી.એલ.આર. પાના ૧૩૨૪ નામદાર ગુજરાત હાઈકોર્ટ.

આ કામે બેન્ક વર્કર્સ યુનીયન તરફે રજુ થયેલ દલીલ તથા ઉપરોક્ત ત્રણેય ચુકાદાઓ યુનીયનના કેઈસને મદદરૂપ બનતાં નથી. કારણ કે શ્રમયોગી જાતે નોકરી ઉપર જવાનું બંધ કરેલ છે, અને લેબર કોર્ટે પણ શ્રમયોગીની ગેરહાજરી માનેલ છે. લાંબા સમયની આ અનઅધિકૃત ગેરહાજરી અંગે કોઈ ખાતાકીય તપાસ કરવામાં આવેલ નથી. પરંતુ જ્યારે હકીકતો રેકર્ડ ઉપરથી જણાય આવતી હોય, તેમાં ફોર્મલ ઈન્કવાયરીની કોઈ જરૂરીયાત રહેતી નથી. તેથી એબન્ડન્ટ સંબંધે યુનીયન તરફે રજુ થયેલ ચુકાદો તેમને મદદરૂપ થતો નથી.

તેવીજ રીતે બીજો ચુકાદો ઈન્કવાયરી કરેલ નથી, તે સબંધનો છે. આ કેઈસમાં પણ જ્યારે રેકર્ડ ઉપરથી હકીકત પુરવાર થતી હોય, ત્યારે ઈન્કવાયરીનો કોઈ પ્રશ્ન રહેતો નથી. આમ છતાં પણ બેન્ક તરફે આંક-૩૬થી સુધારા અરજી આપેલી, જે અરજી મંજુર થતાં, તે મુજબ જવાબમાં સુધારો થયેલ છે. તેમાં ઈન્કવાયરી કરવાની જરૂરીયાત રહેતી હોય, તો તેઓને તક આપવા માટે માંગણી કરેલ હતી. પરંતુ આવી કોઈ તક લેબર કોર્ટ દ્વારા બેન્કને આપવામાં આવેલ નથી. તે સંજોગોમાં યુનીયન તરફે રજુ થયેલ ઉપરોક્ત ચુકાદો પણ હાલના કેઈસમાં મદદરૂપ થતો નથી.

INDEX

જ્યારે ત્રીજો ચુકાદો યુનીયન તરફે રજુ થયેલ છે, તે શિક્ષામાં હસ્તક્ષેપ કરવા સંબંધે છે. જ્યારે કોર્ટને માલિકે કરેલ શિક્ષા અતિશયતાવાળી લાગે તો ટ્રીબ્યુનલ અને લેબર કોર્ટને વચ્ચે પડવાની સત્તા છે, તેમ ઉક્ત ચુકાદામાં ઠરાવેલ છે. ઉક્ત ચુકાદામાં નામદાર હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ ઉક્ત સિદ્ધાંત સાથે હું સંમત થાઉ છું. પરંતુ હાલના કેઈસમાં શ્રમયોગીને જે શિક્ષા કરવામાં આવેલ છે, તે વધુ પડતી હોય, તેવું હું મંતવ્ય ધરાવતો નથી.

૧૦. આ કામે મુળ બી.આઈ.આર. અરજી નં. ૫/૯૧ ના કામે લેબર કોર્ટે શ્રમયોગીને ૫૦ ટકા બેક વેજીસ સાથે નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરેલો છે. પરંતુ ઉપરોક્ત લેબર કોર્ટના નિર્ણય સાથે હું સહમત થતો નથી. કારણ કે આ કામે અરજદાર તરફે જાણી જોઈને બેદરકારીપુર્વક ફરજમાં ગેરહાજર રહેલ હોય, તેમ રેકર્ડ ઉપરથી સાબિત થાય છે. તેમજ બેન્ક તરફે જે દલીલમાં તેમજ તેઓની અપીલમાં જે વિગતો જણાવેલ છે, તે સંબંધે મુળ બી.આઈ.આર. અરજીનું રેકર્ડ ધ્યાને લેતાં, મુળ રેકર્ડમાં આંક-૪૭ની દસ્તાવેજી યાદી સાથે એફ.આઈ.આર. રીપોર્ટ કેસ નં. ૫૭/૯૭, તા. ૧૮-૭-૯૭નો રજુ થયેલ છે. તેમજ આજકાલ દૈનિકમાં આવેલ સમાચારની નકલ તા. ૨૩-૭-૯૭ની રજુ થયેલ છે. તા. ૧૮-૭-૯૭ની એફ.આઈ.આર. રીપોર્ટ કેસ નં. ૫૭/૯૭ જોતાં તેમાં અરજદાર સામે કેફી પ્રવાહી પીધેલ હાલમાં મળી આવેલ હોવાનું નોંધાયેલ છે. તેમજ આજકાલ દૈનિકમાં તા. ૨૩-૭-૯૭ના રોજ ''નશાબંધી ખાતાના દરોડા : દેશી અને વિદેશી દારૂ સાથે ૮ની ધરપકડ'' તેમાં પણ અરજદાર સામેનો આ ગુનો ધ્યાને લેતાં, સામાવાળા તરફે જે રજુઆત કરેલ છે કે, બેન્કે શ્રમયોગીમાંથી વિશ્વાસ ગુમાવેલ છે. તે માનવાને કારણ બને છે. આ સંબંધે લો ઓફ કોન્ફીડન્સના મુદ્દા અંગે બેન્ક તરફે જુદા જુદા ચુકાદાઓ જોતાં, ૧૯૮૨ (૪૫) એફ.એલ.આર. પાના ૭૧ નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો જોઈએ તો તેમાં કેઈસના અરજદાર કમ્પાઉન્ડર હતાં. તેને મેનેજમેન્ટ ઈન્કવાયરી કરી ડીસમીસ કરેલ હતાં. જેની ડ્રગ્સમાં સંડોવણી હતી. જેમાં ટ્રીબ્યુનલ દ્વારા એવોર્ડ પસાર કરી પુનઃસ્થાપિત કરવામાં આવેલ. જે કેઈસમાં અપીલ થતાં નામદાર સુપ્રીમ કોર્ટે ''લોસ ઓફ કોન્ફીડન્સ'' ના કારણો આપી રૂા. ૫૦,૦૦૦ ચુકવવાનો હુકમ કરેલો, અને પુનઃસ્થાપનનો હુકમ કરેલો નથી. તદ્ઉપરાંત ૧૯૭૬ સુપ્રીમ કોર્ટ એલ.એન્ડ.એસ. પાના ૩૫૧ નામદાર સુપ્રીમ કોર્ટે આપેલ ચુકાદામાં પણ લોસ ઓફ કોન્ફીડન્સનો મુદ્દો સમાયેલ છે. જેમાં પણ લમ્પસમ એમાઉન્ટ ચુકવવામાં આવેલ છે. ત્યારબાદ ૧૯૯૭ (૨) એલ.એલ. એન. પાના ૫૬૯ નો નામદાર સુપ્રીમ કોર્ટની ડીવીઝન બેન્ચનો ચુકાદો છે. તેમાં પણ લોસ ઓફ કોન્ફીડન્સનો મુદ્દો સમાયેલ છે. જેમાં પણ શ્રમયોગીને લોસ ઓફ કોન્ફીડન્સના કારણોસર નોકરીમાંથી કોઈપણ ફોર્મલ ઈન્કવાયરી વગર છુટા કરવામાં આવેલ હતાં. તેમાં પણ નામદાર સુપ્રીમ કોર્ટની ડીવીઝન બેન્ચે ટર્મીનેશન યોગ્ય ઠરાવેલ છે.

૧૧. આ તમામ હકીકતો અને રજુ થયેલ દસ્તાવેજો અને રજુ થયેલ ચુકાદાની હકીકતો લક્ષમાં લેતાં, હાલના ઉપરોક્ત કેઈસમાં લેબર કોર્ટે તેમની સમક્ષની બી.આઈ.આર. અરજી નં. ૫/૯૧ના

INDEX

કામમાં જે ઓર્ડર આપેલો છે, તેમાં શ્રમયોગી સામે જે ઉપરોક્ત ગુનો નોંધવામાં આવેલ છે, જેની એફ.આઈ.આર. રજુ થયેલ છે, તેની ગંભીરતાને ધ્યાને લીધેલ હોય તેમ જણાતું નથી. અને શ્રમયોગીને પડેલાં રોજના ૫૦ ટકા પગાર સાથે નોકરીની સળંગતા સાથે પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરેલો છે. તે ઉચિત, યોગ્ય અને કાયદેસરનો જણાતો નથી. કારણ કે બેન્કનો વહીવટ જાહેર જનતાના નાણાં સાથે સંકળાયેલ છે. તેમાં હાલના ગુનાવાળા શ્રમયોગીને ચાલુ રાખવા તે હિતાવહ ગણી શકાય નહી. અને તે સંજોગોમાં બેન્કે શ્રમયોગીમાંથી વિશ્વાસ ગુમાવી દીધેલ હોય, ત્યારે તેને નોકરીમાં પુનઃસ્થાપન આપી શકાય નહીં. પરંતુ તેમની તરફેણમાં જે ૫૦ ટકા બેક વેજીસ આપવાનો હુકમ કરેલો છે, તે ઉપરોક્ત તમામ ચુકાદામાં દર્શાવેલ સિદ્ધાંતો અને નિર્ણયો ધ્યાને લેતાં, યોગ્ય જણાય છે. જેથી આ કામે મુદ્દા નં. ૧નો જવાબ અંશતઃ હકારમાં, અને ૨નો જવાબ નકારમાં આપેલ છે. અને મુદ્દા નં. ૩ અંગે નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

(૧) બેન્કની અપીલ નં. ૭/૨૦૦૫ અંશતઃ મંજુર રાખવામાં આવે છે, અને અંશતઃ રદ કરવામાં આવે છે.

(૨) બેન્ક વર્કર્સ યુનીયન તરફે કરવામાં આવેલ અપીલ નં. ૮/૨૦૦૫ આથી રદ કરવામાં આવે છે.

(૩) લેબર કોર્ટે તેમની સમક્ષની બી.આઈ.આર. અરજી નં. ૫/૯૧ ના કામે તા. ૧૦-૬-૦૫ના રોજ પસાર કરેલ હુકમમાં શ્રમયોગીને બેન્કમાં નોકરીની સળંગતા સાથે પુનઃસ્થાપિત કરવાનો હુકમ આથી રદ કરવામાં આવે છે, અને શ્રમયોગીને તા. ૧૦-૬-૦૫ સુધીના પડેલાં દિવસોના ૫૦ ટકા પગાર આપવાનો હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

(૪) ખર્ચ સબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

રાજકોટ, તારીખ ૧૩મી ઓક્ટોબર, ૨૦૦૬.

એ. જે. રાચ્છ,
પ્રિસાઈડીંગ ઓફીસર,
ઔદ્યોગિક અદાલત, રાજકોટ.

રાજકોટ, તારીખ ૫મી મે, ૨૦૦૮.

કે. એન. દોશી,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ/શમક/૧૦/આર.યુ.–સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧નાં મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ધી સુરેન્દ્રનગર પીપલ્સ કો. ઓ. બેંક લી., સુરેન્દ્રનગર અને ગુજરાત બેંક વર્કર્સ યુનીયન, રાજકોટની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબનાં નિવેડાની સને ૨૦૦૮નાં મે માસનાં ૫ માં દિને આથી નોંધ કરૂં છું.

શ્રી એ. જે રાચ્છ, સભ્ય, ઓદ્યોગિક અદાલત, ગુજરાત સમક્ષ

અપીલ (આઈ.સી.)નં. ૧/૨૦૦૨

વિષય :- બી.આઈ.આર.એકટ, ૧૯૪૬ની કલમ-૮૪ હેઠળ અપીલ.

હુકમ/એવાર્ડ ક્રમાંક ૩૧/૨૦૦૬.

ધી સુરેન્દ્રનગર પીપલ્સ કો. ઓ. બેંક લી., સુરેન્દ્રનગર — પ્રથમ પક્ષકાર/ અપીલ કરનાર/અરજદાર

વિરૂધ્ધ

ગુજરાત બેંક વર્કર્સ યુનીયન, રાજકોટ, ઠે. રાહબર, ૮, જાગનાથ પ્લોટ, રાજકોટ. — બીજા પક્ષકાર/ સામાવાળા

આથી ઉપરોકત અદાલત આ સાથે જણાવ્યા પ્રમાણે ચુકાદો કરે છે.

આંક : ૮

શ્રી એ. જે. રાચ્છ, ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૨, ગુજરાત, રાજકોટ સમક્ષ.

અપીલ આઈ.સી. નં. ૧/૨૦૦૨.

INDEX

ધી સુરેન્દ્રનગર પીપલ્સ કો. ઓ. બેંક લી., એપેલન્ટ;
સુરેન્દ્રનગર.

વિરૂધ્ધ

ગુજરાત બેન્ક વર્કર્સ યુનીયન, ઠે. રાહબર, રીસ્પોડન્ટ.
૮, જાગનાથ પ્લોટ, રાજકોટ.

બાબત : બી. આઇ. આર. એકટની કલમ-૮૪ હેઠળની અપીલ

એપેલન્ટ તરફે શ્રી : એ. સી. શાહ.

રીસ્પોડન્ટ તરફે શ્રી : પી. એસ. વસાવડા.

એવોર્ડ

એપેલન્ટની માનસર અરજ છે કે અમારી અપીલની હકીકત ટુંકમાં નીચે મુજબ છે.

એપેલન્ટ બેન્કે અમદાવાદ શાખાના કલાર્ક શ્રી જે. પી. શર્માની બદલી તારીખ ૧૨મી જુન, ૨૦૦૨ ના હુકમથી અમદાવાદથી લખતર શાખામાં કરી હતી. અને લખતર શાખામાં કામ કરતા કર્મચારી શ્રી બી. એમ. શાહની બદલી લખતર શાખામાંથી જોરાવરનગર શાખામાં કરેલ છે. આ બદલીઓ એપેલન્ટે એપેલન્ટના કર્મચારીઓને લાગુ પડતી બદલીઓની જોગવાઇઓ અનુસાર કરેલ છે. એપેલન્ટ બેંકના કર્મચારીઓની બદલી અંગેની જોગવાઇઓ એપેલન્ટ વચ્ચે થયેલ તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૯ ના સમાધાનમાં કરવામાં આવેલ છે. એપેલન્ટે કરેલ ઉપરોક્ત બંન્ને ટુંકમાં બદલીની જોગવાઇઓ અનુસારના છે.

રીસ્પોડન્ટ મંડળે બી. આઇ. આર. અરજી નં. ૩/૨૦૦૨ અને ૪/૨૦૦૨ની અરજીઓ નામદાર લેબર કોર્ટ સમક્ષ કરી એપેલન્ટે કરેલ ઉપરોક્ત બદલીના હુકમો ગેરકાયદેસર ફેરફાર છે. તેમ ઠરાવી આપવા તથા સદરહું હુકમો રદ કરવાની દાદ માંગેલ છે. નામદાર લેબર કોર્ટે બી.આઇ.આર. અરજી નં. ૩/૨૦૦૨ અને ૪/૨૦૦૨ નો નિકાલ સંયુક્ત ચુકાદાથી તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૦૨ ના રોજ કરેલ છે અને ઉપરોક્ત ચુકદાથી એપેલન્ટના તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૨ ના કાર્યાલય આદેશ નં. ૧૫૭/૨૦૦૨/૨૦૦૩ ગેરકાયદેસર ફેરફાર હોવાનું ઠરાવી રદ કરેલ છે. તેમજ શ્રી બી. એમ. શાહની બદલી જોરાવરનગર શાખામાં હુકમ કરવો અને તેમાં બેન્કે કોઇ શરતો રાખવાની નહી તેવો આદેશ આપેલ છે.

૧. ઉપરોક્ત એપેલન્ટના પ્રતિનિધિએ આપવામાં આવેલ આંક : ૭ની અરજી ધ્યાને લઇ અપીલ પાછી ખેંચવા માગતા હોઇ એવી અરજી આપેલ તે મુજબ ઉપરોક્ત અપીલ પાછી ખેંચવા પરવાનગી આપવામાં આવે છે.

INDEX

અપીલની કાર્યવાહી દરમ્યાન આ કેઇસના પક્ષકારો આ અપીલ આગળ ચલાવવા માંગતા ન હોઇ, કેસ પાછો ખેંચી લીધેલ છે. અને હવે કશું આ કામમાં આગળ કરવાપણું રહેતું ન હોઇ, તેમજ આ અપીલ પરત ખેંચી લીધેલ છે. અને તે મુજબ હુકમ કરવા વિનંતી કરેલ છે.

અપીલની કાર્યવાહી દરમ્યાન તારીખ ૨જી ઓકટોબર, ૨૦૦૬ના રોજ યોજવામાં આવેલ લોક અદાલતમાં પક્ષકારોએ હવે કશું આ કામમાં આગળ કરવાપણું રહેતું ન હોઇ આ અપીલ પરત ખેંચી લીધેલ છે. અને તે મુજબ હુકમ કરવા વિનંતી કરેલ છે.

હુકમ

એપેલન્ટના પ્રતિનિધિએ આંક ૭ થી આ અપીલ પાછી ખેંચવા પરવાનગી આપવા અરજ કરેલ છે. તે અન્વયે આ અપીલ પાછી ખેંચવા પરવાનગી આપવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૩જી નવેમ્બર, ૨૦૦૬.

એ. જે. રાચ્છ,
ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૨, ગુજરાત,
રાજકોટ.

રાજકોટ, તારીખ ૫મી મે, ૨૦૦૮.

કે. એન. દોશી,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ/શમક/૧૧/આરયુ.–સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ધી સુરેન્દ્રનગર પીપલ્સ કો. ઓ. બેંક લી., સુરેન્દ્રનગર અને ગુજરાત બેંક વર્કર્સ યુનીયન, રાજકોટની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૮ના મે માસના ૫ માં દિને આથી નોંધ કરૂં છું.

INDEX

શ્રી એ. જે રાચ્છ, સભ્ય, ઓદ્યોગિક અદાલત, ગુજરાત સમક્ષ

અપીલ (આઈ.સી.)નં. ૨/૨૦૦૨.

વિષય :- બી. આઈ. આર. એકટ, ૧૯૪૬ની કલમ-૮૪ હેઠળ અપીલ.

હુકમ/એવાર્ડ ક્રમાંક ૩૨/૨૦૦૬.

ધી સુરેન્દ્રનગર પીપલ્સ કો. ઓ. બેંક લી., સુરેન્દ્રનગર. — પ્રથમ પક્ષકાર/અપીલ કરનાર/ અરજદાર;

વિરૂધ્ધ

ગુજરાત બેંક વર્કર્સ યુનીયન, રાજકોટ, ઠે. રાહબર, ૮, જાગનાથ પ્લોટ, રાજકોટ. — બીજા પક્ષકાર/સામાવાળા.

આથી ઉપરોકત અદાલત આ સાથે જણાવ્યા પ્રમાણે ચુકાદો કરે છે.

આંક-૮

શ્રી એ. જે. રાચ્છ, ઔદ્યોગિક ન્યાયપંચ, નં.-૨, ગુજરાત, રાજકોટ સમક્ષ.

અપીલ આઈ.સી. ૨/૨૦૦૨.

ધી સુરેન્દ્રનગર પીપલ્સ કો. ઓ. બેંક લી., સુરેન્દ્રનગર. — એપેલન્ટ;

વિરૂધ્ધ

ગુજરાત બેન્ક વર્કર્સ યુનીયન, ઠે. રાહબર, ૮, જાગનાથ પ્લોટ, રાજકોટ. — રીસ્પોડન્ટ.

બાબત : બી.આઈ.આર. એક્ટની કલમ-૮૪ હેઠળની અપીલ.

એપેલન્ટ તરફે : શ્રી એ. સી. શાહ.

રીસ્પોડન્ટ તરફે : શ્રી પી. એસ. વસાવડા.

એવોર્ડ

એપેલન્ટની માનસર અરજ કે અમારી અપીલની હકીકત ટુંકમાં નીચે મુજબ છે :

એપેલન્ટ બેંકે અમદાવાદ શાખાના કલાર્ક શ્રી જે. પી. શર્માની બદલી તારીખ ૧૨મી જુન, ૨૦૦૨ના હુકમથી અમદાવાદથી લખતર શાખામાં કરી હતી અને લખતર શાખામાં કામ કરતાં કર્મચારી શ્રી બી.એમ. શાહની બદલી લખતર શાખામાંથી જોરાવરનગર શાખામાં કરેલ છે. આ બદલીઓ એપેલન્ટે એપેલન્ટના કર્મચારીઓને લાગુ પડતી બદલીઓની જોગવાઈઓ અનુસાર કરેલ છે. એપેલન્ટ બેંકના કર્મચારીઓની બદલી અંગેની જોગવાઈઓ એપેલન્ટ અને રીસ્પોડન્ટ વચ્ચે થયેલ તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૯ના સમાધાનમાં કરવામાં આવેલ છે. એપેલન્ટે કરેલ ઉપરોકત બન્ને હુકમો બદલીની જોગવાઈઓ અનુસાર છે.

INDEX

રીસ્પોડન્ટ મંડળે બી.આઈ.આર. અરજી નં. ૩/૨૦૦૨ અને ૪/૨૦૦૨ની અરજીઓ નામદાર લેબર કોર્ટ સમક્ષ કરી એપેલન્ટે કરેલ ઉપરોકત બદલીના હુકમો ગેરકાયદેસર ફેરફાર છે. તેમ ઠરાવી આપવા તથા સદરહુ હુકમો રદ કરવાની દાદ માંગેલ છે નામદાર લેબર કોર્ટે બી.આઈ.આર. અરજી નં. ૩/૨૦૦૨ અને ૪/૨૦૦૨નો નિકાલ સંયુક્ત ચુકાદાથી તારીખ ૨૪મી ઓકટોબર, ૨૦૦૨ના રોજ કરેલ છે. આને ઉપરોકત ચુકાદાથી એપેલન્ટના તારીખ ૧૨મી માર્ચ, ૨૦૦૨ના કાર્યાલય આદેશ નં. ૧૫૭/૨૦૦૨/૨૦૦૩ ગેરકાયદેસર ફેરફાર હોવાનું ઠરાવી રદ કરેલ છે. તેમજ શ્રી બી. એમ. શાહની બદલી જોરાવરનગર શાખામાં હુકમ કરવો અને તેમાં બેંકે કોઈ શરતો રાખવાની નહીં તેવો આદેશ આપેલ છે. નામદાર લેબર કોર્ટના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે રજુ છે. આંક-૧, નામદાર લેબર કોર્ટે ચુકાદાના પારા-૪ માં ન્યાય નિર્ણય માટે ત્રણ મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે.

ઉપરોકત એપેલન્ટના પ્રતિનિધિએ આપવામાં આવેલ આંક-૭ની અરજી ધ્યાને લઈ અપીલ પાછી ખેંચવા માગતા હોઈ એવી અરજી આપેલ તે મુજબ ઉપરોકત અપીલ પાછી ખેંચવા પરવાનગી આપવામાં આવે છે.

અપીલની કાર્યવાહી દરમ્યાન આ કેઈસના પક્ષકારો આ અપીલ આગળ ચલાવવા માંગતા ન હોઈ, કેસ પાછો ખેંચી લીધેલ છે અને, હવે કશું આ કામમાં આગળ કરવાપણું રહેતું ન હોઈ, તેમજ આ અપીલ પરત ખેંચી લીધેલ છે અને તે મુજબ હુકમ કરવા વિનંતી કરેલ છે.

અપીલની કાર્યવાહી દરમ્યાન તારીખ ૨જી ઓકટોબર, ૨૦૦૬ના રોજ યોજવામાં આવેલ લોક અદાલતમાં પક્ષકારોએ હવે કશું આ કામમાં આગળ કરવાપણું રહેતું ન હોઈ આ અપીલ પરત ખેંચી લીધેલ છે. અને તે મુજબ હુકમ કરવા વિનંતી કરેલ છે.

હુકમ

અરજદારના પ્રતિનિધિએ આંક-૭થી આ અપીલ પાછી ખેંચવા પરવાનગી આપવા અરજ કરેલ છે. તે અન્વયે આ અપીલ પાછી ખેંચવા પરવાનગી આપવામાં આવે છે.

ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૩જી નવેમ્બર, ૨૦૦૬.

એ. જે. રાચ્છ,
ઔદ્યોગિક ન્યાયપંચ નં. ૨, ગુજરાત,
રાજકોટ.

રાજકોટ, તારીખ ૫મી મે, ૨૦૦૮.

કે. એન. દોશી,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 28, *Gujarat Government Gazette,* Part I—L, dated 10th July, 2008 and for pages VAD–2315 to 2426 (in 1 set) *read* page Nos. 2439 to VAD-2550.

વિજ્ઞપ્તિ

શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧—એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૦મી જુલાઈ, ૨૦૦૮ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧—એલના અંક-૨૮માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૨૩૧૫ થી વીએડી-૨૪૨૬ (૧ બંચમાં) ને પાન નંબર ૨૪૩૯ થી ૨૫૫૦ વાંચવા.

Vadodara , 10th July, 2008.

S. J. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./આર.ક./૩૧૦૩૨/આઇ.ડી.આર./એ.જે./૯૩/૨૦૦૮.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ, અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬/આઇ.ડી.એ /૧૦૭૮/૧૯૮૬૨(મી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ ની પેટા-કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદ શ્રીની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસમાં વર્કશોપ વિભાગમાં ફીટર તરીકે અબ્દુલસત્તાર અબ્દુલકાદર ગવલી તા. ૨-૧૧-૨૦૦૨ના રોજ ગેરકાજરના બનાવમાં તા. ૧૧-૧૧-૨૦૦૨થી તા. ૩૧-૮-૨૦૦૩ સુધી નોકરીમાં લેવામાં આવેલ નહોતા તે સમય દરમ્યાન શ્રમયોગીને ઓનડ્યુટી ગણી તે સમયના પુરા પગાર સહિતના તમામ મળતા લાભો તેમજ આર્થિક નુકશાન ચુકવી આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૮મી મે, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુક્ત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./આર.ક./૩૧૦૩૩/આઈ.ડી.આર./એ.જે./૯૨/૨૦૦૮.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ.ટી. અમદાવાદ વિભાગ, અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬/આઈ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મા)ની કલમ-૧૦ ની પેટા-કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદ શ્રીની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) એસ.ટી. અમદાવાદ વિભાગના ગાંધીનગર ડેપો ખાતે ફરજ બજાવતાં કંડકટરશ્રી એચ.જે. જોષીને તા. ૨૯-૧૧-૧૯૯૭ના હુકમથી પાંચ વર્ષનું કાયમી અસરથી ઈન્ક્રીમેન્ટ બંધ કરવાની શિક્ષા અને રીવ્યુ ઓથોરીટીના તા. ૧૬-૩-૧૯૯૮ના હુકમથી છ વર્ષ કાયમી ઈન્ક્રીમેન્ટ બંધ કરવાની સજા કરેલ છે જે રદ કરવી જોઈએ કે કેમ ?

(૨) શ્રી જોષીને થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૮મી મે, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુક્ત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./આર.ક./૩૧૦૩૪/આઈ.ડી.આર./એ.જે./૯૧/૨૦૦૮.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ.ટી. અમદાવાદ વિભાગ, અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬/આઈ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કાયમ રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ ની પેટા-કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદ શ્રીની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) એસ.ટી. અમદાવાદ વિભાગના ચંડોળા ડેપો ખાતે ફરજ બજાવતાં કંડકટરશ્રી ગીરીશકુમાર પી. રાવલને તા. ૨૮-૫-૨૦૦૪ના હુકમથી બે વર્ષનું કાયમી અસરથી ઈન્ક્રીમેન્ટ બંધ કરવાની સજા કરેલ છે જે રદ કરવી જોઈએ કે કેમ ?

(૨) શ્રી રાવલને તા. ૧૭-૯-૨૦૦૪ના હુકમથી ચાર વર્ષ કાયમી ઈન્ક્રીમેન્ટ બંધ કરવાની સજા કરેલ છે જે રદ કરવી જોઈએ કે કેમ ?

(૩) શ્રી રાવલને તમામ વચગાળાનું આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૮મી મે, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુક્ત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./આર.ક./૩૧૦૩૫/આઈ.ડી.આર./એ.જે./૯૦/૨૦૦૮.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ.ટી. અમદાવાદ વિભાગ, અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬/આઈ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ ની પેટા-કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદ શ્રીની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) એસ.ટી. અમદાવાદ વિભાગના ચંડોળા ડેપો ખાતે ફરજ બજાવતાં કંડકટરશ્રી ગીરીશકુમાર પી. રાવલને તા. ૧૭-૯-૨૦૦૪ના હુકમથી ત્રણ વર્ષનું કાયમી ઈન્ક્રીમેન્ટ બંધ કરવાની સજા કરેલ છે જે રદ કરવી જોઈએ કે કેમ ?

(૨) શ્રી રાવલને તા. ૩૦-૩-૨૦૦૧ના હુકમથી એક વર્ષ કાયમી ઈન્ક્રીમેન્ટ બંધ કરવાની સજા કરેલ છે જે રદ કરવી જોઈએ કે કેમ ?

(૩) શ્રી રાવલને તમામ વચગાળાનું આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૮મી મે, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુક્ત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./આર.ક./૩૧૦૩૬/આઇ.ડી.આર./એ.જે./૮૯/૨૦૦૮.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ.ટી. અમદાવાદ વિભાગ, અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬/આઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ ની પેટા-કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદ શ્રીની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) એસ.ટી. અમદાવાદ વિભાગના ચંડોળા ડેપો ખાતે ફરજ બજાવતાં કંડકટરશ્રી ગીરીશકુમાર પી. રાવલને તા. ૩૧-૩-૧૯૯૮ના હુકમથી એક વર્ષનું કાયમી ઈન્ક્રીમેન્ટ બંધ કરવાની સજા કરેલ છે જે રદ કરવી જોઈએ કે કેમ ?

(૨) શ્રી રાવલને તા. ૨૧-૫-૧૯૯૯ના હુકમથી એક વર્ષ કાયમી ઈન્ક્રીમેન્ટ બંધ કરવાની સજા કરેલ છે જે રદ કરવી જોઈએ કે કેમ ?

(૩) શ્રી રાવલને થયેલ તમામ વચગાળાનું આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૮મી મે, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુક્ત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./આર.ક./૩૧૦૩૭/આઇ.ડી.આર./એ.જે./૮૮/૨૦૦૮.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ.ટી. અમદાવાદ વિભાગ, અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬/આઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ ની પેટા-કલમ-૧થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદ શ્રીની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

(૧) એસ.ટી. અમદાવાદ વિભાગના ગાંધીનગર ડેપો ખાતે ફરજ બજાવતાં ડ્રાઈવરશ્રી અંબાલાલ બાલાભાઈ પટેલ (ચૌધરી)ને એસ.ટી. ભરૂચના તા. ૨૨-૧-૨૦૦૧ના હુકમથી (સાત) વર્ષનું કાયમી ઈન્ક્રીમેન્ટ બંધ કરવાની સજા કરેલ છે જે રદ કરવો જોઈએ કે કેમ ?

(૨) શ્રી અંબાલાલ બી. પટેલને થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૮મી મે, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુક્ત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કે.એચ./એસ.એચ.એમ.સી./આર.ક./૩૧૦૩૮/આઇ.ડી.આર./એ.જે./૮૭/૨૦૦૮.– નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ.ટી. અમદાવાદ વિભાગ, અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કે.એચ.આર./૨૬/આઇ.ડી.એ./૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્ત, અમદાવાદને સુપ્રત કરેલ છે.

૯. સબંધીત કર્મચારીની આ જુબાની ઉપરથી એ હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, કર્મચારીને બેન્કને લાગુ પડતાં પરિપત્રો અને નિયમ મુજબ અન્ય ઉમેદવારોની અરજી મંગાવી, લેખીત પરીક્ષા કે ઈન્ટરવ્યુ લઈ ભરતી કરેલ નથી. કર્મચારી પોતેજ કબુલ કરે છે કે, તેઓને કાયમી કરવાનો કોઈ હુકમ આપવામાં આપેલો નથી. કર્મચારી પોતે કબુલ કરે છે કે, કાયમી કરવા માટે અરજી કરી હતી, જે રદ કરવામાં આવેલ હતી. કર્મચારીએ પોતેજ કબુલ કરેલ છે કે તા. ૧૭-૫-૯૪ના રોજ ૫૭ દિવસ માટે ફીક્સ પગારમાંથી નોકરીમાં રાખવામાં આવેલાં. ત્યારબાદ તા. ૨૨-૭-૯૪, તા. ૧૦-૧૦-૯૪, અને તા. ૪-૪-૯૫ના રોજ ૨૯-૨૯ દિવસનો હુકમ આપવામાં આવેલો. તા. ૧૫-૫-૯૫ અને તા. ૧૧-૭-૯૬ના રોજ ૫૮-૫૮ દિવસનો હુકમ આપવામાં આવેલો અને છેલ્લો હુકમ તા. ૪-૧-૧૯૯૬ ના રોજ ૫૮ દિવસનો આપેલો. તે હુકમ પુરો થાય, તે પહેલાં કર્મચારીએ મજૂર અદાલત, જુનાગઢ સમક્ષ અરજી કરી, મનાઈહુકમ મેળવેલો, અને ત્યારબાદ તા. ૧૨-૫-૦૬ના રોજ છુટા કરવામાં આવ્યા, ત્યાં સુધી અદાલતમાં એક યા બીજા કેસો કરી, મનાઈ હુકમ મેળવી નોકરીમાં ચાલુ રહેલાં, અને ઔદ્યોગિક અદાલતે અપીલમાં કાયમી કરવાનો કેઈસ કાઢી નાખતાં કર્મચારીને છુટા કરવામાં આવેલ છે. આમ કર્મચારીને કાયમી કર્મચારીના હુકમ માટે કાયદેસરની નિમણુંકની પ્રક્રિયા કરી, કોઈ ભરતી કરવામાં આવી નથી. કર્મચારીને જુદા જુદા હુકમો મુજબ કામચલાઉ જરૂરીયાત મુજબ રાખવામાં આવેલાં, અને ઉપરોક્ત સમય પુરો થતાં, તેને નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા છે. કર્મચારી ક્યાંય એવું પુરવાર કરી શકતાં નથી, કે કામચલાઉ તરીકે રાખવામાં આવેલ ન હતાં. કર્મચારીને છેલ્લે આપેલ નિમણુંક હુકમ મુજબ સમય પુરો થાય, તે પહેલાંજ મજુર અદાલત સમક્ષ જઈ મનાઈહુકમ મેળવ્યો છે, તે જ બતાવે છે કે, કર્મચારી જાણતાં હતાં, કે આ સમય પુરો થશે કે તેઓને છુટા કરવામાં આવશે. આમ કર્મચારીએ સળંગ નોકરી કરી છે, તેવો પુરાવો નથી, અને

INDEX

જે નોકરી સળંગ કરી છે, તે નોકરી મજુર અદાલત અને ઔદ્યોગિક અદાલત સમક્ષ પડેલાં કેઇસના કારણે કરેલી છે. આમ બેન્કના કોઇ હુકમથી એક વર્ષમાં સળંગ ૨૪૦ દિવસની નોકરી કરી નથી. આમ કર્મચારીની એવી રજુઆત કે કામ માટે જરૂરીયાત પડતા, તેમને બોલાવવામાં આવેલાં, તે પુરવાર થતું નથી. કર્મચારીને કામચલાઉ કામ માટે બોલાવવામાં આવતાં હતાં, તેવું તેમની જુબાની ઉપરથી પુરવાર થાય છે. તે હકીકત છે કે, બેન્કનો વહીવટ સરકારી કાયદા હેઠળ નિમાયેલ વહીવટદારે સંભાળી લીધેલ છે.

૧૦. આંક-૨૪-એ થી બેન્ક તરફે છગનભાઇ મોહનભાઇ પટેલનું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે. સાક્ષીએ સોગંદ ઉપર જણાવ્યું છે કે, તા. ૧૭-૫-૯૪ના રોજ ૫૮ દિવસ તા. ૨૨-૭-૯૪, તા. ૧૧-૧૦-૯૪ અને ૪-૪-૯૫ થી ૨૯-૨૯ દિવસના, અને ત્યારબાદ તા. ૧૫-૫-૯૫ અને તા. ૧૧-૭-૯૫ના રોજ ૫૮ દિવસના, અને છેલ્લે તા. ૪-૧-૯૬ના રોજ ૫૮ દિવસ માટે પટાવાળા તરીકે બાંધેલા વેતનથી નોકરીએ બોલાવેલાં. તા. ૨૩-૨-૯૬ના રોજ કર્મચારીએ કેઇસ નં. ૩/૯૬ દાખલ કરી, મજુર અદાલત, જુનાગઢ સમક્ષ મનાઇહુકમ મેળવેલ હતો. જેના કારણે છુટા કરી શકાયેલ નહીં, અને કામ ઉપર ચાલુ રાખવામાં આવેલ. આ કેઇસમાં તા. ૩૦-૯-૦૨ ના રોજ કર્મચારીને કાયમી કરવાનો હુકમ કરેલો, તે સામે ઔદ્યોગિક અદાલતમાં અપીલ નં. ૧૬/૦૫ ની દાખલ કરતા, તા. ૮-૫-૦૬ના રોજ અપીલ મંજુર કરી, મજુર અદાલતનો હુકમ રદ કરતાં, અરજદારને તા. ૧૨-૫-૦૬ ના રોજ છુટા કરવામાં આવેલ છે. બેન્કમાં ભરતી માટેના નિયમો સેટલમેન્ટની કલમ ૭ માં નકકી કરવામાં આવેલ છે. આ નિયમ મુજબ નવી ભરતી કરતાં પહેલાં જાહેરાત આપી, લેખીત કે મૌખિક ઇન્ટરવ્યુ લઇ, પસંદગી પામેલ ઉમેદવારને કાયમી નોકરીમાં રાખી શકાય. કર્મચારીના કિસ્સામાં આવી કોઇ પ્રક્રિયા થયેલ નથી. બેન્કની વહીવટી કમીટીએ તા. ૧૨-૫-૦૬ના રોજ સરકયુલેટીંગ ઠરાવથી કર્મચારીને છુટા કરવાનો નિર્ણય કરી, તેની અમલવારી કરવાની સત્તા મેનેજરને આપી છે. આથી છુટા કરવામાં આવેલ છે. વહીવટી કમીટીનો ઠરાવ તા. ૨-૬-૦૬ ના રોજ રેગ્યુલર મીટીંગમાં બહાલી માટે મુકવામાં આવતાં, તેને બહાલ રાખવામાં આવેલ છે. કસ્ટોડીયન તરીકે ગુજરાત સ્ટેટ કો. ઓ. બેન્ક લી. અમદાવાદને વહીવટ સોંપાયેલ છે, અને કસ્ટોડીયન બેન્કના ઠરાવથી વહીવટી કમીટી નીમાયેલ છે. તેથી વહીવટી કમીટીને નિર્ણય કરવાની તમામ સત્તા છે. તા.૧૨-૫-૦૬ ના હુકમથી કર્મચારીને છુટા કરતાં, નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પે.સી.એ. નં.૧૨૮૪૯/૨૦૦૬ થી દાખલ કરી હતી, અને તેમાં કર્મચારીને નોકરીમાં ચાલુ રાખવા બાબતે નામદાર હાઇકોર્ટે કોઇ હુકમ ફરમાવેલ નથી. આ સાક્ષી ઉલટ તપાસમાં જણાવે છે કે, તમામ વહીવટ કસ્ટોડીયન મારફત કરવામાં આવે છે. એ વાત ખરી છે કે હાલના કર્મચારીને અગાઉ બોર્ડ ઓફ ડીરેકટર્સ દ્વારા છુટા કરવાનો કોઇ નિર્ણય લીધેલ નથી. કર્મચારીને ૫૮ દિવસનો પ્રથમ હુકમ આપેલો. પછી કોર્ટના સ્ટે મુજબ કાયમી ચાલુ રહેલાં. તે વાત સાચી છે કે લેબર કોર્ટે કાયમી કરવાનો હુકમ કરેલો. તેનો અમલ કરેલો નહીં. ઔદ્યોગિક અદાલતમાં અપીલના ચુકાદામાં કર્મચારીને છુટા કરવા તેવું લખવામાં આવ્યું નથી. ઠરાવની જાણ રજીસ્ટ્રાર, કો.ઓ. સોસાયટીને કરી હતી.

સેટલમેન્ટ મુજબ પ્રોબેશનરને કાયમી કરી શકાય છે. કર્મચારીનો પ્રો. ફંડ કપાતો હતો. ભરતીની પ્રક્રિયા કર્યા સિવાય કર્મચારીને જે રીતે રાખેલાં, તેવી રીતે રાખવામાં આવે છે. બેન્કમાં દાખલ થયા ત્યારથી તા. ૧૨-૫-૨૦૦૬ સુધી સતત કામગીરી કરી છે. હુકમ કરતાં અગાઉ અરજદારને કોઇ નોટીસ કે પગાર ચુકવવામાં આવેલો નથી. કો.ઓ. સોસાયટી એકટમાં નોકરી અંગેના નિયમો નથી. કામના ભારણના લીધે હંગામી ધોરણે કોઇ કર્મચારીને કામે રાખવા હોય, તો કસ્ટોડીયન પાસેથી પરવાનગી માંગવી પડે. હંગામી ધોરણે નિમણુંક પામેલા કર્મચારીને છુટા કરવા માટે મેનેજરને સત્તા આપી શકાય નહીં તે વાત ખરી નથી. આ માટે રજીસ્ટ્રારની પુર્વ પરવાનગી લેવી પડે તે વાત પણ ખોટી છે. કોઇપણ ઠરાવ કરતાં પહેલાં રજી. એ.ડી.થી જાણ કરવી પડે. હંગામી ધોરણે નિમણુંક પામેલ કર્મચારીને છુટા કરતાં પહેલાં, રજીસ્ટ્રાર પાસે દરખાસ્ત મુકવી પડે તે વાત ખોટી છે. કોઇપણ ઠરાવ થયો હોય, તો તે ઠરાવને બહાલી ન મળે ત્યાં સુધી અમલમાં મુકી શકાય નહી. સરકયુલેટીંગ ઠરાવમાં ફક્ત રોજબરોજના કામ અંગેના નિર્ણય લેવામાં આવે. કોઇ કર્મચારીની નિમણુંક કે નોકરીનો અંત એ રોજબરોજના કામ નથી .તે વાત ખોટી છે. કસ્ટોડીયનની નિમણુંક થયેલ હોય, ત્યારે સરકયુલેટીંગ ઠરાવ કમીટી મેમ્બર કરી શકે.'' આ સાક્ષીની જુબાનીમાં કર્મચારી તરફે તેઓને મદદરૂપ થઇ શકે તેવી કોઇ હકીકત કર્મચારી લાવી શક્યા નથી. વધુ પડતો ભાર બેન્કના કસ્ટોડીયને કર્મચારીને છુટા કરવાની પ્રક્રિયા ઉપર મુકવામાં આવ્યો છે. પરંતુ ક્યાય એવુ પુરવાર કરી શક્યા નથી કે કર્મચારીને પ્રથમ વખત એડહોકનો ઓર્ડર આપવામાં આવ્યા બાદ કર્મચારીને જ્યાં સુધી મનાઇહુકમ મેળવ્યો ત્યાં સુધી સતત અને સળંગ નોકરી કરી છે. આમ એ હકીકત અંગે કોઇ તકરાર રહેતી નથી કે કર્મચારીને કામચલાઉ નોકરીના હુકમ આપવામાં આવ્યા હતાં, અને છેલ્લો હુકમનો સમય પુરો થાય તે પહેલાં મજુર અદાલત, જુનાગઢમાંથી છુટા કરે નહીં, તેવો મનાઇ હુકમ મેળવ્યો હતો, અને ત્યારબાદ કાયદાકીય પ્રક્રિયાના કારણે કર્મચારી નોકરીમાં ચાલુ રહ્યા હતાં. કર્મચારીને ક્યારેય બેન્કના નિયમો મુજબ ભરતીની પ્રક્રિયા પસાર કરી નિમણુંક આપવામાં આવી નથી. બેન્કના સાક્ષીની ઉલટ તપાસ ઉપરથી એ હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે કે કર્મચારીને તા. ૧૭-૫-૯૪ ના રોજ ૫૮ દિવસ, તા. ૨૨-૭-૯૪, તા. ૧૧-૧૦-૯૪, તથા તા. ૪-૪-૯૫થી ૨૯-૨૯ દિવસના, અને ત્યારબાદ તા. ૧૫-૫-૯૫ તથા ૧૧-૭-૯૫ થી ૫૮-૫૮ દિવસના, અને છેલ્લે તા. ૪-૧-૯૬ ના રોજ ૫૮ દિવસનો નિમણુંક હુકમ આપવામાં આવેલ હતો. ઉપરોક્ત કામચલાઉ નિમણુંકના દિવસો પુરા થતાં, કર્મચારીને નોકરીમાંથી છુટા કરવામાં આવતાં હતાં. કર્મચારી તરફે ઉલટ તપાસમાં ક્યાંય એવું પુરવાર કરી શક્યા નથી કે તા. ૧૧-૭-૯૫થી કર્મચારીએ જ્યારે મનાઇહુકમ મેળવ્યો ત્યાં સુધી સળંગ નોકરી કરી છે. કર્મચારીએ તા. ૨૩-૨-૯૬ના રોજ કેસ નં. ૩/૯૬ દાખલ કરી વચગાળાનો મનાઇહુકમ મેળવતાં તેઓને છુટા કરી શકાયેલ નહીં. કર્મચારી તરફે બેન્કના સાક્ષીની ઉલટ તપાસમાં હાજરી અંગેનું રેકર્ડ રજુ કરાવી કર્મચારીએ સળંગ નોકરી કરી છે, તે પુરવાર કરવા પુરતી તક મળી હતી,

INDEX

છતાં તે મળેલી તકનો કોઇ ઉપયોગ કરવામાં આવ્યો નથી. આમ કર્મચારીએ સળંગ નોકરી કરી નથી, તે પુરવાર થાય છે, અને ત્યારબાદ મનાઇહુકમના કારણે નોકરીમાં ચાલુ રહેલાં, તે પણ પુરવાર થાય છે. આ સાક્ષીની ઉલટ તપાસમાં બેન્કનો વહીવટ કસ્ટોડીયન મારફતે ચાલે છે, તે જણાવ્યું છે. કર્મચારીનો પ્રો. ફંડ કપાતો હતો, તેવો સવાલ પુછયો છે. પરંતુ કાયદાની જોગવાઇ મુજબ પ્રો. ફંડ કાપવો પડે. તેનાથી કર્મચારી કાયમી કર્મચારી બની જતાં નથી. સાક્ષીની ઉલટ તપાસમાં કો.ઓ. સોસાયટી એકટ નીચે હંગામી ધોરણે લીધેલ કર્મચારીને છુટા કરવા માટે પ્રક્રિયા કરવી પડે, તેવો કોઇ નિયમ નથી. જો કામના ભારણને લીધે હંગામી ધોરણે કર્મચારીને કામ ઉપર રાખવા હોય, તો બોર્ડ અગર કસ્ટોડીયન હોય, તો તેની પરવાનગી લઇ નિમણુંક કરવામાં આવે. કર્મચારી સ્પષ્ટપણે જણાવે છે કે, હંગામી કર્મચારીને છુટા કરવા માટે રજીસ્ટ્રારની પુર્વ પરવાનગી લેવી પડે તે વાત ખોટી છે, ત્યારબાદ સાક્ષી જણાવે છે કે, કસ્ટોડીયનની નિમણુક થઇ હોય, ત્યારે કોઇપણ ઠરાવ કરતાં પહેલાં રજુસ્ટ્રારને જાણ કરવી પડે. પરંતુ આ અંગે ગુજરાત કો.ઓ. સોસાયટી એકટ નીચે કોઇ નિયમ બતાવી શક્યા નથી કોઇપણ ઠરાવ થયો હોય, ત્યારે તે ઠરાવને બહાલી ન મળે ત્યાં સુધી અમલમાં મુકી ન શકાય તેમ જણાવે છે. સરકયુલેટીંગ ઠરાવમાં રોજબરોજના કામો અંગે નિર્ણય લેવામાં આવે છે. સરકયુલેટીંગ ઠરાવ કરવામાં આવ્યો છે, તેવું આ સાક્ષી જણાવે છે. આમ સાક્ષીની ઉલટ તપાસમાં તમામ ભાર ગુજરાત કો. ઓ. સોસાયટી એકટ નીચે રજીસ્ટ્રારની પરવાનગી લીધા પછી છુટા કરવાના હોય છે. તે મુદ્દા ઉપર ભાર મુકવામાં આવ્યો છે. ત્યારબાદ ઉલટતપાસમાં કર્મચારી ૧૯૯૪માં નોકરીમાં દાખલ થયા ત્યારથી મનાઇ હુકમ લીધો ત્યાં સુધી નોકરી કરી છે, તેવું પુરવાર કરવા કોઇ પ્રયત્નો કરેલાં નથી. આમ એ હકીકત પુરવાર થાય છે કે, કર્મચારીએ તુટક તુટક એડહોક ધોરણે કામગીરી કરેલી છે, અને છેલ્લો હુકમ પુરો થાય, તે પહેલાં મનાઇહુકમ મેળવી નોકરીમાં ચાલુ રહ્યાં છે.

૧૧. ઉપરોક્ત છુટા કરવાના હુકમને મજુર અદાલતમાં પડકારવામાં આવેલો, અને આંક-૫૨ થી મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર ઠરાવી, પડતાં દિવસોના પુરા પગાર સાથે પુનઃસ્થાપિત કરવા હુકમ કરેલો. મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ તેઓના ૩૮ પાનાના ચુકાદામાં આ નિર્ણય લીધેલો છે. પરંતુ ચુકાદો વાંચતાં ૨૮ પાના સુધી બન્ને પક્ષકારોનો પુરાવો અને બન્ને પક્ષકારો તરફ રજુ કરવામાં આવેલ ચુકાદાનો ટુંકસાર લખ્યો છે. જયારે ફકત છેલ્લા ૧૦ પાનામાં તે અંગેના કારણો આપ્યા છે. ચુકાદામાં બેન્ક તરફે રજુ કરેલ આઠ ચુકાદાઓનો ટુંકસાર લખ્યો છે. પરંતુ શા માટે આ ચુકાદા તેઓ માનતાં નથી, તે અંગેના કોઇ કારણો ચુકાદામાં આપવામાં આવેલાં નથી. ચુકાદામાં એ હકીકત કબુલ કરેલ છે કે, કર્મચારીને ફીકસ પગારથી ફીકસ ટાઇમ માટે નોકરીમાં રાખવામાં આવેલ હતાં. એ હકીકત પણ કબુલ કરવામાં આવી છે કે, ૫૮ દિવસ પુરા થાય, તે પહેલાં કર્મચારીએ અદાલત સમક્ષ બી. આઇ. આર. અરજી નં.૩/

૯૬થી દાખલ કરી, વચગાળાનો મનાઈહુકમ મેળવેલો છે, અને ત્યારબાદ તેઓના અગાઉના ન્યાયાધીશશ્રીઓએ કર્મચારીને તા. ૧-૧૧-૯૯થી કાયમી કરી, તમામ લાભો આપવા માટે હુકમ કરેલો. આ જ રીતે આ હુકમને ઔદ્યોગિક અદાલત સમક્ષ અપીલ આઈ.સી. નં. ૧૬/૦૫ દાખલ કરી પડકારવામાં આવેલો, અને ઔદ્યોગિક અદાલતના વિદ્વાન સભ્યશ્રીએ તા. ૮-૫-૦૬ના રોજ મજૂર અદાલતનો હુકમ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી હોય, રદ કરવાનો હુકમ કરેલો. કર્મચારીને છુટા કરવા કરાવવા નહીં., તેવો કોઇ હુકમ કર્મચારીની તરફેણમાં કોર્ટ દ્વારા કરવામાં આવેલો નથી, અને તા. ૧૨-૫-૦૬ના બેન્કના ચેરમેન તથા અન્ય ચાર સભ્યો દ્વારા ઠરાવ નં.૨૪ કરી, કર્મચારીએ મેળવેલ મનાઇ હુકમ રદ થતાં, છુટા કરવાના હુકમને બહાલી આપવામાં આવેલી, અને તા.૧૨-૫-૦૬ના રોજ કર્મચારીઓને છુટા કરવાનો હુકમ કરવામાં આવેલો. ચુકાદામાં જણાવેલ છે કે, કોઇ મનાઈહુકમ મેળવેલો નથી. આ જ રીતે અરજી નં. ૩/૯૬ના કામે મુળ હુકમ સામે અપીલ નં. ૧૬/૦૫ દાખલ કરી, ત્યારે કોઇ વચગાળાનો મનાઈહુકમ મેળવેલ નથી. વિદ્વાન ન્યાયાધીશશ્રીએ તેઓના ચુકાદામાં જણાવેલ છે કે, બેન્કનો વહીવટ સહકારી કાયદા-કાનુન અને તેના પેટા-નિયમોના આધારે થાય છે. કસ્ટોડીયનની નિમણુંક કરવામાં આવી છે. અને એડમીનીસ્ટ્રેટીવ કમીટીની નિમણુંક કરવામાં આવી છે. આવા સહકારી મંડળીના કાયદા તથા બી.આઈ.આર. એકટની જોગવાઈઓ લાગુ પડે છે. બેન્કના સાક્ષી જણાવે છે કે, કસ્ટોડીયનની નિમણુંક થઇ ત્યારે, કોઇપણ ઠરાવ કરતાં પહેલા રજીસ્ટ્રારને જાણ કરવી પડે, અને કોઇપણ ઠરાવને બહાલી ન મળે ત્યાં સુધી તેને અમલમાં મુકી શકાય નહીં. સરકયુલેટીંગ ઠરાવમાં ફક્ત રોજબરોજના કામ અંગેના નિર્ણયો લેવામાં આવે છે. ઠરાવ નં. ૨૪માં મીટીંગ કયારે શરુ થઇ, કયારે પુરી થઇ, કયા સ્થળે મીટીંગ મળેલી, તેનો ઉલ્લેખ નથી. ઠરાવને બહાલી તા. ૯-૬-૦૬ના રોજ મળેલી છે, અને તેનો અમલ તા. ૧૨-૫-૦૬ના રોજ બહાલી મળતાં પહેલાં કરેલો છે આમ બહાલી મલ્યા પહેલાં ઠરાવ અમલમાં મુકેલો હોય, પ્રથમ દર્શનીય રીતે ગેરકાયદેસર ઠરવાપાત્ર છે. મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ તેઓના પાના ૩૩ પેરા ૮.૫માં એ કબુલ કરેલ છે કે, કર્મચારીની ભરતી, ભરતીની પ્રક્રીયા અનુસરીને કરવામાં આવેલ નથી. પરંતુ હંગામી ધોરણે કરવામાં આવેલ છે. તે સાથે તેઓ સહમત થાય છે. ઉપરોક્ત પેરામાં ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ ૩ (૧૭) અંગે ઉલ્લેખ કરેલો છે, તે નીચે મુજબ છે.

કલમ-૧૭: નોકરીમાંથી દુર કરવા સમાપ્ત કરવા અને છુટા કરવા બાબત:-

૧ : કાયમી નોકરીમાન્ય કોઇપણ કર્મચારી આ નિયમોનાં નિયમ ૩૪ અને ૩૫માં ઠરાવેલી યોગ્ય કાર્યરીતી અનુસર્યા સિવાય નોકરીમાંથી દુર કરવા અથવા તેની નોકરી સમાપ્ત કરવાને પાત્ર થશે નહીં.

૨ : મંડળીની નોકરીમાં કાયમી અથવા હંગામી હોય, તેવા કર્મચારીઓ મુખ્ય શિક્ષા કરવા સિવાયનાં કારણો માટે નોકરીમાંથી છુટા કરી શકાશે નહીં, સિવાય કે એવી રીતે છુટા

INDEX

કરવા માટેનાં કારણો સાથેની દરખાસ્ત રજીસ્ટ્રારને મોકલવામાં આવી હોય, અને તેની સંમતી મેળવવામાં આવી હોય.

આમ હંગામી ધોરણે નિમણુંક પામેલ કર્મચારીની નોકરીમાંથી છુટા કરવા માટેનાં કારણો સાથેની દરખાસ્ત રજીસ્ટ્રારશ્રીને મોકલી અને સંમતી મેળવ્યા બાદ જ નોકરીમાંથી છુટા કરી શકાય. હાલનાં સામાવાળાએ તેઓના જવાબમાં આવી કાર્યવાહીના અંતે ઠરાવ કરી મેનેજરશ્રીને સત્તા આપેલ હોય, અને તે સત્તાની રૂએ મેનેજરશ્રીએ તા. ૧૨-૫-૦૬નાં રોજનો વાદગ્રસ્ત હુકમ કરેલ છે, તેવો પણ સામાવાળા નં. ૧ અને નં. ૨નો કેસ નથી.

આંક-૨૪-એ થી સામાવાળા સંસ્થાનાં મેનેજરશ્રીની ઉલટ તપાસ જોઈએ તો તે વાતનો સ્વીકાર કરે છે કે, જો કામનાં ભારણને લીધે હંગામી ધોરણે કોઇ કર્મચારીને કામ ઉપર રાખવો હોય, તો બોર્ડને અથવા કસ્ટોડીયન પાસેથી પરનાનગી માંગી નિમણુંક કરીએ છીએ. જે પરવાનગી માંગવાની પ્રક્રિયા બી.આઇ.આર. એકટની જોગવાઇ મુજબ માંગવામાં આવે છે.

૧૨ આમ નિમણુંક અંગેની કાર્યવાહી એ બેન્કના રોજબરોજનું કામ નથી. સામાવાળા સંસ્થાનાં મેનેજર શ્રી પટેલ ઉલટતપાસમાં એ વાતનો ઈન્કાર કરે છે કે, કોઇ કર્મચારીની નિમણુંક કે નોકરીનો અંત એ રોજબરોજનું કામ નથી. ઠરાવ નં. ૨૪ રોજબરોજનાં કામને ધ્યાને રાખીને નકકી કરેલ છે. એજન્ડામાં મીટીંગમાં નકકી કરવાનાં મુદ્દાઓ નકકી કરવામાં આવે છે. જેથી હાલનાં અરજદારનો વાદગ્રસ્ત તા. ૧૨-૫-૦૬નાં રોજનો છુટો કરવાનો હુકમ એ રોજબરોજનાં કામનો ભાગ ગણી સરકયુલેટીંગ ઠરાવ નં. ૨૪થી કરવામાં આવેલાની હકીકત સાથે હું સહમત થતો નથી.'' આમ ચુકાદામાં જણાવેલ છે કે, કર્મચારીને કાયમી કરવાનો કેઇસ ઔદ્યોગિક અદાલતે કાઢી નાખતાં, તે સામે નામદાર હાઈકોર્ટ સમક્ષ સ્પે. સી.એ. દાખલ કરવામાં આવેલ. મજુર અદાલતે તેમના ચુકાદાના પાના ૩૬ પેરા ૮.૭માં જણાવેલ છે કે, અગાઉથી એજન્ડામાં તે મુદ્દો ઉપસ્થિત કર્યા વગર, અને એજન્ડાના નિયમ અનુસાર પ્રસિધ્ધ કર્યા વગર, અને ૩ મેમ્બરો અમદાવાદથી જુનાગઢ આવી ઠરાવ નં. ૨૪ કરે છે. આ બધી પ્રક્રિયામાં બેન્કની શંકાસ્પદ ભૂમિકા નજરે પડે છે. સરકયુલેટીંગ ઠરાવ નં. ૨૪ તા. ૧૨-૫-૦૬ના રોજ કરવામાં આવેલ છે. તે જ દિવસે બેન્કના મેનેજરને સત્તા આપવામાં આવે, અને છુટા કરવાનો હુકમ પણ તે જ દિવસે આપી દે છે. ઔદ્યોગિક અદાલતના હુકમમાં કર્મચારીને છુટા કરી દેવા તેવો કોઇ હુકમ નામદાર ઔદ્યોગિક અદાલત દ્વારા કરવામાં આવેલ નથી, કે કોઇ મનાઇ હુકમ કર્મચારીની તરફેણમાં મળ્યો ન હતો. તેમ છતાં હુકમ ઉઠાવી લેતાં છુટા કરેલ છે, તેવી તકરાર ઉપસ્થિત કરેલ છે. તે સાથે સીધી રીતે સહમત થઇ શકાય તેમ નથી. મજુર અદાલતે કર્મચારીને હંગામી નિમણુંકની મંજુરીની મહોર લગાવીને, કોઇ વિવાદ તેમની સમક્ષ ઉપસ્થિત થતો નથી. બેન્કે રજુ કરેલ ઓથોરીટીના સિધ્ધાંત તેમને બંધનકર્તા છે. પરંતુ કર્મચારીને છુટા કરવામાં આવેલ તે હુકમને પડકારેલ છે, તે અંગે તેમણે નિર્ણય કરવાનો છે. મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશ દ્વારા આપવામાં આવેલ ચુકાદો કાયદાની જોગવાઇઓ વિરૂધ્ધ અને પુરાવાની

યોગ્ય ચર્ચા કર્યા વગરનો એકતરફી લેવામાં આવ્યો છે, તે પુરવાર થાય છે. સબંધિત ચુકાદામાં અપીલમાં કાયમી કરવાનો કર્મચારીનો કેઇસ નીકળી ગયા બાદ બેન્કની વર્તણુંક ઉપરજ ભાર મુકવામાં આવ્યો છે. કોઇપણ તબકકે કર્મચારી હક્કદાર ન હોવા છતાં, ખોટી રીતે મના ઇહુકમ મેળવેલો અને ૧૯૯૬થી આજદિન સુધી નોકરીમાં ચાલુ રહ્યાં, તે મુદ્દા ઉપર કોઇ ચર્ચા કરવામાં આવી નથી. કે ભાર મુકવામાં આવ્યો નથી. આ જ રીતે બેન્ક દ્વારા રજુ કરવામાં આવેલ ચુકાદાઓ તેઓ શા માટે માનતાં નથી, તે અંગેના કોઇ કારણો તેઓએ આપ્યા નથી. ફક્ત ગુજરાત કો. ઓ. સોસાયટી એકટ બેન્કને લાગુ પડે છે, તેના નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે તેટલાજ કારણોસર કર્મચારીને છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર છે, તેવુ ઠરાવે છે. તેઓ જણાવે છે કે, મેમ્બરો અમદાવાદથી જુનાગઢ આવી ઠરાવ નં. ૨૪ કરે, તે જ દિવસે મેનેજરને સત્તા આપવામાં આવે, અને મેનેજર છુટા કરે. આ બધી પ્રક્રિયામાં બેન્કની શંકાસ્પદ ભૂમિકા નજરે પડે છે, તેમ જણાવે છે. કર્મચારીને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર છે કે કેમ ? તે નકકી કરવાનું છે. બેન્કની શંકાસ્પદ ભૂમિકા અંગે અદાલતે કોઇ નિર્ણય કરવાનો નથી. અદાલત ફોજદારી કોર્ટના ન્યાયાધીશ તરીકે ચુકાદો આપતી નથી, કે શંકાનો લાભ આપવો, ન આપવો તેઓ નકકી કરી શકે. તેઓના સમગ્ર ૧૦ પાનાના તારણોમાં ગુજરાત કો.ઓ. સોસાયટી એકટ નીચે કસ્ટોડીયનની સત્તા, ઠરાવ કેવી રીતે કરવામાં આવ્યો, તે ભૂમિકા ઉપર ભાર મુકી છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવેલ છે. જો કો.ઓ. સોસાયટી એકટ નીચે વહીવટદારની ભૂમિકા શંકાસ્પદ હોય, તો સભ્યો કે કર્મચારી રજીસ્ટ્રાર પાસે તે અંગે ફરીયાદ કરી શકે છે. પરંતુ શંકાસ્પદ ભૂમિકાના કારણે છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવી શકાય નહીં. જો ઠરાવ ગેરકાયદેસર રીતે કરવામાં આવ્યો હોય, તેના વિરૂધ્ધ રજીસ્ટ્રાર પગલાં લઈ શકે છે. પરંતુ મજુર અદાલત તે ઠરાવ ગેરકાયદેસર છે, તે બેન્કની વર્તણુંક ધ્યાનમાં લઈને નકકી કરી શકતી નથી. જે રીતે બેન્કની વર્તણુંક ઉપર ભાર મુકવામાં આવ્યો, તેનાથી વિરૂધ્ધ કર્મચારીની વર્તણુંક અંગે કોઇ ચર્ચા કરવામાં આવી નથી, જે યોગ્ય અને વ્યાજબી નથી. ચુકાદાના પાના ૩૩ ઉપરની ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ ૩(૧૭) વંચાણે લઈએ તો તે નીચે મુજબ છે.

કલમ-૧૭ :

નોકરીમાંથી દુર કરવા, સમાપ્ત કરવા અને છુટા કરવા બાબત :-

(૧) કાયમી નોકરી માન્ય કોઇપણ કર્મચારી આ નિયમોનાં નિયમ ૩૪ અને ૩૫ માં ઠરાવેલી યોગ્ય કાર્યરીતી અનુસર્યા સિવાય નોકરીમાંથી દુર કરવા અથવા તેની નોકરી સમાપ્ત કરવાને પાત્ર થશે નહી.

(૨) મંડળીની નોકરીમાં કાયમી અથવા હંગામી હોય, તેવા કર્મચારીનો મુખ્ય શિક્ષા કર્યા સિવાયનાં કારણો માટે નોકરીમાંથી છુટા કરી શકાશે નહીં, સિવાય કે એવી રીતે છુટા કરવા માટેના કારણો સાથેની દરખાસ્ત રજીસ્ટ્રારને મોકલવામાં આવી હોય, અને તે સંમતી મેળવવામાં આવી હોય.

INDEX

જેમાં નોકરીમાંથી દુર કરવા, સમાપ્ત કરવા, અને છુટા કરવાની બાબત છે, તેનો ઉલ્લેખ કરેલો છે. ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ ૩ જોઈએ તો તેમાં કોઈ પેટા-કલમ ૧૭ નથી. આ જ રીતે કલમ ૩માં રજિસ્ટ્રાર, બીજા અધિકારીઓ, અને તેની સત્તાઓ અંગે ચર્ચા કરવામાં આવી છે. તેમાં કર્મચારીને નોકરીમાંથી દુર કરવા, સમાપ્ત કરવા. અને છુટા કરવા બાબતની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. આજ રીતે કલમ ૧૭ જુદી છે, તેમ માનીએ તો કલમ ૧૭ જોતાં, કલમ ૧૭ એમાલ્ગમેશન, ટ્રાન્સફર, ડીવીઝન ઓફ કન્વેન્શન ઓફ સોસાયટી અંગે જણાવેલ છે. આમ કલમ ૧૭ માં પણ જે કંપનીઓને ગુજરાત સહકારી મંડળીનો કાયદો લાગુ છે, તેમાં આવી તમામ મંડળીઓને તેમના કાયમી, કે હંગામી કર્મચારીને છુટા કરતાં પહેલાં, કો. ઓ. સોસાયટી એક્ટ નીચેના રજિસ્ટ્રારની પરવાનગી લેવી જોઈએ, તેવો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલો નથી.

૧૩. ૨૦૦૬, સેકન્ડ જી. એલ. એચ., પાના ૬૫૯, ઉપરનો નામદાર ગુજરાત હાઈકોર્ટનો પરમાર દિપુભાઈ અને બીજાઓ વિરૂધ્ધ રજિસ્ટ્રાર ઓફ કો. ઓ. સોસાયટીઝ અને બીજાઓના કેઈસમાં આવેલ ચુકાદો રજુ કરેલ છે. ઉપરોક્ત ચુકાદામાં કો. ઓ. સોસાયટી એક્ટ નીચે રજિસ્ટ્રારને કલમ ૧૬૦ નીચે ડાયરેકશન આપવાની સત્તાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. ઉપરોક્ત ચુકાદામાં સ્પષ્ટપણે જણાવ્યુ છે કે, રજિસ્ટ્રારને ઘણા મર્યાદિત પાવર આવી મંડળીઓનો ધંધો, મેનેજમેન્ટ, અને સોસાયટીના બંધારણ અંગે છે, અને તેમાં કર્મચારીની નિમણુંક અંગેનો પણ સમાવેશ થાય છે. રજિસ્ટ્રારને સોસાયટીના કર્મચારી ઉપર કોઈ ડીસીપ્લીનરી કન્ટ્રોલ નથી. આ જ રીતે રજિસ્ટ્રારને આવા કર્મચારીઓની નિમણુંકની પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવાની કોઈ જોગવાઈ કે સત્તા નથી. રજિસ્ટ્રાર કો. ઓ. સોસાયટીના વડા નથી, અને તેને કર્મચારીની નિમણુંક તેમજ છુટા કરવાના કિસ્સામાં હસ્તક્ષેપ કરવાની કોઈ સત્તા નથી. ઉપરોક્ત ચુકાદામાં રજિસ્ટ્રારે કર્મચારીઓને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવેલ. તે હુકમ ગેરકાયદેસર ઠરાવ્યો છે. રજિસ્ટ્રારે જે નીચેના અધિકારીની નિમણુંક કરી હોય, તેના ઉપર સુપરવીઝનના પાવર છે. પરંતુ તે કો. ઓ. સોસાયટીના વડા નથી. કલમ ૧૬૦ સોસાયટીના મેનેજમેન્ટમાં ઘણાજ મર્યાદિત સત્તા આપે છે. મેનેજમેન્ટ ઘણી એક્ટીવીટી કરતી હોય છે, અને તેના માટે કર્મચારીની નિમણુંક કરે છે. જરૂર પડે છુટા પણ કરે છે. પરંતુ આવી છુટા કરવાનો હુકમ કેન્સલ કરવાની તેને સત્તા નથી જે કર્મચારીની નિમણુંક કરવામાં આવી હોય, તેને છુટા કરવાનો સોસાયટીને અધિકાર છે. સોસાયટીને લાગુ પડતાં બાયલોઝમાં આવા કર્મચારીને છુટા કરતાં પહેલાં રજિસ્ટ્રારની એપ્રુવલ લેવી જોઈએ, તેવી જોગવાઈ કરવા કોઈ જરૂર નથી, અને આવી જોગવાઈને કોઈ કાયદાકીય ફોર્સ નથી. આમ આવા કોઈ બાયલોઝ અથવા રેગ્યુલર અથવા રેગ્યુલેશન અથવા સ્ટેચ્યુટરી રૂલ્સના અભાવે કર્મચારીને છુટા કરતાં પહેલાં રજિસ્ટ્રારની એપ્રુવલ લેવાની જરૂરીયાત નથી. રજિસ્ટ્રારને કોઈ ક્વોસી-જ્યુડીશીયલ પાવર નથી. અથવા તો કોઈ એડમીનીસ્ટ્રેટીવ પાવર્સ કર્મચારીની નોકરીની શરતો જેવી કે ભરતી અંગે નથી. રજિસ્ટ્રારને

INDEX

જનરલ સુપરવીઝનના પાવર્સ છે. તેમાં સભ્યોનું હીત જોવાનું છે. પરંતુ મેનેજમેન્ટમાં અથવા તો રોજીંદી સોસાયટીની ક્રિયા કે જેમાં કર્મચારીની ભરતી કરવાની હોય, તે અંગે હસ્તક્ષેપ કરવાની કોઈ સત્તા નથી. આમ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જોતાં, એ હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, ગુજરાત કો. ઓ. સોસાયટી એક્ટ નીચે કાયમી કે હંગામી કર્મચારીને છુટા કરતાં પહેલાં રજિસ્ટ્રારની પરવાનગી લેવી જોઈએ, તેવી કોઈ જોગવાઈ નથી. આમ જ્યારે કર્મચારી નિમણુંક કે છુટા કરતાં પહેલાં રજિસ્ટ્રારની પરવાનગી લેવાની કોઈ જોગવાઈ ન હોય, બેન્કના સાક્ષીએ ગમે તે જુબાની આપી હોય, તેનો કોઈ અર્થ રહેતો નથી. જ્યારે કાયદાની જોગવાઈ સ્પષ્ટ હોય, તેમાં કોઈપણ સાક્ષીની એક લીટીની જુબાની કાયદાની હકીકતને ફેરવી શકતી નથી. બેન્કના સાક્ષી સ્પષ્ટપણે જણાવે છે કે, હંગામી કે કાયમી કર્મચારીને છુટા કરવાની બાબત માટે રજિસ્ટ્રારની પરવાનગી લેવાની જરૂર નથી. કારણ કે તે બેન્કની રોજીંદી કાર્યવાહીની બાબત છે. આમ જ્યારે કાયદાની જોગવાઈ જોતાં પણ કર્મચારીને છુટા કરતાં પહેલા રજિસ્ટ્રારની પુર્વ મંજુરી લેવાની જરૂર ન હોય, ત્યારે મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ તેમના ચુકાદા ઉપર તમામ ભાર આ મુદ્દા ઉપર મુક્યો તે યોગ્ય અને કાયદાકીય નથી. જ્યારે રજિસ્ટ્રારની પરવાનગી લેવાની જરૂર ન હોય, ત્યારે બેન્કે કઈ પ્રક્રિયા કરી, કર્મચારીને છુટા કર્યા તે મુદ્દા ઉપર અદાલત કોઈ નિર્ણય કરી શકતી નથી. બેન્કે કઈ રીતે તેમની વહીવટી સત્તા વાપરી ઠરાવ કર્યો તે સંજોગોમાં જવાની કોઈ સત્તા નથી. ઠરાવ કરવાની પ્રક્રિયા શંકાસ્પદ છે, તેના આધારે છુટા કરવાનું પગલું ગેરકાયદેસર છે. તેનો નિર્ણય યોગ્ય અને વ્યાજબી નથી. આમ ચુકાદામાં ગુજરાત કો. ઓ. સોસાયટી જે કલમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે કલમોમાં એવી કોઈ જોગવાઈ નથી, કે કર્મચારીને છુટા કરતાં પહેલાં રજિસ્ટ્રારની પરવાનગી લેવી પડે. ગુજરાત કો. ઓ. સો. એક્ટ નીચે હજારો સહકારી મંડળીઓ નોંધાયેલ હોય છે. આવી દરેક સહકારી મંડળીના હંગામી કે કાયમી કર્મચારી સબંધે રજિસ્ટ્રારની પુર્વ પરવાનગી લેવી, તેવી જોગવાઈ હાસ્યાસ્પદ ઠરે. કારણ કે કોઈપણ કર્મચારીને છુટા કરવા કે નિમણુંક કરવી તે મેનેજમેન્ટની સત્તાની બાબત છે. રજિસ્ટ્રારે કો. ઓ. સો. એક્ટ નીચેની કાયદાની જોગવાઈનું પાલન થાય છે કે કેમ ? તે સુપરવાઈઝરની કેપેસીટીમાં જોવાનું હોય છે. નહીં કે બેન્કની આર્થીક બાબતોમાં માથું મારી, તેની કાયદેસરતા નક્કી કરવાની હોય છે. આમ ગુજરાત કો. ઓ. સોસાયટી એક્ટ નીચેની જોગવાઈનો ભંગ કર્યો છે, અને રજિસ્ટ્રારની પુર્વ પરવાનગી લીધા વગર કર્મચારીને છુટા કરવામાં આવ્યા છે, તેવા તારણો યોગ્ય અને કાયદાકીય નથી. આથી તે રદ કરવામાં આવે છે.

૧૪. બીજો મહત્વનો મુદ્દો એ છે કે હંગામી કર્મચારીને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર છે કે કેમ ? તે નક્કી કરવાનું છે. ચુકાદામાં રજિસ્ટ્રારની પુર્વ મંજુરી લીધા વગર છુટા કરવામાં આવે છે, તેથી ગેરકાયદેસર ઠરાવ્યું છે. પરંતુ બાકીના બીજા મુદ્દાઓની કોઈ ચર્ચા કરવામાં આવી નથી. મજુર અદાલત સમક્ષ બેન્ક તરફે આ કર્મચારી હંગામી છે અને તેને ફીક્સ સમય પુરો થતાં, તેઓ છુટા થાય છે, અને તેઓની નિમણુંક કાયદેસરની પ્રક્રિયા કર્યા વગર છુટા

INDEX

કરવામાં આવેલ હોય, કાયમી થવાનો કોઈ અધિકાર નથી, આથી છુટા કરવાનું પગલું કાયદેસર છે, તેમ જણાવ્યું હતું.

૧૫. અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ તેઓના ચુકાદામાં કર્મચારીની વર્તણુંક ઉપર કોઈ ભાર મુક્યો નથી. અને એ મુદા ઉપર ચર્ચા કરી હતી કે કર્મચારીને કાયમી કરવાનો હુકમ કરવામાં આવ્યો, ત્યાર બાદ વચ્ચે અપીલનો સમય ગયો ત્યારે, અને તે પછી અપીલના સમયમાં કર્મચારીને છુટા કરવા સામે કોઈ મનાઈહુકમ ન હતો. આ જ રીતે જ્યાં અપીલ કાઢી નાખવામાં આવી ત્યારે પણ કોઈ મનાઈ હુકમ ન હતો. ચુકાદામાં બેન્કના સંજોગો કેવા હતાં, તે ઉપર કોઈ ધ્યાન આપવામાં આવ્યું નથી, અને બેન્કની વર્તણુંક શંકાસ્પદ છે, મુદા ઉપર વધુ ભાર મુકવામાં આવ્યો છે. એ હકીકત અંગે કોઈ તકરાર નથી કે કર્મચારીને-

તા. ૧૭-૫-૯૪ ના હુકમથી ૫૮ દિવસ,

તા. ૨૨-૭-૯૪ ના હુકમથી ૨૯ દિવસ,

તા. ૧૧-૧૦-૯૪ ના હુકમથી ૨૯ દિવસ,

તા. ૪-૪-૯૫ ના હુકમથી ૨૯ દિવસ,

તા. ૧૫-૫-૯૫ ના હુકમથી ૫૮ દિવસ,

તા. ૧૧-૭-૯૫ ના હુકમથી ૫૮ દિવસ,

તા. ૪-૧-૯૬ ના હુકમથી ૫૮ દિવસ

માટે નિમણુંક આપવામાં આવી હતી. વચ્ચેના સમયમાં નોકરીનો સમયગાળો પુરો થતાં, નોકરીનો અંત આવતો હતો. આમ કર્મચારીને બેન્કને લાગુ પડતાં ભરતીના નિયમો મુજબ કોઈ ભરતી કરવામાં આવી ન હતી, અને હંગામી કામની જરૂરીયાત ઉપસ્થિત થતાં નોકરીમાં રાખવામાં આવ્યા હતાં. તા. ૪-૧-૯૬ ના રોજ ૫૮ દિવસનો હુકમ ચાલુ હતો, તે દરમ્યાન બી. આઈ. આર. અરજી નં. ૩/૯૬ કરી મનાઈ હુકમ મેળવેલ હતો. આમ બેન્કની નહીં પરંતુ કર્મચારીની વર્તણુંક યોગ્ય ન હતી. તેઓ પોતે જાણતાં હતાં કે, હંગામી કર્મચારી હોવા છતાં, કેઈસ દાખલ કરી, મનાઈહુકમ મેળવેલ હતો. અને મનાઈહુકમના આધારે તા. ૩૦-૯-૦૨ ના રોજ આ અરજી ઉપર કાયમી કરવાનો હુકમ ન થયો, ત્યાં સુધી તેઓ ચાલુ રહેલાં બી. આઈ. આર. અરજી નં. ૩/૯૬ ના આધારે કર્મચારી બેન્કમાં ચાલુ રહેલ હતાં. તા. ૩૦-૯-૨૦૦૦ ના રોજ કર્મચારીને કાયમી કરવાનો મજુર અદાલતે હુકમ કર્યો હતો. મજુર અદાલતના ઉપરોક્ત હુકમને ઔદ્યોગિક અદાલત સમક્ષ અપીલ આઈ. સી. નં. ૧૬/૦૫ પડકારવામાં આવેલો. અને તા. ૮-૫-૦૬ ના રોજ ચુકાદો આપી, મજુર અદાલતનો હુકમ રદ કરવામાં આવ્યો હતો. મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ નાના અને સુક્ષ્મ મુદાઓ ઉપર ભાર મુક્યો હતો કે, કાયમી

કરવાનો હુકમ કર્યો અને તે પછી અપીલ દાખલ કરી, ત્યાં સુધી કોઈ મનાઈ હુકમ ન હતો. આ જ રીતે અપીલમાં છુટા કરવા સામે મનાઈ હુકમ ન હતો. તે સાથે એ પણ હકીકત છે કે, અપીલ દાખલ કરવામાં ત્રણ વર્ષનો વિલંબ થયો હતો, અને આ વિલંબને ઔદ્યોગિક અદાલતે માન્ય રાખી ગુણદોષ ઉપર ચુકાદો આપ્યો હતો. પરંતુ જ્યારે મજુર અદાલતનો મનાઈ હુકમ હોય, ત્યારે કર્મચારીને છુટા કરી શકાય નહીં. આજ રીતે જ્યારે મજુર અદાલતે કર્મચારીને કાયમી કરવાનો હુકમ કર્યો હોય, ત્યારે પણ હંગામી કર્મચારી હોવાના કારણોસર છુટા કરી શકાય નહીં. આ તમામ મુદાઓ મજુર અદાલતે ધ્યાનમાં લીધા નથી. અથવા તો આ મુદાઓની અવગણના કરી છે. જ્યારે ઔદ્યોગિક અદાલતે મજુર અદાલતનો કાયમી કરવાનો હુકમ રદ કર્યો ત્યારે બેન્કે આ કર્મચારી હંગામી હોવાથી તેઓને નોકરીમાંથી છુટા કરેલાં છે. સ્પષ્ટપણે આ સામે કર્મચારીને કાયમીનું સ્ટેટસ હોવાથી છુટા કરવાનું પગલું યોગ્ય અને કાયદાકીય હતું. કારણ કે કાયમી કર્મચારીને છુટા કરતાં પહેલાં બેન્કે ઘણી પ્રક્રિયા કરવી પડે. ગેરવર્તણુંક માટે ખાતાકીય તપાસ કરવી પડે, અને જ્યારે કર્મચારીએ ખોટી રીતે કાયમીનો મનાઈ હુકમ મેળવ્યો હોય, ત્યારે સ્પષ્ટપણે અપીલનો ચુકાદો આવે ત્યાં સુધી રાહ જોવાનું પગલું યોગ્ય અને વ્યાજબી હતું. આમ બેન્કે છુટા કરવાના હુકમમાં જે પ્રક્રિયા ઝડપથી કરી, તેને શંકાસ્પદ ઠરાવવાનું પગલું કોઈપણ રીતે યોગ્ય અને વ્યાજબી કહી શકાય નહીં. ખરેખર વાસ્તવમાં કર્મચારીની વર્તણુંક યોગ્ય કહી શકાય નહીં, કે તેઓને હંગામી તરીકે હુકમ મળ્યો હોવા છતાં અને કર્મચારી જાણતાં હતા કે, તેઓને હંગામી ધોરણે કામ ઉપર લેવામાં આવે છે, છતાં ખોટી રજુઆત કરીને, મનાઈ હુકમ મેળવેલ છે, તેમજ કાયમી કરવાનો હુકમ પણ મેળવેલ છે.

૧૬. કર્મચારીને કાયમી કરવાના મજુર અદાલતના હુકમ સામે બેન્કે અપીલ આઈ. સી. નં. ૧૬/૦૫ દાખલ કરી હતી. ઔદ્યોગિક અદાલતના ન્યાયાધીશશ્રીએ તેઓના વિદ્વતાભર્યા ચુકાદામાં મજુર અદાલતનો કર્મચારીને કાયમી કરવાનો હુકમ, પુરાવા, હકીકતો અને કાયદાની જોગવાઈઓનું અર્થઘટન અને મુલ્યાંકન કરવાની ભુલના કારણે હુકમ કરેલો હોય, ગેરવ્યાજબી છે, અને તેથી ગેરકાયદેસર ઠરાવી રદ કર્યો હતો. ઔદ્યોગિક અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ તેઓના ઉપરોક્ત ચુકાદામાં જે તારણો નોંધ્યા હતા, તે તારણોની નોંધ કરવી અગત્યની અને મહત્વની છે. ઉપરોક્ત ચુકાદાના પેરા-૨૫, ૨૮, ૩૦ અને ૩૩ માં જે નોંધ કરી છે તે નીચે મુજબ છે.

પંચાયતમાં લોકશાહીનું જતન અને ચિંતન કરવા જવાબદાર તેવા અધિકારી, પદાધિકારી, ચેરમેન, મેનેજર, બોર્ડ ઓફ ડીરેક્ટર્સ, સ્થાપી અને સમાધાનની જોગવાઈનો ભંગ કરી, કાયદામાં જે માન્ય નથી, તેવા પ્રકારે ઠરાવ, નિમણુંક કરી, નિયમોથી વિરૂધ્ધ વર્તન કરે, તેવા કેસમાં અદાલત દ્વારા જે ન્યાયી ફેંસલો હોય, તે ખરા અને સાચા અર્થમાં મેરીટસ ઉપર થયેલ ફેંસલો ગણાય કે કેમ ? તે પ્રશ્ન આવું બને ત્યારે લીમીટેશનનાં મુદા ઉપર અપીલ જો

INDEX

ધ્યાનમાં ન લેવાય, તો એક વખત ફેંસલો પછી ભલે તે ખોટો હોય, તો પણ તેનો અમલ સંસ્થાએ કરવો જ રહ્યો. અને જ્યારે ઔદ્યોગિક ન્યાયશાસ્ત્રમાં ઔદ્યોગિક વિવાદનો ન્યાયનિર્ણય કરવો હોય, લીમીટેશનની બાબતને વચ્ચે ન લાવતાં, ડીલે માટે ભુતકાળનાં સમયગાળા માટે જો જે રીલીફ માટે હક્કદાર હોય, તેટલા સમય પુરતો ડીલેના કેસમાં મોડા પડનારને રીલીફ પણ ડીલેનાં કારણસર અરજી જ ગુણદોષ ઉપર જો સાંભળવાની અને તેનો ન્યાય કરવાની પરવાનગી અરજદારને આપવામાં ન આવે, તો જે નિર્ણય કાયદાની તથા હક અર્થઘટન અને મુલ્યાંકન કરવાની ભુલ કરીને કરવામાં આવેલ હોય, તે કાયમ રહેવા અને તેમ થાય તો ન્યાય માગનારને સાચો ન્યાય કયારેય મળે જ નહીં. અદાલતનો ફેંસલો હકીકતોના ગુણદોષ ઉપર અપાયેલ હોવો જોઈએ. બેન્ક તરફની સાચી માહિતી, પુરાવા, દસ્તાવેજો જ નહી પણ આ કેસમાં બેંક તરફે મૌખિક કે દસ્તાવેજી સાક્ષી પણ બેન્કે તપાસેલ નથી. જે બાબત જ શંકાસ્પદ ભૂમિકા, રીત-રસમો પક્ષ પ્રતિનિધિઓ દ્વારા મુળ અરજીમાં ભજવાયેલ હોવાનું સ્પષ્ટ થાય છે. સામાવાળાની અરજી બેન્કમાં હંગામી પટાવાળા તરીકેની નિમણુંક તા. ૧૫-૭-૯૪ છે. બી. આઈ. આર. ૩/૯૬ દોઢ વર્ષ પછી દાખલ કરી મનાઈ હુકમના કારણે નોકરી પર ચાલુ રહેલાં છે.

બેન્ક અને પ્રતિનિધિત્વ સંઘ સાથે સમાધાનથી તેમજ સરકારી ઠરાવો, અને નિયમોથી બેન્કમાં કાયદેસરની ભરતી પ્રક્રિયા માટે નિયત કાર્યપ્રણાલી થયેલ છે. તે મુજબ બેન્કમાં કાયમી સંખ્યાબળમાં વધારો કરવો હોય, તો આ કાયમી જગ્યા ભરવી હોય, તો તે માટે જાહેર સમાચાર પત્રમાં જાહેર ખબર આપવી પડે. રોજગાર વિનીમય કચેરીમાંથી નામો મંગાવવા પડે. લેખીત કસોટીમાંથી પાસ થયા પછી મેરીટના ધોરણે મૌખિક ઈન્ટરવ્યુમાંથી પસાર થયા પછી પસંદગી સમિતિ દ્વારા પસંદગી પામ્યા પછી યોગ્ય ઉમેદવારને તેમની લાયકાત અને મેરીટસના ધોરણે સરકારી બેન્કમાં ભરતી-નિયુક્તિ અપાય છે. હાલના સામાવાળાનાં કેસમાં આવી કોઈ ભરતી પ્રક્રિયા અનુસરવામાં આવેલ હોય, તેવો એક પણ પુરાવો કે દસ્તાવેજ અરજદારે તેમની અરજીની હકીકતના સમર્થનમાં સમ ખાવા પુરતો પણ રજુ કરેલો નથી. જે મુળ અરજી તથા અપીલ અરજીનાં ઉપરથી સ્પષ્ટ થાય છે. ગુજરાત સરકારશ્રીનાં વખતોવખતના પરિપત્રો, હુકમો, અનુસાર જાહેર ક્ષેત્રની કોઈપણ કચેરીમાં કોઈપણ જગ્યા ખાલી પડે તો તેવી જગ્યાઓની જાણ રોજગાર વિનીમય કચેરીને કરવી ફરજીયાત છે. સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં પરિપત્ર ક્રમાંક : રોગર-૧૦૮૩-૧૬૯૧-૨(૨), તા. ૧૮-૯-૮૭ તથા પરિપત્ર ક્રમાંક : રોગર-૧૦૯૦-૧૦૮૩-૨ (૨), તા. ૨-૦૮-૯૧ મુજબ જાહેર ક્ષેત્રની તમામ કચેરીએ પરિપત્રનું પાલન કરવું ફરજીયાત દર્શાવેલ છે. આ ઉપરાંત ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના પરિપત્ર ક્રમાંક : રોગર-૧૦૮૩-૧૬૯૧-૨(૨) સચિવાલય, ગાંધીનગર, તા. ૧૮-૮-૮૮માં જણાવ્યા મુજબ સરકારી સંસ્થા/કચેરીમાં તેમજ જાહેર ક્ષેત્રમાં આવતી સંસ્થાઓ, બીજી સરકારી સંસ્થાઓમાં ૨૫ કે તેથી વધુ કર્મચારીઓને નોકરીમાં રાખનાર ખાનગી સંસ્થાઓને ધી એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ (કમ્પલસરી નોટીફીકેશન ઓફ વેકેન્સી)

એક્ટ, ૧૯૫૯, નિયમો-૧૯૬૦ જે અમલમાં છે. તે મુજબ રોજગાર વિનિમય કચેરીઓને ખાલી જગ્યાઓની જાણ કરવાનું ફરજીયાત છે. વર્ગ-૩ અને વર્ગ-૪ ની રૂા. ૮૦૦ સુધીની મુળ પગારની જગ્યાએ માટે ભરતી કરવી હોય, તો આવી ભરતી રોજગાર વિનીમય કચેરી મારફતે જ કરવી ફરજીયાત છે. સદર પરિપત્ર (કલમ-૨) માં સહકારી બેન્કોને પણ આ પરિપત્રથી આવરી લેવામાં આવેલ છે. એટલે કે બંધારણની જોગવાઈ અનુસાર દેશમાં લાયક અને યોગ્ય ઉમેદવારને પોતાની લાયકાતના ધોરણે કોઈપણ જાતની વગ કે ભલામણ સિવાય કાનુની પ્રક્રિયા દ્વારા જ સહકારી બેન્ક કે જે જાહેર ક્ષેત્રમાં આવતી હોય, તેવી બેન્કમાં ભરતી માટે સૌને સમાન તક મળી રહે તે માટે ઉપરોક્ત વૈધાનિક જોગવાઈ સિવાય જો બેન્કના ચેરમેન કે મેનેજર કે બોર્ડ ઓફ ડીરેક્ટર પોતાની સત્તા અને અંકુશ-મર્યાદા બહાર જઈ પોતાના ઓળખીતા પાળખીતા, નજીકના સગાસંબંધી ગમે તે રીતે ગમે તે ધોરણે બેન્કમાં હંગામી નોકરી આપી દે, એ અભિગમ પણ વ્યાજબી અને ગેરકાયદેસર નથી. કારણ કે સમગ્ર ભારત દેશમાં હજારો અને લાખોની સંખ્યામાં હોશીયાર, આવડતવાળા, લાયકાતવાળા, શૈક્ષણિક ઉજ્જવળ કારકીર્દી ધરાવતા બેકારો નોકરી મેળવવા માટે કતારમાં વર્ષોથી રાહ જોઈને ઉભા છે. વળી હંગામી નિમણુંક આપી હોય, તો આવી નિમણુંક મેળવનાર કર્મચારી કરારયુક્ત સમય પુરો થાય, ત્યાં સુધી જ નોકરી કરવા અધિકૃત છે. પણ કાયમી થવા માટે ઉપરોક્ત પ્રક્રિયામાંથી પસાર થયા વિના જો આવા હંગામી કર્મચારીને અદાલત પોતાની હકુમત બહાર જઈ, કાયદાના પ્રબંધોનો ભંગ થાય, તે રીતે પણ મનાઈહુકમ આપી, આવા હંગામી કર્મચારીને કરારયુક્ત સમય પછી પણ ચાલુ રાખવા હુકમ ફરમાવે, તો તેવો હુકમ કાયદેસર નથી, તેથી રદ થવાને પાત્ર ઠરે છે. આથી મજુર અદાલતનો હુકમ કાયદેસર, યોગ્ય, વ્યાજબી અને ન્યાયી નથી, તેથી તે રદ થવાને પાત્ર છે.

જો આવા પ્રકારની હંગામી કે એડહોક નિયુક્તી તેમજ નીતી-નિયમો વિરૂધ્ધની ભરતીની પ્રક્રિયાને અદાલત દ્વારા બહાલી આપવામાં આવે, તો તેનાથી ગંભીર નાણાંકીય કટોકટીમાં મૃતપ્રાય થતી જાહેર સંસ્થાઓ, લોક સ્વાતંત્ર્યની જાળવણી માટે કાર્યરત લોકતંત્રની સંસ્થાઓમાં આવી પાછલા બારણાની ભરતીથી નિમાયેલ રોજમદાર કે કામચલાઉ કર્મચારીને ચાલુ રહેવા દેવામાં આવે, તો તેનાથી આવી સંસ્થાઓ ઉપર નાણાંકીય બોજ વધે અને જાહેર હિતનાં કામો તેનાથી અટકે, સમાનતાની તકો જાહેર જનતાને ન મળે, એકનાં હીત માટે લાખો લાયકની તક જતી રહે અને સમાનતાના સિધ્ધાંતોનો પણ જાહેર નીતી અને જાહેર હિતને બંધારણનાં પ્રબંધોની અવગણના થાય. તેવા પ્રકારની ભરતીને કાયદેસરની કરવાનો મજુર અદાલત કે ઔદ્યોગિક અદાલતને કોઈ હક્ક કે અધિકાર નથી. કાયદાની પ્રક્રિયા અનુસર્યા વિનાની ભરતી હોય, તેવા કેસમાં ડેઈલી કે હંગામીને કે કાયમી કરવા કે વચગાળાનો મનાઈહુકમ આપી જરૂર ન હોય, તો પણ નોકરી પણ ચાલુ રાખવાનો હુકમ કરવો તે ન્યાયની પ્રણાલિનાં ભંગ સમાન અને ગેરવ્યાજબી તથા ગેરકાયદેસરનું પગલું છે. તેવું ઉપરોક્ત ચુકાદાઓમાં નામદાર ગુજરાત હાઈકોર્ટની ફુલ બેન્ચે ઠરાવેલ છે.

INDEX

પેરા-૩૩ : આ કામમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવો, બી.આઈ.આર. એકટના તેમજ બેન્કને લાગુ પડતાં વહીવટી નિયમો, સરકારી પરિપત્રો, બેન્કના સ્થાયી સમાધાનો અને સંબંધીત શ્રમયોગીના કેઈસની હકીકતો, સંજોગો અને પરિસ્થિતિ ધ્યાનમાં હાલના આ અપીલના કામમાં એપેલન્ટ બેન્કના જવાબદાર સત્તાધિકારીઓ, વહીવટકાર અને પદાધીકારીઓએ હાલના કામના સામાવાળા સાથે મિલાપીપણામાં બેન્કને લાગુ નિતિ નિયમો, પ્રબંધો રીવાજો, પ્રથાઓ, અને પ્રવર્તમાન કાયદાના બંધનોને ઘોળીને પીને મનમાની રીતે કાયદા વિરૂધ્ધ ઠરાવો કરીને, નિમણુંકો આપીને જે સગાવાદ, જ્ઞાતિવાદ, જાતવિાદ, અને વાડાબંધીને જે પ્રોત્સાહન આપેલ છે, અને તેના કારણે હંગામી શ્રમયોગી જેને મજુર અદાલત જુનાગઢ પાસેથી કાયમી થવા માટેનો કેસ કરવા માટે કાયદેસરોનો હક્ક કે અધિકાર નથી. અને અધિનિયમનાં પરિશિષ્ટ-૨ ની બાબતનો ન્યાય નિર્ણય કરવા કોઇ હકુમત અને સત્તા નથી. તેવી મજુર અદાલત જુનાગઢ પાસેથી ખોટી રજુઆતો, રજુઆતોના આધારે મનાઇહુકમ મેળવી, અને બેન્ક તરફે કોઇ યોગ્ય રજુઆત, પુરાવાઓ, માહિતી અને ઢીલી નીતી દાખવવાથી જે ફેંસલાઓ શ્રમયોગીઓની તરફેણમાં મેળવવામાં આવેલ છે, અને તેના કારણે આજદિન સુધી બેન્કમાં લાયકાત ધરાવતા ન હોય તેમજ તદન હંગામીને કાયમી થવા માટે કાનુની પ્રક્રિયા અનુસર્યા વગર મજુર અદાલતને બેન્કના અધિકારીઓને બેન્કમાં કાયમી ધોરણે સમાવિષ્ટ કરવાનો કે કાયમી તરીકેના લાભ આપાવાનો કાયદેસર રીતે કોઇ હક્ક કે અધિકાર ન હોવા છતાં, બેન્ક અને પક્ષકારો તેમજ પક્ષકારોના પ્રતિનિધિઓએ અદાલત સમક્ષ રજુ કરવો જોઇતો પુરાવો રજુ નહીં કરીને, જે રીત રસમ, પધ્ધતિ અને પ્રક્રિયા અખત્યાર કરેલ છે, તે સમુળગી રદ થવાને પાત્ર છે. અને તેજ પરિણામે જુનાગઢ જિલ્લા સહકારી બેન્કને જે કોઇ આર્થિક નુકશાન થયેલ હોય તેમજ બેન્કમા જે તે સમયના પદાધિકારીઓ, સત્તાધિકારીઓ અને વહીવટકર્તાઓ જવાબદાર હોય અને છે તેવું આ અદાલતનું નમ્રપણે અને દ્રઢપણે માનવું છે. અને તેથી પ્રજાકીય સંસ્થાને જે કોઇ નુકસાન થયેલ હોય, તે તમામ રકમ જવાબદાર સત્તાધિશો, વહીવટકર્તાઓ પાસેથી બેન્કે વસુલાત કરવી કે જેથી રાષ્ટ્રમાં એક નોંધનીય દાખલો બેસે કે પ્રજાના હિતમાં કામ કરતી બેન્કો માટે પ્રજાના પ્રતિનિધીઓ દ્વારા બેન્કના હીતનો બેન્કમી મુઠીની તથા શેરહોલ્ડરના હિતોની થતી લુટ કાયદો કેવી રીતે અટકાવી શકે છે. આથી આ બાબતે બેન્કના નવા વરાયેલા ચુટાયેલા નિયુકત થયેલા વફાદાર, પ્રમાણીક ફરજનિષ્ઠ, કર્તવ્ય નિષ્ઠ અને રાષ્ટ્ર હિત જેના હૈયે છે, તેવા ફરજ નિષ્ઠ અધિકારીઓએ, પદાધિકારીઓએ, આ બાબતે નાણાંકીય નુકસાન કરવાના યોગ્ય ઘટતાં પગલાં જનતા અને ન્યાયના વિશાળ હિતમાં સત્વરે ભરવા જે આ અદાલતનું નમ્રપણે માનવું છે.''

૧૭. આમ ઉપરોકત ચુકાદામાં ઔદ્યોગિક અદાલતનાં વિદ્વાન સભ્યશ્રીએ જે તારણો આપ્યા તે તારણો ઘણાં અગત્યના છે, અને કર્મચારીની વર્તણુંક કેવા પ્રકારની છે, તે ઉપર ઘણોભર મુકેલો છે. આમ મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ તેમની સમક્ષ ઔદ્યોગિક અદાલતમાં અપીલમાં આપેલ ચુકાદો રજુ થયેલ હોવા છતાં, તેના તારણો પરત્વે કોઇ ધ્યાન આપેલ અને સ્પષ્ટપણે કર્મચારી અને બેન્કના અધિકારીની વર્તણુંક ઉપર જ ભાર મુકેલો છે, જે રાખવાની

INDEX

જરૂર હતી, જે ધ્યાને રાખેલ નથી. અને ખોટી રીતે રજીસ્ટ્રારની પૂર્વ મંજૂરી નથી, તેવા મુદા ઉપર મહત્તમ ભાર મુકીને બેન્કની વર્તણુંક શંકાસ્પદ છે, તેના કર્મચારીને છુટા કરાવાનો હુકમ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવવાનું પગલું યોગ્ય મુલ્યાંકન કર્યા વગર, અને કાયદાની જોગવાઈઓનું ખોટું અર્થઘટન કરીને આવેલ છે, અને આથી તે રદ થવાને પાત્ર છે.

૧૮.બેન્ક તરફે રજુ કરવામાં આવેલ ચુકાદા જોઈએ તો, ૨૦૦૬, થર્ડ એલ.એલ.જે. પાન ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રીમ કોર્ટના સુરેન્દ્રપ્રસાદ તિવારી અને ઉત્તરપ્રદેશ રાજય ઉત્પાદન મંડી પરિષદ અને બીજાઓના કેઈસમાં આપેલ ચુકાદો રજુ કરવામાં આવેલ કેઈસમાં કોન્ટ્રાકટના ધોરણે લેવામાં આવેલ કર્મચારીએ નોકરીમાં રેગ્યુલરાઇઝ કરવા માટે કર્યો હતો, આ કર્મચારીની નિણુંક બંધારણના આર્ટીકલ્સ ૧૪, ૧૬ અને ૩૦૯ મુજબ થયેલ સ્કીમ મુજબ કરવામાં આવી ન હતી. નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવ્યુ હતું કે, આવી બેકડોર પબ્લીક એમ્પ્લોયમેન્ટમાં માન્ય નથી. નામદાર હોઈકોર્ટના મનાઇ હુકમના કારણે ૧૪ વર્ષ કરી હોય, તેના કારણે કર્મચારીને નોકરીમાં સમાવેશ કરવાના કે કાયમી કરવાના કોઇ હક મળતાં નથી. નામદાર સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે, કર્મચારીની નોકરી ફીકસ ટર્મ માટે કરવામાં આવી છે. અને આ નોકરી મનાઈહુકમના કારણે ૧૪ વર્ષ સુધી ચાલુ રહી છે. આમ આવા મનાઈહુકમના કારણે નોકરી ચાલી રહી હોય, તો તેથી કર્મચારીને નોકરીમાં કાયમી થવા કોઈ આવકાર મળતો નથી.

૨૦૦૬, ફર્સ્ટ સી.એલ.આર. પાના ૫૬૯ ઉપરનું નામદાર ગુજરાત હાઇકોર્ટનું મેડીકલ ઓફીસર, પ્રાયમરી હેલ્થ સેન્ટર અને બીજાઓ વિરૂધ્ધ જીકુભાઈ આર. સાપરીયાનો ચુકાદો રજુ થયેલ છે. ઉપરોકત ચુકાદામાં જણાવ્યું હતું કે, કર્મચારીએ એ પુરવાર કરવાનું હતું કે એક વર્ષના સમયમાં તેમણે ૨૪૦ દિવસ કામ કરેલ છે. પરંતુ ઉપરોકત ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટના વચગાળાની હુકમના કારણે કામદાર નોકરીમાં ચાલુ રહેલાં. નામદાર હાઇકોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આવા મનાઇ હુકમના કારણે કરેલ નોકરીને, સળંગ સર્વિસ માટે ગણતરીમાં લઇ શકાય નહીં. સ્પષ્ટપણે ઉપરોકત ચુકાદો બેન્કને મદદરૂપ થાય છે. અને હાલના કેઈસના કર્મચારી કયાંય એવું પુરવાર કરી શકતા નથી કે, તેઓએ એક વર્ષમાં સળંગ ૨૪૦ દિવસ નોકરી કરી છે. મનાઈ હુકમના કારણે તેઓએ ઘણાં વર્ષો નોકરી કરી છે. પરંતુ ઉપરોકત ચુકાદામાં જણાવ્યા અનુસાર મનાઈ હુકમના કારમએ કરેલ નોકીરનો ગાળો સળંગ નોકીરની ગણતરીમાં ધ્યાને લઇ શકાય નહીં. કર્મચારી કયાંય પુરવાર કરી શકતા નથી કે તેઓએ એક વર્ષમાં ૨૪૦ દિવસ નોકરી કરી છે, અને આથી આઈ.ડી. એકટની કલમ-૨૫-એફ ની જોગવાઇનો ભંગ કરીને તેઓને નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે.

બેન્ક તરફે ૨૦૦૬, થર્ડ સી.એલ.આર. પાના ૩૦૫ ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર ગુજરાત હાઇકોર્ટનો પ્રતાપ નાથાજી ઠાકોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓના કેઈસમાં આપવામાં આવેલ ચુકાદો રજુ કરેલો છે. ઉપરોકત કેઈસમાં પીટીસન એડહોક બેઝ ઉપર નાકા કારકુન તરીકે કામ કરતા હતાં કર્મચારીએ ૨૦ વર્ષની કામગીરી કરી હતી. આ જગ્યા મંજૂર

INDEX

થઈ ન હતી. આ જ રીતે નિમણુંક નિયમ મુજબ કરવામાં આવી ન હતી. છુટા કરવાનો હુકમ પડકારવામાં આવ્યો હતો. નામદાર ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે ઘણાં વર્ષોની લાંબી નોકરી છે, તેટલા જ કારણોસર કોઈ અધિકાર મળતો નથી. નામદાર હાઈકોર્ટે જણાવ્યું હતું કે એ ધ્યાન લેવું જરૂરી છે કે, કોઈપણ માલિક કે જેમાં ગવર્નમેન્ટનો પણ સમાવેશ થાય છે, તેના કાર્મચારી કાયદાકીય અધિકાર હોય, તે સિવાય કર્મચારી તરીકે સમાવવા માટે હુકમ કરી શકાય નહી.

૨૦૦૬ થર્ડ એલ.એલ.જે. પાના ૯૧૨ ઉપરનો નામદાર મદ્રાસ હાઈકોર્ટે મોહન ડી. પ્રીસાઈડીંગ ઓફીસર, સેન્ટ્રલ ગવર્નમેન્ટ ઈન્ડ. ટ્રીબ્યુનલ-કમ-લેબર કોર્ટ, ચેન્નાઈના કેઈસમાં આપવામાં આવેલ ચુકાદો રજુ કરેલો છે. ઉપરોકત કેઈસમાં ઔદ્યોગિક વિવાદ ધારો-૧૯ લાગુ પડતો હતો. પીટીશનરને નોકરીમાંથી છુટા કરવામાં આવ્યા હતા. પીટીશનરનો દાવો હતો કે તમણે ૧૦ વર્ષની નોકરી કરી હતી. અને આઈ.ડી. એકટની કલમ-૨૫-એફ નું પાલન કરવા આવ્યું ન હતું. કર્મચારીની નિમણુંકમાં કોઈ પ્રોસીજર કરવામાં આવી ન હતી. તેમજ એવોર્ડ સેટલમેન્ટની જોગવાઈનું પાલન કરવામાં આવ્યું ન હતું. કર્મચારીની નિમણુંક એડહોક ધોરણે કરવામાં કરવામાં આવી હતી. પીટીશનર જુનીયર હતા. પીટીશનરને આ પોસ્ટ માટે કોઈ અધિકારી નથી. તેમ ઠરાવવામાં આવ્યું હતું, અને આવા ડીસએન્ગેજમેન્ટને રીટ્રેન્ચમેન્ટ કહી શકાય નહીં, તે ઠરાવ્યુ હતું.

૨૦૦૬, થર્ડ એલ.એલ.જે. પાના ૬૪૦ ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો કે જે એકઝીકયુટીવ એન્જીનીયર, પુને જીલ્લા ડીવીઝન અને રામચન્દ બબન જાધવ અને બીજાઓના કેઈસમાં આપવામાં આવેલ છે, તે રજુ કરેલ છે. કર્મચારી પટાવાળા હતા, અને તેમને કામચલાઉ ધોરણે છ માસ માટે નિમણુંક કરવામાં આવી હતી. કર્મચારીની નિમણુંક રેગ્યુલર ધોરણે કરવામાં આવેલ ન હતી. તેઓને ઈન્કવાયરી કર્યા વગર છુટા કરવામાં હુકમને પડકારી શકાય નહી તેમ જણાવ્યું હતું. કર્મચારી દૈનિક વેતનથી ટેમ્પરરી તરીકે લેવામાં આવ્યા હતાં. તેમની નિમણુંક લાગુ પડતા નિયમ કરવામાં આવી નથી. આથી પાછલા બારણે પબ્લીક સર્વિસમાં એન્ટ્રી આપી શકાય તેમ નથી. આથી નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ ભુલ ભરેલો છે, તેમ ઠરાવ્યું હતું.

બેન્ક તરફે ૨૦૦૬ ફર્સ્ટ સી.એલ.આર. પાના ૩ ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો કે જે સુરેન્દ્રનગર જીલ્લા પંચાયત અને બીજાઓ વિરૂધ્ધ જેઠાભાઈ પીતાંબરભાઈના કેસમાં આપેલ, તે રજુ કરેલ છે. તે કેઈસમાં ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ લાગુ પડતો હતો. આઈ.ડી. એકટની કલમ-૧૦, કલમ-૨૫-એફ, કલમ-૨૫-જી, અને કલમ-૨૫-એફએફ ની જોગવાઈની ચર્ચા કરવામાં આવી હતી. ઉપરોકત કેઈસમાં ડેઈલી વેજર કર્મચારીની ઉપરોકત કેઈસમાં ડેઈલી વેજર કર્મચારીની નોકરીનો અંત આઈ.ડી.એકટની જોગવાઈઓનો અમલ કર્યા વગર લાવવામાં આવ્યો હતો. કર્મચારીએ વર્ષમાં ૨૪૦ દિવસ કામ કર્યું છે. આથી છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર ઠરાવી ૨૫ ટકા બેક વેજીસ સાથે પુનઃસ્થાપિત કરવાનો હુકમ

INDEX

કરવામાં આવ્યો હતો. તેમાં નામદાર વડી અદાલતમાં આપીલ થતાં જણાવેલ હતું કે એક વર્ષમાં ૨૪૦ દિવસ કામગીરી કરી છે, તે પુરવાર કરવાનો બીજો કર્મચારી ઉપર છે આમ કર્મચારીએ પુરવાર કરવાનું છે કે, એક વર્ષમાં તેમણે ૨૪૦ દિવસ કામ કરેલ છે. અગાઉના ચુકાદામાં ચર્ચા કર્યા મુજબ કોઇ અદાલતના મનાઇ હુકમના કારણો જો નોકરીમાં ચાલુ રહ્યાં હોય, તો તે નોકરીનો ગાળો ૨૪૦ દિવસની ગણતરી માટે લઇ શકાય નહી.

૨૦૦૬, સેકન્ડ એલ.એલ.જે., પાના ૧૧૧૩ ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો કે જે નેશનલ ફર્ટીલાઇઝર લી. અને બીજાઓ વિરૂધ્ધ સોમવીર સીંઘના કેઇસમાં આપવામાં આવેલો છે, તેમાં જણાવેલ છે કે, પબ્લીક સેકટર ગવર્નમેન્ટ કંપનીમાં લાબાં સમય માટે નોકરી કરી છે, તે કારણોસર નોકરીની સર્વિસ રેગ્યુલર થઇ શકે નહીં. નામદાર સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, લાગુ પડતાં ભરતીના નિયમો રીઝર્વેશન પોલીસીનું પાલન થઇને ભરતી થયેલ હોવી જોઇએ.

૧૯.કર્મચારી તરફે રજુ કરવામાં આવેલ અન્ય ચુકાદો જોઇએ તો, કર્મચારી તરફે ૨૦૦૦ સેકન્ડ સી.એલ.આર., પાના ૬૦૩, ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો, કે જે સુરત મહિલા નાગરીક સહકારી બેન્ક લી. વિરૂધ્ધ મમતાબેન મહેન્દ્રભાઈ જોષીના કેઇસમાં રજુ કરેલો છે. ઉપરોકત કેઇસમાં કર્મચારી કલાર્ક-કમ-કેશીયર તરીકે હતા, અને ટ્રેઇની તરીકે ૧૨ મહિનાની ટેમ્પરરી કલાર્ક તરીકે ૧૦ મહીનાની નોશનલ બ્રેકથી નોકરી કરી હતી. મજુર અદાલતે છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર ઠરાવી પુરા પગાર સાથે પુનઃસ્થાપિત કર્યા હતા. આઈ.ડી.એકટ, ૧૯૪૭ની કમલ-૨ઓઓ-બીબી અને કલમ-૨૫-એફની ચર્ચા કરતાં જણાવ્યું હતું કે કર્મચારીને ૧૦ માસની નોકરી બાદ છુટા કરવામાં આવેલ હોય, અને કર્મચારીને દર મહીને જુદા જુદા નિમણુંકના હુકમો નોશનલ બ્રેક સાથે આપવામાં આવેલ હોય, તે સંજોગોમાં કર્મચારીની નોકરી સળંગ સર્વિસ કહેવાય, અને આથી મજુર અદાલતનો સળંગ સર્વિસ ગણી, પડેલા દિવસોના પગાર સાથે પુનઃસ્થાપિત કરવાનો હુકમ યોગ્ય છે, તેમ ઠરાવ્યું હતું ઉપરોકત કેઇસની હકીકતો કર્મચારીના કેઇસમાં લાગુ પાડી શકાય નહી. કર્મચારીના કેઇસમાં કર્મચારીને નોશનલ બ્રેક આપવામાં આવ્યો છે. તેવું કયાંય પુરવાર થતું નથી. કર્મચારીને કેઇસમાં વચ્ચેના સમયમાં ખાસ્સો ગેપ પડે છે, અને સ્પષ્ટપણે હંગામી ધોરણે નિમણુંક આપવામાં આવી છે, તેવું પુરવાર થાય છે.

ત્યારબાદ કર્મચારી તરફે ૨૦૦૧, સેકન્ડ સી.એલ.આર., પાના ૫૦૫નો નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો, કે જે ઉપરોકત નામદાર હાઇકોર્ટના સીંગલ જજના ચુકાદા સામે એલ.પી.એ. કરવામાં આવેલ હતી, તે ચુકાદામાં નામદાર ગુજરાત હાઇકોર્ટના સીંગલ જજનો ચુકાદો કન્ફર્મ કરવામાં આવ્યો હતો, અને નામદાર હોઇકોર્ટની ડીવીઝન બેન્ચે જણાવ્યું હતું કે ઔદ્યોગિક અદાલતના ચુકાદામા એલ.પી.એ. માં ફેરફાર કરતો યોગ્ય લાગતો નથી. પરંતુ બેક વેજીસ ૧૦ ટકાના બદલે ૫૦ ટકા કરી આપ્યું હતું, પરંતુ અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે કર્મચારીના કેઇસમાં હકીકતોને આ ચુકાદો મદદરૂપ થઇ શકતો નથી.

૨૦૦૧, એલ.આઈ.સી., પાના ૬૪૬, ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો કે જે વિક્રમાદિત્ય પાંડે વિરૂધ્ધ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ અને બીજાઓના કેઈસમાં આપેલો રજુ કરવામાં આવેલ છે. ઉપરોકત કેઈસમાં કામદારની સળંગ નોકરી ત્રણ વર્ષ માટે નાના બ્રેક સાથે કરેલ હતી. કર્મચારીએ છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવવામાં આવ્યું હતું, ઉપરોકત કેઈસમાં કર્મચારીએ એક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંત નોકરી કરેલ હતી, તે તેમણે પુરવાર કરેલ હતું.

૧૯૮૮, ફર્સ્ટ સી.એલ.આર., પાના ૧૭૫ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર સુપ્રીમ કોર્ટનો ચુકાદો કે જે કિષ્નકુમાર દુબે વિરૂધ્ધ યુ.પી. સ્ટેટ ફુડ એન્ડ ઈસેન્શીઅલ કોમોડીટીઝ કોર્પોરેશન અને બીજાઓના કેઈસનો રજુ કરેલો છે. ઉપરોકત કેઈસમાં કર્મચારીએ વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંત નોકરી કરેલ હતી. એવું ઠરાવેલ હતું કે આઈ.ડી. એકટની કલમ-૨૫-એફ ની જોગવાઈ અનુસર્યા સિવાય નોકરીનો અંત આણી શકાય નહીં. કર્મચારીએ ત્રણ વર્ષ માટે નોકરી કરી હતી. અને એક બે દિવસ માટે બ્રેક આપવામાં આવતો હતો. ઉપરોકત તમામ સંજોગો ધ્યાનમાં લઈને ૨૪૦ દિવસ નોકરી કરી છે, તેવું પુરવાર થતું હોય, પુનઃસ્થાપિત કરવા માટે હુકમ કર્યો હતો.

૧૯૯૭, સેકન્ડ સી.એલ.આર. પાના ૯૮૬ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો વેટરનીટી ઓફીસર અને બીજાઓ વિરૂધ્ધ રાજેન્દ્રસીંઘ આર. ઝાલાના કેઈસમાં રજુ કરેલો છે. ઉપરોકત કેઈસમાં કર્મચારીને ગેરકાયદેસર રીતે રીટ્રેન્ચ કરવામાં આવ્યો હતો. મજુર અદાલતે પડેલા દિવસોનો પગાર વગર નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કર્યો હતો. કર્મચારીએ આ હુકમને પડકારેલ હતો. નામદાર હાઈકોર્ટે ઠરાવ્યું હતું કે પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવ્યો, ત્યારે બેક વેજીસ એ સામાન્ય બાબત છે. આમ આઈ.ડી.એકટની કલમ-૨૫-એફ નું પાલન કર્યા સિવાય છુટા કરવાનું પગલું ગેરકાયદેસર છે, તેમ ઠરાવવામાં આવ્યું.

૨૦૦૦, ફર્સ્ટ સી.એલ.આર., પાના ૧૫૬, ઉપર પ્રસિદ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જે મોતી સીરામીક ઈન્ડસ્ટ્રીઝ વિરૂધ્ધ જીવુબેન રૂપાભાઈના કેઈસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. ઉપરોકત કેઈસમાં આઠ કર્મચારીઓ દૈનિક પગારથી ૧૨ વર્ષ સુધી નોકરી કરતા હતા. અને તેઓની નોકરીનો અંત તા. ૧-૧-૮૩થી કોઈપણ શોકોઝ નોટીસ વગર અને રીટ્રેન્ચમેન્ટ કોમ્પેન્સેશન ચુકવ્યા સિવાય લાવવામાં આવ્યો છે. અને આથી પડેલા દિવસોના પુરા પગાર સાથે પુનઃસ્થાપિત કરવા હુકમ કર્યો હતો. ઉપરોકત ચુકાદાને નામદાર હાઈકોર્ટે બહાલી આપી હતી.

૨૦૦૧, લેબ આઈ.સી., પાના ૬૬૨, નામદાર ગુજરાત હાઈકોર્ટનો ડેપ્યુટી એકઝીકયુટીવ એન્જીનીયર, મગદલ્લા પોર્ટ ડેવલપમેન્ટ સ્કીમ, સુરત વિરૂધ્ધ સુખાભાઈ ગાંડાભાઈ અને બીજાઓના કેઈસમાં આપવામાં આવેલ ચુકાદો રજુ કર્યો છે. ઉપરોકત કેઈસમાં ડેઈલી-રેટેડ કર્મચારીને નોકરીમાંથી છુટા કરવામાં આવેલ હતા. ઉપરોકત કર્મચારીને આઈ.ડી.એકટની

કલમ-૨-ઓઓ-બીબી ની સમાપ્તી થાય તે પહેલા છુટા કરવામાં આવ્યા હતા. નામદાર હાઈકોર્ટે જણાવ્યું હતુ કે આ કલમનો લાભ તેમને મળે નહી, અને કર્મચારીએ એક વર્ષમાં ૨૪૦ દિવસ નોકરી કરી હોય, આઈ.ડી. એક્ટની કલમ-૨૫-એફનુ પાલન કર્યા સિવાય છુટો કરવાનું પગલું ગેરકાયદેસર કહેવાય.

ગુજરાત લો રીપર્ટર, ૧૯૯૮, પાના ૧૧૦ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જે વેટરનીટી ઓફીસર વિરૂદ્ધ રાજેન્દ્રસિંહ આર. ઝાલાના કેઈસમાં આપવામાં આવેલ ચુકાદો રજુ કરેલો છે. ઉપરોક્ત કેઈસમાં પણ હંગામી કર્મચારીને ચાર વર્ષની નોકરી બાદ અનસેટીસફેકટરી કામગીરીના કારણે છુટા કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત કેઈસમાં પણ કર્મચારીએ એક વર્ષમાં ૨૪૦ દિવસ નોકરી કરી હતી અને આથી રીટ્રેન્ચમેન્ટનું પગલું ગેરકાયદેસર ઠરાવી નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કર્યો હતો.

૨૦૦૧, એલ.આઈ.સી., પાના ૨૨૦ ઉપરનો નામદાર કલકત્તા હાઈકોર્ટનો કલકત્તા ટેલીફોન્સ વિરૂદ્ધ રીન્ટુ બગચીના કેઈસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. ઉપરોક્ત કેઈસમાં કર્મચારી કેજ્યુઅલ કામદાર હતાં, અને વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની કામગીરી કરેલ હતી. આથી કલમ-૨૫-એફનુ પાલન કર્યા વગર છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવેલ હતું.

૨૦૦૦, ફર્સ્ટ એલ.એલ.જે., પાના ૧૦૭૦, નામદાર જમ્મુ-કાશ્મીર હાઈકોર્ટનો ચુકાદો જે એક્ઝીક્યુટીવ એન્જીનીયર, ફલડ કન્ટ્રોલ ડીવીઝન, અવન્તીપોરા વિરૂદ્ધ પ્રીસાઈડીંગ ઓફીસર, ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ અને બીજાઓના કેઈસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. જેમાં આઈ.ડી. એક્ટની કલમ-૨-ઓઓ-બીબીની ચર્ચા કરવામાં આવેલ છે. આ કેઈસમાં પણ કર્મચારી એક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંત કામગીરી કરેલ હતી, અને આઈ.ડી. એક્ટની કલમ-૨૫-એફનું પાલન કરવામાં આવ્યું ન હોય, છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવવામાં આવ્યું હતું

ઉપરોક્ત તમામ ચુકાદાઓ આઈ.ડી. એક્ટ, ૧૯૪૭ની કલમ-૨૫-એફની જોગવાઈઓને ધ્યાને લઈને આપવામાં આવેલ છે. દરેક કિસ્સામાં કર્મચારીને એક વર્ષમાં ૨૪૦ દિવસની નોકરી કરેલ હતી. તેમજ કર્મચારીએ એક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની નોકરી કરેલી હોય, અને કર્મચારીનો કેઈસ આઈ.ડી. એક્ટની કલમ-૨ઓઓ-બીબીમાં પડતો ન હોય, ત્યારે કલમ-૨૫-એફનું પાલન કરવું જરૂરી છે. અને આ જોગવાઈનું પાલન કર્યા સિવાય કર્મચારીને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરે. કર્મચારીના કિસ્સામાં સ્પષ્ટપણે એક વર્ષમાં ૨૪૦ દિવસની કામગીરી કરેલી છે, તેવો કોઈ પુરાવો નથી, અને કર્મચારીને મનાઈ હુકમના કારણે જે નોકરી કરી છે. તે નોકરી ૨૪૦ દિવસની ગણતરીમાં લઈ શકાય નહીં. આમ આ તમામ ચુકાદાઓ કર્મચારીને મદદરૂપ થઈ શકતાં નથી.

કર્મચારી તરફે ૧૯૮૪, ફર્સ્ટ જી.એલ.આર., પાના ૬૪૧ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જેં ગણપત રમણલાલ દવે વિરૂદ્ધ ડીવીઝનલ સુપ્રીન્ટેન્ડન્ટ, વેસ્ટર્ન રેલ્વે, બરોડાના કેઈસમાં આવેલ ચુકાદો રજુ કરેલ છે. ઉપરોક્ત ચુકાદામાં નોકરીમાંથી છુટા કરવાની આકરી

INDEX

શિક્ષા ફક્ત સસ્પીશીયસ અને માલાફાઈડ ઈન્ટેન્શનના કારણે કરી શકાય નહીં. કર્મચારી સામે એવો આક્ષેપ હતો કે કર્મચારીએ ટ્રેનમાં ઉપલી બર્થ પેસેન્જરને વેચેલ હતી. કેઈસમાં ઠરાવવામાં આવ્યું કે છુટા કરવાનો હુકમ ફક્ત અનુમાન ઉપર લેવામાં આવ્યો છે, અને કોઈ પોઝીટીવ એવીડન્સથી કર્મચારીની ગેરવર્તણુંક પુરવાર કરી નથી. ઉપરોક્ત ચુકાદો આ કર્મચારીના કિસ્સામાં કોઈપણ રીતે મદદરૂપ થતો નથી. કર્મચારીના કિસ્સામાં હકીકતો જોતાં કર્મચારી હંગામી ધોરણે રાખેલ હતાં, અને તેને કોઈ ગેરવર્તણુંકનાં કારણે અનુમાન ઉપર આધાર રાખી છુટા કરવામાં આવ્યા નથી. આ સંજોગોમાં આ ચુકાદો તેમને મદદરૂપ થઈ શકતો નથી.

આ જ રીતે ૨૦૦૨, થર્ડ એલ.એલ.જે., પાના ૯૩ ઉપર પ્રસિદ્ધ થયેલ ના. પંજાબ અને હરીયાણા હાઈકોર્ટનો ચુકાદો મુન્શીરામ અને પ્રીસાઈડીંગ ઓફીસર, લેબર કોર્ટ અને બીજાઓના કેસમાં આવેલ તે રજુ કરેલ છે. જેમાં પ્રોબેશન પીરીયડ દરમ્યાન કર્મચારીને છુટા કરવાનો હુકમ punitive, though appearing on its face innocuous હોય તો તે ટકી શકતો નથી. ઉપરોક્ત ચુકાદાની હકીકતો કર્મચારીના કેઈસ કરતાં તદ્દન ભિન્ન પ્રકારની હોય, કર્મચારીના કેઈસમાં તેઓને પ્રોબેશન ઉપર લેવામાં આવ્યા નથી, કે શિક્ષાત્મક રૂપે નોકરીમાંથી છુટા કરવામાં આવેલ નથી. કર્મચારીના કેઈસમાં હંગામી ધોરણે રાખેલ હોય, કર્મચારીના કામની જરૂરીયાત ન હોવાથી તેમને છુટા કરવામાં આવ્યા છે.

૨૦૦૨, થર્ડ જી.એલ.આર., પાના નંબર ૨૫૪૧ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો કે જે ગુજરાત એગ્રીકલ્ચર યુનીવર્સીટી વિરૂદ્ધ ઓલ ગુજરાત કામદાર કર્મચારી સંઘ કેઈસમાં આપેલ તે રજુ કરેલ છે. ઉપરોક્ત કેઈસમાં આઈ.ડી.એક્ટની કલમ-૨-પી, ૧૨-૩, ૩૩ અને ૩૩-એની જોગવાઈઓ અંગે ચર્ચા કરવામાં આવેલ હતીં. ઉપરોક્ત કેઈસમાં જણાવ્યું હતું કે જ્યારે કોઈ ઔદ્યોગિક વિવાદ પેન્ડીંગ હોય, ત્યારે કર્મચારીને કલમ-૩૩ નીચે એપ્રોચ કરવાનો અધિકાર છે. અને કલમ-૩૩ની જોગવાઈઓનો ભંગ થાય તો માલિક જવાબદાર છે, તેવું ઠરાવ્યું હતું. ઉપરોક્ત કેઈસની હકીકતો હાલના કેઈસની હકીકતોથી તદ્દન જુદા જ પ્રકારની હતીં તેથી આ ચુકાદાની હકીકતો હાલના કેઈસમાં કર્મચારીને મદદરૂપ થશે તેમ નથી.

૧૯૯૮ થર્ડ જી.એલ.આર. પારા ૩૧૮ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટ ચુકાદો અબુદલ કરીમ ગુલામનબી મનસુરી વિરૂદ્ધ જનતા કન્ઝ્યુમર કો.ઓ. બેન્ક લી., બીજાઓના કેઈસનો રજુ કરેલ છે. ઉપરોક્ત કેઈસમાં કન્ઝ્યુમર કો.ઓ. સોસાયટીના મેનેજર રજિસ્ટ્રારની પુર્વ મંજુરી સિવાય છુટા કરવામાં આવ્યા હતાં પરંતુ ઉપરોક્ત કેઈસમાં સોસાયટી બાયલોઝમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી, અને આ જોગવાઈનો ભંગ થતો હતો લાગુ પડતાં બાયલોઝ ૪૭(૧) માં એવી જોગવાઈ હતી કે મેનેજર, મેનેજીંગ ડીરેક્ટર, અને એક્ઝીક્યુટીવ ઓફીસરની નિમણુંક, ડીસમીસલ અને રાજીનામાની બાબતોમાં રજિસ્ટ્રારની મંજુરી લેવી જરૂરી હતી. અને આ પ્રોસીઝરનો ભંગ કરવામાં આવ્યો હતો. આમ ઉપરોક્ત કેઈસમાં સોસાટીના બોયલોઝમાં એપ્રુવલ અંગેની જોગવાઈ

હતી, અને આવી એપ્રુવલ લેવામાં આવેલ ન હોય, નામદાર હાઈકોર્ટ રીટ્રેન્ચમેન્ટનો હુકમ ગેરકાયદેસર ઠરાવ્યો હતો. કર્મચારીના કિસ્સામાં કર્મચારી આવી કોઈ જોગવાઈ હોવાનું બતાવી શક્યા નથી, કે બે લાગુ પડતા કોઈ નિયમો, પેટા-નિયમોમાં આવી કોઈપણ જોગવાઈ છે કે, કોઈપણ હંગામી કાયમી કર્મચારીને છુટા કરતાં પહેલાં રજિસ્ટ્રારની પુર્વ પરવાનગી લેવી જોઈએ.

જેમાં નોકરીમાંથી દુર કરવા સમાપ્ત કરવી અને છુટા કરવાની બાબત છે. તેનો ઉલ્લેખ કરેલો છે. ગુજરાત સહકારી મંડળીના કાયદાની કલમ ૩ જોઈએ તો તેમાં કોઈ પેટા કલમ ૧૭ નથી. આ જ રીતે કલમ ૩માં રજીસ્ટ્રાર, બીજા અધિકારીઓ, અને તેની સત્તાઓ અંગે ચર્ચા કરવામાં આવી છે. તેમાં કર્મચારીને નોકરીમાંથી દુર કરવા સમાઙ્ગ કરવા, અને છુટા કરવા બાબતની કોઈ જોગવાઈ કરવામાં આવી નથી. આ જ રીતે કલમ ૧૭ જુદી છે, તેમ માનીએ તો કલમ ૧૭ જોતાં કલમ ૧૭ એમાલ્ગમેશન, ટ્રાન્સફર, ડીવીઝન ઓફ

કન્વેન્શન ઓફ સોસાયટી અંગે જણાવેલ છે. આમ કલમ ૧૭ માં પણ જે કંપનીઓને ગુજરાત સહકારી મંડળીનો કાયદો લાગુ છે, તેમાં આવી તમામ મંડળીઓને તેમના કાયમી, કે હંગામી કર્મચારીને છુટા કરતા પહેલાં કો. ઓ. સોસાયટી એકટ નીચેના રજીસ્ટારની પરવાનગી લેવી જોઈએ, તેવો કોઈ ઉલ્લેખ કરવામાં આવેલો નથી.

(૧૩) ૨૦૦૬ સેકન્ડ જી.એલ.એચ., પાના ૬૫૯ ઉપરનો નામદાર ગુજરાત હાઈકોર્ટનો પરમાર દિપુભાઈ અને બીજાઓ વિરૂધ્ધ રજીસ્ટ્રાર ઓફ કો. ઓ. સોસાયટીઝ અને બીજાઓના કેઈસમાં આવેલ ચુકાદો રજુ કરેલ છે. ઉપરોકત ચુકાદામાં કો. ઓ. સોસાયટી એકટ નીચે રજીસ્ટ્રારને કલમ ૧૬૦ નીચે ડાયરેકશન આપવાની સત્તાઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. ઉપરોકત ચુકાદામાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે રજીસ્ટ્રારને ઘણા મર્યાદીત પાવર આવી મંડળીઓનો ધંધો, મેનેજમેન્ટ, અને સોસાયટીના બંધારણ અંગે છે. અને તેમાં કર્મચારીની નિમણુંક અંગેનો પણ સમાવેશ થાય છે, રજીસ્ટ્રારને સોસાયટીના કર્મચારી ઉપર કોઈ ડીસીપ્લીનરી કન્ટ્રોલ નથી. આ જ રીતે રજીસ્ટ્રારને આવા કર્મચારીઓની નિમણુંકની પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવાની કોઈ જોગવાઈ કે સત્તા નથી. રજીસ્ટ્રાર કો. ઓ. સોસાયટીના વડા નથી. અને તેને કર્મચારીની નિમણુંક તેમજ છુટા કરવાના કિસ્સામાં હસ્તક્ષેપ કરવાની કોઈ સત્તા નથી ઉપરોકત ચુકાદામાં રજીસ્ટ્રારે કર્મચારીઓને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવેલ તે હુકમ ગેરકાયદેસર ઠરાવ્યો છે. રજીસ્ટ્રારે જે નીચેના અધિકારીની નિમણુંક કરી હોય, તેના ઉપર સુપરવીઝનના પાવર છે. પરંતુ તે કો. ઓ. સોસાયટીના વડા નથી. કલમ ૧૬૦ સોસાયટીના મેનેજમેન્ટમાં ઘણા જ મર્યાદીત સત્તા આપે છે. મેનેજમેન્ટ ઘણી એકટીવીટી કરતાં હોય છે. અને તેના માટે કર્મચારીની નિમણુંક કરે છે. જરૂર પડે છુટા પણ કરે છે, પરંતુ આવો છુટા કરવાનો હુકમ કેન્સલ કરવાની તેને કોઈ સત્તા નથી. જે કર્મચારીની નિમણુંક કરવામાં આવી હોય, તેને છુટા કરવાનો સોસાયટીને અધિકાર છે. સોસાયટીને લાગુ પડતાં બાયલોઝમાં આવા કર્મચારીને છુટા કરતાં પહેલાં રજીસ્ટ્રારની એપ્રુવલ લેવી જોઈએ, તેવી જોગવાઈ કરવા કોઈ જરૂર નથી, અને આવી જોગવાઈને કોઈ કાયદાકીય ફોર્સ નથી. આમ આવા કોઈ બાયલોઝ અથવા રેગ્યુલર અથવા રેગ્યુલેશન અથવા સ્ટેમ્યુટરી રૂલ્સના અભાવે કર્મચારીને છુટા કરતાં પહેલાં રજીસ્ટારની એપ્રુવલ લેવાની જરૂરીયાત નથી. રજીસ્ટ્રારને કોઈ કવોસી જયુડીશીયલ પાવર નથી. અથવા તો કોઈ એડમીનીસ્ટ્રેટીવ પાવર્સ કર્મચારીની નોકરીની શરતો, જેવી કે ભરતી અંગે નથી. રજીસ્ટ્રારને જનરલ સુપરવીઝનના પાવર્સ છે. તેમાં સભ્યોનું હીત જોવાનું છે. પરંતુ મેનેજમેન્ટમાં અથવા તો રોજીંદી સોસાયટીની ક્રિયા કે જેમાં કર્મચારીની ભરતી કરવાની હોય, તે અંગે હસ્તક્ષેપ કરવાની કોઈ સત્તા નથી. આમ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જોતાં, એ હકીકત સ્પષ્ટપણે પુરવાર થાય છે કે, ગુજરાત કો. ઓ. સોસાયટી એકટ નીચે કાયમી કે હંગામી કર્મચારીને છુટા કરતાં પહેલાં રજીસ્ટ્રારની પરવાનગી લેવી જોઈએ, તેવી કોઈ જોગવાઈ નથી. આમ જયારે કર્મચારી

નિમણુંક કે છુટા કરતાં પહેલાં રજીસ્ટ્રારની પરવાનગી લેવાની કોઈ જોગવાઈ ન હોય, બેન્કના સાક્ષીએ ગમે તે જુબાની આપી હોય, તેનો કોઈ અર્થ રહેતો નથી. જયારે કાયદાની જોગવાઈ સ્પષ્ટ હોય, તેમાં કોઈપણ સાક્ષીની એક લીટીની જુબાની કાયાદની હકીકતને ફેરવી શકતી નથી. બેન્કના સાક્ષી સ્પષ્ટપણે જણાવે છે. કે, હંગામી કે કાયમી કર્મચારીને છુટા કરવાની બાબત માટે રજીસ્ટ્રારની પરવાનગી લેવાની જરૂર નથી. કારણ કે તે બેન્કની રોજીંદી કાર્યવાહીની બાબત છે. આમ જયારે કાયદાની જોગવાઈ જોતાં પણ કર્મચારીને છુટા કરતાં પહેલા રજીસ્ટ્રારની પુર્વ મંજુરી લેવાની ન હોય, ત્યારે મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ તેમના ચુકાદા ઉપર તમામ ભાર આ મુદ્દા ઉપર મુકયો તે યોગ્ય અને કાયાદકીય નથી. જયારે રજીસ્ટ્રારની પરવાનગી લેવાની જરૂર ન હોય ત્યારે બેન્કે કઈ પ્રક્રિયા કરી કર્મચારીને છુટા કર્યા તે મુદ્દા ઉપર અદાલત કોઈ નિર્ણય કરી શકતી નથી બેન્કે કઈ રીતે તેમનો વહીવટી સત્તા વાપરી ઠરાવ કર્યા, તે સંજોગોમાં જવાની કોઈ સત્તા નથી. ઠરાવ કરવાની પ્રક્રિયા શંકાસ્પદ છે, તેના આધારે છુટા કરવાનું પગલું ગેરકાયદેસર છે તેવો નિર્ણય યોગ્ય અને વ્યાજબી નથી. આમ ચુકાદામાં ગુજરાત કો. ઓ. સોસાયટી જે કલમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે કલમોમાં એવી કોઈ જોગવાઈ નથી, કે કર્મચારીને છુટા કરતાં પહેલાં રજીસ્ટ્રારની પરવાનગી લેવી પડે ગુજરાત કો. ઓ. સો. એકટ નીચે હજારો સહકારી મંડળીઓ નોંધાયેલ હોય છે. આવી દરેક સહકારી મંડળીના હંગામી કે કાયમી કર્મચારી સબંધે રજીસ્ટ્રારની પુર્વ પરવાનગી લેવી, તેવી જોગવાઈ હાસ્યાસ્પદ ઠરે કારણ કે કોઈપણ કર્મચારીને છુટા કરવા કે નિમણુંક કરવી, તે મેનેજમેન્ટની સત્તાની બાબત છે. રજીસ્ટ્રારે કો. ઓ. સો. એકટ નીચેની કાયદાની જોગવાઈનું પાલન થાય છે કે કેમ ? તે સુપરવાઈઝરની કેપેસીટીમાં જોવાનું હોય છે. નહીં કે બેન્કની આર્થીક બાબતોમાં માથું મારી, તેની કાયદેસરતા નક્કી કરવાની હોય છે આમ ગુજારત કો. ઓ. સોસાયટી એકટ નીચેની જોગવાઈનો ભંગ કર્યો છે. અને રજીસ્ટ્રારની પુર્વ પરવાનગી લીધા વગર કર્મચારીને છુટા કરવામાં આવ્યાં છે. તેવા તારણો યોગ્ય અને કાયદાકીય નથી. આથી તે રદ કરવામાં આવે છે.

૧૪. બીજો મહત્ત્વનો મુદો એ છે કે હંગામી કર્મચારીને છુટા કરવાનું પગલું કાયદેસર છે કે કેમ ? તે નક્કી કરવાનું છે. ચુકાદામાં રજીસ્ટ્રારની પુર્વ મંજુરી લીધા વગર છુટા કરવામા આવે છે. તેથી ગેરકાયદેસર ઠરાવ્યુ છે. પરંતુ બાકીના બીજા મુદાઓની કોઈ ચચ કરવામાં આવી નથી. મજુર અદાલત સમક્ષ બેન્ક તરફે આ કર્મચારી હંગામી છે અને તેને ફીકસ સમય પુરો થતાં તેઓ છુટા થાય છે, અને તેઓની નિમણુંક કાયદસરની પ્રક્રિયા કર્યા વગર છુટા કરવામાં આવેલ હોય, કાયમી થવાનો કોઈ અધિકાર નથી આથી છુટા કરવાનું પગલું કાયદેસર છે, તેમ જણાવ્યું હતુ.

૧૫. અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ તેઓના ચુકાદામાં કર્મચારીનં વર્તણુંક ઉપર કોઈ ભાર મુકયો નથી. અને એ મુદ્દા ઉપર ચર્ચા કરી હતી કે કર્મચારીને

INDEX

કાયમી કરવાનો હુકમ કરવામાં આવ્યો, ત્યાર બાદ વચ્ચે અપીલનો સમય ગયો ત્યારે અને તે પછી અપીલના સમયમાં કર્મચારીને છુટા કરવા સામે કોઈ મનાઈ હુકમ ન હતો. આ જ રીતે જયારે અપીલ કાઢી નાખવામાં આવી ત્યારે પણ કોઈ મનાઈ હુકમ ન હતો. ચુકાદામાં બેન્કનાં સંજોગો કેવા હતાં, તે ઉપર કોઈ ધ્યાન આપવામાં આવ્યુ નથી. અને બેન્કન વર્તણુંક શંકાસ્પદ છે, તે મુદ્દા ઉપર વધુ ભાર મુકવામાં આવ્યો છે. એ હકીકત અંગે કોઈ તકરાર નથી કે કર્મચારીને તા. ૬-૧૦-૯૭ ના હુકમથી ૫૮ દિવસ, અને તા. ૧૪-૬-૦૧ના હુકમથી ૫૭ દિવસ માટે નિમણુંક આપવામાં આવી હતી. વચ્ચેના સમયમાં નોકરીનો સમયગાળો પુરો થતાં નોકરીનો અંત આવતો હતો. આમ કર્મચારીને બેન્કને લાગુ પડતાં ભરતીના નિયમો મુજબ કોઈ ભરતી કરવામાં આવી ન હતી, અને હંગામી કામની જરૂરીયાત ઉપસ્થિત થતાં નોકરીમાં રાખવામાં આવ્યાં હતા. તા. ૧૪-૬-૦૧ ના રોજ ૫૭ દિવસનો હુકમ પુરો થયેલ હતો, અને અરજદાર નોકરીમાં ચાલુ ન હતાં. તેમ છતાં બી.આઈ. આર. અરજી નં. ૧૬/૦૧ દાખલ કરી મનાઈ હુકમ મેળવેલ હતો આમ બેન્કની નહીં પરંતુ કર્મચારીની વર્તણુંક યોગ્ય ન હતી તેઓ પોતે જાણતાં હતાં કે, તેઓ હંગામી કર્મચારી છે, તેમ છતાં કેઈસ દાખલ કરી, મનાઈ હુકમ મેળવેલ હતો. અને મનાઈ હુકમના આધારે કાયમી કરવાનો હુકમ મેળવેલો અને કાયમી થવાનો હુકમ થયા બાદ તા. ૧-૮-૦૩ના રોજ ફરજ ઉપર હાજર થયેલ છે. મજુર અદાલતના ઉપરોકત હુકમને ઔદ્યોગિક અદાલત સમક્ષ અપીલ આઈ.સી. નં. ૧૪/૦૫ થી પડકારવામાં આવેલો અને તા. ૮-૫-૦૬ ના રોજ ચુકાદો આપી, મજુર અદાલતનો હુકમ રદ કરવામાં આવ્યો હતો મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ નાના અને સક્ષમ મુદ્દાઓ ઉપર ભાર મુકયો હતો કે, કાયમી કરવાનો હુકમ કર્યો, અને તે પછી અપીલ દાખલ કરી, ત્યાં સુધી કોઈ મનાઈ હુકમ ન હતો. આ જ રીતે અપીલમાં છુટા કરવા સામે કોઈ મનાઈ હુકમ ન હતો. તે સાથે એ પણ [illegible] છે કે, અપીલ દાખલ કરવામાં ત્રણ વર્ષનો વિલંબ થયો હતો, અને આ વિલંબને ઔદ્યોગિક અદાલતે માન્ય રાખી ગુણદોષ ઉપર ચુકાદો આપ્યો હતો. પરંતુ જયારે મજુર અદાલતનો મનાઈ હુકમ હોય, ત્યારે કર્મચારીને છુટા કરી શકાય નહીં. આ જ રીતે જયારે મજુર અદાલતે કર્મચારીને કાયમી કરવાનો હુકમ કર્યો હોય, ત્યારે પણ હંગામી કર્મચારી હોવાના કારણોસર છુટા કરી શકાય નહીં. આ તમામ મુદ્દાઓ મજુર અદાલતે ધ્યાનમાં લીધી નથી. અથવા તો આ મુદ્દાઓની અવગણના કરી છે. જયારે ઔદ્યોગિક અદાલતે મજુર અદાલતનો કાયમી કરવાનો હુકમ રદ કર્યો, ત્યારે બેન્કે આ કર્મચારી હંગામી હોવાથી તેઓને નોકરીમાંથી છુટા કરેલાં છે. સ્પષ્ટપણે આ સામે કર્મચારીને કાયમીનું સ્ટેટસ હોવાથી છુટા કરવાનું પગલું યોગ્ય અને કાયદાકીય હતું. કારણ કે કાયમી કર્મચારીને છુટા કરતાં પહેલાં બેન્કે ઘણી પ્રક્રિયા કરવી પડે. ગેરવર્તણુંક માટે ખાતાકીય [illegible] પાસ કરવી પડે, અને જયારે કર્મચારીએ ખોટી રીતે કાયમીનો મનાઈ હુકમ મેળવ્યો હોય, ત્યારે સ્પષ્ટપણે અપીલનો ચુકાદો આવે ત્યાં સુધી રાહ

જોવાનું પગલું યોગ્ય અને વ્યાજબી હતું. આમ બેન્કે છુટા કરવાના હુકમમાં જે પ્રક્રિયા ઝડપથી કરી, તેને શંકાસ્પદ ઠરાવવાનું પગલું કોઈપણ રીતે યોગ્ય અને વ્યાજબી કહી શકાય નહીં. ખરેખર વાસ્તવમાં કર્મચારીની વર્તણુંક યોગ્ય કહી શકાય નહી, કે તેઓને હંગામી તરીકે હુકમ મળ્યો હોવા છતાં અને કર્મચારી જાણતાં હતા કે, તેઓને હંગામી ધોરણે કામ ઉપર લેવામાં આવે છે, છતાં ખોટી રજુઆત કરીને, મનાઈ હુકમ મેળવેલ છે, તેમજ કાયમી કરવાનો હુકમ પણ મેળવેલ છે.

૧૬. કર્મચારીને કાયમી કરવાના મજુર અદાલતના હુકમ સામે બેન્કે અપીલ આઈ. સી. નં. ૧૪/૦૫ દાખલ કરી હતી. ઔદ્યોગિક અદાલતના ન્યાયાધીશશ્રીએ તેઓના વિદ્વતાભર્યા ચુકાદામાં મજુર અદાલતનો કર્મચારીને કાયમી કરવાનો હુકમ પુરાવા હકીકતો અને કાયદાની જોગવાઈઓનું અર્થઘટન અને મુલ્યાંકન કરવાની ભુલના કારણે હુકમ કરેલો હોય, ગેરવ્યાજબી છે, અને તેથી ગેરકાયદેસર ઠરાવી રદ કર્યો હતો. ઔદ્યોગિક અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ તેઓના ઉપરોકત ચુકાદામાં જે તારણો નોંધ્યાં હતા, તે તારણોની નોંધ કરવી અગત્યની અને મહત્ત્વની છે. ઉપરોકત ચુકાદાના પેરા-૨૫,૨૮, ૩૦ અને ૩૩માં જે નોંધ કરી છે, તે નીચે મુજબ છે.

પેરા-૨૫ :-પંચાયતમાં લોકશાહીનું જતન અને ચિંતન કરવા કાનુની રીતે જવાબદાર તેવા અધિકારી, પદાધિકારી, ચેરમેન, મેનેજર, બોર્ડ ઓફ ડીરેકટર્સ, સ્થાયી આદેશો અને સમાધાનની જોગવાઈનો ભંગ કરી, કાયદામાં જે માન્ય નથી, તેવા પ્રકારે ઠરાવો હુકમો નિમણુંક કરી, નિયમોથી વિરૂધ્ધ વર્તન કરે, તેવા કેસમાં અદાલત દ્વારા જે ન્યાયી ફેંસલો થયેલ હોય, તે ખરા અને સાચા અર્થમાં મેરીટસ ઉપર થયેલ ફેંસલો ગણાય કે કેમ ? તે પ્રશ્ન છે. અને આવું બને ત્યારે લીમીટેશનનાં મુદ્દા ઉપર અપીલ જો ધ્યાનમાં ન લેવાય તો એક વખત આવેલો ફેંસલો પછી ભલે તે ખોટો હોય, તો પણ તેનો અમલ સંસ્થાએ કરવો જ પડયો આથી પણ જયારે ઔદ્યોગિક ન્યાયશાસ્ત્રમાં ઔદ્યોગિક વિવાદનો ન્યાયનિર્ણય કરવો હોય, ત્યારે લીમીટેશનની બાબતને વચ્ચે ન લાવતાં ડીલે માટે ભુતકાળનાં સમય ગાળા માટે જો અરજદાર જે રીલીફ માટે હકકદાર હોય, તેટલા સમય પુરતો ડીલેના કેસમાં મોડા પડનારને રીલીફ ન મળે પણ ડીલેનાં કારણસર અરજી જ ગુણદોષ ઉપર જો સાંભળવાની અને તેનો ન્યાય નિર્ણય કરવાની પરવાનગી અરજદારને આપવામાં ન આવે, તો જે નિર્ણય કાયદાની તથા હકીકતોનાં અર્થઘટન અને મુલ્યાંકન કરવાની ભુલ કરીને કરવામાં આવેલ હોય, તે કાયમ રહેવા પામે, અને તેમ થાય તો ન્યાય માગનારને સાચો ન્યાય કયારેય મળે જ નહીં. અદાલતનો કોઈપણ ફેંસલો હકીકતોના ગુણદોષ ઉપર અપાયેલ હોવા જોઈએ. બેન્ક તરફની સાચી હકીકતો, માહિતી, પુરાવા, દસ્તાવેજો જ નહીં પણ આ કેસમાં બેંક તરફે મૌખિક કે દસ્તાવેજી પુરાવો, સાક્ષી પણ બેન્કે તપાસેલ નથી. જે બાબત જ શંકાસ્પદ ભૂમિકા, રીત રસમો, પક્ષકારોના પ્રતિનિધિઓ દ્વારા મુળ અરજીમાં ભજવાયેલ હોવાનું સ્પષ્ટ થાય છે. સામાવાળાની અરજદાર બેન્કમાં હંગામી પટાવાળા તરીકેની નિમણુંક થયેલ છે. બી.આઈ.આર. અરજી નં. ૧૬/૦૧ દાખલ કરી મનાઈહુકમ મેળવેલ છે.

INDEX

પેરા-૨૮ :- બેન્ક અને પ્રતિનિધિત્વ સંઘ સાથે સમાધાનથી તેમજ સરકારી પરિપત્રો, ઠરાવો, અને નિયમોથી બેન્કમાં કાયદેસરની ભરતી પ્રક્રિયા માટે નિયત કાર્યપ્રણાલી નક્કી થયેલ છે. તે મુજબ બેન્કમાં કાયમી સંખ્યાબળમાં વધારો કરવો હોય, તો આ કાયમી ખાલી જગ્યા ભરવી હોય, તો તે માટે જાહેર સમાચારપત્રમાં જાહેર ખબર આપવી પડે. રોજગાર વિનીમય કચેરીમાંથી નામો મંગાવવા પડે. લેખીત કસોટીમાંથી પાસ થયા પછી મેરીટનાં ધોરણે મૌખિક ઈન્ટરવ્યુમાંથી પસાર થયા પછી પસંદગી સમિતિ દ્વારા પસંદગી પામ્યા પછી યોગ્ય ઉમેદવારને તેમની લાયકાત અને મેરીટના ધોરણે સરકારી બેન્કમાં ભરતી માટે નિયુક્તિ અપાય છે. હાલના સામાવાળાના કેસમાં આવી કોઈ ભરતી પ્રક્રિયા અનુસરવામાં આવેલ હોય, તેવો એક પણ પુરાવો કે દસ્તાવેજ અરજદારે તેમની અરજીની હકીકતોનાં સમર્થનમાં સમખાવા પુરતો પણ રજુ કરેલો નથી. જે મુળ અરજી તથા અપીલ અરજીનાં રેકર્ડ ઉપરથી સ્પષ્ટ થાય છે. ગુજરાત સરકારશ્રીનાં વખતોવખતના પરિપત્રો હુકમો, આદેશો અનુસાર જાહેર ક્ષેત્રની કોઈપણ કચેરીમાં કોઈપણ જગ્યા ખાલી પડે તો તેવી તમામ જગ્યાઓની જાણ રોજગાર વિનીમય કચેરીને કરવી ફરજીયાત છે. સરકારશ્રીનાં શ્રમ અને રોજગાર વિભાગનાં પરિપત્ર ક્રમાંક : ૨૭૨-૧૦૮૩-૧૬૯૧-૨(૨) તા. ૧૮-૯-૮૭ તથા પરિપત્ર ક્રમાંક : ૨૭૨-૧૦૯૦-૧૦૮૩-૨(૨) તા. ૨-૮-૯૧ મુજબ જાહેર ક્ષેત્રની તમામ કચેરીએ આ પરિપત્રનું પાલન કરવું ફરજીયાત ઠરાવેલ છે. આ ઉપરાંત ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના પરિપત્ર ક્રમાંક : ૨૭૨-૧૦૮૩-૧૬૯૧-૨(૨) સચિવાલય ગાંધીનગર તા. ૧૮-૯-૮૭માં જણાવ્યા મુજબ સરકારી સંસ્થા/કચેરીમાં તેમજ જાહેર ક્ષેત્રમાં આવતી સંસ્થાઓ, બીજા અર્ધ સરકારી સંસ્થાઓમાં ૨૫ કે તેથી વધુ કર્મચારીઓને નોકરીમા રાખનાર ખાનગી સંસ્થાઓને પણ ધી એમ્પ્લોયમેન્ટ એક્સચેન્જ (કમ્પલસરી નોટીફીકેશન ઓફ વેકેન્સી) એક્ટ ૧૯૫૯ અને નિયમો-૧૯૬૦ જે અમલમાં છે, તે મુજબ રોજગાર વિનીમય કચેરીઓને ખાલી જગ્યાઓની જાણ કરવાનું ફરજીયાત છે. વર્ગ-૩ અને વર્ગ-૪ની રૂા. ૮૦૦ સુધીની મુળ પગારની જગ્યાઓ માટે ભરતી કરવી હોય, તો આવી ભરતી રોજગાર વિનીમય કચેરી મારફતે જ કરવી ફરજીયાત છે. સદર પરિપત્ર (ક્લમ-૨) માં સહકારી બેંકોને પણ આ પરિપત્રથી આવરી લેવામાં આવેલ છે. એટલે કે બંધારણની જોગવાઈ અનુસાર દેશમાં લાયક અને યોગ્ય ઉમેદવારને પોતાની લાયકાતનાં ધોરણે કોઈપણ જાતની વગ કે ભલામણ સિવાય કાનુની પ્રક્રિયા દ્વારા જ સહકારી બેન્ક કે જે જાહેર ક્ષેત્રમાં આવતી હોય, તેવી બેન્કમાં ભરતી માટે સૌને સમાન તક મળી રહે તે માટે ઉપરોકત વૈદ્યાનિક જોગવાઈ સિવાય જો બેન્કના ચેરમેન કે મેનેજર કે બોર્ડ ઓફ ડીરેકટર પોતાની સત્તા અને અંકુશ મર્યાદા બહાર જઈ પોતાના ઓળખીતા પાળખીતા, નજીકના સગાસંબંધીને ગમે તે રીતે ગમે તે ધોરણે બેન્કમાં હંગામી નોકરી આપી દે, એ અભિગમ પણ વ્યાજબી અને કાયદેસર નથી. કારણ કે સમગ્ર ભારત દેશમાં હજારો અને લાખોની સંખ્યામાં હોશીયાર આવડતવાળા, લાયકાતવાલા શૈક્ષણિક ઉજ્જવળ કારકીર્દી ધરાવતા બેકારો નોકરી મેળવવા માટે કતારમાં વર્ષોથી રાહ જોઈને ઉભા છે. વળી હંગામી નિમણુંક આપી હોય, તો આવી નિમણુંક મેળવનાર

INDEX

કર્મચારી કરારયુકત સમય પુરો થાય, ત્યાં સુધી જ નોકરી કરવા અધિકૃત છે. પણ કાયમી થવા માટે ઉપરોકત પ્રકિયામાંથી પસાર થયા વિના જો આવા હંગામી કર્મચારીને અદાલત પોતાની હકુમત બહાર જઈ, કાયદાના પ્રબંધોના ભંગ થાય, તે રીતે પણ મનાઈ હુકમ આપી, આવા હંગામી કર્મચારીને કરારયુકત સમય પછી પણ ચાલુ રાખવા હુકમ ફરમાવે, તો તેવો હુકમ કાયદેસર નથી, તેથી રદ થવાને પાત્ર ઠરે છે. આથી મજુર અદાલતનો હુકમ કાયદેસર યોગ્ય વ્યાજબી અને ન્યાયી નથી, તેથી તે રદ થવાને પાત્ર છે.

પેરા-૩૦ :- જો આવા પ્રકારની હંગામી કે એડહોક નિયુકતી તેમજ નીતી-નિયમો વિરૂદ્ધની ભરતીની પ્રકિયાને અદાલત દ્વારા બહાલી આપવામાં આવે, તો તેનાંથી ગંભીર નાણાકીય કટોકટીમાં મૃતપ્રાય થતી જાહેર સંસ્થાઓ, લોક સ્વાતંત્ર્યની જાળવણી માટે કાર્યરત લોકતંત્રની સંસ્થાઓમાં આવી પાછલા બારણાની ભરતીથી નિમાયેલ રોજમદાર કે કામચલાઉ કર્મચારીને ચાલુ રહેવા દેવામાં આવે, તો તેનાથી આવી સંસ્થાઓ ઉપર નાણાકીય બોજ વધે અને જાહેર હિતનાં કામો તેનાથી અટકે સમાનતાની તકો જાહેર જનતાને ન મળે, એકનાં હીત માટે લાખો લાયકની તક જતી રહે અને સમાનતાના સિદ્ધાંતોનો પણ જાહેર નીતી અને જાહેર હિતને બંધારણનાં પ્રબંધોની અવગણના થાય. તેવા પ્રકારની ભરતીને કાયદેસરની કરવાનો મજુર અદાલત કે ઔદ્યોગિક અદાલતને કોઈ હક્ક કે અધિકાર નથી. કાયદાની પ્રકિયા અનુસર્યા વિનાની ભરતી હોય, તેવા કેસમાં ડેઈલી કે હંગામીને કે કાયમી કરવા કે વચગાળાનો મનાઈહુકમ આપી જરૂર ન હોય, તો પણ નોકરી પર ચાલુ રાખવાનો હુકમ કરવો તે ન્યાયની પ્રણાલિનાં ભંગ સમાન અને ગેરવ્યાજબી તથા ગેરકાયદેસરનું પગલું છે. તેવું ઉપરોકત ચુકાદાઓમાં નામદાર ગુજરાત હાઈકોર્ટની કુલ બેન્ચે ઠરાવેલ છે.

પેરા-૩૩ :- આ કામમાં રજુ થયેલ દસ્તાવેજી પુરાવો, બી.આઈ.આર. એકટનાં પ્રબંધો તેમજ બેન્કને લાગુ પડતાં વહીવટી નિયમો, સરકારી પરિપત્રો, બેન્કના સ્થાયી હુકમો, સમાધાનો અને સબંધીત શ્રમયોગીના કેઈસની હકીકતો, સંજોગો અને પરિસ્થિતિ ધ્યાનમાં લેતાં હાલનાં આ અપીલના કામમાં એપેલન્ટ બેન્કના જવાબદાર સત્તાધિકારીઓ, વહીવટકર્તાઓ અને પદાધિકારીઓએ હાલનાં કામના સામાવાળા સાથે મિલાપીપણામાં બેન્કને લાગુ પડતાં નીતિ નિયમો, પ્રબંધો, રીવાજો, પ્રથાઓ, અને પ્રવર્તમાન કાયદાનાં બંધનોને ધોળીને પી જઈને મનમાની રીતે કાયદા વિરૂદ્ધ ઠરાવો કરીને, નિમણુંકો આપીને જે સગાવાદ, જ્ઞાતીવાદ જાતિવાદ અને વાડાબંધીને જે પ્રોત્સાહન આપેલ છે, અને તેના કારણે હંગામી શ્રમયોગીને કે જેને મજુર અદાલત જુનાગઢ પાસેથી કાયમી થવા માટેનો કેસ કરવા માટે કાયદેસરનો કોઈ હક્ક કે અધિકાર નથી. અને અધિનિયમનાં પરિશિષ્ટ-૨ની બાબતનો ન્યાય નિર્ણય કરવાની કોઈ હકુમત અને સત્તા નથી. તેવી મજુર અદાલત જુનાગઢ પાસેથી ખોટી રજુઆતો, ગેર રજુઆતોના આધારે મનાઈહુકમ મેળવી અને બેન્ક તરફે કોઈ યોગ્ય રજુઆત સાક્ષી-પુરાવાઓ, માહીતી અને ઢીલી નીતી દાખવવાથી જે ફેસલાઓ શ્રમયોગીઓની તરફેણમાં મેળવવામાં આવેલ છે, અને તેનાં કારણે આજદિન સુધી બેન્કમાં લાયકાત ધરાવતા ન હોય, તેમજ તદન હંગામીને

કાયમી થવા માટે કાનુની પ્રક્રિયા અનુસર્યા વગર મજુર અદાલતને કે બેન્કના અધિકારીઓને બેન્કમાં કાયમી ધોરણે સમાવિષ્ટ કરવાનો કે કાયમી તરીકેના લાભો આપવાનો કાયદેસર રીતે કોઈ હકક કે અધિકાર ન હોવા છતાં, બેન્ક અને પક્ષકારો તેમજ પક્ષકારોનાં પ્રતિનિધિઓએ અદાલત સમક્ષ રજુ કરવો જોઈતો પુરાવો રજુ નહી કરીને જે રીત, રસમ, પદ્ધતિ અને પ્રક્રિયા અખત્યાર કરેલ છે, તે સમુળગી રદ થવાને પાત્ર છે, અને તેના પરિણામે જુનાગઢ જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્કને જે કાંઈ આર્થીક નુકશાન થયેલ હોય, તે માટે બેન્કના જે તે સમયનાં પદાધિકારીઓ, સત્તાધિકારીઓ અને વહીવટકર્તાઓ જવાબદાર હતાં. અને છે, તેવું આ અદાલતનું નમ્રપણે અને દ્રઢપણે માનવું છે. અને તેથી પ્રજાકીય સંસ્થાને જે કાંઈ નુકશાન થયેલ હોય, તે તમામ રકમ જવાબદાર સત્તાધિશો, વહીવટકર્તાઓ પાસેથી બેન્કે વસુલ કરવાં કે જેથી રાષ્ટ્રમાં એક નોંધનીય દાખલો બેસે કે પ્રજાનાં હિતમાં કામ કરતી બેન્કો માટે પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા બેન્કનાં હિતોની બેન્કની મુડીની તથા શેરહોલ્ડરોનાં હિતોની થતી લુટ કાયદો કેવી રીતે અટકાવી શકે છે. આથી આ બાબતે બેન્કના નવા વરાયેલા ચુંટાયેલા અને નિયુકત થયેલા વફાદાર, પ્રમાણીક ફરજનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ અને રાષ્ટ્રહિત જેના હૈયે વળગેલું છે, તેવા ફરજનિષ્ઠ અધિકારીઓએ પદાધિકારીઓએ આ બાબતે નાણાકીય નુકશાન વસુલાત કરવાના યોગ્ય ઘટતાં પગલાં જનતા અને ન્યાયનાં વિશાળ હિતમાં સત્વરે ભરવાં જોઈએ, તેવું આ અદાલતનું નમ્રપણે માનવું છે.''

૧૭. આમ ઉપરોકત ચુકાદામાં ઔદ્યોગિક અદાલતનાં વિદ્વાન સભ્યશ્રીએ જે તારણો આપ્યા છે, તે તારણો ઘણાં અગત્યનાં છે, અને કર્મચારીની વર્તણુંક કેવા પ્રકારની છે, તે ઉપર ઘણો ભાર મુકેલો છે. આમ મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ તેમની સમક્ષ ઔદ્યોગિક અદાલતના અપીલમાં આપેલ ચુકાદો રજુ થયેલ હોવા છતાં, તેના તારણો પરત્વે કોઈ ધ્યાન આપેલ નથી. અને સ્પષ્ટપણે કર્મચારી અને બેન્કના અધિકારીની વર્તણુંક ઉપર જ ભાર મુકેલો છે. તે ધ્યાને રાખવાની જરૂર હતી, જે ધ્યાને રાખેલ નથી. અને ખોટી રીતે રજીસ્ટ્રારની પુર્વ મંજુરી લીધી નથી, તેવા મુદા ઉપર મહત્તમ ભાર મુકીને બેન્કની વર્તણુંક શંકાસ્પદ છે, તેના આધારે કર્મચારીને છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી ઠરાવવાનું પગલું, પુરાવાનું યોગ્ય મુલ્યાંકન કર્યા વગર, અને કાયદાની જોગવાઈઓનું ખોટું અર્થઘટન કરીને કરવામાં આવેલ છે, અને આથી તે રદ થવાને પાત્ર છે.

૧૮. બેન્ક તરફે રજુ કરવામાં આવેલ ચુકાદા જોઈએ તો, ૨૦૦૬ થર્ડ એલ.એલ.જે, પાના ૧૦૨૬ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટના સુરેન્દ્રપ્રસાદ તિવારી અને ઉત્તપદેશ રાજય કૃષિઉત્પાદન મંડી પરિષદ અને બીજાઓના કેઈસમાં આપેલ ચુકાદો રજુ કરવામાં આવેલ છે. તે કેઈસમાં કોન્ટ્રાકટના ધોરણે લેવામાં આવેલ કર્મચારીએ નોકરીમાં રેગ્યુલરાઈઝ કરવા માટે કેસ કર્યો હતો, આ કર્મચારીની નિમણુંક બંધારણના આર્ટીકલ્સ ૧૪, ૧૬ અને ૩૦૯ મુજબ નક્કી થયેલ સ્કીમ મુજબ કરવામાં આવી ન હતી. નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવ્યુ હતું કે આવી બેકડોર એન્ટ્રી પબ્લીક એમ્પ્લોયમેન્ટમાં માન્ય નથી. નામદાર

INDEX

હાઈકોર્ટના મનાઈ હુકમના કારણે ૧૪ વર્ષ નોકરી કરી હોય, તેના કારણે કર્મચારીને નોકરીમાં સમાવેશ કરવાના કે કાયમી કરવાના કોઈ હક્કો મળતાં નથી. નામદાર સુપ્રિમ કોર્ટે જણાવ્યું હતું કે કર્મચારીની નોકરી ફીક્સ ટર્મ માટે કરવામાં આવી છે. અને આ નોકરી મનાઈહુકમના કારણે ૧૪ વર્ષ સુધી ચાલુ રહી છે. આમ આવા મનાઈ હુકમના કારણે નોકરી ચાલી રહી હોય, તો તેથી કર્મચારીને નોકરીમાં કાયમી થવા કોઈ અધિકાર મળતો નથી.

૨૦૦૬ ફર્સ્ટ સી.એલ.આર.પાના પ૬૯ ઉપરનું નામદાર ગુજરાત હાઈકોર્ટનું મેડીકલ ઓફીસર પ્રાયમરી હેલ્થ સેન્ટર અને બીજાઓ વિરૂદ્ધ જીકુભાઈ આર. સાપરીયાનો ચુકાદો રજુ થયેલ છે. ઉપરોકત ચુકાદામાં જણાવ્યું હતું કે, કર્મચારીએ એ પુરવાર કરવાનું છે કે, એક વર્ષના સમયમાં તેમણે ૨૪૦ દિવસ કામ કરેલ છે. પરંતુ ઉપરોકત ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટના વચગાળાના હુકમના કારણે કામદાર નોકરીમાં ચાલુ રહેલાં નામદાર હાઈકોર્ટે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આવા મનાઈ હુકમના કારણે કરેલ નોકરીને સળંગ સર્વીસ માટે ગણતરીમાં લઈ શકાય નહીં. સ્પષ્ટપણે ઉપરોકત ચુકાદો બેન્કને મદદરૂપ થાય છે. અને હાલના કેઈસના કર્મચારી કયાંય એવું પુરવાર કરી શકતાં નથી કે, તેઓએ એક વર્ષમાં સળંગ ૨૪૦ દિવસ નોકરી કરી છે. મનાઈ હુકમના કારણે તેઓએ ઘણાં વર્ષ નોકરી કરી છે. પરંતુ ઉપરોકત ચુકાદામાં જણાવ્યા અનુસાર મનાઈહુકમના કારણે કરેલ નોકરીનો ગાળો સળંગ નોકરીની ગણતરીમાં ધ્યાને લઈ શકાય નહીં. કર્મચારી કયાંય પુરવાર કરી શકતાં નથી કે તેઓએ એક વર્ષમાં ૨૪૦ દિવસ નોકરી કરી છે. અને આથી આઈ.ડી.એકટની કલમ-૨૫-એફની જોગવાઈનો ભંગ કરી તેઓને નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે.

બેન્ક તરફે ૨૦૦૬ થર્ડ સી. એલ. આર. પાના ૩૦૫ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો પ્રતાપ નાથાજી ઠાકોર વિરૂદ્ધ સ્ટેટ ઓફ ગુજરાત અને બીજાઓના કેઈસમાં આપવામાં આવેલ ચુકાદો રજુ કરેલો છે. ઉપરોકત કેઈસમાં પીટીશનર એડહોક બેઝ ઉપર નાકા કારકુન તરીકે કામ કરતાં હતાં. કર્મચારીએ ૨૦ વર્ષની કામગીરી કરી હતી. આ જગ્યા મંજુર થઈ ન હતી. આ જ રીતે નિમણુંક નિયમ મુજબ કરવામાં આવી ન હતી. છુટા કરવાનો હુકમ પડકારવામાં આવ્યો હતો. નામદાર ગુજરાત હાઈકોર્ટે જણાવ્યું હતું કે ઘણાં વર્ષોની લાંબી નોકરી છે. તેટલાં જ કારણોસર કોઈ અધિકાર મળતો નથી. નામદાર હાઈકોર્ટે જણાવ્યું હતું કે એ ધ્યાનમાં લેવું જરૂરી છે, કે કોઈપણ માલિક કે જેમાં ગવર્મેન્ટનો પણ સમાવેશ થાય છે. તેના કર્મચારીને કાયદાકીય અધિકાર હોય, તે સિવાય કર્મચારી તરીકે સમાવવા માટે હુકમ કરી શકાય નહીં.

૨૦૦૬ થર્ડ એલ.એલ.જે. પાના ૯૧૨ ઉપરનો નામદાર મદ્રાસ હાઈકોર્ટે મોહન ડી અને પ્રીસાઈડીંગ ઓફીસર, સેન્ટ્રલ ગવર્મેન્ટ ઈન્ડ. ટીબ્યુનલ-કમ-લેબર કોર્ટ, ચેન્નાઈના કેઈસમાં આપવામાં આવેલ ચુકાદો રજુ કરેલો છે. ઉપરોકત કેઈસમાં ઔદ્યોગિક વિવાદ

ધારો ૧૯૪૭ લાગુ પડતો હતો. પીટીશનને નોકરીમાંથી છુટા કરવામાં આવ્યાં હતા. પીટીશનરનો દાવો હતો કે તેમણે ૧૦ વર્ષની નોકરી કરી હતી. અને આઈ.ડી.એકટની કલમ-૨૫-એફનું પાલન કરવામાં આવ્યું ન હતું. કર્મચારીની નિમણુંકમાં કોઈ પ્રોસીઝર કરવામાં આવી નહતી, તેમજ એવોર્ડ કે સેટલમેન્ટની જોગવાઈનું પાલન કરવામાં આવ્યું ન હતું. કર્મચારીની નિમણુંક એડહોક ધોરણે કરવામાં આવી હતી. પીટીશનર જુનીયર હતાં. પીટીશનરને આ પોષ્ટ માટે કોઈ અધિકાર નથી. તેમ ઠરાવવામાં આવ્યું હતું. અને આવા ડીસએન્ગેજમેન્ટને રીટ્રેન્ચમેન્ટ કહી શકાય નહીં, તેમ ઠરાવ્યું હતું.

૨૦૦૬ થર્ડ એલ.એલ.જે પાના ૬૪૦ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર બોમ્બે હાઈકોર્ટનો ચુકાદો કે જે એકઝીકયુટીવ એન્જીનીયર, પુને જીલ્લા ડીવીઝન અને રામચંદ્ર બબન જાધવ અને બીજાઓના કેઈસમાં આપવામાં આવેલ છે. તે રજુ કરેલ છે. કર્મચારી પટાવાળા હતાં. અને તેમની કામચલાઉ ધોરણે ૬૭ માસ માટે નિમણુંક કરવામાં આવી હતી. કર્મચારીની નિમણુંક રેગ્યુલર ધોરણે કરવામાં આવેલ ન હતી. તેઓને ઈન્કવાયરી કર્યા વગર છુટા કરવાના હુકમને પડકારી શકાય નહીં તેમ જણાવ્યું હતું. કર્મચારી દૈનિક વેતનથી ટેમ્પરરી તરીકે લેવામાં આવ્યા હતાં. તેમની નિમણુંક લાગુ પડતાં નિયમ મુજબ કરવામાં આવી નથી. આથી પાછલા બારણે પબ્લીક સર્વીસમાં એન્ટ્રી આપી શકાય નહીં. આથી નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ ભુલ ભરેલો છે, તેમ ઠરાવ્યું હતું.

બેન્ક તરફે ૨૦૦૬ ફર્સ્ટ સી.એલ.આર., પાના ૩ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો, કે જે સુરેન્દ્રનગર જીલ્લા પંચાયત અને બીજાઓ વિરૂદ્ધ જેઠાભાઈ પીતાંબરભાઈના કેઈસમાં આપેલ તે રજુ કરેલ છે. તે કેઈસમાં ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ લાગુ પડતો હતો. આઈ.ડી.એકટની કલમ ૧૦, કલમ ૨૫ -એફ, કલમ ૨૫-જી, અને કલમ ૨૫-એફએફની જોગવાઈની ચર્ચા કરવામાં આવી હતી. ઉપરોકત કેઈસમાં ડેઈલી વેજર કર્મચારીની ઉપરોકત કેઈસમાં ડેઈલી વેજર કર્મચારીની નોકરીનો અંત આઈ.ડી. એકટની જોગવાઈઓનો અમલ કર્યા વગર લાવવામાં આવ્યો હતો. કર્મચારીએ વર્ષમાં ૨૪૦ દિવસ કામ કર્યું છે. આથી છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર ઠરાવી ૨૫ ટકા બેક વેજીસ સાથે પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો. તેમાં નામદાર વડી અદાલતમાં અપીલ થતાં જણાવેલ હતું કે એક વર્ષમાં ૨૪૦ દિવસ કામગીરી કરી છે, તે પુરવાર કરવાનો બોજો કર્મચારી ઉપર છે. આમ કર્મચારીએ પુરવાર કરવાનું છે કે, એક વર્ષમાં તેમણે ૨૪૦ દિવસ કામ કરેલ છે. અગાઉના ચુકાદામાં ચર્ચા કર્યા મુજબ કોઈ અદાલતના મનાઈહુકમના કારણે જો નોકરીમાં ચાલુ રજાાં હોય તો તે નોકરીનો ગાળો ૨૪૦ દિવસની ગણતરી માટે લઈ શકાય નહીં.

૨૦૦૬ સેકન્ડ એલ.એલ.જે. પાના ૧૧૧૩ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો કે જે નેશનલ ફર્ટીલાઈઝર્સ લી. અને બીજાઓ વિરૂધ્ધ સોમવીર સીંઘના કેઈસમાં આપવામાં આવેલો છે. તેમાં જણાવેલ છે કે પબ્લીક સેકટર ગવર્મેન્ટ કંપનીમાં

લાંબા સમય માટે નોકરી કરી છે. તે કારણોસર નોકરીની સરવીસ રેગ્યુલર થઈ શકે નહીં. નામદાર સુપ્રિમ કોર્ટે જણાવ્યુ હતું કે, લાગુ પડતાં ભરતીના નિયમો રીઝર્વેશન પોલીસીનું પાલન થઈને ભરતી થયેલ હોવી જોઈએ.

૧૯. કર્મચારી તરફે રજુ કરવામાં આવેલ અન્ય ચુકાદો જોઈએ તો, કર્મચારી તરફે ૨૦૦૦ સેકન્ડ સીએલઆર, પાના ૬૦૩ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો, કે જે સુરત મહીલા નાગરીક સહકારી બેન્ક લી. વિરૂધ્ધ મમતાબેન મહેન્દ્રભાઈ જોષીના કેઈસનો રજુ કરેલો છે. ઉપરોકત કેઈસમાં, કલાર્ક-કમ-કેશીયર તરીકે હતાં. અને ટ્રેઈની તરીકે ૧૨ મહીનાના ટેમ્પરરી કલાર્ક તરીકે ૧૦ મહીનાના નોશનલ બ્રેકથી નોકરી કરી હતી. મજુર અદાલતે છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર ઠરાવી પુરા પગાર સાથે પુનઃસ્થાપિત કર્યા હતાં. આઈ.ડી. એકટ ૧૯૪૭ની કલમ ૨-ઓઓ-બીબી અને કલમ ૨૫-એફની ચર્ચા કરતાં જણાવ્યું હતું કે કર્મચારીને ૧૦ માસની નોકરી બાદ છુટા કરવામાં આવેલ હોય, અને કર્મચારીને દર મહીને જુદા જુદા નિમણુંકના હુકમો નોશનલ બ્રેક સાથે આપવામાં આવેલ હોય, તે સંજોગોમાં કર્મચારીની નોકરી સળંગ સરવીસ કહેવાય અને આથી મજુર અદાલતનો સળંગ સરવીસ લાગુ પડેલાં દિવસોના પગાર સાથે પુનઃસ્થાપિત કરવાનો હુકમ યોગ્ય છે. તેમ ઠરાવ્યું હતું. ઉપરોકત કેઈસની હકીકતો કર્મચારીના કેઈસમાં લાગુ પાડી શકાય નહીં. કર્મચારીના કેઈસમાં કર્મચારીને નોશનલ બ્રેક આપવામાં આવ્યો છે, તેવું કયાંય પુરવાર થતું નથી. કર્મચારીના કેઈસમાં વચ્ચેના સમયમાં ખાસો ગેપ પડે છે, અને સ્પષ્ટપણે હંગામી ધોરણે નિમણુંક આપવામાં આવી છે, તેવું પુરવાર થાય છે.

ત્યારબાદ કર્મચારી તરફે ૨૦૦૧ સેકન્ડ સીએલઆર, પાના ૫૦૫નો નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો કે જે ઉપરોકત નામદાર હાઈકોર્ટના સીંગલ જજના ચુકાદા સામે એલ.પી.એ. કરવામાં આવેલ હતી. તે ચુકાદામાં નામદાર ગુજરાત હોઈકોર્ટના સીંગલ જજનો ચુકાદો કન્ફર્મ કરવામાં આવ્યો હતો, અને નામદાર હાઈકોર્ટની ડીવીઝન બેન્ચે જણાવ્યુ હતું કે ઔદ્યોગિક અદાલતના ચુકાદામાં એલ.પી.એ.માં ફેરફાર કરવો યોગ્ય લાગતો નથી. પરંતુ બેક વેજીસ ૧૦૦ ટકાના બદલે ૫૦ ટકા કરી આપ્યુ હતું. પરંતુ અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે કર્મચારીના કેઈસની હકીકતોને આ ચુકાદો મદદરૂપ થઈ શકતો નથી.

૨૦૦૧, એલ.આઈ.સી., પાના ૬૪૬ ઉપર પ્રસિધ્ધ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો કે જે વિક્રમાદિત્ય પાંડે વિરૂધ્ધ ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ અને બીજાઓના કેઈસમાં આપેલો, રજુ કરવામાં આવેલ છે. ઉપરોકત કેઈસમાં કામદારની સળંગ સરવીસ ત્રણ વર્ષ માટે નાના બ્રેક સાથે કરેલ હતી. કર્મચારીને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવવામાં આવ્યુ હતું. ઉપરોકત કેઈસમાં કર્મચારીએ એક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંત નોકરી કરેલ હતી, તે તેમણે પુરવાર કરેલ હતું.

INDEX

૧૯૮૮, ફર્સ્ટ સી.એલ.આર., પાના ૧૭૫ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો કે જે કિશ્રકુમાર દુબે વિરૂધ્ધ યુ.પી. સ્ટેટ ફુટ એન્ડ ઈસેન્શીયલ કોમોડીટીઝ કોર્પોરેશન અને બીજાઓના કેઈસનો રજુ કરેલો છે. ઉપરોકત કેઈસમાં કર્મચારીએ વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંત નોકરી કરેલ હતી, એવું ઠરાવેલ હતું કે આઈ.ડી.એકટની કલમ ૨૫-એફની જોગવાઈ અનુસર્યા સિવાય નોકરીનો અંત આણી શકાય નહીં. કર્મચારીએ ત્રણ વર્ષ માટે નોકરી કરી હતી. અને એક બે દિવસ માટે બ્રેક આપવામાં આવતો હતો. ઉપરોકત તમામ સંજોગો ધ્યાનમાં લઈને ૨૪૦ દિવસ નોકરી કરી છે, તેવું પુરવાર થતું હોય, પુનઃસ્થાપિત કરવા માટે હુકમ કર્યો હતો.

૧૯૯૭, સેકન્ડ સી.એલ.આર., પાના ૯૮૬ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો વેટરનરી ઓફીસર અને બીજાઓ વિરૂદ્ધ રાજેન્દ્રસીંઘ આર. ઝાલાના કેઈસનો રજુ કરેલો છે. ઉપરોકત કેઈસમાં કર્મચારીને ગેરકાયદેસર રીતે રીટ્રેન્ચ કરવામાં આવ્યો હતો. મજુર અદાલતે પડેલાં દિવસોના પગાર વગર નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કર્યો હતો. કર્મચારીએ આ હુકમને પડકારેલ હતો. નામદાર હાઈકોર્ટે ઠરાવ્યું હતું. કે પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવામાં આવ્યો, ત્યારે બેક વેજીસ એ સામાન્ય બાબત છે. આમ આઈ.ડી.એકટની કલમ ૨૫-એફનું પાલન કર્યા સિવાય છુટા કરવાનું પગલું ગેરકાયદેસર છે, તેમ ઠરાવવામાં આવ્યું.

૨૦૦૦, ફર્સ્ટ સી.એલ.આર., પાના ૧૫૬ ઉપર પ્રસિદ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જે મોતી સીરામીક ઈન્ડસ્ટ્રીઝ વિરૂદ્ધ જીવુબેન રૂપાભાઈનાં કેઈસમાં આપેલ, રજુ કરેલ છે. ઉપરોકત કેઈસમાં આઠ કર્મચારીઓ દૈનિક પગારથી ૧૨ વર્ષ સુધી નોકરી કરતાં હતાં. અને તેઓની નોકરીનો [illegible] તા. ૧-૧-૮૩થી કોઈપણ શોકોઝ નોટીસ વગર, અને રીટેન્ચમેન્ટ કોમ્પેન્સેશન ચુકવ્યા સિવાય લાવવામાં આવ્યો છે. અને આથી પડેલાં દિવસોના પુરા પગાર સાથે પુનઃસ્થાપિત કરવા હુકમ કર્યો હતો. ઉપરોકત ચુકાદાને નામદાર હાઈકોર્ટે બહાલી આપી હતી.

૨૦૦૧, લેબ આઈ.સી., પાના ૬૬૨ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ડેપ્યુટી એકઝીકયુટીવ એન્જીનીયર, મગદલ્લા પોર્ટ ડેવલપમેન્ટ સ્કીમ, સુરત વિરૂદ્ધ સુખાભાઈ ગાંડાભાઈ અને બીજાઓના કેઈસમાં આપવામાં આવેલ ચુકાદો રજુ કર્યો છે. ઉપરોકત કેઈસમાં ડેઈલી રેટેડ કર્મચારીને નોકરીમાંથી છુટા કરવામાં આવેલ હતાં. ઉપરોકત કર્મચારીને આઈ.ડી.એકટની કલમ ૨-ઓઓ-બીબીની સમાઙ્ગી થાય તે પહેલાં છુટા કરવામાં આવ્યા હતાં. નામદાર હાઈકોર્ટે જણાવ્યું હતું કે આ કલમનો લાભ તેમને મળે નહીં અને કર્મચારીએ એક વર્ષમાં ૨૪૦ દિવસ નોકરી કરી હોય, આઈ.ડી.એકટની કલમ ૨૫-એફનું પાલન કર્યા સિવાય છુટો કરવાનું પગલું ગેરકાયદેસર કહેવાય.

INDEX

ગુજરાત લો રીપોર્ટર ૧૯૯૮, પાના ૧૧૦ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જે વેટરનરી ઓફીસર વિરૂદ્ધ રાજેન્દ્રસિંહ આર. ઝાલાના કેઈસમાં આપવામાં આવેલ ચુકાદો રજુ કરેલો છે. ઉપરોકત કેઈસમાં પણ હંગામી કર્મચારીને ચાર વર્ષની નોકરી બાદ અનસેટીસફેકટરી કામગીરીના કારણે છુટા કરવામાં આવ્યા હતાં. ઉપરોકત કેઈસમાં પણ કર્મચારીએ એક વર્ષમાં ૨૪૦ દિવસ નોકરી કરી હતી. અને આથી રીગ્રેન્ચમેન્ટનું પગલું ગેરકાયદેસર ઠરાવી નોકરીમાં પુનઃસ્થાપિત કરવાનો હુકમ કર્યો હતો.

૨૦૦૧, એલ.આઈ.સી., પાના ૨૨૦ દિવસનો નામદાર કલકત્તા હાઈકોર્ટનો કલકત્તા ટેલીફોન્સ વિરૂદ્ધ રીન્ટુ બગચીના કેઈસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. ઉપરોકત કેઈસમાં કર્મચારી કેજયુલ કામદાર હતાં, અને વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંત કામગીરી કરેલ હતી. આથી કલમ ૨૫-એફનું પાલન કર્યા વગર છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવેલ હતું.

૨૦૦૦, ફર્સ્ટ એલ.એલ.જે., પાના ૧૦૭૦ નામદાર જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટનો ચુકાદો જે એકઝીકયુટીવ એન્જીનીયર ફલડ કન્ટ્રોલ ડીવીઝન અવન્તીપોરા વિરૂદ્ધ પ્રીસાઈડીંગ ઓફીસર, ઈન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલ અને બીજાઓના કેઈસમાં આપેલ ચુકાદો રજુ કરેલ છે. જેમાં આઈ.ડી. એકટની કલમ ૨-ઓઓ-બીબી ની ચર્ચા કરવામાં આવેલ છે. આ કેઈસમાં પણ કર્મચારીએ એક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંત કામગીરી કરેલ હતી. અને આઈ.ડી એકટની કલમ ૨૫-એફનું પાલન કરવામાં આવ્યું ન હોય, છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવવામાં આવ્યું હતું.

૨૦. ઉપરોકત તમામ ચુકાદાઓ આઈ.ડી. એકટ, ૧૯૪૭ની કલમ ૨૫-એફની જોગવાઈઓને ધ્યાને લઈને આપવામાં આવેલ છે. દરેક કિસ્સામાં કર્મચારીએ એક વર્ષમાં ૨૪૦ દિવસની નોકરી કરેલ હતી. તેમજ કર્મચારીએ એક વર્ષમાં ૨૪૦ દિવસ ઉપરાંતની નોકરી કરેલી હોય અને કર્મચારીનો કેઈસ આઈ.ડી. એકટની કલમ ૨-ઓઓ-બીબીમાં પડતો ન હોય, ત્યારે કલમ ૨૫-એફનું પાલન કરવું જરૂરી છે. અને આ જોગવાઈનું પાલન કર્યા સિવાય કર્મચારીને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર કરે કર્મચારીના કિસ્સામાં સ્પષ્ટપણે એક વર્ષમાં ૨૪૦ દિવસની કામગીરી કરેલી છે, તેવો કોઈ પુરાવો નથી, અને કર્મચારીએ મનાઈ હુકમના કારણે જે નોકરી કરી છે, તે નોકરી ૨૪૦ દિવસની ગણતરીમાં લઈ શકાય નહીં આમ આ તમામ ચુકાદાઓ કર્મચારીને મદદરૂપ થઈ શકતાં નથી.

કર્મચારી તરફે ૧૯૮૪, ફર્સ્ટ જી.એલ.આર., પાના ૬૪૧ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જે ગણપત રમણલાલ દવે વિરૂદ્ધ ડીવીઝનલ સુપ્રિન્ટેન્ડન્ટ, વેસ્ટર્ન રેલ્વે બરોડાના કેઈસમાં આવેલ ચુકાદો રજુ કરેલ છે. ઉપરોકત ચુકાદામાં નોકરીમાંથી છુટા કરવાની આકરી શિક્ષા ફકત સસ્પીશીયસ અને મીસકન્ડકટના કારણે કરી શકાય નહીં. કર્મચારી સામે એવો આક્ષેપ હતો કે કર્મચારીએ ટ્રેનમાં ઉપલી બર્થ પેસેન્જરને વેચેલ હતાં. કેઈસમાં ઠરાવવામાં આવ્યું કે છુટા કરવાનો હુકમ ફકત અનુમાન ઉપર લેવામાં આવ્યો છે. અને કોઈ પોઝીટીવ એવીડન્સથી કર્મચારીની ગેરવર્તણુંક પુરવાર કરી

નથી. ઉપરોકત ચુકાદો આ કર્મચારીના કિસ્સામાં કોઈપણ રીત મદદરૂપ થતો નથી. કર્મચારીના કિસ્સામાં હકીકતો જોતાં,કર્મચારી હંગામી ધોરણે રાખેલ હતાં, અને તેને કોઈ ગેરવર્તણુંકના કારણે અનુમાન ઉપર આધાર રાખી છુટા કરવામાં આવ્યા નથી. આ સંજોગોમાં આ ચુકાદો તેમને મદદરૂપ થઈ શકતો નથી.

આજ રીતે ૨૦૦૨, ૪ એલ.એલ.જે., પાના ૯૩ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર પંજાબ અને હરીયાણા હાઈકોર્ટનો ચુકાદો મુન્શીરામ અને પ્રીસાઈડીંગ ઓફીસર લેબર કોર્ટ અને બીજાઓના કેસમાં આવેલ, તે રજુ કરેલ છે. જેમાં પ્રોબેશન પીરીયડ દરમ્યાન કર્મચારીને છુટા કરવાનો હુકમ punitive, though appearing on its face innocuous હોય તે ટકી શકતો નથી. ઉપરોકત ચુકાદાની હકીકતો કર્મચારીના કેઈસ કરતાં તદન ભિન્ન પ્રકારની હોય, કર્મચારીના કેઈસમાં તેઓને પ્રોબેશન ઉપર લેવામાં આવ્યા નથી. કે શિક્ષાત્મકરૂપે નોકરીમાંથી છુટા કરવામાં આવેલ નથી. કર્મચારીના કેઈસમા હંગામી ધોરણે રાખેલ હોય, કર્મચારીના કામની જરૂરીયાત ન હોવાથી તેમને છુટા કરવામાં આવ્યાં છે.

૨૦૦૨, ૪ જી.એલ.આર. પાના નં. ૨૫૪૧ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો કે જે ગુજરાત એગ્રીકલ્ચર યુનીવર્સીટી વિરૂદ્ધ ઓલ ગુજરાત કામદાર કર્મચારી સંઘ કેઈસમાં આપેલ, તે રજુ કરેલ છે. ઉપરોકત કેઈસમાં આઈ.ડી. એકટની કલમ-૨-પી ૧૨-૩, ૩૩ અને ૩૩-એ ની જોગવાઈઓ અંગે કરવામાં આવેલ હતી ઉપરોકત કેઈસમાં જણાવ્યુ હતું કે જયારે કોઈ ઔધ્યોગિક વિવાદ પેન્ડીંગ હોય, ત્યારે કર્મચારીને કલમ-૩૩-એનીચે એપ્રોચ કરવાનો અધિકાર છે. અને કલમ-૩૩ ની જોગવાઈઓના ભંગ થાય તો માલિક જવાબદાર છે, તેવું ઠરાવ્યું હતું. ઉપરોકત કેઈસની હકીકતો હાલના કેઈસની હકીકતોથી તદન જુદા જ પ્રકારની હતી તેથી આ ચુકાદાની હકીકતો હાલના કેઈસમાં કર્મચારીને મદદરૂપ થઈ શકે તેમ નથી.

૧૯૯૮, ૪ જી.એલ.આર., પારા ૩૧૮ ઉપર પ્રસિદ્ધ થયેલ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો અબ્દુલ કરીમ ગુલામનબી મનસુરી વિરૂદ્ધ જનતા કન્ઝયુમર કો. ઓ. બેન્ક લી. અને બીજાઓના કેઈસનો રજુ કરેલ છે. ઉપરોકત કેઈસમાં કન્ઝયુમર કો.ઓ. સોસાયટીના મેનેજરને રજીસ્ટ્રારની પુર્વ મંજુરી સિવાય છુટા કરવામાં આવ્યા હતાં. પરંતુ ઉપરોકત કેઈસમાં સોસાયટીના બાયલોઝમાં એવી જોગવાઈ કરવામાં આવી હતી, અને આ જોગવાઈનો ભંગ થતા હતો. લાગુ પડતાં બાયલોઝ ૪૭(૧) માં એવી જોગવાઈ હતી કે મેનેજર મેનેજીંગ ડીરેકટર અને ચીફ એકઝીકયુટીવ ઓફીસરની નિમણુંક ડીસમીસલ અને રાજીનામાની બાબતોમાં રજીસ્ટ્રારની પુર્વમંજુરી લેવી જરૂરી હતી. અને આ પ્રોવીજનનો ભંગ કરવામાં આવ્યો હતો. આમ ઉપરોકત કેઈસમાં સોસાયટીના બાયલોઝમાં એપ્રુવલ અંગેની જોગવાઈ હતી, અને આવો એપ્રુવલ લેવામાં આવેલ ન હોય, નામદાર હાઈકોર્ટે રીટ્રેન્ચમેન્ટનો હુકમ ગેરકાયદેસર ઠરાવ્યો હતો. આ કર્મચારીના કિસ્સામાં કર્મચારી આવો

INDEX

કોઈ જોગવાઈ હોવાનું બતાવી શકયા નથી, કે બેન્કને લાગુ પડતાં કોઈ નિયમો, પેટા-નિયમોમાં આવી કોઈપણ જોગવાઈ છે કે, કોઈપણ હંગામી કે કાયમી કર્મચારીને છુટા કરતાં પહેલા રજીસ્ટ્રારની પુર્વ પરવાનગી લેવી જોઈએ.

૨૧. આમ મજુર અદાલત સમક્ષ રજુ થયેલ તમામ રેકર્ડ અને પુરાવાની હકીકતો તેમજ કાયદાની કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં, મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ આપેલ ચુકાદો કાયદાકીય જોગવાઈઓનું ખોટુ અર્થઘટન કરી પુરાવાનું ખોટું અર્થઘટન કરીને આપેલ હોય, રદ થવાને પાત્ર છે. તમામ પુરાવો જોતાં, એ હકીકત સ્પષ્ટ છે કે કર્મચારીને હંગામી ધોરણે નિમણુંકના હુકમ આપવામાં આવ્યાં હતાં. આવા હુકમનો સમય પુરો થતાં કર્મચારીની નોકરીનો અંત આવતો હતો કયાંય એવું જણાતું નથી કે બેન્કે બદઈરાદાથી કર્મચારીને ખોટી રીતે નોશનલ બ્રેક આપ્યા છે. બેન્કે આ કર્મચારીની ભરતી બેન્કને લાગુ પડતાં ભરતીના નિયમો અન્વયે કરી હતી કર્મચારી પોતે જાણતાં હતાં કે તેઓની નોકરી તેઓને આપેલ નિમણુંકપત્રના દિવસો પુરતીજ હતી, અને તેઓને ઉપરોકત દિવસો પુરા થતાં, નોકરીમાંથી છુટા થવાનું હતું. ઉપરોકત હકીકતો જાણતાં હોવાથી કર્મચારીએ છેલ્લો નોકરીનો હુકમ પુરો થાય તે પહેલાં કાયમી તવાનો કેઈસ દાખલ કરી, મજુર અદાલતમાંથી મનાઈ હુકમ મેળવેલો અને ત્યારબાદ મજુર અદાલતે તેઓને કાયમી કરવાનો હુકમ કર્યો હતો. કાયમી થવાનો હુકમ થતાં બેન્ક કર્મચારીને છુટા કરી શકતી નથી. અપીલમાં મજુર અદાલતનો હુકમ રદ કરવામાં આવતાં, બેન્કે કર્મચારીને છુટા કર્યા છે. બેન્કનું આ પગલું સ્પષ્ટપણે યોગ્ય અને કાયદાકીય છે. કર્મચારીએ અદાલતની પ્રકિયાનો દુરઉપયોગ કરી, મનાઈ હુકમ મેળવીને નોકરીમાં ચાલુ રહયાં હતા. સ્પષ્ટપણે મનાઈ હુકમના કારણે નોકરીમાં ચાલુ રહેલાં તે પીરીયડને નોકરીના ૨૪૦ દિવસની ગણતરીમાં લઈ શકાય નહીં. આમ કયાંય એ પુરવાર થતું નથી કે કર્મચારીએ એક વર્ષમાં ૨૪૦ દિવસ નોકરી કરી હતી. કર્મચારી તરફે રજુ કરવામાં આવેલ મોટા ભાગના ચુકાદાઓ કલમ ૨૫-એફનું પાલન કરેલ ન હોવાના કારણે છુટા કરવાનો હુકમ ગેરકાયદેસર ઠરાવ્યો છે. તેના રજુ કરેલ છે. આ ચુકાદામાં કર્મચારીના કેઈસની હકીકતો જોતાં કર્મચારીએ મનાઈ હુકમના કારણે કરેલ નોકરીના ગાળાને ગણતરીમાં લેવામાં ન આવે, તો કોઈપણ વર્ષમાં કર્મચારીએ ૨૪૦ દિવસની નોકરી કરી નથી. ત્યારે તેવી દલીલ કે મનાઈ હુકમ ન હોવા છતાં કર્મચારીને છુટા કરવામાં આવ્યાં નથી. તેવી રજુઆત યોગ્ય અને કાયદાકીય નથી. વધુમાં મજુર અદાલત સમક્ષ કાયમી થવાનો વિવાદ પેન્ડીંગ હતો, ત્યારબાદ કર્મચારીને કાયમી કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. અપીલ કરવામાં લાંબો સમય ગયો હતો. પરંતુ તે સમયે કાયમી થવાનો હુકમ અસ્તિત્વમાં હતો, ત્યારબાદ બીજી અપીલ ઔદ્યોગિક અદાલત સમક્ષ પેન્ડીંગ હતી, તેના કારણે કર્મચારીને છુટા કરી શકાયેલ નહીં. પરંતુ કાયમી કરવાનો હુકમ ઔદ્યોગિક અદાલતે રદ કરતાં, છુટા કરવાનું પગલું કાયદેસર અને યોગ્ય છે કારણે કે કર્મચારીને હંગામી ધોરણે

INDEX

કામે લેવામાં આવેલ હતાં. બેન્કનો કયાંય ઈરાદો આ કર્મચારીને કાયમ માટે નોકરી ઉપર લેવાનો ન હતો. આવા કર્મચારીને કાયમ માટે નોકરીમાં લેવાના હોય, તો બેન્કને લાગુ પડતાં ભરતીના નિયમોનું પાલન કરવું પડે. મજુર અદાલતના ન્યાયાધીશશ્રીએ રજીસ્ટ્રારની પુર્વ પરવાનગી લીધી નથી, તે મુદ્દા ઉપર ભાર મુકયો છે, તે યોગ્ય અને કાયદેસર નથી. આ રીતે બેન્કની વર્તણુંક શંકાસ્પદ છે, તેવી તકરાર પણ યોગ્ય અને વ્યાજબી નથી. ખરેખર જોવામાં આવે તો, કર્મચારીએ જે મન્નાઈ હુકમ મેળવેલો અને ખોટી રીતે કાયમી થવા અંગે જે પ્રયત્નો કરેલાં તે વર્તણુંક યોગ્ય અને વ્યાજબી નહતી. ઔદ્યોગિક અદાલતના વિદ્વાન સભ્યશ્રીએ કાયમી કરવાનો કેઈસ કાઢી નાખ્યો તેમાં બેન્કની વર્તણુંક અંગે તેમજ કર્મચારીની વર્તણુંક અંગે તેમ બન્નેની ચર્ચા કરેલ છે, તે મહત્ત્વની છે. આમ તમામ પુરાનો તથા કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં, કર્મચારીને એડહોક ધોરણે નિમણુંક આપવામાં આવેલ હોય, તે હકીકત પુરવાર થતી હોય, તેમજ કર્મચારીએ કયાંય ૨૪૦ દિવસની નોકરી કરી છે, તે પુરવાર થતું નથી, ત્યારે આઈ.ડી. એકટની કલમ ૨૫-એફ નો લાભ તેમને મળી શકતો નથી, આમ મજુર અદાલતનો ચુકાદો કાયદાકીય જોગવાઈઓ વિરૂદ્ધનો અને ભુલ ભરેલો હોય, રદ કરવામાં આવે છે, અને આ કામે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

(૧) એપેલન્ટની આ અપીલ મંજુર કરવામાં આવે છે. અને મજુર અદાલતના વિદ્વાન ન્યાયાધીશશ્રીએ બી.આઈ.આર. ટી. અરજી નં. ૬/૦૬ ના કામે આંક-૪૫થી આપેલ હુકમ આથી રદ કરવામાં આવે છે. અને બેન્કનો રીસ્પોન્ડન્ટ કર્મચારીને તા. ૧૨-૫-૦૬ના રોજ છુટા કરતો હુકમ કાયદેસરનો અને યોગ્ય ઠરાવવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૩) આ અપીલનું મુળ રેકર્ડ મજુર અદાલત, જુનાગઢને આ ચુકાદાની એક નકલ સાથે પરત મોકલી આપવું.

રાજકોટ, તારીખ ૨૦મી જુન, ૨૦૦૭.

પી. આર. દેસાઈ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં. ૧, ગુજરાત, રાજકોટ.

રાજકોટ, તારીખ ૫મી મે, ૨૦૦૮.

કે. એન. દોશી,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette*, Part I—L should be *read* to have been published in Issue No. 30, *Gujarat Government Gazette*, Part I—L, dated 24th July, 2008 and for pages VAD–2555 to 2630 (in 1 set) *read* page Nos. 2734 to VAD-2809.

વિજ્ઞપ્તિ

શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧—એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૨૪મી જુલાઈ, ૨૦૦૮ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧—એલના અંક-૩૦માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૨૫૫૫ થી વીએડી-૨૬૩૦ (૧ બંચમાં) ને પાન નંબર ૨૭૩૪ થી ૨૮૦૯ વાંચવા.

Vadodara , 24th July, 2008.

S. J. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર એકેએચ/એલસી/આર/જે/૩૨/૨૦૦૮/આર.ટી.—મદદનીશ શ્રમ આયુક્તશ્રીનો એવો અભિ-પ્રાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક તકરાર કમિશનરશ્રી, જામનગર મહાનગરપાલિકા, જામનગર અને તેના શ્રમયોગીશ્રી વિજય કેશુ જેઠવા, ઠે. પ્લોટ નં. ૩૯, પવનચક્કી પાસે, ભંગીવાસ, જામનગર C/o. જામનગર જિલ્લા સફાઈ કામદાર યુનિયન ૨૦૩, મનપ માર્કેટ, બેડી ગેઈટ, જામનગર વચ્ચેની છે.

હવે પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએ/એસએસ/આઈડીએફ/૧૯૭૦-૧૧૦ થી સદરહુ ધારાની અનુસૂચિ-૨૨ની આઈટમ ૩ થી ૧૦ સંકળાયેલ બાબત અંગે મદદનીશ શ્રમ આયુક્ત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત થયેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ માંથી પેટા કોલમ-૧૦ની મળેલ સત્તાની રૂએ હું, એ. ડી. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુક્ત, જામનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલ મજુર અદાલત, જામનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

શ્રી વિજય કેશુ જેઠવાને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૮મી મે, ૨૦૦૮.

એ. ડી. ભટ્ટ,
I/c મદદનીશ શ્રમ આયુક્ત,
જામનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૨૪૭૦.– મદદનીશ શ્રમ આયુકત, ગોધરાનો એવો અભિ-પ્રાય થાય છે કે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર (૧) કોન્ટ્રા.શ્રી, મોરારભાઈ એલ. ડાંગી C/o. સેટકો ઓટોમોટીવ લી., કાલોલ જિ. પંચમહાલ, (૨) મેનેજરશ્રી, સેટકો ઓટોમોટીવ લી., કાલોલ, જિ. પંચમહાલ અને તે હેઠળ કામ રાખેલ શ્રમયોગી શ્રી રમણભાઈ વજાભાઈ ગોહીલ વચ્ચેની છે.

અને હવે પછી, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચએસએમ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮-૩ થી સદર ધારાની કલમ-૧૦(૧)ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની કલમ આઈટમ ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ ૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુકતને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦માંની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુકત, ગોધરા આથી, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રમણભાઈ વજાભાઈ ગોહીલને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ગોધરા, તારીખ ૧૪મી મે, ૨૦૦૮.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુકત,
ગોધરા.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૨૪૭૬.– મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરાનો એવો અભિ-ાય થાય છે કે, અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર (૧) મેનેજરશ્રી, જનરલ મોટર્સ ઈન્ડીયા લી., ચંદપુરા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, હાલોલ જિ. પંચમહાલ, (૨) કોન્ટ્રાક્ટરશ્રી ગટુલાલ વી. પટેલ, જ્યબિલી બાગ પાછળ, વડોદરા અને તે હેઠળ કામ રાખેલ શ્રમયોગી શ્રી નીસાર અહેમદખાન એચ. પઠાણ વચ્ચેની છે.

અને હવે પછી, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચએસએમ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮-૩ થી સદર ધારાની કલમ-૧૦(૧)ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની કલમ આઈટમ ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ ૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦માંની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરા આથી, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નીસાર અહેમદખાન એચ. પઠાણને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ગોધરા, તારીખ ૧૪મી મે, ૨૦૦૮.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૨૪૮૨.– મદદનીશ શ્રમ આયુકત, ગોધરાનો એવો અભિ-ાય થાય છે કે, અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર (૧) મેનેજરશ્રી, જનરલ મોટર્સ ઈન્ડીયા લી., ચંદપુરા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, હાલોલ જિ. પંચમહાલ, (૨) કોન્ટ્રાક્ટરશ્રી ગટુલાલ વી. પટેલ, જ્યબિલી બાગ પાછળ, વડોદરા અને તે હેઠળ કામ રાખેલ શ્રમયોગી શ્રી શુનીલ પ્રવિણલાલ રાહી વચ્ચેની છે.

અને હવે પછી, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચએસએમ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮-૩ થી સદર ધારાની કલમ-૧૦(૧)ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની કલમ આઈટમ ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ ૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦માંની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુકત, ગોધરા આથી, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી શુનીલ પ્રવિણલાલ રાહીને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ગોધરા, તારીખ ૧૪મી મે, ૨૦૦૮.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુકત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૨૪૮૮.–મદદનીશ શ્રમ આયુકત, ગોધરાનો એવો અભિ-પ્રાય થાય છે કે, અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર મેનેજરશ્રી, ભારત કેબલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી., બાસ્કા, તા. હાલોલ જિ. પંચમહાલ, અને તે હેઠળ કામ રાખેલ શ્રમયોગી શ્રી ભરતભાઈ ડાહ્યાભાઈ હરીજન વચ્ચેની છે.

અને હવે પછી, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચએસએમ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-૩ થી સદર ધારાની કલમ-૧૦(૧)ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની કલમ આઈટમ ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ ૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦માંની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુકત, ગોધરા આથી, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ભરતભાઈ ડાહ્યાભાઈ હરીજનને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ગોધરા, તારીખ ૧૪મી મે, ૨૦૦૮.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુકત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૨૪૯૩.– મદદનીશ શ્રમ આયુકત, ગોધરાનો એવો અભિ-ાય થાય છે કે, અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર મેનેજરશ્રી, ભારત કેબલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી., બાસ્કા, તા. હાલોલ જિ. પંચમહાલ, અને તે હેઠળ કામ રાખેલ શ્રમયોગી શ્રી ધનાભાઈ ધુળાભાઈ વણકર વચ્ચેની છે.

અને હવે પછી, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચએસએમ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮-૩ થી સદર ધારાની કલમ-૧૦(૧)ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની કલમ આઈટમ ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ ૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦માંની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુકત, ગોધરા આથી, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ધનાભાઈ ધુળાભાઈ વણકરને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ગોધરા, તારીખ ૧૪મી મે, ૨૦૦૮.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુકત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૨૪૯૮.– મદદનીશ શ્રમ આયુકત, ગોધરાનો એવો અભિ-પ્રાય થાય છે કે, અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર મેનેજરશ્રી, ભારત કેબલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી., બાસ્કા, તા. હાલોલ જિ. પંચમહાલ, અને તે હેઠળ કામ રાખેલ શ્રમયોગી શ્રી કાન્તીભાઈ પુજાભાઈ હરીજન વચ્ચેની છે.

અને હવે પછી, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચએસએમ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮-૩ થી સદર ધારાની કલમ-૧૦(૧)ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની કલમ આઈટમ ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ ૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦માંની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુકત, ગોધરા આથી, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી કાન્તીભાઈ પુજાભાઈ હરીજનને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ગોધરા, તારીખ ૧૪મી મે, ૨૦૦૮.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુકત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૨૫૦૩.– મદદનીશ શ્રમ આયુકત, ગોધરાનો એવો અભિ-ાય થાય છે કે, અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર મેનેજરશ્રી, ભારત કેબલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી., બાસ્કા, તા. હાલોલ જિ. પંચમહાલ, અને તે હેઠળ કામ રાખેલ શ્રમયોગી શ્રી રમણભાઈ શનાભાઈ હરીજન વચ્ચેની છે.

અને હવે પછી, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચએસએમ/૩૬૭૩/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮-૩ થી સદર ધારાની કલમ-૧૦(૧)ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની કલમ આઈટમ ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ ૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી, ૩પર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦માંની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુકત, ગોધરા આથી, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રમણભાઈ શનાભાઈ હરીજનને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ગોધરા, તારીખ ૧૪મી મે, ૨૦૦૮.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુકત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૨૫૦૮.– મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરાનો એવો અભિ-ાય થાય છે કે, અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર મેનેજરશ્રી, ભારત કેબલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી., બાસ્કા, તા. હાલોલ જિ. પંચમહાલ, અને તે હેઠળ કામ રાખેલ શ્રમયોગી શ્રી રમણભાઈ લલ્લુભાઈ હરીજન વચ્ચેની છે.

અને હવે પછી, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચએસએમ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮-૩ થી સદર ધારાની કલમ-૧૦(૧)ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની કલમ આઈટમ ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ ૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુક્તને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦માંની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુક્ત, ગોધરા આથી, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રમણભાઈ લલ્લુભાઈ હરીજનને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ગોધરા, તારીખ ૧૪મી મે, ૨૦૦૮.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૨૫૧૩.–મદદનીશ શ્રમ આયુકત, ગોધરાનો એવો અભિ-પ્રાય થાય છે કે, અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર મેનેજરશ્રી, એકવા પ્રુફ કન્સ્ટ્રકશન કેમીકલ ઈન્ડીયા પ્રા. લી., સી-૧૨૧/૭, જી.આઈ.ડી.સી., કાલોલ જિ. પંચમહાલ, અને તે હેઠળ કામ રાખેલ શ્રમયોગી શ્રી વિક્રમસિંહ નહારસિંહ સોલંકી વચ્ચેની છે.

અને હવે પછી, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, ગાંધીનગરના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચએસએમ/૩૬૭૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮-૩ થી સદર ધારાની કલમ-૧૦(૧)ના પેટા વિભાગ (સી) સાથે વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની કલમ આઈટમ ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ ૧૦ સાથે સંકળાયેલી બાબતો મદદનીશ શ્રમ આયુકતને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સુપરત કરવામાં આવેલ છે.

તેથી, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦માંની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, કે. એસ. ગીલ, મદદનીશ શ્રમ આયુકત, ગોધરા આથી, શ્રમ અને રોજગાર વિભાગ, ગાંધીનગરના ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળના જાહેરનામાથી રચાયેલી મજુર અદાલત, ગોધરાને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી વિક્રમસિંહ નહારસિંહ સોલંકીને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ગોધરા, તારીખ ૧૪મી મે, ૨૦૦૮.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુકત,
ગોધરા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૨૫૧૬.– મદદનીશ શ્રમ આયુકત, ગોધરાનો એવો અભિ-ાય થાય છે કે, અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી તકરાર મેનેજરશ્રી, ભારત કેબલ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી., બાસ્કા, તા. હાલોલ જિ. પંચમહાલ, અને તે હેઠળ કામ રાખેલ શ્રમયોગી શ્રી મહેશભાઈ ભાઈલાલભાઈ સોલંકી વચ્ચેની છે.

૧૧. ઉપરોકત તમામ રજુઆતો ધ્યાને લેતાં, મુળ કામે મજુર અદાલતે જે મુદાઓ કરી, મુળ અરજી ગુણદોષ ઉપર નિકાલ કરેલ છે, તેમાં કોઇ હસ્તક્ષેપ કરવાપાત્ર થતો નથી. આથી એપેલન્ટની અપીલ નામંજુર થવા પાત્ર બને છે. અને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૧. એપેલન્ટની અપીલ નામંજુર કરવામાં આવે છે. અને મજુર અદાલતે મુળ બી.આઈ.આર. અરજી નં. ૮૪/૮૮ના કામે તા. ૨૬-૪-૯૯ના રોજ પસાર કરેલ હુકમ કાયદેસરનો અને વ્યાજબી ઠરાવવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી. મુળ રેકર્ડ મજુર અદાલતને પરત મોકલવું.

રાજકોટ, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૭. **અશ્વીન બી. પંચાલ,**
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં.-૨, રાજકોટ.

રાજકોટ, તારીખ ૫મી મે, ૨૦૦૮. **કે. એન. દોશી,**
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ/શમક/૧૫/આરયુ.—સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ખાંડ ઉદ્યોગ કામદાર મંડળ, કોડીનાર અને શ્રીબીલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડૂત સહકારી મંડળી લી., કોડીનારની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૮ના મે માસના ૫ માં દિને આથી નોંધ કરૂં છું.

INDEX

આંક-૧૪

શ્રી અશ્વિન બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત નં.-૨, ગુજરાત રાજકોટ સમક્ષ

રીવીઝન અરજી નં. ૧૨/૨૦૦૩.

ઇન બી.આઈ.આર. અરજી નં. ૫/૨૦૦૩.

ખાંડ ઉદ્યોગ કામદાર મંડળ, અરજદાર;
રામનગર કોલોની,
કોડીનાર.

વિરૂધ્ધ

શ્રી બીલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડુત સહકારી મંડળી લી., સામાવાળા.
મુ. કોડીનાર, જી. જુનાગઢ.

એપેલન્ટ તરફે : શ્રી ડી. ડી. છાયા, વિદ્વાન એડવોકેટ,

રીસ્પોન્ડન્ટ તરફે : શ્રી એ. એસ. ગોગીયા, વિદ્વાન એડવોકેટ.

બાબત :- બી.આઈ.આર. એકટની કલમ-૮૫ હેઠળની રીવીઝન અરજી.

ચુકાદો

૧. જુનાગઢની મજુર અદાલત સમક્ષની મુળ બી.આઈ.આર. અરજી નં. ૫/૨૦૦૩ના કામે આંક-૨ની અરજીમાં મજુર અદાલત દ્વારા તા. ૨૧-૧૦-૦૩ના રોજ કરેલ આખરી હુકમથી નારાજ થઈ હાલના અરજદાર દ્વારા ઉપરોકત રીવીજન અરજીનું કામ તા. ૧૯-૧૧-૦૩થી દાખલ કરાયેલ છે. અને તે સાથે આંક-૩ થી મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬ની કલમ-૧૧૯-ડી અન્વયેની મનાઈ હુકમની અરજીનું કામ અત્રેની અદાલત સમક્ષ તા. ૧૯-૧૧-૦૩ના રોજ દાખલ કરવામાં આવેલ છે.

ત્યારબાદ અત્રેની અદાલત સમક્ષની સુનાવણી દરમિયાન અરજદાર તરફે આંક-૧૩ની પુરસીસ દ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે, તેઓની આંક-૧ની અરજીના અનુસંધાને જણાવેલ છે કે, તેઓની મુળ બી.આઈ.આર. અરજી જુનાગઢ મજુર અદાલત સમક્ષ પુરાવા ઉપર આવી ગયેલ હોય, અને તે સંજોગોમાં કારણે તેઓ રીવીઝન અરજી આગળ ચલાવવા માંગતા ન હોય, પ્રેસ કરતા નથી, અને તેમની મુળ અરજી બી.આઈ.આર. અરજીના હક્કને અબાધિત રાખી ફેંસલ કરવા વિનંતી કરેલ છે.

૨. આમ રીવીઝન અરજીના કામે થયેલ ઉપરોકત રજુઆતો ધ્યાને લેતાં, આંક-૧૩થી અરજદાર દ્વારા અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત કરેલ રીવીઝન અરજી આગળ ચલાવવા

INDEX

માંગતા ન હોવાનું કારણ રજુ કરી, ''નોટ પ્રેસ'' કરવા સંબંધે જે રજુઆત કરેલ છે, તે ધ્યાનમાં લેતાં અદાલત દ્વારા નીચે મુજબનો હુકમ પસાર કરવામાં આવે છે.

હુકમ

અરજદાર મુળ રીવીઝન અરજી આગળ ચલાવવા માંગતા આગ્રહ રાખતાં ન હોય, તેને કેંસલ ગણી નિકાલ કરવામાં આવે છે, અને તે સાથે આંક-૧૩ની મનાઇ હુકમની અરજીને પણ કેંસલ ગણી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે હુકમ નથી.

રાજકોટ, તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૨૦૦૭. **અશ્વિન બી. પંચાલ,**
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં.-૨, રાજકોટ.

રાજકોટ, તારીખ ૫મી મે, ૨૦૦૮. **કે. એન. દોશી,**
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ/શમક/૧૬/આરયુ.–સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, રાજકોટ ટેક્ષટાઇલ મીલ્સ, રાજકોટ અને શ્રી કાનજીભાઈ ટપુભાઈ, રાજકોટની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૮ના મે માસના ૫ માં દિને આથી નોંધ કરૂં છું.

શ્રી અશ્વિન બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત નં.-૨, ગુજરાત, રાજકોટ સમક્ષ

અપીલ આઈ.સી. નં. ૮/૨૦૦૪.

રાજકોટ ટેક્ષટાઇલ મીલ્સ, એપેલન્ટ;
કરણસિંહજી રોડ,
રાજકોટ.

INDEX

વિરૂદ્ધ

શ્રી કાનજીભાઈ ટપુભાઈ, રીસ્પોન્ડન્ટ.
C/o. શ્રી એચ. જી. દવે, એડવોકેટ,
''શ્રમ સાધના'', સ્વામી ગુરૂકુળ પાછળ,
ગોંડલ રોડ, રાજકોટ.

અપીલ આઈ.સી. નં. ૬/૨૦૦૫.

શ્રી કાનજીભાઈ ટપુભાઈ, એપેલન્ટ;
C/o. શ્રી એચ. જી. દવે, એડવોકેટ,
''શ્રમ સાધના'', સ્વામી ગુરૂકુળ પાછળ,
ગોંડલ રોડ, રાજકોટ.

મેનેજરશ્રી,
રાજકોટ ટેક્ષટાઈલ મીલ્સ, રીસ્પોન્ડન્ટ.
કરણસિંહજી રોડ,
રાજકોટ.

બાબત :- મજુર અદાલત, રાજકોટના બી.આઈ.આર. અરજી નં.૨૧/૮૮ના કા
તા. ૨૯-૬-૦૪ના રોજ પસાર કરેલ આખરી હુકમ સામે બી.આઈ.આ
એક્ટ, ૧૯૪૬ની કલમ-૮૪ અન્વયેની અપીલ.

કાનજીભાઈ ટપુભાઈ તરફે : વિદ્વાન પ્રતિનિધિ શ્રી નીખીલભાઈ ભટી.

મીલ કંપની તરફે : વિદ્વાન એડવોકેટ શ્રી એ. એસ. ગોગીયા.

ચુકાદો

૧. આ કામમાં શ્રી કાનજીભાઈ ટપુભાઈને હવે પછીથી ''કામદાર'' તરીકે સંબોધવામાં આવશે જ્યારે રાજકોટ ટેક્ષટાઈલ મીલને હવે પછીથી ટુંકમાં ''કંપની'' તરીકે સંબોધવામાં આવશે.

૨. ઉપરોક્ત અપીલો મજુર અદાલત સમક્ષની બી.આઈ.આર. અરજી નં. ૨૧/૮૮ના કા તા. ૨૯-૬-૦૪ના રોજ પસાર કરવામાં આવેલ આખરી હુકમથી નારાજ થઈ પક્ષકારો દ્વા ઉપસ્થિત કરાયેલ છે. ઉપરોક્ત અપીલોમાં પક્ષકારો એક જ હોઈ, તેમજ પક્ષકારોના પ્રતિનિધિ પણ એક જ હોય, તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ, ઉપરોક્ત અપીલોમાં સંયુક્ત ચુકા આપવામાં આવે છે.

૩. સૌ પ્રથમ અપીલ આઈ.સી. નં. ૮/૦૪ કે જે મીલ્સ કંપની દ્વારા ફાઈલ થયેલ છે, જે દર્શાવેલ બાબતોને ટુંકમાં ધ્યાને લેતાં, અપીલના કારણોમાં દર્શાવાયેલ છે કે, મજુર અદાલ દ્વારા અનુમાનના આધારે ચુકાદો આપેલ છે, તેમજ કામદાર સંબંધેની વિશેષમાં એવી રજુઆ

છે કે, તેઓને ફેમ ખાતામાં કેઝ્યુલ કામદાર તરીકે ફીટર તરીકે રાખેલા હતા, અને તેથી તેઓ કામે રહેવા હક્કદાર થતાં નથી. વધુમાં કામદારને કેઝ્યુલ કામદાર તરીકે વાઉચર ઉપર રોકેલ હતાં, અને તેઓની કામગીરી પુરી થતાં, તેઓને છુટા કરેલા છે. તેમજ વધુમાં જણાવેલ છે કે, તેઓની કામગીરી ૩-૩ વર્ષ ચાલેલી, તેવું લેબર કોર્ટે માની જે તારણો આપેલાં છે, તે અદાલતની ગંભીર પ્રકારની ભુલ છે. વધુમાં એવી પણ રજુઆત છે કે, ખરેખર કામદારે ૨૪૦ દિવસની સળંગ નોકરી કરેલી નથી. તેમજ તેઓને તેમના હક્ક-હિસ્સાની ઓફર કરેલી, પરંતુ તેઓએ સ્વીકારેલ નહી. જેથી છુટા કરવાનું મીલ્સ કંપનીનું પગલું કાયદેસરનું છે. બીજા કામદારને સંબંધીત કામદારની જગ્યાએ રાખવામાં આવેલ હોવાની બાબત ખરી નથી. તેમજ કામદારને કામચલાઉ પ્રકારના કામ માટે રાખેલ હોય, વહીવટી નિયમોમાં જે કેઝ્યુલ અને ટેમ્પરરી કામદારની જે વ્યાખ્યા આપવામાં આવેલી છે, તે મુજબની તેમની નિમણુંક હોય, અને તેઓને હાઈસ્પીડ મશીન ઈન્સ્ટોલેશન માટે રાખેલાં હોય, કામગીરી પૂર્ણ થતાં છુટા કરતાં મુજર અદાલતે જે તારણો આપેલ છે, તે ભુલ ભરેલું છે. અને વધુમાં એવી પણ રજુઆત છે કે, મજુર અદાલત સમક્ષ ૨૧ જેટલા સાઈટેશનો રજુ કરેલાં, પરંતુ એક પણ સાઈટેશન અદાલતે રીફર કરેલ નથી. અને તે સિવાયનો ઉલ્લેખ કરેલો છે, અને પડેલા દિવસોના પગાર સંબંધે મજુર અદાલતે હુકમ ફરમાવેલ છે કે તે પણ ગેરકાયદેસરનો અને અયોગ્ય હોવાની રજુઆત કરેલ છે. અને અપીલના કામે મીલ્સ કંપની તરફે લેખિત દલીલ આંક-૧૬થી રજુ કરેલી, અને આંક-૧૭થી તેઓની લેખિત દલીલના સમર્થનમાં ચુકાદાઓ રજુ કરેલાં છે.

આંક-૧૬ની દલીલ ધ્યાનમાં લેવામાં આવે, તો તેઓની મુખ્યત્વે રજુઆત એવી છે કે, કામદારને તા. ૧૮-૧૦-૮૫થી સ્પીનીંગ ખાતામાં વધારના ફીટર તરીકે રોજના રૂા. ૪૦/- થી રાખેલાં, અને તેઓ મીલના કોઈ કાયમી સેટઅપના કામદાર ન હતાં, પરંતુ માત્ર વધારાની કામગીરી માટે જ રાખવામાં આવેલ હતાં, અને ત્યારબાદ તા. ૧૮-૨-૮૮થી કામગીરી નહીં રહેતાં, તેમને વધુ વખત માટે કામે રાખવામાં આવેલ ન હતાં, અને તેથી કાયદેસર રીતે કોઈ હક્ક કે અધિકાર વધારાની કામગીરી માટે તેમને ઉપસ્થિત થતાં નથી. અને કામદારે કરેલ અરજી રદ થવાને પાત્ર છે. વધુમાં મજુર અદાલત સમક્ષ રજુ થયેલ પુરાવાની ચર્ચા દલીલના કામે કરેલી છે. અને કેટલાંક નામદાર હાઈકોર્ટ અને નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓ દલીલના સમર્થનમાં રજુ કરેલ છે. તે તમામ ચુકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને અત્રેની અદાલત નમ્રતાપૂર્વક ધ્યાને લેવામાં આવેલ છે, અને તે તમામ ચુકાદાઓનો અભ્યાસ કરતાં, તે મુખ્યત્વે એ બાબતના છે કે, જ્યારે કામદાર કેજયુઅલ કામદાર, કે ટેમ્પરરી કામદાર હોય, ત્યારે ઓટોમેટીકલી તેનો ગાળો પુરો થયેથી તેની નોકરીનો અંત આવે છે, અને તેવા કિસ્સામાં કલમ-૨૫-એફ નું કોમ્પ્લાયન્સ કરવાની જરૂર નથી, તેમજ તેવા પણ ચુકાદા રજુ કરેલ છે કે, જેમાં કામદારની ભરતી રોજગાર કચેરી દ્વારા થયેલ ન હોવાથી, પુનઃસ્થાપિતનો હુકમ ન થઈ શકે. જે ચુકાદો નામદાર મદ્રાસ હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલો છે. અને આમ અગાઉ ઉલ્લેખ કર્યા મુજબ, કામદારની નિમણુંક સંબંધમાં નામદાર હાઈકોર્ટ અને નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા

INDEX

આપવામાં આવેલ ચુકાદાઓ સંબંધેની તેઓની દલીલના સમર્થનમાં રજુઆત કરી, તેઓની અપીલ ગ્રાજ્ઞા રાખવા અરજ કરેલ છે, અને મજુર અદાલતે તેમના ચુકાદામાં ગંભીર પ્રકારની ભુલ કરેલ છે તેમ ઠરાવી,અપીલમાં માંગેલ દાદ આપવા વિનંતી કરેલ છે.

૪. હવે કામદાર તરફે રજુ થયેલ અપીલ નં. ૬/૦૫ને ધ્યાને લેતાં, તેમાં મુખ્યત્વે એવી રજુઆત છે કે, તેઓને મીલ્સ કંપની દ્વારા છુટા કરતાં, તેઓએ બી.આઈ.આર. એકટની કલમ-૭૮-૭૯ મુજબ મજુર અદાલત સમક્ષ વિવાદ ઉપસ્થિત કરેલ, જે મજુર અદાલતે અંશતઃ મંજુર કરેલ, આમ મજુર અદાલતના હુકમ સંબંધમાં ચર્ચા કરી જણાવાયેલ છે કે, મુજર અદાલતના હુકમ મુજબ સંસ્થા બંધ થઈ ગયેલ હોઈ, પુનઃસ્થાપિત ન કરતા મીલ બંધ થયા તારીખ સુધીના ૭૫ ટકા લેખે પડેલા દિવસોના પગાર, અને લાભો ચુકવી આપવાનો જે હુકમ થયેલ છે, તે હુકમ સંબંધમાં જ્યારે મજુર અદાલતે તેઓને છુટા કરવાનું મીલ્સ કંપનીનું પગલું ગેરકાયદેસર ઠરાવેલ છે, ત્યારે પુરા પગારની રકમ આપવી જોઈએ, તેના બદલે માત્ર ૭૫ ટકા લેખે પગાર ચુકવી આપવાનો હુકમ કરેલો છે, તેનાથી નારાજ થઈ, અને પુરેપુરા પડેલા પગાર ચુકવી આપવા, અને વર્ષો બાદ તેઓને ન્યાય મળતો હોય, તે રકમ ઉપર ૧૮ ટકા લેકે વ્યાજ પણ ચુકવી આપવા અને ખર્ચની રકમ અપાવવામાં આવે, તેવી રજુઆત કરેલી છે. આમ કામદાર તરફે મુખ્યત્વે ઉપર પ્રમાણેની અપીલ દાખલ કરી રજુઆત નોંધાવેલ છે.

૫. બન્ને પક્ષકારો દ્વારા અત્રેની અદાલત સમક્ષ લંબાણપૂર્વકની રજુઆત કરવામાં આવેલ છે, અને કામદાર તરફે કેટલીક મૌખિક દલીલો પણ કરવામાં આવેલ છે, અને મૌખિક દલીલમાં કામદાર તરફે વિદ્વાન એડવોકેટ શ્રી એન. પી. ભટીએ તેમની લેખીત રજુઆતને ભારપૂર્વક દોહરાવેલ છે. અને તેમની રજુઆતના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપવામાં આવેલ ચુકાદો કે જે યુનીવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ વિરૂધ્ધ ઉદેસિંહ ગોહેલના કેસમાં આપેલ છે. જે ચુકાદો ૨૦૦૧ (૧) પાના ૭૩૫ ઉપર રજુ થયેલ છે, તે ચુકાદો રજુ કરેલો છે, અને તેમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોને દોહરાવી પુરેપુરા પગાર આપવા ભારપૂર્વક રજુઆત કરેલી છે. અને તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે આપેલ ચુકાદાના સિધ્ધાંતોને ધ્યાનમાં લેતાં ઠરાવેલ છે કે, ઔદ્યોગિક વિવાદ ચાલતાં દરમ્યાન કેટલાંક પરિણામો ધ્યાને લેતાં ગેઈનફુલી આવક માની શકાય નહીં, તેમ ઠરાવેલ છે. આમ કામદાર તરફે ઉપરોકત રજુઆત થયેલી છે.

૬. હવે મુળ રેકર્ડમાં રજુ થયેલ બાબતોને ટુંકમાં ધ્યાને લેતાં, બી.આઈ.આર. અરજી નં. ૨૧/૮૮ના કામે કામદાર દ્વારા તા. ૨૩-૩-૮૮ના રોજ રજુ થયેલ છે. તેમજ દસ્તાવેજી પુરાવા, અને પક્ષકારો દ્વારા ગુણદોષ ઉપર થયેલ રજુઆતોના અંતે મજુર અદાલત, રાજકોટ દ્વારા તા. ૨૯-૬-૦૪ના રોજ હુકમ પસાર કરવામાં આવેલ છે. જે ચુકાદાને ધ્યાને લેતાં, મજુર અદાલતે કામદારને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવી, તેઓને મીલ કંપની બંધ થઈ ગયેલ હોવાથી પુનઃસ્થાપિત કરવાનાં રહેતા નથી. પરંતુ તા. ૧૮-૨-૮૮ થી મીલ્સ કંપની બંધ થઈ તે ગાળા દરમિયાનના ૭૫ ટકા લેખે પગાર અને મળવાપાત્ર આનુસાંગિક લાભો ચુકવી આપવાનો હુકમ કરેલો છે. અને ખર્ચ પેટે રૂા. ૫૦૦/- ચુકવી આપવાનો હુકમ કરેલો છે.

૭. આમ હવે, ઉપરોકત તમામ બાબતોને જોતાં, અત્રેની અદાલતે એ બાબત નક્કી કરવાનું છે કે, મજુર અદાલતે તા. ૨૯-૬-૦૪ના રોજ પસાર કરેલ હુકમ યોગ્ય, કાયદેસરનો, ન્યાયી અને વ્યાજબી છે કે કેમ ?

૮. આ સંબંધમાં મજુર અદાલતના ચુકાદાનો અભ્યાસ કરતાં મજુર અદાલતે જે તારણો આપેલ છે, તેમાં મુખ્યત્વે સંસ્થાના સાક્ષીની જુબાની સંબંધમાં ચર્ચા કરી ઠરાવેલ છે કે, તેઓને અંગત માહિતી નથી, અને સાક્ષીની રેકર્ડના આધારે જણાવતાં હોય, તે સંબંધી તારણો કાઢેલા છે. તેમજ જો હાઇસ્પીડ મશીન માટેની કામગીરી કામદારને સોંપેલ હતી, તે કામગીરી પુરતી જ તેઓને નિમણુંક આપેલી, તેવું તારણ થતું નથી, અને સંબંધીત કામદારે સવા બે વર્ષ ઉપરાંત સળંગ કામગીરી કરેલ હોવાની બાબતનો ઉલ્લેખ કરી, અને માત્ર ઈન્સ્ટોલેશનની કામગીરી પૂર્ણ થતાં છુટા કરેલ છે, તે બાબત સાબીત થતી ન હોવાનો ઉલ્લેખ કરી, મજુર અદાલતે તારણો આપી ચુકાદો આપેલ હોવાનું જણાય આવે છે.

૯. મજુર અદાલતે લીધેલ આ તારણો સંબંધમાં અત્રેની અદાલત દ્વારા ફરીથી તેની ચકાસણી કરવામાં આવતા, અને તે સંબંધમાં મુળ રેકર્ડ જોવામાં આવે, તો મુળ અરજીના કામે, જે લેખિત જવાબ રજુ થયેલ છે કે, જે આંક-૬થી મુળ રેકર્ડમાં છે, તેમાં મીલ્સ કંપનીએ એવી રજુઆત કરેલ છે કે, કામદારને તેઓએ તા. ૧૮-૧૦-૮૫ થી સ્પીનીંગ ખાતામાં વધારાના ફીટર તરીકે રોજના રૂા. ૪૦/-થી રોકેલ હતાં, અને તેઓ કોઈ કાયમી સેટઅપના કામદાર ન હતાં, અને તા. ૧૮-૨-૮૮ થી કામગીરી નહી રહેતાં છુટા કરેલાં. હવે મીલ્સ કંપનીની ઉપરોકત રજુઆતને જોતા, કામદારની નિમણુંક એ વધારાના કામ માટે વધારાના ફીટર તરીકે કરેલ હોવાની રજુઆત કરતાં હોવાનું માલુમ પડે છે. મુળ કેસનું તમામ રેકર્ડ ધ્યાને લેતાં, મીલ્સ કંપની દ્વારા થયેલ રજુઆતના સમર્થનમાં લેખીત દસ્તાવેજો મુળ રેકર્ડના કામે કયાંય જણાય આવતા નથી. એટલે કે સંબંધીત કામદારની નિમણુંક તેને ચોક્કસ પ્રકારના કામ પુરતી, અને ચોક્કસ સમય માટે કરવામાં આવેલ હોય, તેવો કોઈ લેખીત પુરાવો રેકર્ડ ઉપર જણાતો નથી. હવે મીલ કંપનીની વધુ રજુઆતને ધ્યાને લેતાં, સ્પીનીંગ ખાતામાં કામદારની નિમણુંક માત્ર હાઇસ્પીડ મશીન આવવાથી ટેમ્પરરી વધારાની કામગીરી માટે કેજયુઅલ કામદાર તરીકે કરવામાં આવેલી, તેવી રજુઆતમાં માત્ર વધારાની કામગીરી માટે રાખેલ હોવાનો ઉલ્લેખ છે. પરંતુ એવો કયાંય ઉલ્લેખ નથી કે સ્પીનીંગ ખાતામાં હાઇસ્પીડ ઈન્ડોકવીન મશીન આવવાથી તેમને ટેમ્પરરી વધારાના કામ માટે રોકેલ હતાં. આમ લેખીત રજુઆત, અને મીલ્સ કંપનીના મૌખિક પુરાવામાં કામદારની કામગીરી સંબંધમાં ચોકકસ સ્પષ્ટતા નથી. પરંતુ વિરોધાભાસ થતો હોય તેવું જણાય છે. કારણ કે લેખીત જવાબમાં વધારાના ફીટર તરીકેનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. જયારે ફેકટરી મેનેજર દ્વારા આપેલ મૌખિક પુરાવામાં હાઇસ્પીડ મશીનની વધારાની કેજયુલ કામગીરી માટે રાખેલ હોવાનો ઉલ્લેખ છે, અને વધારાની કામગીરી પુરી થતાં તા. ૧૮-૨-૮૮ થી તેમણે કામદારને છુટા કરેલ હોવાનો ઉલ્લેખ છે. આ બાબતને બીજી રીતે જોવામાં આવે તો એક હકીકત નિર્વિવાદ છે કે, જો કોઇપણ મશીનરી મીલમાં નવી આવે, ત્યારે તેનું ઈન્સ્ટોલેશન

INDEX

કરવાની કામગીરી કરવી પડે, અને તે પ્રાથમીક પ્રકારની કામગીરી તરીકે ગણી શકાય. હવે મુળ રેકર્ડના આંક-૧૫ના ફેકટરી મેનેજરના મૌખિક પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, તેઓએ સ્પષ્ટ દર્શાવેલ છે કે, અરજદાર જે તે સમયે હાઈસ્પીડ મશીન આવવાથી તેમને ટેમ્પરરી વધારાના કામદાર તરીકે, કેજ્યુઅલ કામદાર તરીકે રાખેલાં. આ બાબત ચકાસતાં, જ્યારે કોઈપણ મશીનરી ઈન્સ્ટોલ થાય, ત્યારે માત્ર તેના ઈન્સ્ટોલેશનની કામગીરી એ ચોકકસ સમય માટે જ હોય, અને આ સંજોગોમાં ચોક્કસ સમય પુરતી જ કોઈની નિમણુંક કરવામાં આવે, તો તે સંબંધેનો ચોક્કસ કામનો નિમણુંકપત્ર આપવો જરુરી થઈ જાય છે. પંરતું અગાઉ ઉપર ચર્ચા કરી તે મુજબ કામદારને મીલ કંપની દ્વારા કોઈ તેમની કામગીરી સંબંધેનો નિમણુંકપત્ર આપવામાં આવેલો નથી. તેમ રેકર્ડ જોતાં જણાય આવે છે.

હવે મજુર અદાલતે કામદારને ગેરકાયદેસર છુટા કરેલાં હોઈ, પુનઃસ્થાપિત અંગે હુકમ કરવો જોઈએ, તેવું તારણ આપેલ છે. વધુમાં ઈન્સ્ટોલેશનની કામગીરી સવા બે વર્ષ જેટલી ન હોય તે બાબત સહજ રીતે માની શકાય તેવી બાબત છે. વધુમાં ફેકટરી મેનેજરશ્રીએ જે મૌખિક પુરાવો નોંધાવેલ છે. પરંતુ તેવા કોઈ વાઉચર પણ મુળ અરજીમાં અદાલત સમક્ષ રજુ થયા હોવાનું જણાય આવતું નથી. તેમજ અરજદારની ઉંમર સંબંધમાં પણ કોઈ પુરાવો ન હોવાનું ફેકટરી મેનેજરની જુબાનીમાં દર્શાવેલ છે. વધુમાં ફેકટરી મેનેજરે જે રજુઆત કરેલ છે, તેને ધ્યાને લેતાં જણાય છે કે, તેઓએ કામદારને છુટા કરતી વખતે હક્ક-હીસ્સા ઓફર કરેલ હતાં. તે તેઓ ટાઈમકીપરના કહેવાથી જણાવી રહેલ છે, તેમ જણાવેલ છે. અને તેનો તેમની પાસે લેખીત આધાર છે, તેમ તેઓ જણાવે છે. આ બાબતને પણ જોવામાં આવે તો એવું કયાંય ફલીત થતું નથી કે, તેઓએ કયા પ્રકારના હક્ક-હીસ્સા છુટા કરતી વખતે કામદારને ઓફર કરેલાં, અને જેનો કામદારે અસ્વીકાર કરેલો. વધુમાં કામદારની જે ઉલટ તપાસ થયેલી છે, તે ચકાસણી કરતાં ઉલટ તપાસમાં એવી પ્રશ્નોત્તરી થયેલ છે, એટલે કે ઉલટ તપાસ દરમિયાન કામદારને નોટીસ પગાર, અને બેકારી વળતર આપવાની તૈયારી દર્શાવેલી. તે પણ તેઓ લેવા તૈયાર નથી. કારણ કે તેઓને કામ જોઈએ છે. આ પ્રકારની તમામ બાબતનું અવલોકન કરતાં ગર્ભીત રીતે એવું જણાય આવે છે કે, સંબંધીત કામદારને છુટા કરતા સમયે કાયદાકીય જોગવાઈઓનું પાલન કરવા સંબંધે રહી ગયેલ ખામીને મીલ્સ કંપની તરફે કોર્ટ કાર્યવાહી દરમ્યાન સુધારવાનો પ્રયત્ન કરવામાં આવી રહેલ હોય, પરંતુ તેવું મારું માનવું છે. કારણ કે હાથ ઉપરના કેસમાં કામદારની નિમણુંક સંબંધમાં મીલ્સ કંપની દ્વારા કોઈ ચોક્કસ લેખીત કે મૌખિક પુરાવાઓ રેકર્ડમાં રજુ થયેલ હોવાનું જણાય આવતું નથી. અને ઉલ્ટાનું કામદાર ફીટર તરીકેની કામગીરી સળંગ તા. ૧૮-૧૦-૮૫ થી તા. ૧૮-૨-૮૮ સુધી કરી હોવાનું રેકર્ડ ઉપરથી પ્રસ્થાપિત થાય છે.

હવે આ તબક્કે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ હેઠળના સુતરાઉ કાપડ, રેશમ કાપડ, હોઝીયરી કાપડ અને ગરમ કાપડના કામે રોકાયેલ સંસ્થા અને કંપનીના જે નમુનારૂપ સ્થાયી હુકમો કાઢેલાં છે, તેમાં કામદારોનું જે વર્ગીકરણ દર્શાવેલ છે, તે વર્ગીકરણમાં

INDEX

કાયમી કામદાર, અજમાયશી કામદાર, હંગામી કામદાર, છુટક કામદાર અને શીખાઉ કામદારનો સમાવેશ થાય છે. આ તબક્કે મીલ્સ કંપની દ્વારા રજુ થયેલ બાબતોને જોતાં, સંબંધીત કામદારને હંગામી કામદાર તરીકે તેઓના કહેવા મુજબની બાબતોને ધ્યાને લેવામાં આવે તો હંગામી કામદારની વ્યાખ્યા અને છુટક કામદારની વ્યાખ્યા જોવી જરૂરી હોઈ, તેને જોવામાં આવતાં નીચે મુજબ છે.

''હંગામી કામદાર'' એટલે જેને મુખ્યત્વે કામચલાઉ પ્રકારના કામ માટે મર્યાદિત મુદત સારૂ નીમવામાં આવ્યો હોય, અથવા જેને કાયમી પ્રકારના કામમાં કામચલાઉ વધારો થવાના સંબંધમાં **વધારાના કામદાર તરીકે થોડા સમય માટે કામે રાખ્યો હોય તે કામદાર.**

જ્યારે ''છુટક કામદાર'' એટલે કે જેને મુખ્યત્વે પ્રાસંગીક અથવા છુટક કામ માટે કામે રાખેલ હોય તે કામદાર.

ઉપરોકત મુજબ હંગામી કામદારનો અભ્યાસ કરવામાં આવે તો, તેમાં સ્પષ્ટ જણાવેલ છે કે ''કામદારને મર્યાદિત મુદત સારૂ નિમવામાં આવે, અને જેને વધારાના કામ માટે થોડા સમય માટે કામે રાખેલ હોય તે કામદાર''. આમ ઉપરોકત દર્શાવેલ હંગામી કામદારની વ્યાખ્યા ધ્યાને લેતાં, કામદારને મીલ્સ કંપનીએ ખરેખર થોડા સમય માટે કામે રાખેલાં, કે અમુક ચોક્કસ સમય માટે કામે રાખેલાં, અને છુટા કરેલ છે, તેવું અગાઉ કરેલ ચર્ચા મુજબ કયાંય જણાય આવતું નથી, અને તેઓની નિમણુંક માત્ર કામચલાઉ પ્રકારના કામ માટે કરેલી હોય, તેવું પણ સાબીત થતું નથી. માટે હાલના કેઈસમાં મીલ્સ કંપનીની જે રજુઆત છે કે, માત્ર ટેમ્પરરી કામ પુરતી જ તેઓને નિમણુંક આપેલી, તે બાબત ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. પરંતુ તેઓની પાસે કાયમી પ્રકારના કામ માટે સળંગ કામગીરી કરાવેલ હોવાનું રેકર્ડ જોતાં અને પુરાવાઓ જોતા જણાય આવે છે.

હવે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંતોને ધ્યાને લેતાં જ્યારે કામદારની કામગીરી કાયમી પ્રકારના કામ માટે, તેઓ પાસેથી સળંગ બે વર્ષ દરમ્યાન કામ લીધા બાદ જ્યારે તેઓને છુટા કરવામાં આવેલા, તે સમયે કોઈ કારણો જણાવેલ હોવાનું, એટલે કે લેખીત નોટીસ આપેલાનું કે નોટીસના અનુસંધાને મળવાપાત્ર છટણી વળતર, કે અન્ય હક્ક-હીસ્સા ચુકવી આપેલ હોવાનું રેકર્ડ જોતાં કયાંય ફલીત થતું નથી. તે તમામ બાબતોને જોતાં, કામદારને છુટા કરવાનું પગલું મજુર અદાલતે જે ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અન્યાયી ઠરાવેલ છે, તે બાબતને આ અદાલત પણ અનુમોદન આપી, મજુર અદાલતનું તારણ કાયદેસરનું અને વ્યાજબી ઠરાવે છે.

હવે પડેલા દિવસોના પગાર સંબંધે જે તકરાર પક્ષકારો તરફે ઉપસ્થિત કરેલી છે, તે બાબતે ચર્ચા કરવી જરૂરી બને છે. મજુર અદાલત દ્વારા પડેલા દિવસોના પગાર સંબંધમાં પુરાવાઓનો ઉલ્લેખ કરી, ૭૫ ટકા પગાર ચુકવી આપવાનો હુકમ કરેલો છે. મજુર અદાલતના આ હુકમમાં હસ્તક્ષેપ કરવો જરૂરી જણાય છે. કારણ કે તાજેતરમાં નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા બેક વેજીસ સંબંધમાં જનરલ મેનેજર, હરીયાણા રોડવેઝના કેઈસમાં આપેલ ચુકાદામાં ઠરાવેલ

છે કે, પડેલા દિવસોના પગાર સંબંધે દરેક કેઇસમાં ચોક્કસ નિયમો લાગુ પાડી શકાય નહી, મીકેનીકલ માઇન્ડથી હુકમ ન કરતાં, અલગ અલગ ફેકટર ધ્યાને લઇ, પડેલા દિવસોના પગારનો હુકમ કરવો જોઇએ. જે ફેકટરમાં કામદારની નિમણુંકનો પ્રકાર, શૈક્ષણિક લાયકાત, નોકરીનો ગાળો, નોકરી મળવાની વૈકલ્પીક ઉપલબ્ધી, તેવા તમામ અલગ અલગ ફેકટર ધ્યાને લેવા જોઇએ, તેમ ઠરાવેલ છે. આ ચુકાદો સુપ્રીમ કોર્ટ કેઇસીસ (એલ એન્ડ એસ) પાના ૭૧૬ ઉપર પ્રસિદ્ધ થયેલ છે. ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત અને હાથ ઉપરના કેઇસમાં પડેલી હકીકતો જોતાં કામદારે તેમના પુરાવામાં મજુરી કરી રોજના રૂા. ૫ થી ૬ કમાતા હોવાનું દર્શાવેલ છે. જે બાબતમાં ચકાસણી કરતાં, અને નામદાર સુપ્રીમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ કાયદાના સિધ્ધાંતો જોતાં, તેમજ સંબંધીત કેઇસમાં કામદારના કામના પ્રકારને ધ્યાને લેતાં કામદાર ''સ્કીલ્ડ'' પ્રકારના કામદાર હોવાનું ગણાતાં, તમામ સમય દરમ્યાન માત્ર છુટક મજુરી કરી બેકાર રઝા હોય, તેવુ માની શકાય નહીં. અને ફીટર કક્ષાની કામગીરી કે જે સ્કીલ્ડ પ્રકારની કામગીરીમાં આવે, તે કામની વૈકલ્પિક ઉપલબ્ધી હોવાનું માનવામાં આવે, તો તેઓએ કામ મેળવી કમાણી કરેલી હોય, તેવું સમજી શકાય. પરંતુ ચોક્કસ શું કમાણી કરી, તે પહેલાં પુરાવાથી નક્કી થઇ શકે તેમ નથી. આથી ઉપરોકત ચર્ચા કર્યા મુજબની તમામ બાબતોને ધ્યાને લેતા તેમજ મીલ્સ કંપની કે જે ૨૦૦૨માં એટલે કે તા. ૬-૫-૨૦૦૨ના રોજ બંધ થઇ ગયેલ હાવાની બાબતને ધ્યાને લેતાં, તેમજ કામદારની દાખલ થયા ત્યારથી એટલે કે તા. ૧૮-૧૦-૮૫ના રોજથી મીલ્સ કંપની બંધ થઇ ગઇ, ત્યાં સુધીના તમામ સમયગાળાને જોતાં તેમજ વિવાદ કે જે ૧૯૮૮ થી પડતર છે, તે વિવાદના સમયગાળાને ધ્યાને લેતાં એટલે કે ૧૯ વર્ષનો સમયગાળો આ તમામ બાબતોને જોતાં, જો પડેલા દિવસોના પગાર સંબંધમાં ચોક્કસ ટકાવારી પ્રમાણેનો હુકમ કરવામાં આવે તો પણ હુકમનો હેતુ સરે તેમ જણાતું નથી. કારણ કે મીલ કંપની બંધ થયાને પણ આજે આશરે પાંચ વર્ષ જેટલો સમય પસાર થયેલ છે. આ તમામ સંજોગોને ધ્યાને લેતાં, પડેલા દિવસોના પગાર સંબંધે ચોક્કસ ટકાવારી પ્રમાણે હુકમ ન કરતાં, જો એક ઉચ્ચક રકમનો હુકમ કરવામાં આવે એટલે કે રૂા. ૧,૫૦,૦૦૦/- (અંકે રૂપીયા એકલાખ પચાસ હજાર પૂરા) તેઓને મળવાપાત્ર પગાર અને હક્ક-હિસ્સાઓ પેટે, અને તેઓની નોકરી, અને ઉપરોકત ચર્ચા કર્યા મુજબના તમામ સમયગાળાને જોતાં, કામદારને ચુકવી આપવામાં આવે તેવો હુકમ કરવામાં આવે, તો હાથ ઉપરની અપીલમાં યોગ્ય અને કાયદેસરનો અને ન્યાયી હુકમ થયાનું ગણાશે અને તે તમામ બાબતો જોતાં, અત્રેની અદાલતે બી.આઈ.આર. એકટની કલમ-૮૮(૧) અન્વયે મળેલી સત્તાની રૂએ અદાલત દ્વારા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૧. કામદારની અપીલ આઈ.સી. નં. ૬/૨૦૦૫ અંશતઃ મંજુર કરવામાં આવે છે, અને મીલ્સ કંપનીની અપીલ આઇ.સી. નં. ૮/૨૦૦૪ નામંજુર કરવામાં આવે છે.

INDEX

૨. કામદારને મીલ્સ કંપનીએ પડેલા દિવસોના પગાર અને મળવાપાત્ર લાભોની રકમ તથા પુનઃસ્થાપિત પેટે ઉચ્ચક રૂા. ૧,૫૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પચાસ હજાર પુરા) ચુકવી આપવા, તેવો આથી હુકમ કરવામાં આવે છે. વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે, ઉપરોકત રકમ મીલ્સ કંપનીએ ચુકવી આપવી તેવો હુકમ કરવામાં આવેલ હોવાથી મજુર અદાલતના હુકમ મુજબના કોઇ લાભો કે રાહતો કામદારને મળવાપાત્ર રહેતા નથી.

૩. આ હુકમનો અમલ બજવણી થયાના દિન-૩૦માં કરવાનો રહેશે.

૪. ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

૫. મજુર અદાલતનું રેકર્ડ પરત કરવું.

રાજકોટ, તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૭.

અશ્વિન બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં.-૨, રાજકોટ.

રાજકોટ, તારીખ ૫મી મે, ૨૦૦૮.

કે. એન. દોશી,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 31, *Gujarat Government Gazette,* Part I—L, dated 31st July, 2008 and for pages VAD–2631 to 2798 (in 1 set) *read* page Nos. 2828 to VAD-2995.

વિજ્ઞપ્તિ

શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૩૧મી જુલાઈ, ૨૦૦૮ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલના અંક-૩૧માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૨૬૩૧ થી વીએડી-૨૭૯૮ (૧ બંચમાં) ને પાન નંબર ૨૮૨૮ થી ૨૯૯૫ વાંચવા.

Vadodara , 31st July, 2008.

S. J. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચ/એમસી/વ/એજે/૧૨૧૪૧/૨૦૦૮.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર રાજ ફિલ્ટર કંપની, GIDC મંજુસર, સાવલી અને તેના શ્રમયોગીશ્રી ચાવડા ચેતન જયંતીભાઈ વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭નાં ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮ (૩) ઝ થી સદર અધિનિયમની કલમ-૧૦ ની પેટા-કલમ (૧) ની સામે પેટા વિભાગ-૧૦ની કલમ 'સી' વાંચતા સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા વિભાગ (સી) મળેલ સત્તાની રૂએ હુ, મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલ લેબર કોર્ટ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ચાવડા ચેતન જયંતીભાઈને તેમના પડેલા દિવસોના પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૧૯મી મે, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૨૨૭૪.—મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સોના પ્લાસ્ટીક, મંજુસર, તા. સાવલી, અને તેના શ્રમયોગીશ્રી લક્ષ્મણભાઈ ભીખાભાઈ જાધવ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭૩-આઈડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ને સામે પેટા-વિભાગ-૧૦ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુકત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી લક્ષ્મણભાઈ ભીખાભાઈ જાધવને તેમના પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૧૯મી મે, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૨૨૭૯.—મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સોના પ્લાસ્ટીક, મંજુસર, તા. સાવલી, અને તેના શ્રમયોગીશ્રી પંકજકુમાર ગુલાબસીંગભાઈ સોલંકી વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઈડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ને સામે પેટા-વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુકત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પંકજકુમાર ગુલાબસીંગભાઈ સોલંકી ને તેમના પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૧૯મી મે, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુકત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૨૨૮૪.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી એસ.ટી. વિભાગીય કચેરી, વડોદરા અને તેના શ્રમયોગીશ્રી કનુભાઈ મથુરભાઈ માછી વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઈડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ને સામે પેટા-વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી કનુભાઈ મથુરભાઈ માછીને તેમના પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૧૯મી મે, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૨૨૮૯.—મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી એસ.ટી. વિભાગીય કચેરી, વડોદરા અને તેના શ્રમયોગીશ્રી રોહીતભાઈ જમનાદાસ દૂધવાલા વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ને સામે પેટા-વિભાગ-૧૦ની કલમ "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રોહીતભાઈ જમનાદાસ દૂધવાલાને તેમના પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૧૯મી મે, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૨૨૯૪.—મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી એસ.ટી. વિભાગીય કચેરી, વડોદરા અને તેના શ્રમયોગીશ્રી રમેશભાઈ મંગળભાઈ ભોઈ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુકત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રમેશભાઈ મંગળભાઈ ભોઈને તેમના પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૧૯મી મે, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/આર/ક/૩૦૯૮૨/આઈડીઆર/એજે/૨/૨૦૦૮.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એશિયન પેઈન્ટસ લી. અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ-'અ'

સર્વોદય લેબર યુનિયન, અમદાવાદના તારીખ ૧૬-૧-૨૦૦૬ ના પત્રથી સંસ્થા એશીયન પેઈન્ટસ લી. બ્લોક નં. ૭૯૧-૭૯૨ આલ્ફા ટોટલ સામે, અસલાલી, તા. દસક્રોઈ C/o. અમદાવાદ સામેની માંગણીઓનું પરિશિષ્ટ :-

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળના કન્ટન કેસ ને આઈ.ડી.સી. ૨-૨૦૦૬.

(૧) **પગાર વધારો અંગે :-**
તમામ કામદારોને હાલ મળતા ઉપરાંત તથા લ.વે. દ્વારા ઉપરાંત દૈનિક રૂા. ૨૦/- નો પગાર વધારો કરવો.

(૨) **ફીક્સ મોંઘવારી ભથ્થું :-**
સંસ્થામાં કામ કરતા કામદારોને પગાર ઉપરાંત માસીક રૂા. ૧૦૦૦/- ફીક્સ મોંઘવારી ભથ્થું આપવું.

INDEX

(૩) **મકાન ભાડું :-**

સંસ્થામાં કામ કરતા તમામ કામદારોને માસીક રૂા. ૫૦૦/- મકાન ભાડું આપવું.

(૪) **રજાઓ અંગે :-**

(અ) તમામ કામદારોને દર વર્ષે ૨૧ હક્ક રજા આપવી.
(બ) તમામ કામદારોને દર વર્ષે ૧૫ દિવસની તહેવારની રજા આપવી.
(ક) તમામ કામદારોનું દર વર્ષે ૧૫ દિવસની માંદગીની રજા આપવી.
(ડ) તમામ કામદારોનું દર વર્ષે ૧૦ કેજ્યુઅલ રજા આપવી.

(૫) **ઓળખપત્ર અંગે :-**

તમામ કામદારોને સાચી દાખલ તારીખ સાથે સંસ્થાના સહી સિક્કા સાથે ઓળખપત્ર આપવા.

(૬) **વોશીંગ એલાઉન્સ :-**

તમામ કામદારોને માસીક રૂા. ૩૦૦/- વોશીંગ એલાઉન્સ આપવું.

(૭) **ટ્રાવેલીંગ એલાઉન્સ :-**

તમામ કામદારોને દર વર્ષે રૂા. ૨૦૦૦/- ટ્રાવેલીંગ એલાઉન્સ આપવું.

(૮) **યુનિફોર્મ અંગે :-**

તમામ કામદારોને દર વર્ષે ૩ જોડી સારી કવોલીટીના યુનીફોર્મ દર વર્ષે તથા દર વર્ષે બે જોડી બુટ આપવા.

(૯) સંસ્થામાં કામ કરતા કોન્ટ્રાકટના કામદારોને કંપનીના કામદારો ગણી તે મુજબના તમામ લાભો આપવા.

(૧૦) યુનિયનને માન્યતા અને ફાળો લવાજમ અંગે ઉપરોક્ત માંગણીઓમાં સમાધાન થાય કે એવોર્ડ તેમાંથી કામદારોને રકમ મળે તેના ૧૫ % લેખે ફાળા અથવા તો કામદારોને જે મળે તેના ૨ માસના પગાર વધારાની રકમ એમાંથી ને વધુ હોય તે ચુકવવા અને તમામ કામદારોના માસીક પગારમાંથી રૂા. ૨૦/- લેખે લવાજમ કપાત કરી, ઉપરોક્ત યુનિયનને ચેક મારફતે મોકલી આપવા.

(૧૧)**અમલ અંગે :-**

ઉપરોક્ત તમામ માંગણીઓનો અમલ તા. ૧-૧-૨૦૦૬ થી કરવો.

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/આર/ક/૩૧૦૦૦/આઇડીઆર/એજે/૨૮૮/૨૦૦૮.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત સ્ટીલ ડીસ્ટ્રીબ્યુટર્સ અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણીઓનું પરિશિષ્ટ

માંગણી-૧. સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને નીચે મુજબની રીતે પગાર વધારો કરી આપવો જોઇએ કે કેમ ?

(૧) તારીખ ૧-૪-૦૭ થી દૈનિક રૂા. ૨૫/- નો પગાર વધારો.

(૨) તારીખ ૧-૪-૦૮ થી દૈનિક રૂા. ૩૦/- નો પગાર વધારો.

(૩) તારીખ ૧-૪-૦૯ થી દૈનિક રૂા. ૩૫/- નો પગાર વધારો.

માંગણી-૨. સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર છ માસે બહાર પાડવામાં આવતાં સ્પેશીઅલ એલાઉન્સ ઉપરાંત માસિક રૂા. ૭૦૦/- લેખે મોંઘવારી ભથ્થું આપવું જોઇએ કે કેમ ?

INDEX

માંગણી-૩. સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓ/કર્મચારીઓને નીચે મુજબની રજાઓ ભર પગારે આપવી જોઈએ કે કેમ ?

(અ) હક્ક રજા :- ફેકટરી એકટ મુજબની હક્ક રજા આપવી.

(બ) તહેવાર રજા :- દર વર્ષે ૧૫ દિવસની તહેવારની રજા.

(ક) માંદગીની રજા :- દર વર્ષે ૧૦ દિવસની માંદગીની રજા.

(ડ) કેજ્યુઅલ રજા :- વાર્ષીક ૧૦ દિવસની કેજ્યુઅલ રજા.

માંગણી-૪ :- તમામ શ્રમયોગીઓને નીચે દર્શાવ્યા મુજબના ભથ્થાઓ આપવા જોઈએ કે કેમ ?

(અ) મકાન ભાડું :- માસિક રૂા. ૭૦૦/- મકાન ભાડુ.

(બ) ટ્રાવેલીંગ એલાઉન્સ :- વર્ષે રૂા. ૨૫૦૦/- ટ્રાવેલીંગ એલાઉન્સ.

(ક) કન્વેયન્સ એલાઉન્સ :- માસિક રૂા. ૨૦૦/-

(ડ) એજ્યુકેશન એલાઉન્સ :- માસિક રૂા. ૪૦૦/-

(ઇ) મેડીકલ એલાઉન્સ :- માસિક રૂા. ૩૦૦/-

(ફ) વોશીંગ એલાઉન્સ :- માસિક રૂા. ૨૫૦/-

માંગણી-૫ :- તમામ શ્રમયોગીઓને નીચે દર્શાવ્યા મુંજબ હાજરી બોનસ આપવું જોઈએ કે કેમ?

(૧) જે શ્રમયોગીઓની ૨૬ દિવસની પુરી હાજરી માટે ૩ દિવસનો હાજરી બોનસ પગાર.

(૨) જે શ્રમયોગીઓની ૧ દિવસની ગેરહાજરી હોય તેને ૨ દિવસનો હાજરી બોનસ પગાર.

(૩) જે શ્રમયોગીઓની ૨ દિવસની ગેરહાજરી હોય તેને ૧ દિવસનો હાજરી બોનસ પગાર.

માંગણી-૬. સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દર વર્ષે ૩ જોડી સારી ક્વોલીટીના યુનિફોર્મ, ૨ જોડી બાટાના બુટ, ૨ જોડી મોજા તથા શિયાળામાં ૧ નંગ વુલર જર્સી તથા ચોમાસામાં ૧ નંગ રેઈન કોટ અથવા છત્રી આપવા જોઈએ કે કેમ ?

માંગણી-૭. ઉક્ત તમામ માંગણીઓમાં સમાધાન થાય અથવા એવોર્ડ આવે અને શ્રમયોગીઓને જે પણ નાણાંકીય લાભ મળે તે લાભ મેળવનારા તમામ શ્રમયોગીઓને આપવામાં થતી રકમમાંથી ૧૫ ટકા રકમ યુનિયન ફાળા તરીકે કપાત કરીને રકમ યુનિયનને ચેક મારફતે મોકલી આપવી જોઈએ કે કેમ ?

અને

દર વર્ષે જાન્યુઆરી માસમાં રૂા. ૨૫૦/- લેખે યુનિયનનું વાર્ષિક લવાજમ શ્રમયોગીઓના પગારમાંથી કપાત કરી તે રકમ પણ ચેક મારફતે યુનિયનને મોકલી આપવી જોઈએ કે કેમ?

માંગણી-૮ :- ઉક્ત તમામ માંગણીઓનો અમલ તા. ૧-૪-૦૭ ની અસરથી કરવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/આર/ક/૩૧૦૦૧/આઈડીઆર/એજે/૨૯૩/૨૦૦૮.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમોલ ડાયકાલાઈટ લી., કડી અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

પરિશિષ્ટ

(૧) **પગાર વધારા અંગે** :- સંસ્થામાં કામ કરતા શ્રમયોગીઓને હાલ મળતા પગારમાં દૈનિક રૂા. ૨૫/- નો વધારો કરી આપવો કે કેમ ?

(૨) **મોંઘવારી ભથ્થું** :-કંપનીમાં કામ કરતા તમામ શ્રમયોગીઓને ઉપર મુજબના વધારા ઉપરાંત નીચે મુજબના દરે દર માસે મોંઘવારી ભથ્થું ચુકવવું કે કેમ ?

(અ) ફીક્સ મોંઘવારી ભથ્થું :-(ફીક્સ ડી.એ.)

દરેક શ્રમયોગીઓને દર માસે રૂા. ૭૦૦/- ફીકસ મોંઘવારી ભથ્થું ચુકવવું કે કેમ?

(બ) વેરીએબલ મોંઘવારી ભથ્થું :-(વેરીએબલ ડી.એ.)

દરેક શ્રમયોગીઓને ઓલ ઈન્ડીયા કન્ઝુમર્સ પ્રાઈઝ ઈન્ડેક્ષ (બેઝીક પગાર ૧૯૪૯ ૧૦૦ મુજબ) જાહેર થતાં ભાવીકના ૪૦૦ ઉપર વધતા દરેક પોઈન્ટ દીઠ રૂા. ૫/- માસે માસિક આપવા કે કેમ ?

(૩) **મકાન ભાડું** :- દરેક શ્રમયોગીઓને મકાન ભાડું (હાઉસ રેન્ટ એલાઉન્સ) માસિક રૂા. ૭૦૦/- દર માસે આપવું કે કેમ ?

(૪) **કન્વેયન્સ એલાઉન્સ** :- દરેક શ્રમયોગીઓને દર માસે રૂા. ૨૫૦/- કન્વેયન્સ એલાઉન્સ આપવું કે કેમ ?

(૫) **મુસાફરી ભથ્થું** :- દરેક શ્રમયોગીઓને દર વર્ષે રૂા. ૨૫૦૦/- મુસાફરી ભથ્થા પેટે આપવા કે કેમ ?

(૬) **મેડીકલ એલાઉન્સ** :- દરેક શ્રમયોગીઓને દર વર્ષે રૂા. ૧૦૦૦/- મેડીકલ એલાઉન્સ આપવું કે કેમ ?

(૭) **રજાઓ** :- દરેક શ્રમયોગીઓને દર વર્ષે પંદર દિવસની સી.એલ. રજા, ત્રીસ દિવસની હક્ક રજા તથા વીસ દિવસની માંદગીની રજા ભર પગારે આપવી કે કેમ ?

(૮) **જાહેર તહેવારની રજા** :- દરેક શ્રમયોગીઓને બેન્ક હોલી ડેના દિવસે જે રજા આપવામાં આવે છે તે જાહેર રજા તમામ શ્રમયોગીઓને ભર પગારે આપવી કે કેમ ?

INDEX

(૯) **યુનિફોર્મ** :- દરેક શ્રમયોગીઓને દર વર્ષે ત્રણ જોડી યુનિફોર્મ સિલાઇ સાથે આપવું કે કેમ ?

(૧૦)**વોશીંગ એલાઉન્સ** :- દરેક શ્રમયોગીઓને દર માસે રૂા. ૧૦૦/- વોશીંગ એલાઉન્સ પેટે આપવા કે કેમ ?

(૧૧) કોન્ટ્રાકટરના શ્રમયોગીઓને કંપનીના શ્રમયોગીઓ ગણી મળતાં તમામ લાભો તથા ઉપરોક્ત તમામ માંગણીઓ આપવી કે કેમ ?

(૧૨)**બુટ અંગે** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને વાર્ષિક બે જોડ બાટાના બુટ આપવા કે કેમ ? તથા ભઠ્ઠી ખાતામાં કામ કરતાં શ્રમયોગીઓને વાર્ષિક બે જોડ હોલ બુટ આપવા કે કેમ ?

(૧૩)**ઓળખકાર્ડ** :- તમામ શ્રમયોગીઓને ઓળખકાર્ડ આપવા અને તેમાં નોકરી બાબતની પુરેપુરી વિગત દર્શાવવી કે કેમ ?

(૧૪)**હાજરી કાર્ડ** :- તમામ શ્રમયોગીઓને દર માસે હાજરી કાર્ડ આપવા, અને રોજે રોજની હાજરી તથા ઓવર ટાઇમ કામના કલાકોની વિગત ભરવી કે કેમ ?

(૧૫)**પગાર સ્લીપ** :- તમામ શ્રમયોગીઓને દર માસે પગાર સ્લીપ આપવી અને તેમાં પગારની તથા જરૂરી તમામ વિગત દર્શાવવી કે કેમ ?

(૧૬)**પત્રકો અંગે** :- હાજરી પત્રક, પગાર પત્રક, ઓવર ટાઇમ પત્રક, વગેરે પત્રકો રાખવા કે કેમ ? તથા તમામ શ્રમયોગીઓની પત્રકોમાં વિગત ભરવી કે કેમ ?

(૧૭)**લોન અંગે** :- જે શ્રમયોગીઓને લોનની જરૂર પડે તેઓને રૂા. ૨૫,૦૦૦/- સુધીની લોન આપવી કે કેમ ? અને દર માસે હપ્તાના રૂપમાં પગારમાંથી કપાત કરવી કે કેમ ?

(૧૮)**માંગણીઓના અમલ અંગે** :- ઉપરોક્ત તમામ માંગણીઓનો અમલ તારીખ ૧-૧-૨૦૦૭ થી કરવો કે કેમ ?

માંગણી ક્રમાંક : ૧૩, ૧૪, ૧૫, પાછી ખેંચેલ હતી. માંગણી ક્રમાંક ૧૬ સિવાય

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એચએસએમસી/આર/ક/૩૧૦૦૨/આઈડીઆર/એજે/૨૯૪/૨૦૦૭.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમોલ ડાયકાલાઈટ લી., કડી અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪મો) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણીઓનું પરિશિષ્ટ

(૧) સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને હાલ મળતા પગારમાં દૈનિક રૂા. ૨૫/- નો વધારો કરી આપવો કે કેમ ?

(૨) **મોંઘવારી ભથ્થું** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને મોંઘવારી ભથ્થું ચુકવવું કે કેમ ?

(અ) ફીક્સ મોંઘવારી ભથ્થું :- (ફીક્સ ડી. એ.)
દરેક શ્રમયોગીઓને દર માસે રૂા. ૭૦૦/- મોંઘવારી ભથ્થું ચુકવવું કે કેમ ?

INDEX

(બ) વેરીએબલ મોંઘવારી ભથ્થું :- (વેરીએબલ ડી. એ.)
દરેક શ્રમયોગીઓને ઓલ ઈન્ડીયા કન્ઝુમર્સ પ્રાઈઝ ઈન્ડેક્ષ (બેઝીક પગાર ૧૯૪૯-૧૦૦ મુજબ) જાહેર થતાં ભાવાંકના ૪૦૦ ઉપર વધતા દરેક પોઈન્ટ દીઠ રૂા. ૫-૦૦ માસે માસિક આપવા કે કેમ ?

(૩) **યુનિફોર્મ** :- દરેક શ્રમયોગીઓને દર વર્ષે ત્રણ જોડી યુનિફોર્મ સિલાઈ સાથે આપવું કે કેમ ?

(૪) **સિલાઈ** :- હાલ મળતી વાર્ષિક રૂા. ૨૫/- ની સિલાઈમાં રૂા. ૧૦૦/- નો વધારો કરી રૂા. ૩૬૫/- સિલાઈ આપવી કે કેમ ?

(૫) **બુટ એલાઉન્સ** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને રૂા. ૫૦૦/- બુટ એલા. પેટે આપવા કે કેમ ?

(૬) **વોશીંગ એલાઉન્સ** :- સંસ્થામાં કામ કરતા તમામ દરેક શ્રમયોગીઓને દર માસે રૂા. ૧૫૦-૦૦ વોશીંગ એલાઉન્સ ચુકવવું કે કેમ ?

(૭) **મકાન ભાડું** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને મકાન ભાડુ માસિક રૂા. ૫૦૦-૦૦ આપવું કે કેમ ?

(૮) **મશીન એલાઉન્સ** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને દૈનિક રૂા. ૧૫-૦૦ મશીન એલા. આપવું કે કેમ ?

(૯) **લોડીંગ એલાઉન્સ** :- સંસ્થામાં કામ કરતા તમામ શ્રમયોગીઓને જે લોડીંગ એલા. આપવામાં આવે છે તેમાં બીજી ગાડીએ રૂા. ૧૫-૦૦ લોડીંગ એલાઉન્સ આપવું કે કેમ ?

(૧૦) **જાહેર તહેવારની રજા** :- તમામ શ્રમયોગીઓને હાલ મળતી જાહેર તહેવારની રજામાં ૧૦ નો વધારો કરવો કે કેમ ?

(૧૧) **કેજ્યુઅલ રજા** :- તમામ શ્રમયોગીઓને હાલ મળતી કેજ્યુએલ રજામાં ૧૦ નો વધારો કરવો કે કેમ ?

(૧૨) **ઈ. પી. એલાઉન્સ** :- ઈ. પી. એલા. રૂા. ૧૦/- દૈનિક આપવુ કે કેમ ? તથા જે તે શ્રમયોગીઓને માઉસ, ચસ્મા, હાથમોજા આપવા કે કેમ ?

INDEX

(૧૩) **ઓવર ટાઈમ** :- જ્યારે શ્રમયોગીઓને ઓવર ટાઇમ આપો ત્યારે તથા રજાના દિવસે કામે બોલાવો ત્યારે ડબલ હાજરી ભરી આપવી કે કેમ ? તથા રૂા. ૫૦/- જમવાના આપવા તથા ચા-નાસ્તો કરાવવો કે કેમ ?

(૧૪) **એજ્યુકેશન એલાઉન્સ** :- હાલ એજ્યુકેશન એલા. આપવામાં આવે છે તે ચાલુ રાખવુ તથા શ્રમયોગીઓના ભણતા બાળકોને ૫૦ ટકા શિષ્યવૃત્તિ આપવી કે કેમ ?

(૧૫) **સાબુ અંગે** :- દરેક શ્રમયોગીને પ્રતિમાસ ૨-નંગ ન્હાવાના લાઈફબોય, સ્ટાન્ડ અથવા ઓકે સાબુ અથવા નિરમા સાબુ આપવામાં આવે છે. તેમાં ૨ (બે) નો વધારો કરી ૪ (ચાર) આપવા કે કેમ ?

(૧૬) **બેગો ભરવાનું એલાઉન્સ** :- દરેક શ્રમયોગીને હાલમાં જે બેગો ભરવાનું એલા. આપવામાં આવે છે તેમાં બેગ દીઠ ૨૫ પૈસાનો વધારો કરી આપવો કે કેમ ?

(૧૭) **મુસાફરી ભથ્થું** :- દરેક શ્રમયોગીઓને વર્ષે રૂા. ૩,૦૦૦-૦૦ મુસાફરી ભથ્થા પેટે આપવા કે કેમ ?

(૧૮) **લોન અંગે** :- જે તે શ્રમયોગીને જરુર પડે ત્યારે રૂા. ૨૫,૦૦૦/- સુધીની લોન આપવી કે કેમ ? અને દર મહિને હપ્તાના રુપમાં પગારમાંથી કપાત કરવી કે કેમ ?

(૧૯) અમલ અંગે ઉપરોક્ત તમામ માંગણીઓનો તા. ૧લી એપ્રિલ, ૦૭ થી અમલ કરવો કે કેમ ?

(૨૦) **બેલ્ટ એલાઉન્સ** :- રૂા. ૨૫-૦૦ દૈનિક બેલ્ટ એલા. આપવું કે કેમ ?

(૨૧) **ગ્રેડ અંગે** :- તમામ શ્રમયોગીઓને નોકરીના વરસ તથા કામગીરી પ્રમાણે ગ્રેડ નક્કી કરવો કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૧૦૧૨/આઈડીઆર/એજે/૩૫/૦૮.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. મહેસાણા અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

બહુચરાજી ડેપોના ડ્રાઈવર શ્રી ઈશ્વરભાઈ એમ. પટેલનો તા. ૨૯-૧૦-૦૪થી વાર્ષિક પગાર વધારો પાંચ વર્ષની મુદત માટે કાયમી અસરથી બંધ કરવાનો હુકમ રદ કરી થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત.
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૧૦૧૩/આઈડીઆર/એજે/૩૬/૦૮.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. મહેસાણા અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

મહેસાણા ડેપોના કંડકટર શ્રી યુ. એસ. રાવળને તા. ૧૯-૬-૦૧ની ફરજ દરમ્યાન નાણાંની ઉચાપતની શંકાને આધારે કંડકટરની કક્ષાના મૂળ પગારમાં મુકવાનો હુકમ રદ કરી થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૧૦૧૪/આઈડીઆર/એજે/૩૭/૦૮.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. મહેસાણા અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત; અમદાવાદની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

મહેસાણા ડેપોના કંડકટર શ્રી યુ. એસ. રાવળને વાર્ષિક પગાર વધારો પાંચ વર્ષની મુદત માટે કાયમી અસરથી બંધ કરવાનો હુકમ રદ કરી થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૧૦૧૫/આઈડીઆર/એજે/૩૮/૦૮.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. મહેસાણા અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજય માટે નાયબ શ્રમ આયુકત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદની બનેલ ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

કડી ડેપોના હાલ વિસનગર ખાતે ફરજ બજાવતાં કંડકટરશ્રી એફ. એ. પઠાણનો વાર્ષિક પગાર વધારો એક વર્ષની મુદત માટે કાયમી અસરથી બંધ કરવાનો હુકમ રદ કરી થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૧૦૧૬/આઈડીઆર/એજે/૪૫/૦૮.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. મહેસાણા અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજય માટે નાયબ શ્રમ આયુકત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદ, ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

ઉંઝા ડેપોના શ્રી એમ. બી. ઠાકરડા, ટી. આઈ.નો વાર્ષિક પગાર વધારો એક વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાનો હુકમ રદ કરવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૨મી મે, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૧૦૧૭/આઈડીઆર/એજે/૪૭/૦૮.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી. મહેસાણા અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકત અમદાવાદને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદ, ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

વંચાણે લીધો : (૧) અત્રેની કચેરીનો તા. ૨૭-૦૯-૨૦૦૭નો દફતરી હુકમ ક્રમાંક કેએચ/એસએચએમસી/ગો/૭૧૫૭.

સુધારા હુકમ

ક્રમાંક મ.શ્ર.આ./ગો/૨૬૩૯/૨૦૦૮.–ઉક્ત વંચાણે લીધેલ (૧) પરના હુકમથી આઈ.ડી.૧૦(૧) કેસ નં. ૩૧/૨૦૦૭, અત્રેની કચેરીનો તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૦૭ના પત્ર ક્રમાંક મ.શ્ર.આ./ગો/૧૦(૧)/૭૧૫૮ થી શ્રમયોગી શ્રીમતી ગીતાબેન પ્રતાપભાઈ રાઠોડને નોકરીમાં પુનઃસ્થાપિત કરવા અંગે ન્યાય નિર્ણય અર્થે મજુર અદાલત, ગોધરાને મોકલી આપેલ છે.

શ્રી હિંમતસિંહ કલ્યાણસિંહ બારીયાના ઉક્ત કેસમાં સમાવિષ્ટ યુનિયન ગુજરાત લેબર ફેડરેશન,કાલોલે તેઓના તારીખ વગરના પત્રથી સદરહુ કામે શ્રમયોગીનું ''ગીતાબેન પ્રતાપભાઈ રાઠોડ'' નો ઉલ્લેખ કરવામાં આવેલ છે. ખરેખર કેસમાં સમાવિષ્ટ શ્રમયોગી ''મીનાબેન પ્રતાપભાઈ રાઠોડ'' છે તો તે મુજબ સુધારો કરી આપવા વિનંતી કરેલ છે.

મંડળે કરેલ તેઓની વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવે છે અને અત્રેના ઉક્ત (૧) પરના વંચાણે લીધેલ હુકમમાં શ્રમયોગીનું નામ '' ગીતાબેન પ્રતાપભાઈ રાઠોડ'' ને બદલે ''મીનાબેન પ્રતાપભાઈ રાઠોડ'' તરીકેનો ઉલ્લેખ કરવાનો આથી સુધારા હુકમ કરવામાં આવે છે.

ગોધરા, તારીખ ૧૯મી મે, ૨૦૦૮.

કે. એસ. ગીલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ગોધરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLIX] THURSDAY, AUGUST 7, 2008/SRAVANA 16, 1930 [No. 32

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૧૭/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૪ (૨) અને સને ૧૯૬૧નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોનાં નિયમ-૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ધી જુનાગઢ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો. ઓ. બેંક લી., જુનાગઢ અને ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, રાજકોટની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબનાં નિવેડાની સને ૨૦૦૮નાં મે માસનાં ૫ મા દિને આથી નોંધ કરૂં છું.

INDEX

આંક ૩૨

શ્રી એ. બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, ગુજરાત, રાજકોટ

અપીલ આઈ.સી. નં. ૧/૨૦૦૧.

ધી જુનાગઢ ડીસ્ટ્રીક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેન્ક લી., સહકાર ભવન, બસ સ્ટેશન સામે, જુનાગઢ. — એપેલન્ટ ;

વિરૂદ્ધ

ગુજરાત બેન્ક વર્કર્સ યુનિયન, ' રાહબર ', જાગનાથ પ્લોટ, રાજકોટ. — રીસ્પોન્ડન્ટ.

હાજર રહ્યા : એપેલન્ટ તરફે : વિદ્વાન એડવોકેટ શ્રી એ. એસ. ગોગીયા.
રીસ્પોડન્ટ તરફે : વિદ્વાન એડવોકેટ શ્રી પી. એસ. વસાવડા.

બાબત : બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ની કલમ-૮૪ અન્વયેની અપીલ બાબતે.

ચુકાદો

(૧) જુનાગઢ મજુર અદાલતના ન્યાયાધીશ દ્વારા બી. આઈ. આર. અરજી નં. ૧૧/૯૦ (જુનો નંબર બી. આઈ. આર. નં. ૬૪/૮૪) ના કામે તા. ૧૯-૧૨-૨૦૦૦ના રોજ આપેલ ચુકાદાથી નારાજ થઈને હાલના એપેલન્ટ દ્વારા ઉપરોક્ત અપીલ ઉપસ્થિત કરાયેલ છે. અપીલના કારણો ટુંકમાં જોવામાં આવે તો એવી રજુઆત છે કે, મજુર અદાલત, જુનાગઢ દ્વારા ચુકાદામાં જે અનુમાનો કરેલ છે તે અનુમાનો ન કરવા જોઈએ, અને તેથી કાયદાની અને હકીકતની ગંભીર ભુલ કરેલ છે. વધુમાં એવી રજુઆત છે કે બેન્કના પટાવાળા શ્રી નાગોરીને તા. ૨૩-૪-૮૪ના રોજ નિવૃત્ત કરતો તા. ૫-૩-૮૪ના હુકમને ગેરકાયદેસર ફેરફાર હોવાનું ઠરાવેલ છે તે હકીકતોની ગંભીર ભુલ કરેલ છે. વધુમાં એવી પણ રજુઆત છે કે મજુર અદાલત, જુનાગઢ દ્વારા શ્રી નાગોરીને જે ૬૦ વર્ષે નિવૃત્ત થવાનું ગણી મળવાપાત્ર પગાર અને હક્ક હિસ્સાઓ વારસોને ચુકવવાનો જે હુકમ કરેલ છે તે ગેરકાયદેસરનો અને રદ થવા પાત્ર છે. વધુમાં એવી પણ રજુઆત છે કે મજુર અદાલત, જુનાગઢ દ્વારા જે કરારની શરત નં. ૧૩ મુજબ શ્રી નાગોરી દ્વારા જે પ્રમાણપત્ર આપેલ છે તે કાયદેસરનું ઠરાવેલ છે તે કાયદાની અને હકીકતની ગંભીર ભૂલ કરેલ છે. વધુમાં સ્પષ્ટતા કરી ઉલ્લેખ કરેલ છે કે

INDEX

સર્ટિફીકેટ છે તેને ધ્યાને લઈ કોઈ રીઝનીંગ સાથેનો બેન્કનો હુકમ નથી. વધુ
દલીલ છે કે જો મેડીકલ સર્ટિફીકેટ સંબંધમાં કોઈપણ વિવાદ હોય તો તેની ચક
પણ બેન્ક કાર્યવાહી કરી શકે પરંતુ બેન્ક દ્વારા તેમ કરાયેલ નથી. વધુ દલીલ
ઉલ્લેખ છે કે બેન્ક દ્વારા ગેરકાયદેસર ફેરફાર કરેલ હોવાથી મજુર અદાલત
ઉપસ્થિત કરેલ છે અને તે માટે તેઓને મુળ ઉપસ્થિત કરેલ વિવાદમાં કોઈ
આપવાની આવશ્યકતા ઉપસ્થિત થતી નથી. વધુમાં રીસ્પોન્ડન્ટ તરફે એવી
થયેલ છે કે બેન્કને લાગુ પડતા સ્ટેન્ડીંગ ઓર્ડરની કલમ-૨૭ મુજબની જોગ
લેતાં સમાધાનમાં જો લાભકારક જોગવાઈ હોય તો તેને લાગુ પાડી શકાય,
ચેન્જમાં ઉપસ્થિત કરાયેલ વિવાદના સમર્થનમાં તેઓ જે ચુકાદા ઉપર આધા
સંબંધે એટલે કે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સૌરાષ્ટ્ર મજુર મહાજર સં
તાલુકા ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ લી. ના કેસમાં આપેલ ચુકાદા ઉપર આધ
જે ચુકાદો ૧૯૯૪-૨-જી.એલ.એચ.-પાના નં. ૧૫ ઉપર પ્રસિદ્ધ થયેલ છે અને
બેન્ક દ્વારા કરાયેલ હોવાથી અને બેન્ક અને યુનિયન વચ્ચે કર્મચારીઓની
થયેલ જોગવાઈઓ બાબતે થયેલ સમાધાનનો ભંગ કરેલ હોવાથી મુળ વિ
દ્વારા ઉપસ્થિત કરાયેલ છે. વધુમાં એવી પણ એમની દલીલ છે કે બેન્ક
વહીવટી નિયમો પ્રમાણે પણ બેન્ક દ્વારા મેડીકલ સર્ટિફીકેટને પડકારેલ નથ
પણ મજુર અદાલતે આપેલ ચુકાદો યોગ્ય, કાયદેસરનો અને વાજબી હોવાન
અને વધુ દલીલમાં બેન્કની અપીલ રદ કરવા દલીલ કરેલ છે વધુમાં જણાવેલ છે
કામદાર ચાલુ વિવાદ દરમ્યાન ગુજરી ગયેલ હોવાથી તેમના વારસદારોને સંબં
૬૦ વર્ષ સુધીની નોકરી મુજબના થતા લાભો ચુકવી આપવા તેમજ જે તે સમ
ચુકવાયેલ હોવાથી તેની ઉપર થતા વ્યાજ અને ખર્ચ આપવા ભારપૂર્વક દલી

(૫) એપેલન્ટ બેન્ક તરફે રીસપોડન્ટ દ્વારા કરેલ મૌખિક દલીલોની સામે વધારાની
પણ કરેલ છે અને જેને ધ્યાને લેવામાં આવે તો મુખ્યત્વે મુળ વિવાદ ઉપસ્થિ
કલમ-૪૨ (૪) ની નોટિસ આપેલ ન હોવાથી વિવાદ ટકી શકે નહી,
અદાલતના નામદાર સત્યશ્રી દ્વારા વિવેકાનંદ મીલ્સ લી., ના કેસમાં રીવી
૧૯/૮૩ના કામે આપેલ ચુકાદાનો ઉલ્લેખ કરેલ છે. અને તેને આધાર રા
સમર્થન કરતી બાબતો હોવાની બાબતનો ઉલ્લેખ કરેલ છે. અને સ્ટેડીંગ ઓ
કરતાં સર્વોપરી છે જેથી તે પ્રિવેલઓવર થાય અને તેને આધારે ૫૮ વ
શકાય અને સેટલમેન્ટનો કોઈ બ્રીચ તેઓએ કરેલ નથી. અને ૫૮ વર્ષે
આપવું તે બેન્કની મુનસફીની વાત છે તેવી રજુઆતો કરેલ છે. એપેલન્
તેમની દલીલોના સમર્થનમાં ચુકાદો પણ આંક-૨૫ના લીસ્ટથી અલગથી ર
સ્ટેન્ડીંગ ઓર્ડરની નકલ પણ રજુ કરેલ છે.

INDEX

કલમ-૧૩ પ્રમાણે કર્મચારીની રીટાયરમેન્ટની ઉંમર ૫૫ વર્ષની રહેશે અને જો ઈચ્છે તો ઓપ્શન આપીને નોકરી કરી શકે છે, અને ૫૮ વર્ષ પછી જો કર્મચારી પોતાનું ફીટનેસનું સર્ટીફીકેટ આપીને બોર્ડ ઓફ ડાયરેક્ટરને અરજી કરે અને બોર્ડ ઓફ ડીરેક્ટર મંજુર કરે તો જ બે વર્ષ સુધી નોકરી કરી શકે છે તેવી જોગવાઈઓનું મજુર અદાલત, જુનાગઢે કરેલ અર્થઘટન કાયદેસરનું નથી. વધુમાં એવી પણ રજુઆત છે કે બોર્ડ ઓફ ડીરેકટરને ફીટનેસ સર્ટીફીકેટ સાથેની અરજી નામંજુર કરવાનો અધિકાર આ બાબતમાં નથી તેવું જે મજુર અદાલતે ઠરાવેલ છે તે ગેરકાયદેસર અને કાયદાની હકીકતોની વિરૂદ્ધનું છે. વધુમાં સ્ટેન્ડીંગ ઓર્ડરની કલમ-૨૭નું અર્થઘટન યોગ્ય અને વાજબી નથી તેવા પ્રકારની રજુઆત દર્શાવી મજુર અદાલત, જુનાગઢે જે હુકમ પસાર કરેલ છે તે ચુકાદો રદ કરવા અને તેઓની અપીલ ગ્રાહ્ય રાખવાની રજુઆત કરેલ છે.

આનું રેકર્ડ જોતાં એપેલન્ટ બેન્ક તરફે મનાઈ અરજી પણ દાખલ કરાયેલ છે. હવે અત્રે બક્કે અપીલનો આખરી નિકાલ કરવામાં આવતો હોઈ આ ચુકાદાથી તેનો પણ ા થયેલ ગણવાનું ઠરાવવામાં આવે છે.

૮થી બેન્ક તરફે લેખિત દલીલો રજુ થયેલ છે. જે લંબાણપૂર્વકની છે જેને ધ્યાને લેતાં પીલ મેમોમાં કરેલ રજુઆતને દોહરાવેલ હોવાનું જણાય છે. વિશેષમાં ટુંકમાં જોવામાં તો તેઓની એ રજુઆત છે કે ખરેખર તા. ૨૩-૪-૮૪ પછી ૫૮ વર્ષ પુરા થતા થી સબંધીત કર્મચારી નોકરી કરવા માટે ફીટ છે તેવું સર્ટિફીકેટ નથી પણ આ સર્ટિફીકેટ રજદાર ૫૭ વર્ષની ઉંમરના હતા ત્યારનું છે. અને આ સર્ટિફીકેટનો કોઈ મતલબ નથી, ને અરજદાર સાવ બેકાર હતા તેવું પુરવાર કરવું જોઈએ, અને બે વર્ષના બેકવેજીસ તેઓને મળી શકે નહીં. તેમજ મુળ કામમાં વારસદારોને જોડેલ નથી તેથી પણ મજુર અદાલતનો ચુકાદો ગ્રાહ્ય રાખી શકાય નહી. વધુમાં પ્રાઈમરી હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફીસર દ્વારા જે સર્ટિફીકેટ આપેલ છે તે સર્ટિફીકેટમાં સંબંધીત કામદારની ડ્યુટીમાં શું છે તે સર્ટિફીકેટમાં લખેલ નથી. અને પ્રાઈમરી હેલ્થ સેન્ટરના સર્ટિફીકેટમાં કોઈ સાયન્ટીફીક રીઝન નથી, અને કેવી રીતે ફીટ છે અને કેટલા વર્ષો સુધી ફીટ રહેશે તેવું સર્ટિફીકેટ આપવા સક્ષમ છે કે કેમ તે બાબતે દલીલમાં ઉલ્લેખ કરેલ છે. આમ ઉપરોક્ત પ્રકારે તેઓના અપીલ મેમોના અનુસંધાને વધારાની લેખીત રજુઆતો દલીલમાં કરેલ છે અને તેમની દલીલના સમર્થનમાં બેન્ક દ્વારા આધાર રાખવામાં આવતા ચુકાદાઓનો ઉલ્લેખ કરેલ છે.

(૪) રીસ્પોન્ડન્ટ તરફે વિદ્વાન વકીલ શ્રી વસાવડાએ મૌખિક દલીલો લંબાણપૂર્વક કરેલ છે. જેમાં મુખ્યત્વે તેઓ દ્વારા અપીલ દાખલ કરવા સબંધેની ૩૦ દિવસની જોગવાઈ ચુકાદાની તારીખથી ગણાવી જોઈએ, તેવી દલીલ કરેલ છે. તેમજ બેન્ક દ્વારા નિવૃત્તિ સબંધે જે ઠરાવ થયેલ છે કે જે આંક-૩૬થી હોવા સબંધે દર્શાવેલ છે અને તેની સાથે જે આંક-૩૫નું મેડીકલ

INDEX

(૪) કોઈ કામદાર (અથવા પ્રતિનિધિ સંઘ)

(૧) સ્થાયી હુકમો મુજબ માલિકે કરેલા કોઈ હુકમના સબંધમાં ; અથવા

(૨) સ્થાયી હુકમો લાગુ પડવાથી અથવા તેના અર્થઘટનમાંથી ઉભી થતી ઔદ્યોગિક બાબતના સંબંધમાં; અથવા

(૩) અનુસૂચિ ૩ જીમાં નિર્દિષ્ટ કરેલી કોઈ ઔદ્યોગિક બાબતના સબંધમાં કોઈ ફેરફાર કરવાની ઈચ્છા રાખતો હોય તો તેણે લેબર કોર્ટને અરજી કરવી જોઈશે,

પરંતુ કામદારે (અથવા પ્રતિનિધિ સંઘે) તે ફેરફાર માટે ઠરાવેલી રીત માલિકને વિનંતી કરેલી હોય અને તે ફેરફારના સંબંધમાં ઠરાવેલા સમયમાં કોઈ કબુલાત ન થઈ હોય તે સિવાય આવી કોઈ અરજી થઈ શકશે નહિ.

બી. આઈ. આર. એક્ટ-૧૯૪૬ ની કલમ-૪૬

૪૬. ગેરકાયદેસર ફેરફાર :

(૧) કોઈ માલિક પ્રકરણ-૭ મુજબ નક્કી કરેલા કોઈ સ્થાયી હુકમમાં કોઈ ફેરફાર આ અધિનિયમમાં તે માટે ઠરાવેલી કાર્યરીતિ અનુસર્યા સિવાય કરી શકશે નહિ ;

(૨) કોઈ માલિક અનુસૂચિ ૨માં જણાવેલી કોઈ ઔદ્યોગિક બાબતમાં કોઈ ફેરફાર [(એ-૧) કલમ-૪૨ની પેટા-કલમ (૧) ની જોગવાઈઓની ફરમાવ્યા પ્રમાણે ફેરફારની નોટીસ આપતાં પહેલાં]

(૧) કાંઈ કબુલાત ન થાય તો કલમ-૪૪ની પેટા-કલમ(૧)માં ઠરાવેલી મુદતની અંદર ;

(૨) (સમાધાનની કાર્યવાહી પૂરી થાય તે પહેલાં કોઈ કબુલાત ન થાય તો અને ત્યારબાદ દસ દિવસની મુદત દરમિયાન ;)

(૩) કોઈ પતાવટ ન થઈ હોય તો સમાધાન અધિકારી સમક્ષની કાર્યવાહી પુરી થયાની તારીખથી બે મહિના [ીઓ ;

(૪) જે રજિસ્ટર થયેલી બાબત સોંપવામાં આવી હોય અથવા તકરાર લવાદી માટે મોકલવામાં આવી હોય તો ચુકાદો અમલમાં આવે તે તારીખ પહેલાં ;

INDEX

(૫) (આવી બાબત અથવા આવી બાબત અંગેના તકરાર નિર્ણય વેતન બોર્ડને મોકલવામાં આવી હોય તો નિર્ણય અમલમાં આવી તે તારીખ પહેલાં :) કરી શકશે નહીં.

(૩) કોઈ માલિક કોઈ પતાવટ (અસરકારક ચુકાદા, રજિસ્ટરમાં થયેલ કબુલાત અથવા અસરકારક હુકમ અથવા વેતન બોર્ડના) નિર્ણયની શરતોનું ઉલ્લઘંન કરીને કરી શકશે નહિ ;

(૪) પેટા-કલમ (૧),(૨) અથવા (૩)ની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને કરેલા કોઈ ફેરફાર ગેરકાયદે ફેરફાર ગણાશે.

(૫) ઔદ્યોગિક બાબતોને અસર કરતી કોઈ (પતાવટ, ચુકાદાના રજિસ્ટર કરેલી કબુલાતના) અથવા વેતન બોર્ડના (લેબર કોર્ટના અથવા ઔદ્યોગિક કોર્ટના) અથવા વેતન કરવામાં ન આવે તે ગેરકાયદેસર ફેરફાર છે એમ ગણાશે.

ઉપરોક્ત જોગવાઈઓ કે જેને ધ્યાને લેતાં તેમજ હાલના ઉપસ્થિત વિવાદ ધ્યાને લેતાં કલમ-૪૨(૪) અન્વયેનો વિનંતીપત્ર કામદાર કે પ્રતિનિધિ સંઘ દ્વારા આપવો જરૂરી બનતો હોય તેવું જણાઈ આવતું નથી. માટે મુળ અરજી જે રીસ્પોન્ડન્ટ યુનિયન દ્વારા ઉપસ્થિત કરાયેલ છે તે સંબંધે બેન્ક દ્વારા જે વિનંતીપત્ર આપવા સંબંધે જે લંબાણપુર્વકની રજુઆત કરેલ છે તે ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. હવે બીજો મુદ્દો એ છે કે શ્રી નાગોરી ૫૮ વર્ષ પછી ૬૦ વર્ષની ઉમર સુધી નોકરીમાં ચાલુ રહેવા હકદાર છે કે કેમ ? જે સંબંધમાં મુળ રેકર્ડની બે બાબતોની ફરીથી ચકાસણી કરવી જરૂરી બને છે જેમાં પ્રથમ બેન્ક અને કર્મચારીઓ વચ્ચે થયેલ સમાધાનની જોગવાઈ જોવામાં આવે તો કે જે કલમ-૧૩ થી છે તેને ધ્યાને લેતાં ધ્યાનમાં આવે છે કે ૫૫ વર્ષની નિવૃત્તિ વય પરંતુ ૫૮ વર્ષ સુધી નોકરી કરી શકશે ત્યારબાદ જો નોકરીમાં ચાલુ રહેવા માંગતા હોય તો તેઓએ બોર્ડ ઓફ ડાયરેક્ટરને અરજી કરવાની રહેશે અને તે સાથે મેડીકલ સર્ટિફીકેટ ફીટનેસનું સામેલ કરવાનું રહેશે. અને સાઈઠ વર્ષ બાદ કોઈપણ પ્રકારનું એક્ષટેન્શન નોકરીમાં મેળવવાપાત્ર રહેશે નહી તેવી જોગવાઈ હોવાનું જણાઈ આવે છે. હવે આ તબક્કે સાથોસાથ સ્ટેન્ડીંગ ઑર્ડર કે જે બેન્કના પ્રમાણિત સ્ટેન્ડીંગ ઓર્ડર છે તેને પણ જોવા જરૂરી છે. જેમાં નિવૃત્તિ વયમર્યાદાની જોગવાઈઓને ધ્યાને લેવામાં આવે તો તેમાં મુખ્યત્વે એવો જ ઉલ્લેખ છે કે ૫૮ વર્ષની ઉમર પછી નોકરી કરવા માટે કર્મચારીએ નોકરી માટેનું યોગ્યતાનું વૈદ્યકીય પ્રમાણપત્ર સાથે બોર્ડ ઓફ ડાયરેક્ટરને અરજી આપવાની રહેશે. અને બોર્ડ ઓફ ડાયરેક્ટરને યોગ્ય લાગે તો ૬૦ વર્ષની ઉમર થાય ત્યાં સુધી નોકરીની વયમર્યાદા વધારી શકશે. આમ સમાધાનની તેમજ સ્ટેન્ડીંગ ઓર્ડરની બંને જોગવાઈઓને ધ્યાનમાં લેવામાં આવે તો નિવૃત્તિ વય બાબતે ૫૮ વર્ષ પછી નોકરી ઉપર ચાલુ રહેવા માટે ફીટનેસ સર્ટિફીકેટ એક્ષટેન્શન માટે આવશ્યક દસ્તાવેજ ગણાયો છે. આમ ઉપરોક્ત બાબતને ચકાસતાં સ્ટેન્ડીંગ ઓર્ડરની જોગવાઈઓ કે જેમાં કર્મચારીઓની નોકરીમાં શરતો અંગેના નિયમોની બાબતે જોગવાઈઓ ઘડાયેલ છે અને તે નિયમ કરવા બાબતે જે નિવૃત્તિ વયની જોગવાઈ છે તેને

ધ્યાને લેતાં ફીટનેસ સર્ટિફીકેટ સંબંધે બોર્ડ ઓફ ડાયરેક્ટરને યોગ્ય લાગે તો ૬૦ વર્ષ સુધી નોકરીમાં વયમર્યાદા વધારી શકશે તેવી જોગવાઈ છે. હવે આ તબક્કે મુળ કામે રજુ થયેલ આંક-૩૫ અને આંક-૩૬ ને પણ ફરીથી ચકાસતાં આંક-૩૫ કે જે પ્રાયમરી હેલ્થ સેન્ટર દ્વારા શ્રી નાગોરીને આપેલ ફીટનેસ સર્ટિફીકેટ છે અને આંક-૩૬ કે જે બેન્કનો ઠરાવ છે, જેને ધ્યાને લેતાં બોર્ડ ઓફ ડાયરેક્ટરના ઠરાવમાં જે નિર્ણય થયેલ છે તેમાં એ કારણો દર્શાવેલ છે કે તેઓનું મેડીકલ સર્ટિફીકેટને ધ્યાને લીધેલ છે પરંતુ બેન્કને સેવાઓની જરુર ન હોઈ, બેન્કની નોકરીમાંથી તેઓને નિવૃત્ત કરેલ છે. આમ ઉપરોક્ત તમામ બાબતોને જોતાં એ વાત નિર્વિવાદીત છે કે ૫૮ વર્ષ સુધી કામ ઉપર ચાલુ રહેવા કર્મચારી કાયદેસર હક્કદાર છે, પરંતુ ૫૮ વર્ષ બાદ જો શારીરિક રીતે સશક્ત હોય તેની નિવૃત્તિ વય ૬૦ વર્ષ સુધીની લંબાવી શકે. સ્ટેન્ડીંગ ઓર્ડરની તેમજ સમાધાનની જોગવાઈઓને ધ્યાને લેતાં બોર્ડ ઓફ ડાયરેક્ટરનો જે નિવૃત્ત કરવાનો ઠરાવ છે તેમાં કોઈપણ પ્રકારનો રીઝનીંગનો ઠરાવ નથી તે પ્રસ્થાપિત હકીકત છે. એટલે કે મેડીકલ સર્ટિફીકેટ કે જે ફીટનેસનું સર્ટિફીકેટ છે અને તે સર્ટિફીકેટ સ્ટેન્ડીંગ ઓર્ડર અને સમાધાનની જોગવાઈ મુજબ કામદાર દ્વારા રજુ થયેલ છે તે શા માટે તે સર્ટિફીકેટ ગ્રાહ્ય રાખવામાં નથી આવતું તે અંગેના કારણો આપવા જરૂરી બને છે. વધુમાં નિવૃત્તિ વય બે વર્ષ એટલે કે ૫૮ વર્ષ પછી લંબાવવા પાછળની ક્લોઝ હોવાના ઉદેશ એ જ છે કે જો કર્મચારી શારીરિક રીતે સશક્ત હોય તો તે અંગેનું તબીબી પ્રમાણપત્ર રજુ કર્યેથી બે વર્ષની નોકરી મેળવવાપાત્ર રહેશે. હવે હાથ ઉપરના કેસમાં સંબંધીત કામદાર દ્વારા જોગવાઈઓની પુર્તતા કરેલ હોવા છતાં તેને ગ્રાહ્ય રાખેલ નથી અને ન ગ્રાહ્ય રાખવા પાછળના કોઈ સબળ કારણો બેન્ક મેનેજમેન્ટના નિર્ણયમાં ન હોવાનું જણાઈ આવે છે. જે પગલું બેન્ક મેનેજમેન્ટનું યોગ્ય, કાયદેસરનું અને વાજબી ન ગણી શકાય તેવું આ અદાલતનું સ્પષ્ટ માનવું છે. કારણ કે જો સંબંધીત કામદાર દ્વારા રજુ થયેલ મેડીકલ સર્ટિફીકેટ કે જેમાં કોઈ શંકા ઉપસ્થિત થતી હોય તો બેન્ક મેનેજમેન્ટ તેની ચકાસણી અર્થે સક્ષમ અધિકારી સમક્ષ ચકાસણી કરાવવું જરૂરી બને છે તેવું પણ આ અદાલતનું માનવું છે કે જે હાથ ઉપરના કેસમાં કરેલ નથી. આમ તમામ બાબતોને જોતાં મજુર અદાલતના તારણોમાં શ્રી નાગોરીને નિવૃત્ત કરવા સબંધમાં બેન્કના હુકમને ગેરકાયદેસરનો ઠેરવેલ છે તે બાબતો સાથે અત્રેની અદાલત પણ સંમત થાય છે. વધુમાં બન્ને પક્ષકારો દ્વારા અદાલત સમક્ષ વિવિધ નામદાર હાઈકોર્ટના ચુકાદાઓ રજુ કરાયેલ છે જેમાં પ્રસ્થાપિત સિદ્ધાંતોને નમ્રતાપૂર્વક ધ્યાને લેતાં તેમજ હવે ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લેતાં જ્યારે સંબંધીત કામદારનું મુળ અરજી ચાલતા પ્રથમથી જ અવસાન થયેલ છે અને તેઓ ૬૦ વર્ષની વય પુરી થાય ત્યાં સુધી નોકરીમાં ચાલુ રહેવા કાયદેસર રીતે હક્કદાર હોવાની બાબત ઉપર અત્રેની અદાલત પણ આવેલ હોવાથી ૬૦ વર્ષની વયમર્યાદા પુરી થાય ત્યાં સુધી કામ મેળવવાપાત્ર બનતા હોવાની બાબતને ધ્યાને લેતાં અને તે દરમ્યાનનો જે કાંઈપણ મળવાપાત્ર પગાર અને આનુસાંગિક હક્કો મેળવવાપાત્ર બને છે તેવા તારણ ઉપર આ અદાલત આવે છે. અને માટે હાથ ઉપરના કેસમાં થયેલ તમામ રજુઆતોને ધ્યાને લેતાં અને નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા જે આર. આર. પાઠક અને બીજાઓ વિરૂદ્ધ ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અને બીજાઓના કેસમાં આપેલ ચુકાદા કે જે

INDEX

૨૦૦૪ (૩) જીએલઆર પાના નં. ૨૩૩૭ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તેમા પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોને જોતાં જો એવો હુકમ કરવામાં આવે કે મુળ કામદાર શ્રી નાગોરીની ૬૦ વર્ષની ઉંમર પુરી થાય ત્યાં સુધીના મળવાપાત્ર થતા પગાર અને અન્ય લાભો તેઓ મેળવવા હક્કદાર બને છે અને તે લાભો તેઓની હયાતી ન હોવાથી તેઓના કાયદેસરના વારસદારોને ચુકવી આપવા જોઈએ તો તે હાથ ઉપરના કેસમાં યોગ્ય, ન્યાયી અને વાજબી હુકમ થયાનું ગણાશે અને તેથી નીચે મુજબનો હુકમ પસાર કરવામાં આવે છે.

હુકમ

એપેલન્ટની અપીલ નામંજુર કરવામાં આવે છે અને એપેલન્ટ બેન્કને હુકમ કરવામાં આવે છે કે કામદાર શ્રી એ. એ. નાગોરીના કાયદેસરના વારસદારોને શ્રી નાગોરીની ૬૦ વર્ષની ઉંમર પુરી થતાં સુધી થતા પગાર અને લાભોની રકમ તેમના કાયદેસરના વારસદારોને આ હુકમ મળ્યેથી દિન-૩૦માં ચુકવી આપવી અને કેસના વિવાદના સમયગાળોને પણ ધ્યાનમાં લેતાં ખર્ચની રકમ રૂા. ૩૦૦૦/- (ત્રણ હજાર) ચુકવી આપવા.

રાજકોટ, તારીખ ૨૨મી ઓક્ટોબર ૨૦૦૭.

એ. બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
રાજકોટ, ગુજરાત.

રાજકોટ, તારીખ ૫મી મે, ૨૦૦૮.

કે. એન. દોશી,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૧૮/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોનાં નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, રાજકોટ ટેક્ષટાઈલ મીલ્સ, રાજકોટ અને મીલ કામદાર મંડળ, રાજકોટની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબનાં નિવેડાની સને ૨૦૦૮નાં મે માસનાં ૫ મા દિને આથી નોંધ કરૂં છું.

અશ્વિન બી. પંચાલ, સભ્યશ્રી, ઔદ્યોગિક અદાલત, ગુજરાત, રાજકોટ સમક્ષ

અપીલ (આઈ.સી.) ૮/૧૯૯૨.

રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ, એપેલન્ટ ;
કરણસિંહજી કોસ રોડ,
રાજકોટ.

વિરૂદ્ધ

મિલ કામદાર મંડળ, રીસ્પોન્ડન્ટ.
મજુર મઢી, ભક્તિનગર સર્કલ,
રાજકોટ.

અપીલ (આઈ. સી.) ૯/૧૯૯૨

મિલ કામદાર મંડળ, એપેલન્ટ ;
મજુર મઢી, ભક્તિનગર સર્કલ,
રાજકોટ.

વિરૂદ્ધ

રાજકોટ ટેક્ષટાઈલ મિલ્સ, રીસ્પોન્ડન્ટ.
કરણસિંહજી કોસ રોડ,
રાજકોટ.

INDEX

હાજર રજ્ઞા : કામદાર તરફે વિદ્વાન પ્રતિનિધિ શ્રી વિજયભાઈ ટીમ્બડીયા.

સંસ્થા તરફે વિદ્વાન વકીલ શ્રી એ. એસ. ગોગીયા.

બાબત : મજુર અદાલતની મૂળ બી. આઈ. આર. અરજી નં. ૧૬/૮૬ ના કામે તારીખ ૧૭-૯-૯૨ ના રોજ આપેલ આખરી હુકમ સામેની અપીલો બાબતનો ચુકાદો.

ચુકાદો

૧. ઉપરોક્ત અપીલ અરજીઓ મજુર અદાલત, રાજકોટના તા. ૧૭-૯-૯૨ના ચૂકાદાથી નારાજ થઇ ઉપરોક્ત પક્ષકારો દ્વારા કરાયેલ છે, જે કામે બન્ને અપીલોમાં પક્ષકારો એક જ હોઇ અને અપીલ ઉપસ્થિત કરવાનું કારણ મજુર અદાલત, રાજકોટના ચૂકાદાથી નારાજ થવાને કારણે કરવામાં આવેલ હોઇ અને પક્ષકારોની રજુઆતોને ધ્યાને લઇ ઉપરોક્ત બન્ને અપીલોના કામે આ સંયુક્ત ચૂકાદો પસાર કરવામાં આવે છે. હાલના કામે હવે પછીથી આ ચુકાદામાં રાજકોટ ટેક્ષટાઇલ મિલ્સને ''મિલ્સ કંપની'' તરીકે સંબોધવામાં આવશે, જ્યારે મીલ કામદાર મંડળને ''મંડળ'' તરીકે સંબોધવામાં આવશે.

૨. સૌ પ્રથમ મિલ્સ કંપની તરફે રજુ થયેલ અપીલ (આઇ. સી.) નં. ૮/૯૨ ની અપીલ મેમાની રજુઆતની વિગતોને ટૂંકમાં ધ્યાને લેવામાં આવે તો તેમાં એવી રજુઆત છે કે મજુર અદાલતે તેના ચૂકાદામાં ભુલભરેલો નિર્ણય કરેલ છે અને મજુર અદાલત દ્વારા ડોકટરને તપાસવામાં આવેલ નથી કે ઇજા બાબતે મેડીકલ સર્ટીફીકેટ રજુ કરાયેલ નથી તેવા કારણસર ડીસમીસલને વધુ પડતી ઠરાવી કામદારને ડીસમીસ કરી શકાય. અને મીલ્સ કંપનીના ખાતા અધિકારી શ્રી જોષીના માથામાં ઇજા પહોંચાડવાની બાબતને ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબના કારણસર ગુનાને ગંભીર ન ગણી પુનઃસ્થાપિતનો જે હુકમ મજુર અદાલતે કરેલ છે તે ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અન્યાયી છે, કારણ કે ગુનાની ગંભીરતાને ધ્યાને લેતા મજુર અદાલતના હુકમને રદ કરવા અને કામદાર પુનઃસ્થાપના માટે કે પડેલા દિવસોના પગાર માટેની રાહત મેળવવા કે કોઇપણ પ્રકારની રાહત મેળવવા હકકદાર થતા નથી તેવું ઠરાવવા અપીલ દાખલ કરાયેલ છે.

૩. અત્રેની અદાલત સમક્ષ અપીલોના કામની સુનાવણી દરમ્યાન મંડળ તરફે રજુઆત કરી જણાવેલ છે કે વિવાદ ચાલતા દરમ્યાન સંબંધિત કામદાર શ્રી કરણસિંહ કાનજીભાઇનું તારીખ ૨૦-૧૨-૯૫ ના રોજ અવસાન થયેલ છે તેથી તેમના ધર્મપત્ની જયાબેનને વારસદાર તરીકે રેકર્ડ પર લેવા નમ્ર અરજ કરેલ છે. જે રજુઆત સંબંધે મીલ્સ કંપનીને કોઇપણ પ્રકારનો વાંધો ન હોવાની રજુઆતને ધ્યાને લેતા હાલના વિવાદમાં ગુજરનાર સંબંધિત કામદારની પત્નીને વારસદાર તરીકે ગણવાનો ન્યાયના હિતમાં હુકમ પસાર કરવામાં આવેલ હતો.

INDEX

૪. વધુમાં અપીલના રેકર્ડને ચકાસતા મીલ્સ કંપની તરફે લેખિત દલીલો સ્વરૂપે રજુઆત લંબાણપૂર્વકની થયેલ છે. જે રજુઆતમાં તેઓએ એવી રજુઆત કરેલ છે કામદારને ડીસમીસલની તારીખથી પુનઃસ્થાપિત કરવામાં મજુર અદાલતના હુકમને પડકારેલ છે અને પુનઃસ્થાપનાનો હુકમ ગેરકાયદેસર હોવાનું તેમની દલીલોમાં જણાવેલ છે. વધુમાં કંપનીની ઉત્પાદન પ્રક્રિયા ૧૯૯૨ થી બંધ છે અને તારીખ ૫-૬-૨૦૦૨ ના રોજ સંપૂર્ણપણે મીલ્સ કંપની બંધ કરેલ છે અને તેના કામદારોને રાજીખુશીથી છૂટા કરી હિસ્સો આપી દીધેલ છે. તેમજ સંબંધિત કામદારની ગેરવર્તણૂંક સંબંધે કરવામાં આવેલ ખાતાકીય તપાસ કાયદેસરની અને પ્રોપર હોવાનું મજુર અદાલતે ઠરાવેલ હતું અને ત્યાર બાદ ઈન્કવાયરી ઓફીસરના ફાઈન્ડીંગ્સ અને તે આધારે કરવામાં આવેલ સજાનું વ્યાજબીપણું તમામ પુરાવાને ધ્યાને લીધા બાદ મજુર અદાલતે આખરી હુકમમાં કામદારને નોકરી પર પાછા લેવાનું જે ઠરાવેલ છે તે હુકમ સામે તેઓની અપીલ ઉપસ્થિત કરાયેલ છે અને મજુર અદાલતનો નોકરીમાં પાછા લેવાનો હુકમ રદ કરી તેઓની અપીલ ગ્રાઙ્ઘા રાખવા વિનંતી કરેલ છે. વધુમાં દલીલોમાં પણ તેમના કેસની હકીકતો અંગે લંબાણપૂર્વકની રજુઆતો કરેલ છે. તેમજ નામદાર હાઈકોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલ ચૂકાદાઓ રજુ કરેલ છે તેમજ આઈ.ડી. એકટની કલમ-૧૧-એ નો પણ ઉલ્લેખ કરી વિગતે દલીલ કરેલ છે. અને તેઓની અપીલ ગ્રાઙ્ઘા રાખવા રજુઆત કરેલ છે.

આમ ઉપરોક્ત પ્રકારે મીલ્સ કંપની તરફે ઉપસ્થિત કરાયેલ અપીલમાં વિગતે રજુઆત કરાયેલ છે અને તેમની લેખિત રજુઆતના સમર્થનમાં આંક-૧૪ થી અ.નં. ૧ થી ૧૨ ચુકાદા રજુ કરેલ છે.

૫. હવે સંબંધિત કામદાર વતીથી મંડળ દ્વારા જે અપીલ (આઈ.સી.) નં. ૮/૯૨ ઉપસ્થિત કરાયેલ છે જેમાં બનાવ સંબંધેની વિગતનો ઉલ્લેખ કરી મુખ્યત્વે રજુઆત કરાયેલ છે કે મજુર અદાલતે કામદારને પાછલા વળતર પેટે કંઈ પણ ચૂકવ્યા વિના નોકરીમાં પાછા લેવાનો જે હુકમ કરેલ છે તે અન્યાયકર્તા અને ગેરકાયદેસરનો હોઈ રદ કરવા, અને પાછલા પગાર સાથે સળંગ નોકરી સાથે પુનઃસ્થાપિત કરવાનો હુકમ ફરમાવવા વિનંતી કરેલ છે. સંબંધિત કામદાર તરફેની અપીલમાં પણ મીલ્સ કંપની દ્વારા લેખિત દલીલોની એક નકલ રજુ થયેલ છે જેને વંચાણે લેતા મીલ્સ કંપનીએ અપીલ (આઈ.સી.) ૯/૯૨ માં જે લેખિત દલીલો કરેલ છે તેની નકલ હોવાથી ફરીથી તેનો ઉલ્લેખ કરવામાં આવતો નથી.

૬. હવે મૂળ કેસનું રેકર્ડ જોવામાં આવે તો મંડળ દ્વારા તારીખ ૨૭-૨-૯૬ ના રોજ બી. આઈ. આર. એકટની કલમ-૭૯, ૭૯ નીચે સંબંધિત કામદાર શ્રી કરણસિંહ કાનજીભાઈ વતી વિવાદ ઉપસ્થિત કરી મજુર અદાલત સમક્ષ દાદ માગવામાં આવેલ હતી કે તેઓની સામે કહેવાતી ખાતાકીય તપાસને આધારે તેઓને છૂટા કરવાનું પગલું લીધેલ છે તે સમગ્ર પ્રક્રિયા પૂર્વગ્રહવાળી, ગેરકાયદેસર અને કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરુદ્ધનું ઠરાવી સંબંધિત

INDEX

કામદાર કરણસિંહ કાનજીભાઈને પાછલા પગારનું થયેલ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવા ફરમાન કરવા વિનંતી કરેલ હતી. જે અનુસંધાને લેખિત જવાબ અને લેખિત દસ્તાવેજો મિલ્સ કંપની તરફે રજુ થયાનું માલુમ પડે છે. જેને મુખ્યત્વે જોવામાં આવે તો સંબંધિત કામદારની ગેરવર્તણૂંક સંબંધે આપવામાં આવેલ શોકોઝ નોટીસની નકલ અને તેને આનુષાંગિક તમામ દસ્તાવેજો રેકર્ડ ઉપર હોવાનું માલુમ પડે છે. અને ખાતાકીય તપાસની કાયદેસરતા બાબતનો જે વિવાદ હતો તે વિવાદ સંબંધે મજુર અદાલત દ્વારા પ્રથમ નિર્ણય કરવામાં આવેલ છે, જે તારીખ ૨૪-૮-૯૨ ના રોજના હુકમથી સંબંધિત કામદાર સામેની ખાતાકીય તપાસ કાયદેસર, યોગ્ય હોવાનું ઠરાવાયેલ છે. ત્યાર બાદ મૂળ મજુર અદાલત દ્વારા ગુણદોષ ઉપર આખરી હુકમ પસાર કરાયેલ છે. જેને ધ્યાને લેતા સંબંધિત કામદારને નોકરીમાંથી બરતરફ કરવાનું મીલ્સ કંપનીનું પગલું કામદાર માટે આર્થિક મૃત્યુ સમાનનું ઠરાવેલ છે તેમજ બરતરફી સજાને ગુનાના પ્રમાણમાં વધારે પડતી હોવાનું તારણ કાઢી રદબાતલ ઠરાવેલ છે અને કામદારને કોઈપણ પ્રકારના પડેલા પગાર સિવાય પુનઃસ્થાપિત કરવાનો હુકમ કર્યાનું જણાઈ આવે છે.

૭. ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લેતા અત્રેની અદાલતે એ નિર્ણય કરવાનો રહે છે કે મજુર અદાલત, રાજકોટ દ્વારા તારીખ ૧૮-૯-૯૨ ના રોજ પસાર કરવામાં આવેલ આખરી હુકમ યોગ્ય, કાયદેસર અને વ્યાજબી છે કે કેમ ? હવે મજુર અદાલતના ચુકાદાને ધ્યાને લેતા મજુર અદાલત તેના હુકમમા એ તારણ ઉપર આવેલ છે કે સંબંધિત કામદાર સામે હાથ ધરેલ ખાતાકીય તપાસ અને વ્યાજબી હતી. આ બાબતને ધ્યાને લેતા હવે આ અદાલતે એ નક્કી કરવાનું છે કે આખરી ચૂકાદામાં મજુર અદાલતનો ચૂકાદો યોગ્ય, કાયદેસર અને વ્યાજબી છે કે કેમ ? આ મુદ્દાઓના સંબંધમાં મજુર અદાલત, રાજકોટે બનાવ સંબંધે તમામ હકીકતોનો ચૂકાદામાં ઉલ્લેખ કરી આખરી તારણ ઉપર આવેલ છે તેમાં ખાતાકીય તપાસ અધિકારીના તારણો વિકૃત નથી કે ખોટા નથી અને મજુર અદાલતના તારણ મુજબ સંબંધિત કામદાર ઉપરના એટલે કે શ્રી કરણસિંહ ઉપરના આક્ષેપો સાચા અને ખરા સાબિત થયા હોવાનું ઈન્કવાયરી ઓફીસરનું તારણ યોગ્ય છે તેમ ઠરાવેલ છે. આમ છતા મજુર અદાલતે જે મીલ્સ કંપનીના શ્રી જોષીને થયેલ ઈજા સંબંધે ડોકટરને ન તપાસવાની બાબતને ધ્યાને લઈ સંબંધિત કામદારને કરવામાં આવેલ સજા આર્થિક મૃત્યુ સમાન છે તેમ ઠરાવાયેલ છે અને પડેલા દિવસોના પગારના લાભ સિવાય પુનઃસ્થાપિત કરવાનો જે હુકમ મજુર અદાલતે કરેલ છે તે ભુલભરેલો હોવાનું માનવાને કારણ ઉપસ્થિત થાય છે. કારણ કે મજુર અદાલત દ્વારા જ્યારે ખાતાકીય તપાસની કાયદેસરતા બાબતના વિવાદમાં ખાતાકીય તપાસ કાયદેસર, યોગ્ય અને વ્યાજબી હોવાનું ઠરાવેલ છે અને સંબંધિત કામદાર શ્રી કરણસિંહ ઉપર મિલ્સ કંપની દ્વારા જે આક્ષેપો ઘડાયા હતા તે સાબિત થયાનું ગણેલ છે તેમ છતા તેઓને કરવામાં આવેલ સજા એ વધારે પડતી હોવાના તારણ ઉપર મજુર અદાલત આવેલ છે. તે હાથ પરના કેસનું તમામ રેકર્ડ જોતા મજુર અદાલતનું આ તારણ કામદાર પ્રત્યે સહાનુંભૂતિભર્યું હોવાનું જણાય છે કારણ કે આ સંબંધમાં સંબંધિત કામદાર ઉપરના આક્ષેપો બાબતે મૂળ રેકર્ડમાં રજુ થયેલ આંક-૧૫ ની શોકોઝ નોટીસને ચકાસવામાં આવે તો ગુનાની વિગત એવી છે કે સંબંધિત કામદાર તારીખ ૨૫-૧૧-૮૫ ના રોજ બીજી પાળીમાં ફરજ પર હતા તે દરમ્યાન તેમના

ખાતા અધિકારી શ્રી જોષી ખાતામાં રાઉન્ડ પર આવેલ હતા ત્યારે સંબંધિત કામદાર સાંચો બંધ કરી બહાર ગયેલા હોવાથી તેઓની પૂછપરછ કરતા અને કામમાં ધ્યાન રાખવાનું જણાવતા સંબંધિત કામદારે ઉશ્કેરાઈ જઈ માથામાં કપાળ ઉપર કાંઠલો મારેલ હોવાનો આક્ષેપ સંબંધિત કામદાર ઉપર હોવાનું જણાઈ આવે છે.

ઉપરોક્ત દર્શાવ્યા મુજબના ગંભીર આક્ષેપોને ધ્યાને લેતા અને કામદારની ઉપરના આક્ષેપો પુરવાર થયાની બાબત હોવા છતા કામદારને પુનઃસ્થાપિત કરવાનો હુકમ પસાર કરેલ છે તે હાથ પરના કેસમાં યોગ્ય, કાયદેસર ગણી શકાય તેમ નથી કારણ કે ચાલુ ફરજ દરમ્યાન ઉપર મુજબ ચર્ચા કરી તે પ્રમાણે કામદારે ઉપરી અધિકારીના હુકમનું પાલન ન કર્યાનું અને ઉપરી અધિકારી ઉપર હુમલો કર્યાનુ હાથ પરના કેસનું રેકર્ડ જોતા જણાઈ આવે છે જે બાબતને આ અદાલત ખૂબ જ ગંભીરતાવાળી ગણે છે, રેકર્ડ જોતા એ હકીકત છે કે વિવાદ ચાલતા દરમ્યાન કામદારનું દુઃખદ અવસાન થયેલ છે પરંતુ હાથ પરના કેસની હકીકતને ધ્યાને લેતા અદાલતને મળેલ હકૂમતને જોતા જે ગેરવર્તણૂંક ગુજરનાર સંબંધિત કામદાર દ્વારા મિલ્સ કંપનીમાં બનેલ હતો તે ચોક્કસપણે ગંભીર પ્રકારનો ગણી શકાય તે બાબતમાં મિલ્સ કંપની તરફે રજુ થયેલ ગુનાની ગંભીરતા સંબંધમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના ચૂકાદાનો જે ઉલ્લેખ કરેલ છે તે ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને લેતા અને ગુજરનાર કામદાર ઉપરના આક્ષેપને ધ્યાને લેતા આ અદાલત એવા સ્પષ્ટ તારણ ઉપર આવે છે કે મીલ્સ કંપની દ્વારા ગુજરનાર કામદાર શ્રી કરણસિંહ કાનજીભાઈને બરતરફીની જે શિક્ષા કરેલ છે તે ગુનાની ગંભીરતાને ધ્યાને લેતા યોગ્ય, કાયદેસરની અને વ્યાજબી હોવાનું આ અદાલત ઠરાવે છે, માટે મંડળ તરફે અપીલના કામે વિવાદ ઉપસ્થિત કરી જે દાદ અને રાહતની માંગણી કરેલ છે તે દાદ અને રાહત તેઓ કોઈપણ સંજોગોમાં મેળવવાપાત્ર થતા નથી તેવું આ અદાલત ઠરાવે છે. વધુમાં કાયદાથી પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને ધ્યાને લેવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગુજરાત અંબુજા સિમેન્ટ વિરુદ્ધ યુ. બી. ગાઢેના કેસમાં પ્રસ્થાપિત કરેલ છે કે માલિક દ્વારા તપાસનું તારણ પરવર્સ એટલે કે વિકૃતિવાળુ તારણ હોય તો જ મજુર અદાલત માલિક દ્વારા કરવામાં આવેલ સજામાં હસ્તક્ષેપ કરી શકે. જે ચૂકાદો ૨૦૦૬ (૧) એલ.એલ.એમ. પાના નં. ૯૧૪ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. તે મુજબ નામદાર હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટ દ્વારા પ્રસ્થાપિત થયેલ છે કે ગુનાના પ્રમાણમાં માલિક દ્વારા કરવામાં આવેલ સજા પ્રાથમિક દ્રષ્ટિએ આઘાતજનક રીતે વધુ પડતી જણાય તો જ તેવી સજામાં અદાલત હસ્તક્ષેપ કરી શકે. પરંતુ હાથ પરના કેસનું રેકર્ડ જોતા ગુજરનાર સંબંધિત કામદારની ગેરવર્તણૂંક ગંભીર પ્રકારની હોવાનું પ્રસ્થાપિત થયેલ છે તેમજ મજૂર અદાલત દ્વારા એ પણ નોંધ કરવામાં આવેલ છે કે ભુતકાળમાં પણ આવા પ્રકારની ગંભીર ગેરવર્તણૂંક સંબંધિત કામદાર દ્વારા કરવામાં આવેલ છે તે તમામ બાબતો હોવા છતા અને સંબંધિત કામદાર સામે ગુનો સાબિત થયેલ હોવા છતા આખરી હુકમમાં ડીસમીસલના પગલાને રદ કરી પુનઃસ્થાપિત કરવાનો જે હુકમ કરેલ છે તે હાથ પરના કેસમાં ચોક્કસપણે એમ કહી શકાય કે તે બીનજરૂરી સહાનુભૂતિવાળો હુકમ છે. તે બાબતને ધ્યાને લેતા મજુર અદાલતના હુકમમાં હસ્તક્ષેપ કરવો જરૂરી જણાય છે.

INDEX

આમ ઉપરોક્ત તમામ હકીકતોને ધ્યાને લેતા અપીલ (આઈ.સી.) નં. ૮/૯૨ કે જે મીલ્સ કંપની દ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ છે તેને મંજુર રાખવામાં આવે છે અને અપીલ (આઈ.સી.) ૯/૯૨ કે જે મંડળ દ્વારા ઉપસ્થિત કરેલ છે તેને નામંજુર કરવામાં આવે છે અને મજુર અદાલતના હુકમમાં હસ્તક્ષેપ કરી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

મજુર અદાલતે કરેલ તારીખ ૧૭-૯-૯૨ ના હુકમને ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અન્યાયી ઠરાવી રદ કરવામાં આવે છે અને મીલ્સ કંપનીની અપીલ (આઈ.સી.) નં. ૮/૯૨ મંજુર રાખવામાં આવે છે. જ્યારે મંડળની અપીલ (આઈ.સી.) નં. ૯/૯૨ નામંજુર કરવામાં આવે છે. સંબંધિત કામદારે આચરેલ ગુન્હાની ગંભીરતાને ધ્યાને લઈ મીલ્સ કંપની દ્વારા સ્વર્ગસ્થ સંબંધિત કામદારને જે બરતરફ કરવાનો તારીખ ૧-૨-૮૬ ના રોજનો જે હુકમ કરેલ છે તેને યોગ્ય, કાયદેસર અને વ્યાજબી ઠરાવવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૨૫મી ઓક્ટોબર, ૨૦૦૭.

એ. બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
રાજકોટ, ગુજરાત.

રાજકોટ, તારીખ ૫મી મે, ૨૦૦૮.

કે. એન. દોશી,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક
અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

PART I—L

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette*, Part I—L should be *read* to have been published in Issue No. 32, *Gujarat Government Gazette*, Part I—L, dated 7th August, 2008 and for pages VAD–2799 to 2910 (in 1 set) *read* page Nos. 3013 to VAD-3124.

વિજ્ઞપ્તિ

શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૭મી ઓગષ્ટ, ૨૦૦૮ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલના અંક-૩૨માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૨૭૯૯ થી વીએડી-૨૯૧૦(૧ બંચમાં) ને પાન નંબર ૩૦૧૩ થી ૩૧૨૪ વાંચવા.

Vadodara , 7th August, 2008.

S. J. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

એકેએચ/એલસીઆર/જે-૩૬/૨૦૦૮/૨૦૦૩/આર. ટી.– મદદનીશ શ્રમ આયુક્તશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે બિડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક તકરાર ઉમંગ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ, શેડ નં. ૨૨/૨૩, ઈન્ડસ્ટ્રીયલ એરીયા, હાપા, જામનગર અને તેના શ્રમયોગી શ્રી ઈબ્રાહીમ ઈસ્માઈલ સુભાણીયા, જોડીયાભુંગા, ભડાણાવારા, જામનગર C/o. મજુર સેવા સંઘ, ૨૮, મનુ માર્કેટ, બેડીગેઈટ, જામનગર વચ્ચેની છે.

હવે પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગની તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએમએસએસ/આઈડીએફ/૧૯૭૦-૧૧૦ થી સદરહું ધારાની અનુસુચિ-૨૨ની આઈટમ-૩ થી ૧૦ સંકળાયેલ બાબત અંગે મદદનીશ શ્રમ આયુક્ત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત થયેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ, ૧૯૪૭ની-૧૪માંની પેટા-કલમ-૧૦થી મળેલ સત્તાની રૂએ હું બી. જી. ત્રિવેદી, મદદનીશ શ્રમ આયુક્ત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલ મજુર અદાલત, જામનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રી ઈબ્રાહીમ ઈસ્માઈલ સુભાણીયાને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?''

જામનગર, તારીખ ૨૬મી મે, ૨૦૦૮.

બી. જી. ત્રિવેદી,
ઈ./ચા. મદદનીશ શ્રમ આયુક્ત,
જામનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/૩૭/૦૮/એજેડી/આઈડીઆર/૪૦/૦૮.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ધી મેઢાસણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મેઢાસણ, તા. મોડાસા અને તેના શ્રમયોગી શ્રી મકવાણા ધુળાજી રાણાજી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ (૧) અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૭૩ના જાહેરનામાં નંબર કેએચ/એમ/એચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના મદદનીશ શ્રમ આયુકતને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી તા. ૫-૬-૮૪ના જાહેરનામા ક્રમાંક કે.એચ./એસ.એચ./એમ.સી./૧૦૬૬૧/આઈ.ડી.સી./૭૦૯૫ થી મળેલ સત્તાની રૂએ હું, મદદનીશ શ્રમ આયુકત, હિંમતનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૪-૧૧-૭૭ના જાહેરનામા ક્રમાંક કે.એચ./એસ.-૧૦૪૬/આઈડીએ-૨૦૭૭-સી-૩૭૦૧ (૧) ઝેડથી રચાયેલ કોર્ટ નં. ૧ ની બનેલી શ્રમ અદાલત, હિંમતનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી મકવાણા ધુળાજી રાણાજીના પડેલા દિવસોના પગાર સહીતની તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

હિંમતનગર, તારીખ ૩૦મી મે, ૨૦૦૮.

આર. સી. પટણી,
ઈ/ચા. મદદનીશ શ્રમ આયુકત,
હિંમતનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચ/એજેએસ/આઈડીઆર/૨૭/૨૦૦૮.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ, અમરેલી, અને તેના શ્રમયોગી શ્રી બારડ પંકજભાઈ જેરામભાઈ ચૌહાણ વચ્ચેનો છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮-(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ ની પેટા-કલમ-(૧)ની પેટા- વિભાગ-(સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. સી. કારીયા, મદદનીશ શ્રમ આયુકત, જૂનાગઢ, આથી મજુર અદાલત, અમરેલીને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પંકજભાઈ જેરામભાઈ ચૌહાણને પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જુનાગઢ, તારીખ ૨૯મી મે, ૨૦૦૮.

એમ. સી. કારીયા,
મદદનીશ શ્રમ આયુકત,
જુનાગઢ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૭૯૨૩/ઔ.વિ.રે/૫૯/૨૦૦૮.—આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, રાજકોટ અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુકત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ શ્રમ આયુકત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

સ્વ.શ્રી દિલુભા જુવાનસિંહ જાડેજાના વારસદાર પુત્ર શ્રી હર્ષદસિંહ દિલુભા જાડેજાને સેટલમેન્ટ નં. ૯, તા. ૨૧-૧૨-૧૯૮૯ તથા જી.એસ.ઓ. નં. ૩૬૧ અન્વયે નક્કી થયેલ નિતી મુજબ વારસદાર તરીકે નોકરી આપવી જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૦મી મે, ૨૦૦૮.

(સહી) અવાચ્ય,
નાયબ શ્રમ આયુકત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૭૯૨૪/ઔ.વિ.રે/૬૦-૨૦૦૮.–આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, વિસ્તરણ રેન્જ, ગાર્ડન પાછળ, સંતોષીમાં ગરબી ચોક, ધોરાજી અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુકત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નરેશભાઈ નાથાભાઈ સુણાને નિમણુંક તારીખથી રેગ્યુલર અને કાયમી ગણવા અથવા સરકારશ્રીના તા. ૧૭-૧૦-૮૮ના શ્રી દોલતભાઈ પરમારના ઠરાવના લાભો આપવા તથા ત્યારબાદના થયેલ વખતોવખતના ઠરાવોનો લાભ આપવો તેમજ સરકારશ્રીના ધારા ધોરણ મુજબ પગાર ગ્રેડ, મોંઘવારી, વગેરે તમામ લાભો આપવા કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૦મી મે, ૨૦૦૮.

(સહી) અવાચ્ય,
નાયબ શ્રમ આયુકત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૭૯૨૫/ઔ.વિ.રે/૬૧-૨૦૦૮.–આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક વિવાદ રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, વિસ્તરણ રેન્જ, ગાર્ડન પાછળ, સંતોષીમાં ગરબી ચોક, ધોરાજી અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુકત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ શ્રમ આયુકત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી દેવાયતભાઈ નારણભાઈ કાનગઢને નિમણુંક તારીખથી રેગ્યુલર અને કાયમી ગણવા અથવા સરકારશ્રીના તા. ૧૭-૧૦-૮૮ના શ્રી દોલતભાઈ પરમારના ઠરાવના લાભો આપવા તથા ત્યારબાદના થયેલ વખતોવખતના ઠરાવોનો લાભ આપવો તેમજ સરકારશ્રીના ધારા ધોરણ મુજબ પગાર ગ્રેડ મોંઘવારી વગેરે તમામ લાભો આપવા કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૦મી મે, ૨૦૦૮.

(સહી) અવાચ્ય,
નાયબ શ્રમ આયુકત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૭૯૨૬/ઔ.વિ.રે/૬૨-૨૦૦૮.—આ નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રી, વિસ્તરણ રેન્જ, ગાર્ડન પાછળ, સંતોષીમાં ગરબી ચોક, ધોરાજી અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુકત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી, હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ શ્રમ આયુકત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી શોભનાબેન નરેશભાઈને નિમણુંક તારીખથી રેગ્યુલર અને કાયમી ગણવા અથવા સરકારશ્રીના તા. ૧૭-૧૦-૮૮ના શ્રી દોલતભાઈ પરમારના ઠરાવના લાભો આપવા તથા ત્યારબાદના થયેલ વખતોવખતના ઠરાવોનો લાભ આપવો તેમજ સરકારશ્રીના ધારા ધોરણ મુજબ પગાર ગ્રેડ, મોંઘવારી, વગેરે તમામ લાભો આપવા કે કેમ ?

રાજકોટ, તારીખ ૩૦મી મે, ૨૦૦૮.

(સહી) અવાચ્ય,
નાયબ શ્રમ આયુકત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/મશ્રઆ/ભ/આઈડીઆર/૪૮૧૩/૨૦૦૮.-મદદનીશ શ્રમ આયુકત, ભરૂચનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલ તકરાર સ્ફીયર હોટ વોટર હીટર્સ પ્રા.લી., અંકલેશ્વર, અને તેના શ્રમયોગી શ્રી ગોમાનભાઈ ઉર્ફે ગુમાનભાઈ રમણભાઈ વસાવા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરાત ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. ઓ. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુકત, ભરૂચ, આથી મજુર અદાલત, નં.-૧ ભરૂચને સદરહુ વિવાદ ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ગોમાનભાઈ ઉર્ફે ગુમાનભાઈ રમણભાઈ વસાવાને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ભરૂચ, તારીખ ૩૦મી મે, ૨૦૦૮.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુકત,
ભરૂચ.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/મશ્રઆ/ભ/આઈડીઆર/૪૮૧૮/૨૦૦૮.–મદદનીશ શ્રમ આયુકત, ભરૂચનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર (૧) કોન્ટ્રાકટર, જનરલ એન્જી. વર્કસ, ભરૂચ, (૨) જી.એન. એફ.સી., ભરૂચ અને તેના શ્રમયોગી શ્રી પ્રવિણભાઈ અંબાલાલ વસાવા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. ઓ. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુકત, ભરૂચ, આથી મજુર અદાલત, નં.-૨ ભરૂચને સદરહુ વિવાદ ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પ્રવિણભાઈ અંબાલાલ વસાવાને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભરૂચ, તારીખ ૩૦મી મે, ૨૦૦૮.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુકત,
ભરૂચ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/મશ્રઆ/ભ/આઈડીઆર/૪૩૨૫/૨૦૦૮.–મદદનીશ શ્રમ આયુક્ત, ભરૂચનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર (૧) એન્વાયરો ટેકનોલોજી લી., અંકલેશ્વર, (૨) નિરાન એજન્સી, અંકલેશ્વર અને તેના શ્રમયોગી શ્રી મહેશભાઈ હીરાભાઈ પરમાર વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. ઓ. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુક્ત, ભરૂચ, આથી મજુર અદાલત, નં.-૨ ભરૂચને સદરહુ વિવાદ ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી મહેશભાઈ હીરાભાઈ પરમારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ભરૂચ, તારીખ ૩૦મી મે, ૨૦૦૮.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભરૂચ.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજેએસ/આઈડીઆર/૨૪/૨૦૦૮.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર મેનેજરશ્રી, સેન્ડવીક એશીયા લી., મુ. રાજપુર, તા. કડી અને તેના શ્રમયોગી શ્રી દંતાણી નરેશભાઇ ચંદ્રકાંત વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા-વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એન. સી. દવે, ઇ./ચા. મદદનીશ શ્રમ આયુકત, મહેસાણા, આથી લેબર કોર્ટ, કલોલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી દંતાણી નરેશભાઇ ચંદ્રકાંતને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

મહેસાણા, તારીખ ૨૮મી મે, ૨૦૦૮.

એન. સી. દવે,
ઇ./ચા. મદદનીશ શ્રમ આયુકત,
મહેસાણા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજેએમબી/આઈડીઆર/૨૬/૨૦૦૮.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર (૧) મોન્ટુ ગારમેન્ટસ, કલોલ, (૨) ભરતભાઈ રમણભાઈ પટેલ, માલીક મોન્ટુ ગારમેન્ટસ, કલોલ અને તેના શ્રમયોગી શ્રી દિપકકુમાર અમૃતભાઈ સોની વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા-વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એન. સી. દવે, ઈ./ચા. મદદનીશ શ્રમ આયુકત, મહેસાણા, આથી લેબર કોર્ટ, કલોલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી દિપકકુમાર અમૃતભાઈ સોનીને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

મહેસાણા, તારીખ ૨૮મી મે, ૨૦૦૮.

એન. સી. દવે,
ઈ./ચા. મદદનીશ શ્રમ આયુકત,
મહેસાણા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજેએમ/આઈડીઆર/૩૩/૨૦૦૮.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર મેનેજરશ્રી, મિલેનીયમ લેમીનેટસ પ્રા. લી., ધાનોટ અને તેના શ્રમયોગી શ્રી ગણપતભાઈ પશાભાઈ પરમાર વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા-વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એન. સી. દવે, ઈ./ચા. મદદનીશ શ્રમ આયુકત, મહેસાણા, આથી લેબર કોર્ટ, કલોલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ગણપતભાઈ પશાભાઈ પરમારને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

મહેસાણા, તારીખ ૨૮મી મે, ૨૦૦૮.

એન. સી. દવે,
ઈ./ચા. મદદનીશ શ્રમ આયુકત,
મહેસાણા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજેટી/આઈડીઆર/૪૦/૨૦૦૮.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર મેનેજરશ્રી, તિરૂપતિ એગ્રો ઓઈલ પ્રા.લી., નંદાસણ રોડ, કડી અને તેના શ્રમયોગી શ્રી અરવિંદભાઈ ભીખાભાઈ રાવળ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા-વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એન. સી. દવે, ઈ./ચા. મદદનીશ શ્રમ આયુકત, મહેસાણા, આથી લેબર કોર્ટ, કલોલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અરવિંદભાઈ ભીખાભાઈ રાવળને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

મહેસાણા, તારીખ ૨૮મી મે, ૨૦૦૮.

એન. સી. દવે,
ઈ./ચા. મદદનીશ શ્રમ આયુકત,
મહેસાણા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજેએસ/આઈડીઆર/૪૨/૨૦૦૮.-મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર શ્રી ડીવીઝનલ કન્ટ્રોલર, સ્ટેટ ટ્રાન્સપોર્ટ ઓફીસ, મહેસાણા અને તેના શ્રમયોગી શ્રી મોહનભાઈ ડી. ચૌધરી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા-વિભાગ-૧નો 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એન. સી. દવે, ઇ./ચા. મદદનીશ શ્રમ આયુકત, મહેસાણા, આથી લેબર કોર્ટ, કલોલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી મોહનભાઈ ડી. ચૌધરીને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

મહેસાણા, તારીખ ૨૮મી મે, ૨૦૦૮.

એન. સી. દવે,
ઇ./ચા. મદદનીશ શ્રમ આયુકત,
મહેસાણા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજેઆર/આઈડીઆર/૪૭/૨૦૦૮.-મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર માલીકશ્રી, રાજેશ્વરી જીનીંગ ફોકટરી, મુ. નાની કડી અને તેના શ્રમયોગી શ્રી પટેલ ભાનુભાઈ બાબુભાઈ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા-વિભાગ-૧નો 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એન. સી. દવે, ઈ./ચા. મદદનીશ શ્રમ આયુકત, મહેસાણા, આથી લેબર કોર્ટ, કલોલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પટેલ ભાનુભાઈ બાબુભાઈને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

મહેસાણા, તારીખ ૨૮મી મે, ૨૦૦૮.

એન. સી. દવે,
ઈ./ચા. મદદનીશ શ્રમ આયુકત,
મહેસાણા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજેઆર/આઈડીઆર/૪૮/૨૦૦૮.-મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર માલીકશ્રી, રાજેશ્વરી જીનીંગ ફેકટરી, મુ. નાની કડી અને તેના શ્રમયોગી શ્રી પટેલ કાળાભાઇ હરજીવનદાસ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા-વિભાગ-૧નો 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એન. સી. દવે, ઇ./ચા. મદદનીશ શ્રમ આયુકત, મહેસાણા, આથી લેબર કોર્ટ, કલોલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પટેલ કાળાભાઇ હરજીવનદાસને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

મહેસાણા, તારીખ ૨૮મી મે, ૨૦૦૮.

એન. સી. દવે,
ઇ./ચા. મદદનીશ શ્રમ આયુકત,
મહેસાણા.

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજેઆર/આઇડીઆર/૪૯/૨૦૦૮.-મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર માલીકશ્રી, રાજેશ્વરી જીનીંગ ફેકટરી, મુ. નાની કડી અને તેના શ્રમયોગી શ્રી પટેલ રણછોડભાઈ ગાંડાલાલ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા-વિભાગ-૧નો 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

૬. હવે ઉપરોક્ત તમામ રજુઆતોને ધ્યાને લેતાં, મજુર અદાલત દ્વારા મુળ બી. આઈ. આર. અરજીના કામે પસાર કરેલ આખરી હુકમ એ કાયદેસરનો, ન્યાયી, વ્યાજબી અને યોગ્ય છે કે કેમ ? તે ચકાસવાનું રહે છે. ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબના તમામ પેપર્સને ધ્યાને લેતાં, એ હકીકત નિર્વિવાદ છે કે, સંસ્થા એ સીઝનલ પ્રકારની કામગીરીમાં રોકાયેલ સંસ્થા છે. કારણ કે તે બાબતે રેકર્ડ જોતાં, બન્ને પક્ષકારોની રજુઆત છે કે, સંસ્થાની કામગીરી એ સીઝનલ પ્રકારની કામગીરી છે. અને સંસ્થા મુખ્યત્વે નવેમ્બરથી માર્ચ સુધી કાર્યરત રહેતી હોય છે અને રેકર્ડ ઉપર થયેલી રજુઆતને જોતાં, એ બાબત પણ જણાય આવે છે કે, સંબંધીત કામદારની સંસ્થામાં સીઝન પુરતી કામગીરી માટે નિમણુંક કરતાં હોવાની હકીકત સ્વીકારેલી છે. આમ તમામ રજુઆત જોતાં, સંસ્થા સીઝનલ પ્રકારની કામગીરીમાં રોકાયેલ હોવાની બાબત પણ સ્પષ્ટપણે જણાય આવે છે. આમ એ બાબતને જોતાં સંબંધીત કામદાર તરફે રજુઆત છે કે, તેઓ ૧૯૭૯ થી સળંગ રીતે ફરજ બજાવતાં આવેલ છે, તે હકીકત સ્વીકારી શકાય તેવું માલુમ પડતું નથી. તેઓની નિમણુંક સીઝન પુરતી જ થતી હતી. અને સીઝન પુરી થયે, તેમની કામગીરી પુરી થતી હોવાનું જણાય છે. તમામ રેકર્ડને ધ્યાને લેતાં, એ બાબત જણાય આવે છે કે, તેઓ ઘણાં વર્ષોથી સીઝનલ કામદાર તરીકે રોજમદારની હેસીયતથી કામગીરી સંસ્થામાં કરતાં આવેલાં છે. હવે હાથ ઉપરના કેઈસમાં સંબંધીત એપેલન્ટને જો તા. ૩૦-૧૨-૮૨થી ફરજ ઉપરથી બંધ કરવાનું પગલું રીસ્પોન્ડન્ટ સંસ્થા દ્વારા લેવામાં આવેલ છે, તે કાયદેસર, વ્યાજબી અને ન્યાયી છે કે કેમ ? તે બાબત તપાસવી જરૂરી છે. આ સંબંધમાં મુળ

રેકર્ડમાં રજુ થયેલ લેખીત જવાબને ધ્યાનમાં લેવામાં આવે તો, તેમાં સંસ્થા તરફે સ્પષ્ટ રજુઆત કરેલી છે કે, સંબંધીત કામદારની કામગીરી અસંતોષકારક હતી, ઉપરી અધિકારી સાથે ઉધ્ધત, ધમકીભર્યુ અને અશિસ્તભર્યુ વર્તન રાખતાં અને કામમાં બેદરકાર રહેતા હોવાના કારણે, તેઓને નોકરીમાંથી બંધ કરેલ છે, અને તેઓ રોજમદાર હોવાથી, ખાતાકીય તપાસ કરવાનું મુનાસીબ નથી, તેવી રજુઆત છે. આમ સંસ્થાની આ જ રજુઆત ઉપરથી પ્રસ્થાપિત થાય છે કે, સંબંધીત કામદારને શિક્ષાત્મક હુકમ કરી, કામ ઉપરથી બંધ કરેલ છે. આમ સંસ્થાના લેખીત જવાબથી જ જ્યારે તે બાબત સ્પષ્ટ થાય છે કે, સંબંધીત કામદારને શિક્ષાત્મક રીતે કામ ઉપરથી બંધ કરેલ છે. તો ખાતાકીય તપાસ આ કિસ્સામાં આવશ્યક છે કે કેમ ? તે બાબત જોવાની રહે છે. આ સંબંધીત કેસમાં સંબંધીત અરજદાર એ કામદાર હોવા અંગેની હકીકતને કોઈપણ પ્રકારે નકારી શકાય તેમ નથી. અને તે સંબંધમાં કાયદાના પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો, નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા શર્મિષ્ઠા દુબે વિરૂધ્ધ સી.ટી. બોર્ડ, ઈટવા અને બીજાના કેઈસમાં પ્રસ્થાપિત કરેલ છે કે, ઔદ્યોગિક કાયદામાં રોજમદાર કામદારની વ્યાખ્યા રેગ્યુલર કામદારની સરખામણીમાં સંકુચીત બનતી નથી, અને સીનીયોરીટીના નિયમો રોજમદાર કામદારને પણ લાગુ પડે છે. તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે. જે ચુકાદો ૧૯૯૯, એલ. એલ. આર. પાના ૪૬૦, માં પ્રસિધ્ધ થયેલ છે. આમ રોજમદાર કામદાર એ કામદારની હેસીયતથી સંસ્થામાં ફરજ બજાવતાં હોય, તેવા સંજોગોમાં જો કામદાર દ્વારા કોઈ ગેરવર્તણુંક થઈ હોય, તો તે ગેરવર્તણુંક સંબંધે તેઓને રજુઆત કરવાની તક આપવી, તે કુદરતી ન્યાયના સિધ્ધાંતનો ઉદેશ છે. અને મુખ્યત્વે કુદરતી ન્યાયના સિધ્ધાંતમાં જે બે બાબતો સમાયેલી છે, તે :-

(૧) કોઈએ પોતાના કેઈસમાં પોતાનો ન્યાયાધીશ ન બનવું; અને

(૨) કોઈની વિરૂધ્ધ આદેશ કરતાં પહેલાં તેને જે કાંઈ કહેવું હોય, તે કહેવાની તક આપવી. આમ તે બાબતને જોતાં, જો મુળ અરજદાર કામદારની ફરજ દરમ્યાનની ગેરવર્તણુંક હોય, તો તેઓને રજુઆત કરવાની તક આપવી જરૂરી છે, અને તે હક્ક તેઓને ભારતીય બંધારણની રૂએ પ્રાપ્ય થયેલ છે. અને આમ બંધારણીય સિધ્ધાંત અને કુદરતી ન્યાયના સિધ્ધાંતનો લાભ એપેલન્ટ કાયદેસર રીતે મેળવવા હક્કદાર બને છે. તેવું મારૂ માનવું છે. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે શ્રી રામ બેરીંગ્ઝ વિરૂધ્ધ શાંતિલાલ બબલદાસ પરીખના કેઈસમાં જે ચુકાદો આપેલો છે, તે ચુકાદો ૨૦૦૩ (૩), જી. એલ. એચ. પાના ૩૫૭, ઉપર પ્રસિધ્ધ થયેલ છે. જે ચુકાદામાં પણ નામદાર ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, ખાતાકીય તપાસ કરવા માટે જો સ્થાયી હુકમ કે નિયમો ન હોય, તો પણ કુદરતી ન્યાયના સિધ્ધાંતની અવગણના ન થઈ શકે. વધુમાં તાજેતરમાં નામદાર મુદ્રાસ હાઈકોર્ટે આર. બાલા કિશ્નન વિરૂધ્ધ મેનેજીંગ ડાયરેક્ટર, તસમદલી અને બીજાઓના કેઈસમાં પ્રસ્થાપિત કરેલ છે કે, સામાન્ય સંજોગોમાં કુદરતી ન્યાયના સિધ્ધાંતોને જો અનુસરેલ ન હોય, અને ખાતાકીય તપાસની કાર્યવાહી કરેલી ન હોય, તો તેવા કિસ્સામાં છુટા કરવાનું પગલું રદ થવા પાત્ર બને છે. જે ૨૦૦૭, એલ. એલ. આર., પાના ૧૦૩૨, ઉપર પ્રસિધ્ધ થયેલ છે. અને સદર ચુકાદામાં નામદાર સુપ્રીમ કોર્ટે આ સંબંધે પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતોની ચર્ચા પણ કરેલી છે.

INDEX

આમ હાથ ઉપરના કેઈસની ચર્ચા કરતાં સ્પષ્ટપણે જણાય આવે છે કે, સંબંધીત એપેલન્ટ કામદારને તેમને નોકરીમાંથી બંધ કરતાં પહેલાં કોઈપણ પ્રકારની શો કોઝ નોટીસ, કે તેને આનુસાંગીક કાયદેસરની કાર્યવાહી કર્યાનું રેકર્ડ ઉપરથી જણાતું નથી. પરંતુ મુનસફીથી તેમને રોજમદાર તરીકેની કામગીરીમાંથી બંધ કરી, તેઓને બેકાર બનાવ્યાનું ફલીત થાય છે. જે પગલું ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબની તમામ હકીકતોને ધ્યાને લેતાં, ગેરકાયદેસર, અને ગેરબંધારણીય ગણી શકાય. આમ સંબંધીત મુળ એપેલન્ટને નોકરીમાંથી બંધ કરવાનું સંસ્થાનું પગલું ગેરકાયદેસરનું, ગેરબંધારણીય, અને અન્યાયી હોવાનું આ અદાલત ઠરાવે છે. આ સંજોગોને જોતાં, મજુર અદાલતે જે તારણો કાઢેલાં છે કે, અરજદાર રોજમદાર કામદાર હોવાથી મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરી શકાય તેમ નથી, અને તેઓનો કેઈસ જે નામંજુર કરેલો છે, તે મજુર અદાલતનો નિર્ણય ભુલ ભરેલો અને ગેરકાયદેસરનો ઠરાવું છું અને અત્રેની અદાલત દ્વારા કરવામાં આવેલી ઉપરોક્ત ચર્ચાને ધ્યાને લેતાં, એ તારણ ઉપર આવે છે કે, એપેલન્ટ મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત થવા, એટલે કે સીઝન દરમ્યાન તેઓ જે જે કામગીરી કરતાં હતાં, તે કામગીરી મેળવવા હક્કદાર હોવાનું અને નોકરીમાં પુનઃસ્થાપિત થવા પાત્ર હોવાનું ઠરાવવામાં આવે છે.

૭. હવે જ્યારે અદાલત ઉપર મુજબના તારણો ઉપર આવેલ હોય, ત્યારે એ હકીકત નક્કી કરવાની રહે છે કે, એપેલન્ટ પડેલાં દિવસોના પગાર સંબંધે કોઈ દાદ-રાહત મેળવવા હક્કદાર બને છે કે કેમ ? આ સંબંધમાં ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબનું તમામ રેકર્ડ જોતાં, એપેલન્ટ નોકરીમાંથી બંધ થયા બાદ બેકાર હોવાની રજુઆત રેકર્ડ ઉપર નોંધાયેલી છે, અને સંયુક્ત કુટુંબમાં રહેતાં હોવાની રજુઆત કરેલી છે. આ સંબંધે નામદાર સુપ્રીમ કોર્ટ કાયદાથી પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને તપાસવામાં આવે, તો નામદાર સુપ્રીમ કોર્ટે જનરલ મેનેજર, હરીયાણા રોડવેઝ વિરૂધ્ધ રૂદ્રનાથ સીંઘના કેસમાં પ્રસ્થાપિત કરેલ છે કે, જ્યારે પડેલાં દિવસોના પગાર સંબંધે જ્યારે કોઈ દાદ કે રાહત આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય, ત્યારે તેવા સંજોગોમાં અલગ અલગ ફેક્ટર અદાલતે ધ્યાને લેવા જોઈએ જેમાં કામદારની નોકરીનો પ્રકાર, હોદો, શૈક્ષણિક લાયકાત, તેની નોકરીની વૈકલ્પીક ઉપલબ્ધી, વગેરે તમામ ફેક્ટર ચકાસીને પડેલાં દિવસોના પગાર બાબતે ન્યાય નિર્ણય કરવો જોઈએ. જે ચુકાદો ૨૦૦૫ (SCC) Lands પાના નં. ૭૧૬ માં પ્રસિધ્ધ થયેલ છે. ઉપરોક્ત સિધ્ધાંતોને ધ્યાને લેતાં સંબંધીત કામદારની નોકરીનો પ્રકાર જોવામાં આવે, તો તે સીઝન પુરતાં રોજમદાર તરીકેની કામગીરી કરે છે, અને તે બાબતને જોતાં એ સ્પષ્ટ સમજી શકાય તેવી બાબત છે કે સીઝન સિવાયના ગાળા દરમ્યાન તેઓ અન્ય વૈકલ્પીક કામગીરી કરી પોતાનું ગુજરાન ચલાવતાં હોય, તેવું માનવાને કારણ ઉપસ્થિત થાય છે. પરંતુ અગાઉ ચર્ચા કરી, તે મુજબ જ્યારે સંબંધીત કામદાર સીઝન દરમ્યાનની કામગીરી કરતાં આવેલ હતાં, અને તેઓને કોઈપણ જાતની કાયદેસરની પ્રક્રિયા કર્યા સિવાય નોકરીમાંથી બંધ કરી દેવામાં આવેલ છે. તો તેવા સંજોગોમાં જ્યારે એપેલન્ટ પુનઃસ્થાપિત થવા હક્કદાર થાય છે, તેવા નિર્ણય ઉપર અત્રેની અદાલત આવેલ છે, અને પડેલાં દિવસોના પગાર સંબંધમાં ઉપરોક્ત ધારા ધોરણને ધ્યાને લેતાં, જો એવો હુકમ કરવામાં આવે કે તેઓને સીઝન દરમ્યાન મળવાપાત્ર કામગીરીના ગાળા દરમ્યાનના પાછળના સમયના મળવાપાત્ર વેતનના

૨૦ ટકા પ્રમાણેનું વેતન પડેલાં દિવસોના પગાર પેટે એપેલન્ટને ચુકવવાનો હુકમ કરવામાં આવે, તો હાથ ઉપરના કેઈસમાં કાયદેસર, યોગ્ય અને ન્યાયી હુકમ થયાનું ગણાશે. આમ મજુર અદાલતે પડેલાં દિવસોના પગાર સંબંધે જે તારણો કાઢેલા છે, તે પણ યોગ્ય, કાયદેસર અને વ્યાજબી ન હોય, ઉપરોક્ત સમગ્ર ચર્ચા કર્યાના અંતે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૧. એપેલન્ટની અપીલ અંશતઃ મંજુર કરવામાં આવે છે, રીસ્પોન્ડન્ટ સંસ્થાને આદેશ કરવામાં આવે છે કે, આ હુકમ મળ્યેથી દિન-૩૦ માં સંસ્થાની સીઝન દરમ્યાન એપેલન્ટને તેમની મુળ કામની કામગીરીમાં તેમની મુળ દાખલ તારીખથી સીનીયોરીટી ગણી પુનઃસ્થાપિત કરવા, અને છુટા કર્યા તારીખથી તેઓને ફરીથી નોકરીમાં લેવામાં આવે, તે તારીખ દરમ્યાન રીસ્પોન્ડન્ટ સંસ્થા વર્ષની સીઝનમાં જેટલા મહીનામાં કાર્યરત રહેલ હોય તે મહીનાઓ મુજબના લઘુતમ વેતન ધારા અન્વયેનું મળવાપાત્ર વેતનના ૨૦ ટકા પ્રમાણેનું વેતન પડેલાં રોજના પગાર પેટે સંબંધીત કામદારને ચુકવી આપવું.

૨. સબંધીત એપેલન્ટને ખર્ચના રૂા. ૨,૦૦૦ ચુકવી આપવા.

૩. મજુર અદાલતનું રેકર્ડ પરત મોકલવું.

રાજકોટ, તારીખ ૧૪મી ડીસેમ્બર,૨૦૦૭.

એ. બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં. ૨, ગુજરાત,
રાજકોટ.

રાજકોટ, તારીખ ૫મી મે, ૨૦૦૮.

કે. એન. દોશી,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-૧૯૪૬,
રાજકોટ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૨૨/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૪ (૨) અને સને ૧૯૬૧નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોનાં નિયમ-૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ધી સુરેન્દ્રનગર મર્કન્ટાઈલ કો. ઓ. બેંક લી., સુરેન્દ્રનગર અને શ્રી ચંદ્રેશભાઈ નવીનભાઈ જાની, સુરેન્દ્રનગરની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબનાં નિવેડાની સને ૨૦૦૮નાં મે માસનાં ૫ મા દિને આથી નોંધ કરૂં છું.

આંક ૩૪

અશ્વિન બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, ગુજરાત રાજકોટ, સમક્ષ.

બી. આઈ. આર. અપીલ નં. ૧૫/૨૦૦૭.

ધી સુરેન્દ્રનગર મર્કેન્ટાઈલ કો. ઓ. બેંક લી.,
મેનેજર, રમેશભાઈ પી. ઠાકર,
નવકાર કોમર્શીયલ સેન્ટર, દેરાસર રોડ,
સુરેન્દ્રનગર-૩૬૩ ૦૦૧.

એપેલન્ટ ;
(મુળ સામાવાળા)

વિરૂદ્ધ

શ્રી ચંદ્રેશભાઈ નવીનચંદ્ર જાની,
અલકાપુરી, આઈ. ટી. આઈ. પાછળ,
બેબીલેન્ડ પ્લે હાઉસ સામે,
સુરેન્દ્રનગર -૩૬૩ ૦૦૧.

રીસ્પોન્ડન્ટ
(મુળ અરજદાર)

બાબત : એપેલન્ટ-બેંક તરફે બી. આઈ. આર. એક્ટની કલમ ૮૪ (૧) અન્વયે અત્રેની અદાલત સમક્ષ રજુ થયેલ અપીલનો ચુકાદો.

હાજર રજ્ઞા :- એપેલન્ટ તરફે :- વિદ્વાન એડવોકેટ પ્રીતીબેન મહેતા

રીસ્પોડન્ટ તરફે :- વિદ્વાન એડવોકેટ શ્રી હેમાંગ એમ. જાની.

INDEX

ચુકાદો

૧. સુરેન્દ્રનગર લેબરકોર્ટના બી. આઈ. આર. અરજી નં. ૧/૦૭ના કામે આંક-૨ની મનાઈ અરજીમાં લેબરકોર્ટ દ્વારા તા. ૨૫-૫-૦૭ના રોજ થયેલ હુકમથી નારાજ થવાની હાલની અપીલ એપેલન્ટ દ્વારા ઉપસ્થિત કરાયેલ છે જેના કારણોને મુખ્યત્વે જોઈએ તો –

એપેલન્ટ તરફે મુળ કામમાં વકીલ રોકવા માટે પરવાનગી માંગતી અરજી કરેલ, જે મજુર અદાલતે રદ કરી એપેલન્ટ સામે કોઈ અગમ્ય કારણોસર પૂર્વગ્રહથી વર્તણૂક કરેલ હોવાની રજુઆત છે. એપેલન્ટને મજુર અદાલત દ્વારા એપેલન્ટની કોઈ રજુઆતો ધ્યાનમાં લીધા વગર હુકમ પસાર કરાયેલ છે. રીસ્પોન્ડન્ટે અદાલતને ગેરમાર્ગે દોરીને હુકમ મેળવેલ છે. વધુમાં શ્રી મનોજભાઈ વોરાને પ્રમોશન આપવામાં આવેલ નથી. તેથી રીસ્પોન્ડન્ટની આ સંબંધેની રજુઆતો ખોટી હોવાની રજુઆત છે તેમજ શ્રી મનોજભાઈ વોરા અસરકર્તા પક્ષકાર હોઈ તેઓને પક્ષકાર તરીકે જોડવા ફરજીયાત છે તેવી રજુઆતો કરેલ છે. વધુમાં રજુઆતો કરેલ છે કે બી. આઈ. આર એક્ટના શેડયુલ ૧-૨-૩માં પ્રમોશન અંગેના વિવાદમાં લેબરકોર્ટને સત્તા હોવાની જોગવાઈ નથી અને વધુ રજુઆતોમાં લેબરકોર્ટે આ અંગે કોઈ હક્ક-અધિકાર વગર, હકુમત વગર હુકમ કરેલ છે. વધુ રજુઆતોમાં મનાઈ હુકમની અરજી સબંધના તત્વો જેવા કે પ્રાઈમાફેસી કેસ, નાણાંમાં ન આંકી શકાય તેવુ નુકશાન, અગવડે સગવડનું પલ્લુ રીસ્પોડન્ટની તરફેણમાં ન હોવા છતા મજુર અદાલતે નજર અંદાજ કરી મજુર અદાલતે ગેરકાનુની હુકમ કરેલ છે. વધુમાં એપેલન્ટ તરફે સૌરાષ્ટ્ર એમ્પ્લોયર્સ યુનીયનના હોદેદારને પ્રતિનિધિત્વ કરવા સંબંધી રજુઆતો છે. અને હાલની અરજીથી લેબર કોર્ટનો તારીખ ૨૫-૫-૦૭નો મનાઈ અરજી પરના હુકમને રદ બાતલ ઠરાવવા અરજ કરાયેલ છે.

૨. અપીલ અરજીના કામે આંક-૩ના લીસ્ટથી એપેલન્ટ દ્વારા દસ્તાવેજો રજુ કરાયેલ છે. સદર અરજીના કામે રીસ્પોન્ડન્ટ દ્વારા આંક-૭થી લેખીત જવાબ રજુ થયેલ છે જેમાં મજુર અદાલતનાં હુકમને કાયદેસરનો હુકમ થયેલ હોવાની રજુઆતો કરેલ છે. વધુમાં સેટલમેન્ટની કલમોનો ઉલ્લેખ કરી રજુઆતો કરેલ છે કે સેટલમેન્ટ અમલમાં હોય ત્યારે જુનીયરને એલાવન્સ આપી શકાય નહીં. ચાર્જ એલાવન્સની જોગવાઈ સમાધાનમાં નથી તેવી રજુઆતો કરેલ છે. સેટલમેન્ટ તથા બંધારણના વિરૂદ્ધ ચેરમેનશ્રીએ પોતાના અંગત માણસને રાતોરાત ગેરકાયદેસર સત્તા અને એલાવન્સ આપી સહકારી બેન્ક અને પબ્લીકના નાણાનો દુરઉપયોગ કરેલ છે. જેને રીસ્પોન્ડન્ટ દ્વારા અટકાવેલ છે, તેવી રજુઆતો કરેલ છે. તેમજ રીસ્પોન્ડન્ટનો કેસ પ્રાયમાફેસી કેસ હોવાની તેમજ સગવડ અગવડનું પલ્લુ તેઓની તરફેણમાં હોવાની અને શ્રી મનોજ વોરા, જે જુનીયર હોવા છતાં આપોઆપ તેમના સીનીયર બની જાય તેથી નાણાંમાં ન આંકી શકાય તેવું નુકશાન જાય તેમ છે તેવી રજુઆતો કરેલ છે. આમ ઉપરોક્ત પ્રકારે રજુઆતો નોંધાવેલ છે.

વધુમાં રેકર્ડમાં રજુઆતોમાં એપેલેન્ટ બેન્કના વકીલશ્રી સામે વાંધા અરજી દ્વારા પ્રતિનિધિત્વ કરવા સામે વાંધાઓ ઉપસ્થીત કરાયેલ જેનાં કાયદેસરનો નિકાલ કરવામાં આવેલ છે.

INDEX

૩. હાલની અપીલના કામે પક્ષકારો દ્વારા લેખીત દલીલો પણ રજુ થયેલ છે. જેને ધ્યાને લેતાં તેઓ તેમનાં પ્લીડીંગ્સની હકીકતોને વળગી રહેલ છે. આમ છતાં રીસ્પોન્ડન્ટ તરફે દલીલોમાં વધારામાં એ બાબત ઉપર ભાર મુકી દલીલ થયેલ છે કે બી. આઈ. આર. એકટની કલમ ૮૪ (૧) અને કલમ-૮૫માં ઔદ્યોગિક અદાલતને અગલ અલગ સત્તાઓ આપવામાં આવેલ છે. અને તે સંબંધે ૧૯૯૪ (૨) જી. એલ. એચ. પાના નં. ૧૫નો સૌરાષ્ટ્ર મજુર મહાજન સંઘ વિ. ઉના તાલુકા સહકારી ખાંડ ઉદ્યોગનો ચુકાદો રજુ કરેલ છે. તેથી હાલની અપીલ ટકી શકે નહીં તેવી દલીલો દ્વારા રજુઆતો કરાયેલ છે. જયારે આ સંબંધે એપેલન્ટ તરફે ઔદ્યોગિક અદાલત, રાજકોટના સભ્યશ્રી દ્વારા અપીલ આઈ. સી. ૭/૯૯ ના કામે આપેલ ચુકાદાની નકલ રજુ કરેલ છે અને નામદાર મુંબઈ હાઈકોર્ટ દ્વારા કોસમોસ કો. ઓ. બેન્ક લી. પુનાની આર. કે. બંસલ, મેમ્બર, ઈન્ડસ્ટ્રીયલ કોર્ટ, પુનાના કેસમાં આપેલ ચુકાદાની નકલ રજુ કરેલ છે. જે ૧૯૯૭, ૧, સીએલઆર, પાના નં. ૫૩ ઉપરનો છે.

૪. આ તબક્કે મુળ રેકર્ડને ધ્યાને લેતા જણાય છે કે અરજદાર દ્વારા બીઆઈઆર અરજી નં. ૧/૦૭ દાખલ કરી વિવાદમાં ઉલ્લેખ કરેલ છે કે તેઓથી જુનીયર ઓફીસર શ્રી મનોજભાઈ વોરા બઢતી પ્રમોશન વધારાની સત્તા આપી તેમજ આસીસ્ટન્ટ મેનેજરના બેઝીકના પગારના ૧૦% પગાર ગણી આશરે રૂા. ૧૫૦૦/- થી રૂા. ૧૭૦૦/- એલાવન્સના રૂપમાં આપવાનું નક્કી કરી બી. આઈ. આર એકટની કલમ-૪૬ મુજબ ઈલીગલ ચેન્જ કરેલ છે. તેથી એપેલન્ટ બેન્કના આદેશને પડકારેલ છે, જે કામે મજુર અદાલત દ્વારા આંક-૨ની અરજી સબંધે અરજન્ટ શો કોઝ નોટીસ પાઠવી તેની સુનાવણી કરી સબંધીત રીસ્પોડન્ટની મુળ કામેની આંક-૨ની અરજી ગ્રાજ્ઞા રાખી માંગ્યા મુજબનો મનાઈહુકમ આપેલ છે.

વધુમાં આંક-૨ની અરજી અનુસંધાને મજુર અદાલતે જે હુકમ પસાર કરેલ છે તેને ધ્યાને લેવામાં આવે તો મજુર અદાલતે તારણ કાઢેલ છે કે બેન્કનું કૃત્ય સેટલમેન્ટની કલમ-૩ મુજબ ભંગ સમાન હોવાનું ઠરાવાયેલ છે અને હાલની અરજીના રીસ્પોન્ડન્ટની તરફેણમાં મનાઈ હુકમ મજુર અદાલત દ્વારા અપાયેલ છે.

૫. ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબની તમામ બાબતોને ધ્યાને લેતા હાથ પરના કેસમાં પ્રથમ વિવાદીત મુદ્દો એ જોવાનો રહે છે કે એપેલન્ટે દ્વારા અપીલના મથાળા નીચે જે અત્રેની અદાલત સમક્ષ વિવાદ ઉપસ્થિત કરેલ છે તે વિવાદ કાયદેસર રીતે ચાલવાપાત્ર બને છે કે કેમ ?

આ સંબંધે ચર્ચા કરવામાં આવે તો અપીલ કરવાનો અધિકાર કાયદાથી પ્રાપ્ત થાય છે અને અપીલના કામે ઔદ્યોગિક અદાલતે નિર્ણય કરવાનો હોય ત્યારે તેમાં અદાલતને સંપૂર્ણ હકુમત છે. જયારે રીવીઝનના કામે ન્યાય નિર્ણય ત્યારે જ થઈ શકે, જયારે હકીકત કે કાયદાની ભૂલ દેખીતી હોય અને તેનાથી પક્ષકારને અન્યાય થયેલ હોય કે થવાનો સંભવ રહેતો હોય ત્યારે

રીવીઝન થઈ શકે અને જ્યારે અદાલતે હકુમત ન હોવા છતાં હકુમતનો ઉપયોગ કરેલ હોય અથવા હકુમત હોવા છતાં તેનો ઉપયોગ કરેલ ન હોય અથવા તો હકુમતનો ઉપયોગ કરવામાં ગેરકાયદેસર વર્તન હોય અથવા તેમાં મહત્વની અનિયમિતતા કરેલી હોય તેવા સંજોગોમાં રીવીઝન થઈ શકે.

૬. હવે હાથ ઉપરના કેસની સમગ્ર હકીકતોને જોતા હાલની અરજીને અપીલ તરીકે દાખલ કરેલ છે ખરેખર ઉપરોક્ત ચર્ચાને ધ્યાને લેતા હાથ ઉપરના કેસને અપીલ તરીકે ગણી શકાય તેમ નથી. પરંતુ એપેલન્ટ દ્વારા અપીલ દાખલ કરાવેલ છે. ખરેખર ઉપસ્થિત અરજીની બાબતોને ધ્યાને લેતાં હાલની ઉપસ્થિત અરજી રીવીઝન તરીકે દાખલ થઈ શકે. આમ એપેલન્ટની ટેકનીકલ ખામીને ધ્યાને લેતાં હાલની અરજી સંપૂર્ણપણે સાંભળવામાંથી રદ ન કરી શકાય અને આથી હાલની અરજીને રીવીઝન તરીકે ગણી તેનો ન્યાય નિર્ણય કરવાના તારણ ઉપર અદાલત આવે છે.

હવે રીવીઝન અરજી તરીકે ગણતાં રીવીઝન અરજીના કીસ્સામાં અત્રેની અદાલતની હકુમતને ધ્યાને લેતા હાથ ઉપરનાં કેસની તમામ હકીકતો જોતાં અને મજુર અદાલત સમક્ષની મુળ અરજી અને મનાઈ અરજીની બાબતને ધ્યાને લેતાં અને તે અનુસંધાને મજુર અદાલતે જે આંક-૨ સંબંધે મનાઈ હુકમ ફરમાવેલ છે તે જોતાં સ્પષ્ટપણે જણાઈ આવે છે કે મજુર અદાલત દ્વારા મુળ અરજીનો નિકાલ ગુણદોષ ઉપર થાય તે પહેલાં જ મનાઈ અરજીના હુકમથી મુળ અરજીની દાદને આપવામાં આવી દીધેલ હોય તેમ જણાઈ આવે છે કારણ કે મુળ અરજી અને મનાઈ અરજીમાં શ્રી મનોજભાઈ વોરાને આપેલ પ્રમોશન / નિમણુંક અને એલાવન્સની બાબતને ગેરકાયદેસર ઠરાવવા અંગે દાદ માંગેલ છે. અને તેને અટકાવવા સબંધી દાદ માંગેલ છે. હવે હાથ ઉપરના કેસની ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબની તમામ બાબતોને ધ્યાને લેતાં મજુર અદાલતે આંક-૨ના હુકમથી પ્રાથમિક તબક્કે જ વિવાદનો સંપૂર્ણ નિકાલ કરવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે કારણ કે માત્ર રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓથી એ તારણ ઉપર આવી શકાય તેમ નથી કે બેન્કનું પગલું એ ગેરકાયદેસર ફેરફારનું છે. વધુમાં બેન્કનો તા. ૭-૫-૦૭નો પત્ર અને બેન્કના ઠરાવને ધ્યાને લેવામાં આવે તો તેમા કરેલ રજુઆતોથી જણાય છે કે બેન્કની આંતરીક કાર્ય પ્રણાલીને વ્યવસ્થિત અને સુગઠીત કરવા માટે બોર્ડે ખાસ પ્રકારની વધારાની કામગીરી સોંપેલ છે અને શ્રી વોરાને કોઈ પ્રમોશન આપેલ નથી. તેવી રજુઆતો રેકર્ડ ઉપર છે.

૭. આમ છતાં રીસ્પોડન્ટના વિવાદની બાબતોને ધ્યાને લેવામાં આવે તો મુખ્ય વિવાદ તેઓની સીનીયોરીટીનો ભંગ કરવા અંગેનો છે અને શ્રી મનોજભાઈ વોરાને પ્રમોશન આપેલ છે તેવો વિવાદ ઉપસ્થિત કરેલ છે. આ બાબતને જોતાં ઉપસ્થિત વિવાદમાં જ્યારે હકીકતના મુદ્દાઓ ચકાસવાના હોય ત્યારે તેને ગુણદોષ ઉપર જ ચકાસી શકાય. તેમજ સમાધાનની જોગવાઈઓનો પણ સ્પષ્ટપણે ભંગ થાય છે કે કેમ ? તે બાબત પણ રેકર્ડ જોતાં પ્રાથમિક તબક્કે નક્કી થઈ શકે તેમ નથી. આમ ખરેખર કાયદા અને હકીકતના મુદ્દાઓને ધ્યાને લેવામાં આવે તો મજુર અદાલતે પ્રાથમિક તબક્કે જે આંક-૨ની અરજીમાં જે મનાઈ હુકમ આપેલ છે તે કાયદેસર રીતે ટકી શકે તેમ

INDEX

નથી. વધુમાં ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ મનાઈ હુકમ આપવા સબંધે જે ત્રણ મુળભુત સિદ્ધાંતોને ધ્યાને લેવાના છે, તેમાં પ્રથમ પ્રાઈમાફેસી કેસ બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરેબલ લોસને ધ્યાને લેવામાં આવે તો જો મુળ ઉપસ્થીત વિવાદ ગુણદોષ ઉપર ન્યાયનિર્ણય થશે ત્યારે જો અરજદાર તેમાં માંગેલ દાદ મેળવવા હકદાર બનશે તો મળવાપાત્ર થનારા તમામ લાભો પાછલી અસરથી મેળવવા હક્કદાર બનશે જ. આમ કાયદા અને હકીકતના અનેક મુદ્દાઓ સમાયેલ હોઈ તે બાબતને ધ્યાને લેતાં મજુર અદાલતે જે આંક-૨ હેઠળ હુકમ કરેલ છે. તે યોગ્ય અને કાયદેસરનો જણાતો નથી તેથી રદ થવા પાત્ર બને છે અને મજુર અદાલતે પસાર કરેલ હુકમને ભુલ ભરેલો ઠરાવી રદ કરવામાં આવે છે. અને એપેલન્ટની અપીલને રીવીઝન તરીકે ગણી અત્રેની અદાલની રીવીઝનની જોગવાઈ અન્વયે મળેલ સત્તાનો ઉપયોગ કરી અપીલ તરીકે નહી, પરંતુ રીવીઝન તરીકે ગણી હાલની અરજીને મંજુર રાખવામાં આવે છે અને છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

મજુર અદાલતે મુળ બી. આઈ. આર. અરજી નં. ૧/૨૦૦૭ના કામે આંક-૨ અન્વયે કરેલ હુકમ ગેરકાયદેસર, ગેરવ્યાજબી હોઈ રદ ઠરાવવામાં આવે છે. અને મુળ અરજીનો ગુણદોષ ઉપર શક્ય તેટલા વહેલો નિકાલ કરવા મજુર અદાલતને હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

અસલ રેકર્ડ મજુર અદાલતને પરત મોકલવાનો નિર્ણય કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૨૦મી ડીસેમ્બર, ૨૦૦૭.

એ. બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત, રાજકોટ,

રાજકોટ, તારીખ ૫મી મે, ૨૦૦૮.

કે. એન. દોશી,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ ૧૯૪૬,
રાજકોટ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ-શમક-૨૩/આર.યુ.-સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૪ (૨) અને સને ૧૯૬૧નાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોનાં નિયમ-૭૦થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, શ્રી વિનોદભાઈ મહાસુખલાલ બાવીશી, સુરેન્દ્રનગર અને (૧) ધી સુરેન્દ્રનગર પીપલ્સ કો. ઓ. બેંક લી., સુરેન્દ્રનગર (૨) ધી સુરેન્દ્રનગર પીપલ્સ કો. ઓ. બેંક લી., લીંબડીની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબનાં નિવેડાની સને ૨૦૦૮નાં મે માસનાં ૫ મા દિને આથી નોંધ કરૂં છું.

આંક ૯

શ્રી એ. બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત, ગુજરાત, રાજકોટ સમક્ષ

રીવીઝન અરજી આઈ. સી. નં. ૨/૨૦૦૭.

(ઈન બી. આઈ. આર. અરજી નં. ૧/૨૦૦૩)

વિનોદભાઈ મહાસુખલાલ બાવીશી,
હિન્દુ એડલ્ટ, ધંધો : કાંઈ નહીં,
ઠે. વિઠ્ઠલ પ્રેસ, શેરી નં. ૧, પાર્શ્વનાથ એપાર્ટમેન્ટ,
મુ. સુરેન્દ્રનગર. — **અરજદાર ;**

વિરૂદ્ધ

(૧) જનરલ મેનેજરશ્રી,
ધી સુરેન્દ્રનગર પીપલ્સ કો. ઓ. બેન્ક લી.,
વહીવટી કચેરી, ફર્સ્ટ ફલોર, જૈન દેરાસર બીલ્ડીંગ,
''અમીઝરા'' જૈન દેરાસર રોડ, મુ. સુરેન્દ્રનગર.

(૨) બ્રાન્ચ મેનેજરશ્રી,
સુરેન્દ્રનગર પીપલ્સ કો. ઓ. બેન્ક લી.,
ઠે. લીંબડી શાખા, મુ. લીંબડી. — **સામાવાળા.**

INDEX

બાબત : બી. આઈ. આર. એક્ટની કલમ-૮૫ હેઠળની રીવીઝન અરજી બાબતે હુકમ.

હાજર રજ્ઞા : એપેલન્ટ તરફે : વિદ્વાન વકીલ શ્રી જી. આર. ઠાકોર

રીસ્પોડન્ટ તરફે : વિદ્વાન વકીલ શ્રી અભયભાઈ શાહ.

ચુકાદો

૧. એપેલન્ટ તરફે ઉપરોક્ત રીવીઝન અરજી દાખલ કરી, રજુઆત થયેલ છે કે, મજુર અદાલત સમક્ષની બી. આઈ. આર. અરજી નં.૧/૨૦૦૩ થી તેઓએ જે અરજી દાખલ કરેલી, તે અરજીના કામે આંક-૭થી તેઓ સામે રીસ્પોન્ડન્ટ બેંન્ક દ્વારા જે ખાતાકીય તપાસ કરવામાં આવેલી, તે ખાતાકીય તપાસની કાયદેસરતાને તેઓએ પડકારતી અરજી આપેલી, અને જે અનુસંધાને મજુર અદાલત દ્વારા તા. ૧૯-૧-૦૭ ના રોજ હુકમ કરી, એપેલન્ટની અરજી નામંજુર કરેલી છે, તે હુકમથી નારાજ થઈ, હાલની રીવીઝન અરજી એપેલન્ટ દ્વારા અત્રેની અદાલત સમક્ષ દાખલ કરાયેલ છે.

૨. અરજીના કારણો ધ્યાને લેતાં, કારણોમાં મુખ્યત્વે એવી રજુઆત છે કે, આંક-૭ની અરજી નામંજુર કરવામાં મજુર અદાલત દ્વારા કાયદા અને હકીકતોની ભુલ કરેલી છે. અને સામાવાળા બેન્ક દ્વારા જે બરતરફીની સજા કરતો હુકમ કરેલો છે, તે હુકમને ગેરબંધારણીય, ગેરકાયદેસર, અને કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરૂદ્ધ હોવાની રજુઆત કરેલી છે. તેમજ અન્ય કારણોમાં એવી રજુઆત કરેલી છે કે, નીચલી કોર્ટ દ્વારા દસ્તાવેજો અને તેના અર્થઘટન કરવામાં ગંભીર ભુલ કરેલી છે. તેમજ એપેલન્ટને બરતરફીની સજા કરતાં પહેલાં, તેઓ સામેના આક્ષેપ સંબંધમાં કોઈ બચાવની સંપુર્ણ તક આપવામાં આવેલ નથી. છતાં પણ મજુર અદાલતે રેકર્ડ ઉપર તે બાબતે કાયદાકીય રજુઆત ધ્યાને ન લઈને, ગંભીર ભુલ કરેલી છે. તેમજ બેન્કની તરફેણમાં જે ચુકાદો આપેલો છે, તે કાયદા, પુરાવા અને કુદરતી ન્યાયના સિદ્ધાંતોની વિરૂદ્ધ, તથા નામદાર સુપ્રીમ કોર્ટના માર્ગદર્શક સિદ્ધાંતોની વિરૂદ્ધ છે, તેવી રજુઆત પણ કરેલી છે. વધુમાં એવી પણ રજુઆત છે કે, સુરેન્દ્રનગર મજુર અદાલતના ન્યાયધીશશ્રીએ અનુમાન દોરેલ છે, જે ન દોરવું જોઈએ, અને તેથી મજુર અદાલતનો આ હુકમ રદ થવાને પાત્ર છે. આમ મુખ્યત્વે ઉપરોક્ત પ્રમાણેના કારણો રજુ કરી રીવીઝન અરજી કરીને, આંક-૧ થી દાદ માંગવામાં આવેલ છે કે, મજુર અદાલત સમક્ષની મુળ બી. આઈ. આર. નં. ૧/૨૦૦૩ ની અરજીમાં મજુર અદાલતના ન્યાયધીશશ્રીએ તા. ૧૯-૧-૦૭ ના આંક-૭ નીચે જે હુકમ કરેલો છે, તે રદ કરવા અરજ ગુજારેલ છે, અને તેમની આંક-૭ ની અરજી મંજુર કરી, એપેલેન્ટને પડેલા દિવસોનાં પગાર તથા અન્ય તમામ લાભો સાથે પુનઃસ્થાપિત કરવા અરજ કરાયેલ છે.

૩. રીવીઝન અરજીના કામે થયેલ રેકર્ડ ધ્યાને લેતા, એપેલન્ટ તરફે આંક-૪થી દસ્તાવેજો રજુ કરેલાં છે. જેમાં મુખ્યત્વે એપેલન્ટનો નિમણુંક પત્ર, અને એપેલન્ટને આપવામાં આવેલ પ્રમાણપત્ર,

INDEX

તેઓને આપવામાં આવેલ શોકોઝ નોટીસ-કમ-ચાર્જશીટ, તે સબંધે જવાબ, ઈન્કવાયરી ઓફીસર દ્વારા ડૉકટરશ્રીને લખેલ પત્ર, ખાતાકીય તપાસની કાર્યવાહીની નોંધ અને તપાસ અનુસંધાને આનુસાંગીક દસ્તાવેજો, તેમજ મજુર અદાલતે પસાર કરેલ હુકમની ઝેરોક્ષ નકલ રજુ કરાયેલ છે.

૪. રીસ્પોન્ડન્ટ તરફે વિદ્વાન વકીલ શ્રી અભયભાઈ શાહનું વકીલપત્ર રજુ છે. અને આંક-૬ના લીસ્ટથી એપેલન્ટ તરફે વિવિધ ચુકાદાઓ રજુ કરાયેલ છે અને આંક-૮ થી રીસ્પોન્ડન્ટ તરફે વિવિધ ચુકાદાઓ રજુ કરાયેલ છે.

૫. રીવીઝન અરજીના કામે અત્રેની અદાલત સમક્ષ બન્ને પક્ષકારો દ્વારા લંબાણપુર્વકની લેખીત તેમજ મૌખિક રજુઆતો થયેલ છે. જેની ચર્ચા ટુંકમાં કરવામાં આવે, તો પ્રથમ એપેલન્ટ તરફેની દલીલમાં એવી રજુઆત છે કે, એપેલન્ટ દ્વારા જે આક્ષેપ બાબતે વાંધો લીધેલ છે, તે ધ્યાને ન લઈને, તેમજ ચાર્જશીટ જે એપેલન્ટને આપેલ છે, તે વેગ હોય, સત્તાનો દુરઉપયોગ કરી ચાર્જશીટ આપ્રેલ છે. તેમજ મુકવામાં આવેલ આક્ષેપ એ વહીવટી નિયમો મુજબ ગેરવર્તણુંક બનતી નથી. અને તેઓને આપેલ ચાર્જશીટ સબંધે કોઇ ફરીયાદ કે કોઇ રજુઆત નથી. તેમજ મુખ્ય દલીલમાં એપેલન્ટ સામે જે ખાતાકીય તપાસની કાર્યવાહી થયેલી છે, તે કાર્યવાહી સબંધેની વિગતો રજુ કરેલી છે, અને જણાવેલ છે કે એપેલન્ટને જે કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબ બચાવની તકો આપવી જોઇએ, તે રીસ્પોન્ડન્ટ બેન્ક દ્વારા આપવામાં આવેલી નથી. માટે તેઓની સામે ખાતાકીય તપાસ થયેલી છે, તે કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ કરીને કરવામાં આવેલ હોવાનું ભારપુર્વક કહેલું છે. તેમ છતાં મજુર અદાલત દ્વારા ખાતાકીય તપાસની કાર્યવાહી કાયદેસર રીતે કરવામાં આવેલ હોવાનું ઠરાવેલ છે, તે મજુર અદાલતનો હુકમ ભુલ ભરેલો અને ગેરકાયદેસર ઠરાવવા વિનંતી કરેલ છે, અને દાદ માગેલ છે. તેમજ એપેલન્ટ તરફે લેખીત લીસ્ટથી તેમની દલીલના સમર્થનમાં રજુઆત કરી વિવિધ ચુકાદાઓ ટાંકેલાં છે.

૬. બેન્ક તરફે પણ વિદ્વાન વકીલશ્રી દ્વારા ખુબજ લંબાણપુર્વકની દલીલો અદાલત સમક્ષ થયેલી છે. જેને ધ્યાને લેવામાં આવે, તો મુખ્યત્વે એવી રજુઆત છે કે, અત્રેની અદાલતને, મજુર અદાલતે આપેલ ચુકાદા સંબંધમાં હસ્તક્ષેપ કરવાની કોઇ હકુમત નથી. અને આ બાબતે તેઓએ મજુર મહાજન સંઘ વિરૂધ્ધ ઉના તાલુકા સહકારી ખાંડ ઉદ્યોગ અને બીજાઓના કેઇસમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે આપેલ ચુકાદા દર્શાવી, અને તે ચુકાદા સબંધે વિગતો રજુ કરી, દલીલમાં ભારપુર્વક જણાવેલ છે કે, પ્રાથમીક દષ્ટિએ દેખીતી ભુલ હોય, તો જ અદાલત તેમાં હસ્તક્ષેપ કરી શકે છે. તે સિવાયના કિસ્સામાં અદાલતને રીવીઝન અરજીમાં હસ્તક્ષેપ કરી શકે નહી. મજુર અદાલત દ્વારા જે ચુકાદો પસાર કરાયેલો છે, તે ચુકાદા સબંધે રજુઆતો કરી, અને કેઇસના રેકર્ડને દર્શાવી રજુઆત કરેલ છે કે, મજુર અદાલતે ખાતાકીય તપાસની કાર્યવાહી સંબંધે તમામ બાબતોની છણાવટ કરી, અને પછીજ હુકમ પસાર કરેલો છે, માટે મજુર અદાલતના હુકમમાં કોઇ જ હસ્તક્ષેપ કરવાની ઔદ્યોગિક અદાલતને રીવીઝનના કામે હકુમત રહેતી નથી. અને વધુમાં સબંધીત એપેલન્ટને

તેઓની ગેરવર્તણુંક સબંધમાં જે ખાતાકીય તપાસની કાર્યવાહી તેઓ સામે કરેલી છે, તે કુદરતી ન્યાયના સિધ્ધાંતો અનુસાર કરી, પગલું ભરવામાં આવેલ છે. તેવી રજુઆતો અને રેકર્ડનો ઉલ્લેખ કરી, દલીલમાં રજુઆત કરેલી છે. અને વધુ દલીલમાં મુખ્યત્વે એવી રજુઆત છે કે, તપાસ અધિકારી દ્વારા જે કાર્યવાહી થયેલી છે, તે કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબની હોય, અને તે સબંધે મજુર અદાલતના ચુકાદામાં કોઇ પણ ભુલ કે ખામી ન હોવાની દલીલ કરી, એપેલન્ટની રીવીઝન અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

૭. હવે આ તબકકે મુળ રેકર્ડ જોવામાં આવે, તો મુળ અરજી કે જે બી.આઇ.આર. ટી અરજી નં. ૧/૦૩ થી તા. ૨૪-૨-૦૩ના રોજ હાલના એપેલન્ટ અને મુળ કામના અરજદાર તરફે દાખલ થયેલી છે, અને તે અરજીમાં તેઓની રજુઆતને ટુંકમાં ધ્યાને લેતાં, તેઓની એ જ દાદ છે કે, બેન્ક દ્વારા તા. ૧૧-૨-૨૦૦૧ના રોજ જે ચાર્જશીટ અપાયેલી, અને તેના આધારે ખાતાકીય તપાસ સંબંધી પ્રોસીડીંગ્ઝ કર્યા બાદ તા. ૧૬-૧૦-૨૦૦૨ થી જે દફતરી હુકમ આપેલો છે, તે ગેરકાયદેસર, ગેરબંધારણીય, કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધનો, મોડલ સ્ટેન્ડીંગ ઓર્ડર્સની જોગવાઇ વિરૂધ્ધના હોય, રદ કરવા દાદ માંગેલ છે, અને બરતરફીનો હુકમ રદ કરી, પડેલાં દિવસોના પગાર સાથે પુનઃસ્થાપિત કરવાનો હુકમ કરવા, તથા અન્ય આનુસાંગીક દાદો માંગતી રજુઆત હોવાનું જણાય આવે છે. મજુર અદાલતના મુળ રેકર્ડમાં અન્ય રજુઆતોમાં બન્ને પક્ષકારો તરફેની લેખીત રજુઆતો જણાય આવે છે. જેમાં બેન્કના પક્ષે બચાવનામું અને દસ્તાવેજો રજુ થયેલ છે. એપેલન્ટ તરફે મુખ્યત્વે એપેલન્ટને આપેલ ચાર્જશીટ, અને તે સબંધે થયેલી ખાતાકીય તપાસની કાર્યવાહીના કાગળો, રજુ થયેલ છે. મુળ કામે આંક-૭ની અરજી કે જે સબંધે વિવાદ અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થયેલ છે, તેને ધ્યાને લેવામાં આવે તો મુખ્યત્વે આંક-૭થી તેઓએ એવો વિવાદ ઉપસ્થિત કરેલો છે કે, રીસ્પોન્ડન્ટ બેન્ક દ્વારા જે ખાતાકીય તપાસ થયેલી છે, તે ખાતાકીય તપાસની કાર્યવાહી, ખાતાકીય તપાસની પ્રોસીજરની દષ્ટિએ, કાયદાની દષ્ટિએ, કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધની, ગેરકાયદેસર હોવાથી રજુઆત કરેલી, અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધની હોય, રદ થવા પાત્ર છે, અને તેઓને આપેલ ચાર્જશીટ, ખાતાકીય તપાસ ગેરકાયદેસર ઠરાવી, બરતરફીનો હુકમ રદ કરવા રજુઆત કરેલ હોવાનું માલુમ પડે છે.

આમ મુળ રેકર્ડને ધ્યાને લેતાં, એપેલન્ટની રજુઆત, અને રીસ્પોડન્ટના-બેન્કની રજુઆત ધ્યાને લેતાં, મજુર અદાલત દ્વારા આંક-૭ બાબતે હુકમ પસાર કરાયેલ છે, જે હુકમ ધ્યાને લેતાં, એપેલન્ટ સામે, રીસ્પોડન્ટ બેન્કે કરેલી ખાતાકીય તપાસ ગેરકાયદેસર ઠરાવવાની એપેલન્ટની અરજી મજુર અદાલત દ્વારા નામંજુર કરતો હુકમ પસાર કરાયેલો છે. જે ઉપરોક્ત તમામ હકીકતો અને પક્ષકારો તરફેની રજુઆત માલુમ પડે છે.

૮. ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લેતાં, અત્રેની અદાલતે એ બાબત જોવાની રહે છે કે, એપેલન્ટ દ્વારા જે હાલની રીવીઝન અરજી કરેલી છે, તે રીવીઝન અરજી કાયદેસર રીતે ચાલવાપાત્ર

INDEX

છે કે કેમ ? અને તેમાં માંગેલ દાદ એપેલન્ટ મેળવવા હક્કદાર થાય છે કે કેમ? તે સબંધે સૌ પ્રથમ ઔદ્યોગિક અદાલતને રીવીઝન અરજીના કામે જે સત્તાઓ આપવામાં આવેલ છે, તે સત્તાઓ જોઈએ તો તે મર્યાદીત છે. અને ઔદ્યોગિક અદાલતને લેબર કોર્ટ ઉપર દેખરેખ રાખવાની સત્તાઓ આપેલ છે, અને આ સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા મજુર મહાજન સંઘ વિરૂધ્ધ ઉના તાલુકા સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.ના કેઈસમાં જે કાયદાના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલાં છે, તેને ધ્યાને લેતાં, ઔદ્યોગિક અદાલતને મજુર અદાલત ઉપર સુપરવીઝનની સત્તાઓ મળી છે. આમ ઉપરોક્ત ચર્ચા કરતાં, મજુર અદાલત દ્વારા જો પ્રથમ દર્શનીય રીતે કોઇ ભુલ કરવામાં આવી હોય, તો ઔદ્યોગિક અદાલતને મળેલ સત્તાનો ઉપયોગ ઔદ્યોગિક અદાલત કરી શકે. આમ ઔદ્યોગિક અદાલતને એ બાબત ચકાસણી કરવાની રહે છે કે, મજુર અદાલત દ્વારા જે નિર્ણય લેવાયેલ છે, તે નિર્ણય લેવામાં હકુમત ન હોવા છતાં, હકુમતનો ઉપયોગ કરવામાં આવેલો હોય, અથવા હકુમત હોવા છતાં, હકુમતનો ઉપયોગ કરવામાં આવેલ ન હોય, અથવા મજુર અદાલતે હકુમતનો ઉપયોગ કરવામાં ગેરકાયદેસર રીતે વર્તેલ હોય, અથવા તેમાં મહત્વની અનિયમીતતા કરેલી હોય, તો તેવા સંજોગોમાં ઔદ્યોગિક અદાલતને હસ્તક્ષેપ કરવાની સત્તા છે.

૯. હવે હાથ ઉપરના કેઇસની હકીકતો સબંધે જોઇએ તો મજુર અદાલત દ્વારા આંક-૭નાં અરજી સબંધે જે હુકમ પસાર કરેલો છે, તે હુકમમાં મજુર અદાલત દ્વારા લેવાયેલ નિર્ણય યોગ્ય, કાયદેસરનો ન્યાયી અને વ્યાજબી છે કે કેમ? તે જોવું જરૂરી છે. આમ રીવીઝન અરજી સંબંધે હકુમતની ઉપરોક્ત વિગતે ચર્ચા કર્યા મુજબની બાબતો ધ્યાને લઈને, હાથ ઉપરના કેઈસના રેકર્ડને ધ્યાને લેવામાં આવે, તો ઉપરોક્ત એપેલન્ટ તરફે એવી રજુઆત છે કે, તેઓને આપેલ ચાર્જશીટ અધ્ધરતાલ છે. તેમજ તેઓને આપેલ સસ્પેન્શનનો ઓર્ડર ગેરકાયદેસર છે, અને તે આધારે તેમની સામે જે ખાતાકીય તપાસની કાર્યવાહી કરેલી છે, તે કાર્યવાહીમાં તેઓને કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબની તક આપવામાં આવી નથી, માટે તેઓ સામેનો બરતરફીનો હુકમ પણ ગેરકાયદેસરનો ઠરે છે. એપેલન્ટની ઉપરોક્ત રજુઆતને ધ્યાને લેતા, તેઓને આપેલ ચાર્જશીટ, સસ્પેન્શન ઓર્ડર, અને બરતરફીનો હુકમ પડકારવા બાબતે જે રજુઆત છે, તે રજુઆત સંબંધમાં રીવીઝનના પાવર્સની જોગવાઇ ધ્યાનમાં લેવામાં આવે, તો હાલના તબકકે અત્રેની અદાલતને આ બાબતો સંબંધે કોઇપણ પ્રકારના હસ્તક્ષેપ કરવાનો રહેતો નથી. કારણ કે આ તમામ બાબતો એ મજુર અદાલતે નિર્ણીત કરવાની હકુમત છે, અને તે સંબંધમાં મજુર અદાલત દ્વારા ગુણદોષ ઉપર ન્યાય નિર્ણય થાય, ત્યારબાદ જ એપેલેટ કોર્ટ તરીકે અપીલની જોગવાઇ હેઠળ તેને ધ્યાને લઇ શકે. આમ આ કામે માત્ર એટલું જ જોવાનું રહે છે કે, મજુર અદાલતે જે હકુમત મુળ કામે એપેલન્ટની આંક-૭ની અરજી નીચે વાપરેલ છે, તે વાપરવા માટે હકુમત ધરાવે છે કે કેમ ? તે વિશે પ્રથમ ચર્ચા કરીએ તો તે સબંધે બી.આઇ.આર. એકટની કલમ ૭૮ અને ૭૯ ના પ્રોવીઝન ધ્યાને લેતાં, મજુર અદાલતને એપેલન્ટ સામે થયેલ ખાતાકીય તપાસની કાર્યવાહી કાયદેસર છે કે કેમ ? તે નિર્ણય કરવા માટે હકુમત ધરાવતી અદાલત છે. હવે મજુર અદાલત દ્વારા આંક-૭ અન્વયે નિર્ણય થયેલ છે તે નિર્ણય મજુર અદાલતને તેઓને પ્રાપ્ત થયેલ હકુમતને આધીન છે, તો તે નિર્ણયમાં મજુર અદાલત

INDEX

દ્વારા ગેરકાયદેસર રીતે નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ ? કે તેમાં મહત્વની અનિયમીતતા છે કે કેમ ? તેની ચકાસણી કરવાની રહે છે. આ સંબંધમાં પક્ષકારોની રજુઆતને ધ્યાને લેતાં, ખાતાકીય તપાસની કાર્યવાહીના રેકર્ડને જોવામાં આવે, તો ખાતાકીય તપાસની કાર્યવાહીમાં તપાસ અધિકારી દ્વારા બેન્કના સાક્ષી પુરાવાઓને નોંધીને, અને તપાસની કાર્યવાહીને સીધી તારણ ઉપર મુકી દીધેલ છે, કે જે બાબતનું પ્રોસીડીંગ્ઝ ખાતાકીય તપાસની કાર્યવાહીના પાના ૪૮ અને ૪૯ ઉપર થયાનું જણાય આવે છે. વધુમાં ખાતાકીય તપાસના રેકર્ડને ધ્યાને લેતાં, તે અગાઉની મહદ્ અંશેની તપાસની કાર્યવાહી દરમ્યાન સબંધીત એપેલન્ટ હાજર રહેલ હોવાનું જણાય છે, અને તેઓને હાજર રાખી, અને તેમના પ્રતિનિધિને પણ હાજર રાખી, કાર્યવાહી થયેલ હોવાનું માલુમ પડે છે. આમ ઉપરોક્ત બાબતની ચર્ચા કરતાં મેનેજમેન્ટના સાક્ષી પુરાવાઓને નોંધી, છેલ્લે મેનેજમેન્ટના સાક્ષી શ્રી કેશરીસિંહ રાણાનો પુરાવો થયા બાદ ખાતાકીય તપાસની કાર્યવાહી સીધી તે જ દિવસે પુરી થયાની નોંધ કર્યાનું જણાય આવે છે. આમ સંસ્થાના સદર રજુ થયેલ સાક્ષીની રજુઆતને પડકારવા સંબંધમાં ઉલટ તપાસ માટેની કોઇ તક આપી નથી, અને ન આપવા માટેનું કારણ તપાસ અધિકારી દ્વારા નોંધાયેલ નથી. પરંતુ તપાસ એકતરફી ચલાવવા અગાઉ હુકમ કર્યાનું જણાય છે, અને ત્યારબાદ ખાતાકીય તપાસની કાર્યવાહી પુરી જાહેર કરવાના હુકમ કરાયાનું ધ્યાને આવે છે. આમ ઉપરોક્ત ચર્ચા કર્યા પ્રમાણે ખાતાકીય તપાસની કાર્યવાહી પુરી કરાવાનો નિર્ણય કરાયાનું રેકર્ડ ઉપર છે. જે તા. ૧૦-૬-૦૨ના રોજ તપાસણી કાર્યવાહી પુરી કરી હોવાનું જાહેર કરેલ હોવાનું જણાય છે, આમ તપાસની કાર્યવાહીની ઉપરોક્ત બાબતને ધ્યાને લેવામાં આવે તો, ખરેખર એ બાબત ચકાસવી રહે છે કે, એપેલન્ટને કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ તેઓના સામેના આક્ષેપ સબંધમાં બચાવ અને રજુઆત કરવાની પુરેપુરી તક આપેલી છે કે કેમ ? આ સંબંધમાં કુદરતી ન્યાયનો સિદ્ધાંત એટલે, કે તેના મુખ્ય બે સિદ્ધાંતો છે, જેમાં-

૧. કોઈએ પોતાના કેઈસમાં પોતાના ન્યાયધીશ ન બનવું,

૨. બીજા સિધ્ધાંત કોઈની વિરૂદ્ધના આદેશ કરતાં પહેલાં તેને જે કાંઈ કહેવાનું હોય, તે કહેવાની તક આપવી જોઈએ.

આમ કુદરતી ન્યાયના સિદ્ધાંતો એ ન્યાયના પ્રકાર છે, એટલે કે ન્યાય બે પ્રકારના છે. અને તેમાં જેમાં કુદરતી અને વૈધિક છે, તેમાં પ્રથમ કુદરતી નિયમો અનુસાર અમલમાં આવે છે. અને પછી માનવીએ બતાવેલ કાયદા અનુસાર અપાતો ન્યાય છે. આમ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ કુદરતી ન્યાયના સિદ્ધાંતો મુજબ જ્યારે કોઈપણ કાર્યવાહી થઈ રહેલી હોય, ત્યારે જેના સામે કાર્યવાહી થઈ રહેલ છે, તેઓને આ કાર્યવાહીમાં જે કાંઈ કહેવાનું હોય, તે કહેવાની પુરેપુરી તક આપવી જોઈએ. એટલે કે એપેલન્ટ-કર્મચારી સામે થઈ રહેલી કાર્યવાહીમાં તેને પોતાનો બચાવ અને રજુઆત કરવાની પુરેપુરી તક આપવી જરૂરી છે. ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબના સિદ્ધાંતો કાયદાકીયરીતે આવશ્યક બને છે. અગાઉ ચર્ચા કરી, તે મુજબ અને રેકર્ડ જોતાં, એપેલન્ટ કામદારની તપાસ દરમ્યાનની વર્તણુંક અંગે એક વખત માટે માની લેવામાં આવે કે, તપાસની કાર્યવાહીને

INDEX

એક યા બીજા કારણોસર લંબાવવામાં આવતી હતી, તો પણ તપાસનીશ અધિકારી દ્વારા છેલ્લે જ્યારે પ્રીસીડીંગ્ઝ કરાયેલ છે, તે પ્રીસીડીંગ્ઝમાં મેનેજમેન્ટના સાક્ષીની ઉલટ તપાસ કરવાની તક આપવી જરૂરી છે, અને પછીના તબક્કામાં એપેલન્ટ-કામદારને તેઓની રજુઆતો કરવાની તક આપવી જરૂરી છે. પરંતુ હાથ ઉપરના કેઈસમાં તપાસનીશ અધિકારી દ્વારા થયેલ કાર્યવાહી જોતાં રીસ્પોન્ડન્ટ- બેન્કના સાક્ષીનું સ્ટેજ બંધ કરી, બધુંજ પોતાના તારણ ઉપર મુકી દીધેલ છે. આમ તપાસ કાર્યવાહીનું રેકર્ડ ધ્યાને લેતાં, દેખીતી રીતે જ એ બાબત જણાય આવે છે કે, સંબંધીત એપેલન્ટને તેમની સામેના આક્ષેપ સંબંધમાં રજુઆત કરવાની પુરે પરી તક આપેલી નથી, અને આમ ખાતકીય તપાસ કાર્યવાહીમાં દેખીતી રીતે કુદરતી ન્યાયના સિદ્ધાંતોનો ભંગ થતો હોવાનું જણાય આવે છે. આમ ઉપરોક્ત બાબતને જોતાં અને રીવીઝન પાવર્સમાં ઔદ્યોગિક અદાલતને મળેલ સત્તાની જોગવાઈની બાબત કે જેની અગાઉ ચર્ચા કરેલી છે, તે ચર્ચાને ધ્યાને લેતાં, મજુર અદાલત દ્વારા ખાતકીય તપાસની કાર્યવાહીની કાયદેસરતા બાબતે કરેલ નિર્ણયમાં પ્રાથમિક દ્રષ્ટિએ ભૂલ ભરેલો નિર્ણય કરે હોવાનું જણાય આવે છે, કારણ કે ખાતાકીય તપાસની કાર્યવાહીને અનુરૂપ ખાતાકીય તપાસના તારણો હોય, અને તારણો આધારીત મેનેજમેન્ટનો નિર્ણય હોય, આમ આ બાબતને જોતાં, જ્યારે પ્રીસીઝરીયલ ખામી દેખીતી રીતે જણાતી હોય,**અને જે** ખામીની ચકાસણીમાં મજુર અદાલતે નિર્ણય કરવામાં ભુલ કરેલી હોય, અને આમ મહત્વની અનિયમીતતા પ્રાઈમાફેઈસી અત્રેની અદાલતને જણાતી હોય ત્યારે આ અદાલત મજુર અદાલતના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવા સક્ષમ બને છે, તેવુ આ અદાલત માને છે, અને આ સંજોગોમાં મજુર અદાલતે જે ખાતાકીય તપાસની કાર્યવાહીની કાયદેસરતાં અંગે એપેલન્ટની મુળ રેકર્ડની આંક-૭ ની અરજી નામંજુર કરતો હુકમ પસાર કરેલો છે, તે કાયદેસરનો, યોગ્ય ન્યાયી અને વ્યાજબી જણાતો નથી.

૧૦. આ તબક્કે એ બાબતનો પણ ઉલ્લેખ કરવામાં આવે છે કે, બન્ને પક્ષોના વિદ્વાન વકીલશ્રીઓ દ્વારા નામદાર હાઈકોર્ટ અને નામદાર સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓ રજુ કરેલાં છે. તેને અત્રેની અદાલતે નમ્રતાપુર્વક નોંધ લીધેલ છે. તેમજ તેમાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોને પણ વળગી રહે છે, પરંતું ઉપરોક્ત કેઈસમાં હાથ ઉપરના કેઈસની હકીકતોથી રજુ થયેલ ચુકાદાઓમાં કાંઈક અંશે અલગ પ્રકારની હકીકતો હોય, તેથી તે ચુકાદાઓ હાલના કેઈસની હકીકતો સાથે લાગુ પાડી શકાય તેમ નથી.

૧૧. આમ ઉપરોક્ત તમામ ચર્ચા કર્યાના અંતે, એપેલન્ટની હાલની રીવીઝન અરજીને મંજુર રાખવી ઉચીત, ન્યાયી અને વ્યાજબી જણાય છે. અને એવું ઠરાવવામાં આવે છે કે, એપેલન્ટ સામે જે ખાતાકીય તપાસની કાર્યવાહી થયેલ છે, તે કાર્યવાહી થયેલ છે, તે કાર્યવાહી ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરૂદ્ધની કરાયેલ છે. તેમ અદાલત ઠરાવે છે, અને તે સંજોગોમાં આગળની મજુર અદાલત સમક્ષ થતી કાર્યવાહી માટે અને પક્ષકારોની વધુ રજુઆત માટે મુળ રેકર્ડ મુજર અદાલતને પરત કરવાનો નિર્ણય કરવામાં આવે છે. અને આ કામે નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

INDEX

હુકમ

(૧) એપેલન્ટની હાલની રીવીઝન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

(૨) એપેલન્ટ સામે જે ખાતાકીય તપાસની કાર્યવાહી થયેલ છે, તે કાર્યવાહીને ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિદ્ધાંતો વિરૂદ્ધ કરાયેલ છે. તેમ આથી ઠરાવવામાં આવે છે.

(૩) મજુર અદાલતને આગળની થતી કાર્યવાહી કરવા મુળ રેકર્ડ આથી પરત કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૧૮મી ડીસેમ્બર,૨૦૦૭.

એ. બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં. ૨, ગુજરાત,
રાજકોટ.

રાજકોટ, તારીખ ૫મી મે, ૨૦૦૮.

કે. એન. દોશી,
સહાયક સંઘ નિબંધક,
મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ-૧૯૪૬,
રાજકોટ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLIX] THURSDAY, AUGUST 28, 2008 / BHADRA 6, 1930 [No. 35

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ/શમક/૨૪/આરયુ.–સને ૧૯૪૬ના મુંબઇ ઓદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, શ્રી ભરતભાઈ હઝારે, રાજકોટ અને રાજકોટ પીપલ્સ કો. ઓ. બેંક લી., રાજકોટની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ ન્યાય મુજબના નિવેડાની સને ૨૦૦૮ના મે માસના ૫ માં દિને આથી નોંધ કરું છું.

INDEX

શ્રી અશ્વીન બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત નં.-૨, ગુજરાત, રાજકોટ સમક્ષ

રીવીઝન અરજી આઈ.સી. નં. ૭/૨૦૦૭.

શ્રી ભરતભાઈ હઝારે, અરજદાર;
ઠે. ''તોરલ'' અંબાજી કડવા મેઈન રોડ, ગોંડલ રોડ,
ગરબી ચોક નજીક, રાજકોટ.

વિરૂધ્ધ

રાજકોટ પીપલ્સ કો. ઓ. બેન્ક લી., સામાવાળા.
''સભાસદ ભવન'', ૧ મનહર પ્લોટ,
ગોંડલ રોડ, રાજકોટ.

બાબત :- બી.આઈ.આર. એકટની કલમ-૮૫ હેઠળની રીવીઝન અરજી બાબતે હુકમ.

હાજર રજ્ઞા : અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી ડી. ડી. છાયા,

સામાવાળા તરફે વિદ્વાન વકીલ શ્રી જે. સી. દોશી.

ચુકાદો

૧. અરજદાર તરફે ઉપરોક્ત રીવીઝન અરજી દાખલ કરી રજુઆત થયેલ છે કે, મજુર અદાલત સમક્ષની મુળ બી. આઈ. આર. અરજી નં. ૫/૨૦૦૪ ના કામે આંક-૨૨ હેઠળ જે હુકમ પસાર કરાયેલ છે, તે હુકમથી નારાજ થઈ ઉપરોક્ત રીવીઝન અરજી દાખલ કરાયેલ છે. વધુ રજુઆતમાં એવી રજુઆત છે કે, તેઓએ મજુર અદાલત સમક્ષ ખાતાકીય તપાસની કાયદેસરતા પડકારેલ, અને જે અનુસંધાને પુરાવા લીધેલ હતાં, અને નામદાર મજુર અદાલત દ્વારા ખાતાકીય તપાસ ન્યાયી અને વ્યાજબી ઠરાવવામાં આવેલ છે. જે મજુર અદાલતનો હુકમ કાયદાકીય રીતે ટકી શકે તેવો નથી. અને ભુલ ભરેલો હોવા અંગેની રજુઆતો નોંધાવેલ છે. અને તેના કારણો અંગેનો ઉલ્લેખ કરેલો છે.

જે કારણોને ટુંકમાં ધ્યાને લઈએ તો, જણાવાયેલ છે કે, અરજદાર દ્વારા મજુર અદાલત સમક્ષ સોંગદ ઉપરની જુબાની લેવાયેલ, જયારે સામાપક્ષે બેન્ક દ્વારા કોઈ પુરાવા તપાસવામાં આવેલા નથી. વધુ રજુઆતોમાં બે ઈન્કવાયરી ઓફીસરો હતાં. એક તેઓને બહાર બેસાડી રાખતાં, અને બીજા ઈન્કવાયરી ઓફીસરની અંદરની ઓફીસમાં સાક્ષીના નિવેદનો લેતાં હતાં. વધુ રજુઆતોમાં એવો પણ ઉલ્લેખ છે કે, માલિક સાક્ષીના નિવેદનો ખાતાકીય તપાસમાં પુરા થાય, ત્યારબાદ સીધીજ ખાતાકીય તપાસને તારણ પર મુકવામાં આવેલ, અને પ્રોસીજર પ્રમાણે અરજદારને ખાતાકીય તપાસમાં કોઈ જ મુદત આપવામાં આવેલ ન હતી. તેથી પ્રોસીજરલ એરરના ગ્રાઉન્ડ ઉપર તપાસ ગેરકાયદેસર ઠરે છે. વધુ રજુઆતોમાં ક્યા સ્થાયી આદેશો અન્વયે

INDEX

તેઓને ચાર્જશીટ આપેલ છે, તે જણાવાયેલ નથી. તેમજ તેઓને ખાતાકીય તપાસમાં વકીલ રોકવા દેવામાં આવેલા નથી. તેવા પ્રકારની રજુઆતો કરી, અત્રેની અદાલત સમક્ષ દાદ માંગેલ છે કે, મજુર અદાલતનો મુળ અરજીના કામે આંક-૨૨ થી કરેલ હુકમને ગેરકાયદેસર ઠરાવવા અને રદ કરવા હુકમ કરવા, અને ખાતાકીય તપાસને ગેરકાયદેસર ઠરાવવા હુકમ કરવા અરજ કરેલ છે.

૨. રીવીઝન અરજીના કામે બેન્ક તરફે શ્રી જે. સી. દોશીનું વકીલપત્ર રજુ થયેલ છે. અને આ કામે બન્ને વિદ્વાન વકીલશ્રીઓએ લંબાણપૂર્વકની મૌખિક દલીલો કરાયેલ છે. અરજદાર તરફેની મૌખિક દલીલોમાં તેઓએ રીવીઝન અરજીના કામે કરેલ લેખીત રજુઆતોને વળગી રહ્યાં હતાં અને કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ થયો હોવા અંગેની રજુઆતોને ભારપૂર્વક દોહરાવેલ હતી.

બેન્ક તરફેના વિદ્વાન વકીલશ્રીની દલીલોમાં તેઓએ મુળ રેકર્ડને અનુસરીને અદાલતના ધ્યાને ખાતાકીય તપાસની કાર્યવાહી બાબતે રજુઆતો કરેલ, અને અરજદાર-કામદારની તપાસ દરમ્યાનની વર્તણુંક સંબંધે ઉલ્લેખ કરી રજુઆતોમાં ભારપુર્વક જણાવેલ છે કે, તેઓને અવારનવાર પત્રો લખી હાજર થવા જણાવવા છતાં, તપાસમાં હાજર રહેલાં ન હતાં. તેથી કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો ભંગ બનતો નથી. તેવી રજુઆતો કરેલ છે. અને બેન્ક દ્વારા કરવામાં આવેલ ખાતાકીય તપાસ કાયદેસરની હોવાનો ઉલ્લેખ કરેલ.

૩. હવે મુળ અરજી ૫/૦૪ ના રેકર્ડને ધ્યાને લેવામાં આવે તો બન્ને પક્ષકારો તરફે રજુઆતો નોંધાયેલ છે, જેમાં ટુંકમાં ચર્ચા કરીએ તો અરજદારની અરજી અને તે સંબંધેનો સામાવાળાનો આંક-૧૧ થી લેખીત જવાબ આંક-૧૨ થી બેન્ક તરફે દસ્તાવેજોનું લીસ્ટ જેમાં અરજદારને આપવામાં આવેલ શોકોઝ નોટીસ, અને તે અનુસંધાને કરાયેલ ખાતાકીય તપાસના કાગળો હોવાનું માલુમ પડેલ છે. અને આંક-૫૨ થી અરજદારનો મુળ કામે મૌખિક પુરાવો, અને તેની ઉલટ તપાસ, અને આંક-૬૩ થી બેન્ક તરફે વેલીડીટી ઓફ ઈન્કવાયરી અંગેની દલીલો નોંધાયેલ છે. આમ મુળ રેકર્ડમાં આંક-૨૨ થી તપાસની કાયદેસરતા સંબંધે પક્ષકારોની રજુઆતોને સાંભળી અને મજુર અદાલત દ્વારા હુકમ કરવામાં આવેલ છે.

૪. મજુર અદાલત દ્વારા આંક-૨૨ નીચે હુકમ થયેલ છે, તેને ધ્યાનમાં લેતાં દર્શાવાયેલ છે કે, તપાસ અધિકારીઓ લો ગ્રેજ્યુએટ ન હતાં, અને પ્રેઝન્ટીંગ ઓફીસર માત્ર ગ્રેજ્યુએટ હતાં. તેથી અરજદારની વકીલ કે પ્રતિનિધિ રોકવાની માંગણીનો અસ્વીકાર તે યોગ્ય છે, તેવા તારણ ઉપર આવેલ છે. વધુમાં એવું પણ તારણ કાઢેલ છે કે, કિનારાબેનની જુબાની થયેલી, અને પ્રથમ બે મુદતને બાદ કરતાં, અરજદાર તપાસના કામે ગેરહાજર રહેતાં અને ઉલટ તપાસ કરેલી નહીં. અને અવાર નવાર તેઓને તપાસની જાણ કરેલી છે. વધુમાં હુકમમાં ઉલ્લેખ કરી અને

INDEX

કિનારાબેન અંગેની ગેરવર્તણુંક અંગે અરજદાર દ્વારા કરાયેલ લેખીત જવાબ સંબંધે ચર્ચા કરાયાનું માલુમ પડે છે. અને બેન્કે કરેલ ખાતાકીય તપાસને કાયદેસરની ઠરાવાયેલ છે.

આમ ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લેતાં, અત્રેની અદાલતે એ જોવાનું રહે છે કે, મજુર અદાલતે આંક-૨૨ હેઠળ કરેલ હુકમ કાયદેસર, યોગ્ય અને ન્યાયી છે કે કેમ ? તેમજ હાલની રીવીઝન અરજી કાયદેસર રીતે ચાલવાપાત્ર છે કે કેમ ? અને તેમાં માંગેલ દાદ અરજદાર કાયદેસર મેળવવા હક્કદાર થાય છે કે કેમ ? આ સંબંધમાં રીવીઝન અરજીના કામે ઔદ્યોગિક અદાલતની સત્તાઓ અંગે સૌ પ્રથમ ચર્ચા કરીએ તો મજુર અદાલત દ્વારા પ્રથમ દર્શનીય રીતે કોઈ ભુલ કરવામાં આવી હોય, ત્યારે ઔદ્યોગિક અદાલત તેની સત્તાનો ઉપયોગ કરી શકે. તેમજ મજુર અદાલત દ્વારા જ્યારે કોઈ નિર્ણય કરાયેલ હોય, તે નિર્ણય હકુમત ન હોવા છતાં, હુકમતનો ઉપયોગ કરેલ હોય, અથવા હકુમત હોવા છતાં હકુમતનો ઉપયોગ કરવામાં આવેલો ન હોય, અથવા તો મજુર અદાલત હકુમતનો ઉપયોગ કરવામાં ગેરકાયદેસર વર્તેલ હોય, અથવા તેમાં મહત્વની અનિયમીતતા કરેલી હોય, તો તેવા સંજોગોમાં ઔદ્યોગિક અદાલતને હસ્તક્ષેપ કરવાની સત્તા છે. હવે હાથ ઉપરના કેસમાં મજુર અદાલત દ્વારા આંક-૨૨ હેઠળ જે હુકમ પસાર કરાયેલ છે, તે સંબંધે બી. આઈ. આર. એક્ટ ૧૯૪૬ ની કલમ ૭૮ અને ૭૯ ની જોગવાઈઓ ધ્યાને લેતાં, ખાતાકીય તપાસની કાયદેસરતા બાબતના વિવાદમાં ન્યાય નિર્ણય કરવાની હકુમત મજુર અદાલતને રહેલી છે. આમ હવે મજુર અદાલત દ્વારા જે નિર્ણય કરવામાં આવેલ છે, તે નિર્ણય મજુર અદાલત દ્વારા ગેરકાયદેસર રીતે કરવામાં આવેલ છે કે કેમ ? અને તેમાં મહત્વની અનિયમીતતા છે કે કેમ ? તે ચકાસવાનું રહે છે.

૫. હવે મુળ રેકર્ડમાં તપાસની કાર્યવાહી સંબંધેના કાગળો રજુ થયા છે, તેને ચકાસવામાં આવતાં, મુખ્યત્વે અરજદારની તપાસ દરમ્યાન વકીલશ્રીને રોકવા, તેમજ પ્રતિનિધિને રોકવા સંબંધેની રજુઆતો અરજદાર સતત કરતા આવ્યા હોવાનું જણાય છે. અને બેન્ક તરફે અરજદારની રજુઆતોનો અસ્વીકાર કરાયેલ હોવાનું જણાય છે. હાથ ઉપરના કેસમાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ હેઠળ ઘડેલા નમુનારૂપ સ્થાયી હુકમો (સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તાર માટેના) બેન્કીંગ વ્યવસાય માટેના છે. જેને ધ્યાને લેવા જરૂરી હોઈ, તેને ધ્યાને લેતાં તેમાંની કલમ ૨૨ ને ધ્યાને લેતાં એવી જોગવાઈ છે કે, જેનો ઉલ્લેખ નીચે કરવામાં આવેલો છે.

કલમ-૨૨(૪) :- જે કામદારની વિરૂધ્ધ તપાસ કરવાની હોય, તેની સામે ઉપસ્થિત થતાં સંજોગો સ્પષ્ટ રીતે જણાવતું, સ્પષ્ટતા કરતાં જણાવતું એક તહોમતનામું તેને આપવું. તહોમતનો જવાબ આપવાની તેને તક આપવી, અને મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ ની કલમ ૩૦ હેઠળ પોતાના પ્રતિનિધિ મારફત બચાવ કરવાની તક આપવી, તપાસ કરનાર અધિકારીએ લેખીત નોંધવાના કારણોસર હોય તે સિવાય કામદારને સ્વબચાવમાં સાક્ષીઓ રજુ કરવાની, અને જેમના પુરાવા ઉપર તહોમતનો આધાર હોય, તેવા કોઈ સાક્ષીની

ઉલટ તપાસ કરવાની પરવાનગી આપવી. બેમાંથી કોઈ એક પક્ષે આપેલ પુરાવાનો ટુંકસાર અને કામદારની દલીલોની નોંધ કરવી જોઈશે.

આમ ઉપરોક્ત જોગવાઈને ધ્યાને લેતાં, તેમાં બચાવના પ્રતિનિધિ બી. આઈ. આર. એક્ટની કલમ ૩૦ મુજબ રાખી શકે. આ સંજોગોમાં કલમ ૩૦ ને ધ્યાને લેવામાં આવે તો સંબંધીત અરજદાર પ્રતિનિધિ સંઘ મારફતે રજુઆતો કરી શકે. હાથ પરના કેસના રેકર્ડને ધ્યાને લેતાં, અ.દાર સામેની તપાસમાં તેઓને બેન્કની કોઈપણ શાખાના સહ કર્મચારીને હાજર રાખવાની પરવાનગી અપાયેલ છે. જ્યારે અરજદાર તરફેની રજુઆત તા. ૧૨-૧૨-૦૩ ના પત્રથી કરેલ છે. જેમાં એવી રજુઆત છે કે, તેઓને બચાવની વ્યાજબી તક મળે તે હેતુથી બીજી બેન્કના કર્મચારીને ખાતાકીય તપાસમાં સહકર્મચારી તરીકે હાજર રાખવા માટેની પરવાનગી માંગેલ છે. જે પરવાનગી નામંજુર કરાયેલ છે. વધુમાં અરજદારના સદર પત્રને ધ્યાને લેવામાં આવે તો તેમાં એવી પણ રજુઆત છે કે તેઓની ખાતાકીય તપાસમાં તેમની સાથે બેન્કના કોઈપણ કર્મચારી સાથે રહેવા તૈયાર નથી. કારણ કે મેનેજમેન્ટની ધાક છે. વધુમાં સદર પત્રના પેજ ૩ ના પેરા ૬ ને ધ્યાને લેવામાં આવે, તો તેમાં સંબંધીત અરજદારની રજુઆત છે કે, તેઓએ જે તા. ૨૧-૭-૦૩ ના રોજનો જનરલ મેનેજરશ્રીને ઉદેશીને જે જવાબ આપેલ છે, તે પત્રના પેરા-૪(સી)ની બાબતો મેનેજમેન્ટે તેઓની પાસે દબાવીને લખાવી લીધેલ છે.

૬. આમ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબની તમામ બાબતોને ધ્યાને લેતાં, અને અરજદાર ઉપરના આક્ષેપોને ધ્યાને લેતાં, અને આક્ષેપોની ગંભીરતાને ધ્યાને લેતાં, સંબંધીત અરજદાર તેઓની રજુઆતમાં જણાવતાં આવેલ છે કે, તેઓની સાથે બેન્કના કોઈ સાથી કર્મચારી તપાસ દરમ્યાન હાજર રહેવા તૈયાર નથી, અને તેથી તે સંજોગો બાબતે રજુઆત કરી, તેઓની બહારના વકીલ કે પ્રતિનિધિને તપાસમાં હાજર રાખવાની માંગણી સ્વીકારવામાં આવેલ ન હોવાથી, સંબંધીત અરજદારે અન્ય બેન્કના કોઈ કર્મચારીને તપાસ દરમ્યાન હાજર રાખવા સંબંધે રજુઆત કરેલી છે, તે રજુઆત બાબતમાં પણ બેન્કના તપાસ અધિકારીઓ દ્વારા સંબંધીત અરજદારની સાથે અન્ય બેન્કના કોઈ કર્મચારીને તપાસ દરમ્યાન હાજર રાખવા દેવાની માંગણીનો જે અસ્વીકાર કરેલો છે, તે કેસના રેકર્ડને ધ્યાને લેતાં અત્રેની અદાલત યોગ્ય, ન્યાયી અને વ્યાજબી લાગતી નથી. કારણ કે બેન્ક તરફે રજુઆત કરનાર રજુઆત અધિકારી કાયદાના જાણકાર ન હોવાની બાબતને ધ્યાને લેવામાં આવે તો પણ સંબંધીત અરજદાર પરના જે આક્ષેપો હતાં, તેને ધ્યાને લેતાં, મદદનીશ તરીકે જો અરજદારને અન્ય કોઈ બેન્કના કર્મચારીને સાથે હાજર રાખવાની પરવાનગી ગ્રાઙા રાખવામાં આવેલ હોત, તો કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો અમલ થયાનું ગણી શકાત. કારણ કે બેન્ક તરફે બેન્કનાં કે બેન્કની અન્ય બ્રાન્ચના કર્મચારીને હાજર રાખવા દેવાની પરવાનગી જો આપી શકાતી હોય, તો પુરેપુરી બચાવની તકની બાબતને ધ્યાનમાં લેવામાં આવે, તો અન્ય કોઈ બેન્કના કર્મચારીને મદદનીશ તરીકે હાજર રાખવા દેવામાં તપાસ અધિકારીને શું અવરોધ હતો ? તે જણાય આવતું નથી. વધુમાં અગાઉ ચર્ચા કર્યા મુજબ કલમ ૨૨(૪) ને

INDEX

ધ્યાનમાં લેવામાં આવે તો પણ હાથ ઉપરના કેઈસમાં સંબંધીત અરજદારને તપાસ દરમ્યાન રૂબરૂ રજુઆત કરવા માટે કુદરતી ન્યાયના સિધ્ધાંતો મુજબની બચાવની તક આપવામાં આવેલી નથી, અને ઉલ્ટાનું બેન્ક તરફે માત્ર બેન્કના જ સાથી કર્મચારીને હાજર રાખવાનો જે આગ્રહ દોહારાવેલ છે, તે કુદરતી ન્યાયના સિધ્ધાંતોને ધ્યાનમાં લેતાં, ન્યાયની દ્રષ્ટિએ યોગ્ય અને વ્યાજબી જણાતું નથી.

વધુમાં ઉપરોક્ત કલમ ૨૨(૪) ની જોગવાઈઓને ધ્યાને લેવામાં આવે તો, તેમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે, કામદારને સ્વચાવમાં સાક્ષીઓ રજુ કરવાની તક આપવી જોઈશે. તેમજ સાક્ષીની ઉલટ તપાસ કરવાની પરવાનગી આપવી જોઈશે. અને કામદારની દલીલોની નોંધ કરવી જોઈશે. હવે ફરી વખત કેસના રેકર્ડને ધ્યાને લેવામાં આવે તો, મેનેજમેન્ટ તરફેના સાક્ષીઓના વખતોવખત પુરાવાઓને નોંધ્યા બાદ તે પુરાવાઓની ઉલટ તપાસ કરવા માટેની કોઈપણ તક આપવામાં આવી હોય, તેમ જણાતું નથી. વધુમાં તપાસ કાર્યવાહીના રેકર્ડને ધ્યાને લેતાં તપાસની કાર્યવાહીના પાના નં. ૧૩ ઉપર કિનારાબેનની ઉટલતપાસનો હક્ક બંધ કર્યા બાદ બેન્ક તરફે અલગ અલગ સાક્ષીઓ અલગ અલગ તારીખોએ તપાસવામાં આવેલ હોવાનું જણાઈ આવે છે. અને છેલ્લે તા. ૧૯-૧-૨૦૦૪ ના રોજ બેન્કના સાક્ષીઓના પુરાવા પુરા થતાં તપાસની કાર્યવાહીને સીધી જ તારણ ઉપર મુકી દીધેલ છે. આમ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ કાર્યવાહીના રેકર્ડને ધ્યાને લેતાં સ્પષ્ટ જણાય આવે છે કે, તપાસની કાર્યવાહી કે જે બે બે તપાસ અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહી હોય, ત્યારે તેમાં જે વ્યક્તિની સામે આરોપનામું છે, તે આરોપો સંબંધે બચાવ અને રજુઆત કરવાની તેઓને પુરેપુરી તક આપવી જોઈએ. તેવું અદાલતનું સ્પષ્ટ માનવું છે. પરંતુ હાથ ઉપરના કેસમાં સંબંધીત અરજદારને મેનેજમેન્ટના સાક્ષીઓના નિવેદનો પુરા થયા બાદ તે નિવેદનોની ઉલટ તપાસ કરવાની તક આપવામાં આવેલ નથી. કે છેવટે તેઓને તપાસમાં રજુઆતો કરવાની કે સાક્ષીઓ રજુ કરવાની કે દલીલો રજુ કરવાની તક આપવામાં આવેલ નથી. જે બાબત સ્પષ્ટ રીતે ફલીત થાય છે.

૭. વધુમાં કુદરતી ન્યાયના સિધ્ધાંત સંબંધે ચર્ચા કરવામાં આવે તો મુખ્યત્વે બે સિધ્ધાંતો છે. જેમાં –

૧. કોઈએ પોતાના કેઈસમાં પોતાના ન્યાયાધીશ ન બનવું;

૨. કોઈની વિરૂધ્ધનો આદેશ કરતાં પહેલાં તેને જે કાંઈ કહેવાનું હોય, તે કહેવાની તક આપવી જોઈએ.

આમ કુદરતી ન્યાયના સિધ્ધાંતો એ ન્યાયના પ્રકાર છે. એટલે કે ન્યાય બે પ્રકારના છે. અને તેમાં કુદરતી અને વૈધિક છે. પ્રથમ કુદરતી નિયમો અમલમાં આવે છે. અને પછી માનવીએ બનાવેલા કાયદા અનુસાર અપાતો હોય છે. આમ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ કુદરતી ન્યાયના

INDEX

સિધ્ધાંતોને ધ્યાને લેતાં જ્યારે કોઈપણ કાર્યવાહી થઈ રહેલી હોય, ત્યારે જેની સામે કાર્યવાહી થઈ રહેલ હોય ત્યારે તેઓને કાર્યવાહીમાં જે કાંઈ કહેવાનું હોય, તે કહેવાની પુરેપુરી તક આપવી જોઈએ. આમ ઉપરોક્ત ચર્ચા કરવામાં આવેલા સિધ્ધાંતો કાયદાકીય રીતે આવશ્યક બને છે. અને તેથી અગાઉ ચર્ચા કરી, તે મુજબ સંબંધીત અરજદારને બચાવ અને રજુઆતો કરવાની પુરેપુરી તકો તપાસની કાર્યવાહીમાં આપવામાં આવેલ ન હોવાનું જણાય આવે છે. આમ ઉપરોક્ત તમામ સંજોગોની ચર્ચા કરતાં અરજદારને તેઓ સામેના આક્ષેપો સંબંધમાં રજુઆતો કરવાની પુરેપુરી તક આપવામાં આવેલી નથી. તેથી હવે રીવીઝન અંગેના પાવર્સમાં ઔદ્યોગિક અદાલતને જે હકુમત છે તેને ધ્યાને લેતાં મજુર અદાલત દ્વારા જે ખાતાકીય તપાસની કાર્યવાહીની કાયદેસરતા બાબતે કરેલ નિર્ણય છે. એ નિર્ણય ભુલ ભરેલો નિર્ણય કરેલ હોવાનું જણાય આવે છે. કારણ કે ખાતાકીય તપાસની કાર્યવાહીને અનુરૂપ ખાતાકીય તપાસના તારણો હોય છે. અને તારણોને ધ્યાને લઈ, મેનેજમેન્ટના આખરી નિર્ણય હોય છે. આમ હાથ ઉપરના કેસમાં મજુર અદાલત દ્વારા નિર્ણય કરવામાં મહત્વની અનિયમીતતા જણાતી હોઈ, અને મજુર અદાલતે કરેલા નિર્ણયમાં ગેરકાયદેસર રીતે ભુલ ભરેલો નિર્ણય કરેલ હોય, ઔદ્યોગિક અદાલતને મજુર અદાલતના આ નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની હકુમત છે.

૮. વધુમાં આ તબક્કે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા ચુકાદો પસાર કરી જે કાયદાના સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે. જે ચુકાદાની ચર્ચા કરવી જરૂરી હોઈ, તેનો ઉલ્લેખ કરેલ છે. જે નામદાર સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચ દ્વારા અનીલકુમાર વિરૂધ્ધ પ્રીસાઈડીંગ ઓફીસર અને બીજાના કેસમાં આપેલ છે. જે ચુકાદો ૧૯૮૬, એલએલજે, પાના ૧૦૧, ઉપર પ્રસિધ્ધ થયેલ છે. જેમાં પ્રસ્થાપિત થયેલ છે કે, તપાસ અધિકારીની ફરજ છે કે તેઓએ પડેલાં પુરાવાઓ ઉપર માઈન્ડ એપ્લાય કરવું જરૂરી છે. અને ખાતાકીય તપાસની કાર્યવાહી એ અર્ધન્યાયીક કાર્યવાહી છે. અને તપાસ અધિકારીની એ ફરજ છે કે, જ્યારે આક્ષેપીત કર્મચારી સંબંધેના માલિકના પુરાવાઓને તેઓ માન્ય ગણતાં હોય, ત્યારે તે અંગેના પુરતા કારણો આપવા જરૂરી છે. અને એમ પણ પ્રસ્થાપિત કરેલ છે કે, તપાસ અધિકારીના તારણો આધારીત મેનેજમેન્ટનો હુકમ હોય છે.

આમ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ હાથ ઉપરના કેસમાં તપાસ અધિકારીઓ બે નિયુક્ત થયા હોય, અને તેઓ જ્યારે અર્ધન્યાયી પ્રકારની કાર્યવાહી કરી રહેલ હોય, ત્યારે તેઓની મુળભુત ફરજ છે કે, તેઓ દ્વારા ચુસ્ત રીતે કુદરતી ન્યાયના સિધ્ધાંતોનો અમલ કરવામાં આવે એક સમય માટે માની લેવામાં આવે કે સંબંધીત અરજદાર તપાસ કાર્યવાહી દરમ્યાન બહારની વ્યક્તિ અથવા તો અન્ય બેન્કના કર્મચારીને સાથે રાખી ખાતાકીય તપાસમાં હાજર રાખવાનો આગ્રહ કરી અને તે કારણોસર તપાસમાં હાજર થયેલા નથી. તેમ છતાં જ્યારે જ્યારે બેન્ક તરફેના સાક્ષીઓના નિવેદનો તપાસ અધિકારીઓ દ્વારા નોંધાય છે, ત્યારબાદ ઉલટ તપાસ કરવાની તક આપવી જોઈએ અને છેવટે સંબંધીત અરજદારને પણ તેઓની રજુઆતો અને સાક્ષી પુરાવાઓ રજુ કરવાની દલીલો રજુ કરવાની તકો આપવી જોઈએ. જે બેન્ક તરફે

કરવામાં આવેલી તપાસ દરમ્યાન તપાસ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી નથી. જેથી આ અદાલત સ્પષ્ટરીતે માને છે કે બેન્ક દ્વારા કરવામાં આવેલી ખાતાકીય તપાસ એ કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ જઈને ગેરકાયદેસરની કરવામાં આવેલાં છે.

૯. આમ ઉપરોક્ત તમામ ચર્ચા કર્યાના અંતે મજુર અદાલત દ્વારા આંક-૨૨ થી પસાર કરેલ હુકમને ભુલભરેલો અને ગેરકાયદેસરનો ઠરાવવામાં આવે છે, અને આથી અરજદારની હાલની રીવીઝન અરજીને મંજુર રાખવી ઉચીત ન્યાયી અને વ્યાજબી જણાય છે. અને એવું ઠરાવવામાં આવે છે કે, અરજદાર સામે જે ખાતાકીય તપાસની કાર્યવાહી થયેલ છે, તે કાર્યવાહીને ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધની કરાયેલ છે. તેમ અદાલત ઠરાવે છે, અને તે સંજોગોમાં આગળની મજુર અદાલત સમક્ષ થતી કાર્યવાહી માટે અને પક્ષકારોની વધુ રજુઆત માટે મુળ રેકર્ડ મજુર અદાલતને પરત કરવાનો નિર્ણય કરવામાં આવે છે. અને આ કામે નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

૧. મુળ બી.આઈ.આર. અરજી નં. ૫/૦૪ના કામે આંક-૨૨ હેઠળ પસાર કરેલ હુકમને ભુલભરેલો અને ગેરકાયદેસરનો ઠરાવવામાં આવે છે. અને અરજદારની હાલની રીવીઝન અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨. અરજદાર સામે જે ખાતાકીય તપાસની કાર્યવાહી થયેલ છે, તે કાર્યવાહીને ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને કુદરતી ન્યાયના સિધ્ધાંતો વિરૂધ્ધ કરાયેલ છે. તેમ આથી ઠરાવવામાં આવે છે.

૩. મજુર અદાલતને આગળની થતી કાર્યવાહી કરવા મુળ રેકર્ડ આથી પરત કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૦૮.

અશ્વીન બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, નં.-૨, રાજકોટ.

રાજકોટ, તારીખ ૩૦મી મે, ૨૦૦૮.

કે. એન. દોશી,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

INDEX

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

૨૧.	શીવલાલ ટીડાભાઈ સુમરા	,,
૨૨.	અબ્દુલ હમીદ ઉમરજી	,,
૨૩.	જોનશન એ. પટેલ	,,
૨૪.	હસન આદમભાઈ	,,
૨૫.	અનીલભાઈ એચ. મેકવાન	ટર્નર
૨૬.	ઉમેશભાઈ એલ,. ત્રિવેદી	,,
૨૭.	રવજીભાઈ જીણાભાઈ મકવાણા	,,
૨૮.	મનસુખભાઈ જે. પારેખ	પાઈપ ફીટર
૨૯.	રાજેશભાઈ ઈશ્વરભાઈ વાઘેલા	,,
૩૦.	બીલાલ ટી. શેખ	ઈલેકટ્રીશ્યન
૩૧.	રાજેશભાઈ દેગડા	,,
૩૨.	અરજણભાઈ ભીખાભાઈ મકવાણા	મિકેનિકલ
૩૩.	યાકુબ એમ. હારુન	,,
૩૪.	જીવાભાઈ કાળુભાઈ મકવાણા	,,
૩૫.	ભાયાભાઈ શામજીભાઈ	ખલાસી

"પરિશિષ્ટ-(૨)"

ક્રમ ૧	નામ ૨	હોદ્દો ૩
૧.	દિનેશભાઈ કાનજીભાઈ વેગડ	હેલ્પર
૨.	મનોજભાઈ જીવાભાઈ મકવાણા	,,

INDEX

૧	૨	૩
૩.	જેન્તીભાઈ મોહનભાઈ મકવાણા	હેલ્પર
૪.	મથુર આર. મેકવાન	,,
૫.	ચેતનભાઈ પાંચાભાઈ બાંણીયા	,,
૬.	મુસાજી ઈબ્રાહીમભાઈ શેખ	,,
૭.	રમેશભાઈ લાલજીભાઈ ચૌહાણ	,,
૮.	ભગવાનભાઈ જીવણભાઈ મકવાણા	,,
૯.	જગદીશ બી. પરમાર	,,
૧૦.	અજયભાઈ એમ. ડાભી	,,
૧૧.	પ્રકાશભાઈ રમેશભાઈ ગોહિલ	,,
૧૨.	ચીમનભાઈ શાંતિભાઈ મકવાણા	,,
૧૩.	મહેન્દ્રભાઈ ખોડુભાઈ ચુડાસમા	,,
૧૪.	રામજીભાઈ કાનજીભાઈ મકવાણા	,,
૧૫.	મહમદ રફીક દાઉદ	,,
૧૬.	આલી આદમ શેખ	,,
૧૭.	મનીષ ડી. સરવૈયા	,,
૧૮.	જેન્તી ચીથરભાઈ ગોહીલ	,,
૧૯.	હસન અબ્દુલ શેખ	,,
૨૦.	અનવર મહમદ શેખ	,,
૨૧.	અશોક નારણભાઈ ચૌહાણ	,,
૨૨.	જોહરુદીન એમ. શેખ	,,
૨૩.	મહેશ લક્ષ્મણ વેગડ	,,
૨૪.	અશરફ કાદરભાઈ	,,

INDEX

૧	૨	૩
૨૫.	ડાયાલાલ બી. સરવૈયા	હેલ્પર
૨૬.	સફીક ઈસુફ શેખ	,,
૨૭.	મુકેશ પરસોત્તમભાઈ પરમાર	,,
૨૮.	કાશમ ઈસુફ શેખ	,,
૨૯.	લવજી ભગુભાઈ સોલંકી	,,
૩૦.	સુરેન્દ્ર મિશ્રા	,,
૩૧.	અબ્દુલ આર. હુસેન	,,
૩૨.	અશોક કાળુભાઈ બાંભણીયા	,,
૩૩.	અશોક ચીથરભાઈ ગોહિલ	,,
૩૪.	રમેશ વેલજીભાઈ મકવાણા	,,
૩૫.	ઈસ્માઈલ અબ્દુલ શેખ	,,
૩૬.	તાલીબ દાઉદ શેખ	,,
૩૭.	રમેશ બાલાભાઈ મકવાણા	,,
૩૮.	જીતેન્દ્ર બી. બારૈયા	,,
૩૯.	અશોક ચીમનલાલ મેર	,,
૪૦.	ઈરફાન સીદીક મકાણી	,,
૪૧.	બાચુબેન	,,
૪૨.	કુંવરબેન	,,

ગાંધીનગર, તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૦૭.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુકત, (ગુ. રા.)
ગાંધીનગર.

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૧૦૭૨/આઈડીઆર/એજે/૧૦૧/૨૦૦૮.–નીચે સહી કરનાર**ની** એવો અભિ-પ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મધુસુદન ઈન્ડસ્ટ્રીઝ લી., અમદાવાદ અને તેના શ્રમયોગી વચ્ચે**ની છે.**

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ **અન્વયે ગુજરાત સરકાર શ્રીના** શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨**ના જાહેરનામાં ક્રમાંક કેએચ**આર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારા**ની કલમ-૧૦**ની પેટા-**કલમ** (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ **(સદર ધારા**ની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, **અને ૧૧ સિવાય)** ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર **રાજ્ય માટે નાયબ** શ્રમ આયુકત, અમદાવાદને સુ-ત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, **૧૯૪૭ (સને ૧૯૪૭**ના ૧૪નાં) ની કલમ-૧૦ની પેટા કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, **નાયબ શ્રમ આયુકત,** અમદાવાદ, મજુર અદાલત અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થામાં કામ કરતાં શ્રી વિષ્ણુભાઈ જે. જોષી અને શ્રી શૈલેષ બાબુલાલ શાહને જ્યાં સુધી કામ ન આપવામાં આવે તે સમય સુધીનો પુરેપુરો પગાર ચુકવી આપવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૭મી જુન, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચ/એસએચએમસી/રે./૨૧/૨૦૦૮.-મદદનીશ શ્રમ આયુક્તશ્રીનો એવો અભિ-પ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર ભાગીદાર શ્રી રાજદીપ સિરામીક્સ, અમરાપર, થાનગઢ અને તેના શ્રમયોગીઓ શ્રી અંતરસિંહ દાદભા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૩૮ (૩)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૩)ના પેટા-વિભાગ-૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૧ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, એમ. જી. પટેલ, મદદનીશ શ્રમ આયુક્તશ્રી, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર-૮૨/સા-આઈડીએ-૧૦૯૦/૪૬૩૫ (એ) એમ (૪)થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેના **ન્યાય** નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અંતરસિંહ દાદભા તારીખ ૧૭-૧૦-૨૦૦૭ થી તેમના પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં તેમને મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૧૯મી જુન, ૨૦૦૮.

એમ. જી. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૬૫/૨૦૦૮.–શ્રી કે. એમ. પટેલ મદદનીશ શ્રમ આયુક્તશ્રી, સુરતનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) જીલ્લા વિકાસ અધિકારીશ્રી, (૨) પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ડોલવણ અને શ્રમયોગી શ્રી કમલેશભાઈ વસનજી ચૌધરી વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના **મજુર**, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના **જાહેરનામા** ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮(૩) ઝ થી સદર ધારાની કલમ-**૧૦**ની પેટા-કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની **અનુસૂચિ**-૨ની આઇટમ નં. ૩ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, કે. એમ. પટેલ, **મદદનીશ શ્રમ આયુક્ત**, સુરત, આથી શ્રમ અને રોજગાર વિભાગના **તારીખ** ૧લી જુલાઈ, **૧૯૯૮ના જાહેરનામા ક્રમાંક** કેએચઆર/૬૮/૧૦૯/આઈસીઆઈ/**૧૦૯૮/૨૯૦૪**-એમ(૪)થી **રચાયેલી મજુર અદાલત, નં.** ૧ સુરતને સદરહુ તકરાર તેના **ન્યાય** નિર્ણય માટે લખી **મોકલું છું.**

અનુસૂચિ

શ્રી કમલેશભાઈ વસનજી ચૌધરીને તેમના પડેલા દિવસોના પગાર **સહીત** નોકરીમાં પુનઃ **સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?**

સુરત, તારીખ ૧૯મી જુન, ૨૦૦૮.

કે. એમ. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૧૩૦/૨૦૦૮.–શ્રી કે. એમ. પટેલ મદદનીશ શ્રમ આયુક્તશ્રી, સુરતનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને શ્રમયોગી શ્રીમતી ગગીબેન સબાભાઈ જોગડીયા વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮(૩) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, કે. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮ના જાહેરનામા ક્રમાંક કેઓચઆર/૯૮/૧૦૯/આઈસીઆઈ/૧૦૯૮/૨૯૦૪-એમ(૪)થી રચાયેલી મજુર અદાલત, નં. ૧ સુરતને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી ગગીબેન સબાભાઈ જોગડીયાને તેમના પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

સુરત, તારીખ ૧૯મી જુન, ૨૦૦૮.

કે. એમ. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર/૧૬૯/૦૮.–શ્રી કે. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્તશ્રી, સુરતનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) નોવા ડાયસ્ટફ ઈન્ડસ્ટ્રીઝ (૨) નોવા સીક કેમીકલ્સ (૩) સાધના ડાયકેમ અને તેના શ્રમયોગીશ્રી પિયુષ નટવરલાલ રાણા વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સાથે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી) થી મળે.. સત્તાની રૂએ હું, કે. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૮/આઇસીઆઇ/૧૦૯૮/૨૯ ૬-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૧, સુરતને સદરહુ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પિયુષ નટવરલાલ રાણાને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૧૯મી જુન, ૨૦૦૮.

કે. એમ. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/મશ્રઆ/ભ/આઈડીઆર/૫૫૦૨.—મદદનીશ શ્રમ આયુક્ત, ભરૂચનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર ઈશાગ્રો (એરીયા) એગ્રો કેમીકલ્સ પ્રા. લી., પ્લોટ નં. ૬૪૦, જી.આઈ.ડી.સી., પાનોલી, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ અને તેના શ્રમયોગી શ્રી જગદીશ હિંમતરાવ પાટીલ, ૨૯, જલારામ સોસાયટી, ચંદાડા, તા. અંકલેશ્વર વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઈડીએ-૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમનાં સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧)ના પેટા-વિભાગ-(સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. ઓ. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુક્ત, ભરૂચ, આથી મજુર અદાલત, નં. ૦૧, ભરૂચને, સદરહુ વિવાદ ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી જગદીશ હિંમતરાવ પાટીલને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભરૂચ, તારીખ ૨૩મી જૂન, ૨૦૦૮.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભરૂચ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/મશ્રઆ/ભ/આઈડીઆર/૫૫૦૭.—મદદનીશ શ્રમ આયુક્ત ભરૂચનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર જાની રેસ્ટોરન્ટના માલીક એતીયભાઈ તથા ભુપેન્દ્રભાઈ જાની, ચૌટા બજાર, શાક માર્કેટની સામે, અંકલેશ્વર, જિ. ભરૂચ અને તેના શ્રમયોગી શ્રી મોહનભાઈ અંબુભાઈ વસાવા, નવીનગરી આદર્શ સોસાયટી સામે, અંકલેશ્વર વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઈડીએ-૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમનાં સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧)ના પેટા-વિભાગ-(સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. ઓ. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુક્ત, ભરૂચ, આથી મજુર અદાલત, નં. ૦૨, ભરૂચને, સદરહુ વિવાદ ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી મોહનભાઈ અંબુભાઈ વસાવાને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભરૂચ, તારીખ ૨૩મી જૂન, ૨૦૦૮.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભરૂચ.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/મશ્રઆ/ભ/આઈડીઆર/૫૫૧૨.–મદદનીશ શ્રમ આયુક્ત ભરૂચનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર સ્વામી વિવેકાનંદ ઈન્સ્ટીટયુટ ઓફ મેડીકલ સાયન્સીજ એન્ડ રીસર્ચ, વાલીયા જનરલ હોસ્પિટલ, વાલીયા, જિ. ભરૂચ અને તેના શ્રમયોગી શ્રીમતી વનીતાબેન રાજુભાઈ વસાવા, હનુમાન ફળીયા, વાલીયા, જિ. ભરૂચ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઈડીએ-૧૦૭૨/૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમનાં સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-(૧)ના પેટા-વિભાગ-(સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. ઓ. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુક્ત, ભરૂચ, આથી મજુર અદાલત, નં. ૦૧, ભરૂચને, સદરહુ વિવાદ ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી વનીતાબેન રાજુભાઈ વસાવાને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભરૂચ, તારીખ ૨૩મી જૂન, ૨૦૦૮.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભરૂચ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૧૬૩/૦૮.—શ્રી કે. એમ. પટેલ, મદદનીશ **શ્રમ આયુક્તશ્રી**, સુરતનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કમિશનરશ્રી સુરત, મહાનગરપાલિકા, સુરત અને **શ્રમયોગી** શ્રી દિનેશભાઈ હરજીભાઈ બોરીયા વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત **સરકાર**ના **મજુર, સમાજ** કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી **માર્ચ, ૧૯૭૩**ના **જાહેરનામા ક્રમાંક** કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી **સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ** (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા **અને સદર ધારાની** અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે **સંકળાયેલી બાબતો** અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે **સત્તા સુ-ત કરવામાં** આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક **તકરાર અધિનિયમ, ૧૯૪૭**ના ૧૪ માની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) **થી મળેલ સત્તાની રૂએ** હું, કે. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત આથી શ્રમ અને **રોજગાર** વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૮/**આઈસી**આઈ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૪, સુરતને સદરહુ **તકરાર અને** તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી દિનેશભાઈ હરજીભાઈ બોરીયાને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૨૪મી જુન, ૨૦૦૮.

કે. એમ. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમની/એજે/આઈડીઆર/૩૮૮/૦૮.–શ્રી કે. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્તશ્રી, સુરતનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કમિશનરશ્રી સુરત, મહાનગરપાલિકા, સુરત અને શ્રમયોગી શ્રી ગોપાલભાઈ નાથુભાઈ ડાભી વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએસ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, કે. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૮/આઈસીઆઈ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૪, સુરતને સદર હુ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ગોપાલભાઈ નાથુભાઈ ડાભીને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૨૪મી જુન, ૨૦૦૮.

કે. એમ. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૩૮૯/૦૮.—શ્રી કે. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્તશ્રી, સુરતનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કમિશનરશ્રી સુરત, મહાનગરપાલિકા, સુરત અને શ્રમ-ારી શ્રીમતી રક્ષાબેન ધનસુખલાલ પરમાર વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએસ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ ની અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, કે. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઈસીઆઈ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૪, સુરતને સદરહુ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી રક્ષાબેન ધનસુખલાલ પરમારને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

સુરત, તારીખ ૨૪મી જુન, ૨૦૦૮.

કે. એમ. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર/૩૯૦/૦૮.–શ્રી કે. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્તશ્રી, સુરતનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કમિશનરશ્રી સુરત, મહાનગરપાલિકા, સુરત અને શ્રમયોગીશ્રી રતનભાઈ શંકરભાઈ વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએસ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બંધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, કે. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૮/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૪, સુરતને સદરહુ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રતનભાઈ શંકરભાઈને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૨૪મી જુન, ૨૦૦૮.

કે. એમ. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર/૩૯૧/૦૮.–શ્રી કે. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્તશ્રી, સુરતનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કમિશનરશ્રી સુરત, મહાનગરપાલિકા, સુરત અને શ્રમયોગી શ્રીમતી મલ્લીકાબેન જેસીંગભાઈ વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએસ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, કે. એમ. પટેલ, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧લી જુલાઇ, ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૮/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૪, સુરતને સદરહુ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી મલ્લીકાબેન જેસીંગભાઈને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૨૪મી જુન, ૨૦૦૮.

કે. એમ. પટેલ,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૧૭૬/૦૮.–શ્રી બી. એન. વંજારીયા, મદદનીશ શ્રમ આયુક્તશ્રી, સુરતનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) પદમીની પ્રોડકટસ પ્રા. લી., (૨) મીનાક્ષી સેલ્સ એજન્સી (૩) કેતન એમ. દેસાઈ અને શ્રમયોગી શ્રી જયેશકુમાર ચુનીલાલ પટેલ વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, બી. એન. વંજારીયા, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૩, સુરતને સદરહુ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી જયેશકુમાર ચુનીલાલ પટેલને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૨૪મી જુન, ૨૦૦૮.

બી. એન. વંજારીયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૯૦/૦૮.–શ્રી બી. એન. વંજારીયા, મદદનીશ શ્રમ આયુક્તશ્રી, સુરતનો એવો અભિ-પ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સુદેશ સીન્થેટીકલ અને શ્રમયોગી શ્રી શિવમશ્યામ બાબુ તિવારી વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, બી. એન. વંજારીયા, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૩, સુરતને સદરહુ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી શિવમશ્યામ બાબુ તિવારીને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૨૪મી જુન, ૨૦૦૮.

બી. એન. વંજારીયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૧૮૦/૦૮.–શ્રી બી. એન. વંજારીયા, મદદનીશ શ્રમ આયુક્તશ્રી, સુરતનો એવો અભિ-પ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ધી ન્યુ સ્ટોર્સ (W. D. of ITC) અને શ્રમયોગી શ્રી કાજી મુહમદ સાદીક મુહમદ મીયા વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, બી. એન. વંજારીયા, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૩, સુરતને સદરહુ તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી કાજી મુહમદ સાદીક મુહમદ મીયાને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૨૭મી જુન, ૨૦૦૮.

બી. એન. વંજારીયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર/૧૮૧/૦૮.–શ્રી બી. એન. વંજારીયા, **મદદનીશ** શ્રમ આયુક્તશ્રી, સુરતનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં **નિર્દિષ્ટ** કરેલી બાબતો **સાથે** સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શાલીમાર માર્કેટના માલીક શ્રી ઈબ્રાહીમ ચાચા અને શ્રમયોગી શ્રી રહેનાબાનુ આલમબેગ અંસારી વચ્ચેની છે.

અને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના **મજુર, સમાજ** કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના **જાહેરનામા** ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી **સદર ધારાની** કલમ-**૧૦ની પેટા**-કલમ (૧) ની સામે પેટા-વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા **અને સદર** ધારાની **અનુસૂચિ-૨**ની આઇટમ નં. ૩ ની અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે **સંકળાયેલી** બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે **સત્તા સુ-ત કરવામાં** આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર **અધિનિયમ, ૧૯૪૭**ના ૧૪ માની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી) **થી મળેલ સત્તાની રૂએ** હું, બી. એન. વંજારીયા, મદદનીશ શ્રમ આયુક્ત, સુરત આથી **શ્રમ અને** રોજગાર વિભાગના તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૮ ના જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/૧૦૯/આઇસીઆઇ/૧૦૯૮/૨૯૦૪-એમ-(૪) થી રચાયેલી મજુર અદાલત, નં. ૩, સુરતને **સદરહુ** તકરાર અને તેના ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રહેનાબાનુ આલમબેગ અંસારીને તેમના પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

સુરત, તારીખ ૨૭મી જુન, ૨૦૦૮.

બી. એન. વંજારીયા,
મદદનીશ શ્રમ આયુક્ત,
સુરત.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજેપી/આઇડીઆર/૩૫/૦૮.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પાયોમા ઈન્ડસ્ટ્રીઝ (૨સના) સઈજ, તા. કલોલ અને તેના શ્રમયોગી શ્રી ઠાકોર પ્રહલાદજી વરસંગજી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-(૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧ની "સી" વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ના પેટા-વિભાગ-(સી) થી મળેલ સત્તાની રૂએ હું, ન. ચ. દવે, ઈ.ચા. મદદનીશ શ્રમ આયુક્ત, મહેસાણા, આથી લેબર કોર્ટ, કલોલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ઠાકોર પ્રહલાદજી વરસંગજીને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

મહેસાણા, તારીખ ૨૧મી જુન, ૨૦૦૮.

ન. ચ. દવે,
ઈ.ચા. મદદનીશ શ્રમ આયુક્ત,
મહેસાણા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજેપી/આઈડીઆર/૪૩/૦૮.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એન. કે. રોડવેઝ પ્રા. લિ., ટેક. થોળ અને તેના શ્રમયોગી શ્રી પટેલ ભીખાભાઈ મગનભાઈ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮-(૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧ની ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ના પેટા-વિભાગ-(સી) થી મળેલ સત્તાની રૂએ હું, ન. ચ. દવે, ઈ.ચા. મદદનીશ શ્રમ આયુક્ત, મહેસાણા, આથી લેબર કોર્ટ, કલોલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પટેલ ભીખાભાઈ મગનભાઈને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

મહેસાણા, તારીખ ૨૧મી જુન, ૨૦૦૮.

ન. ચ. દવે,
ઈ.ચા. મદદનીશ શ્રમ આયુક્ત,
મહેસાણા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજેબી/આઈડીઆર/૫૩/૦૮.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર બ્લ્યુસ્ટાર રોલીંગ મીલ્સ, કલોલ જિ. ગાંધીનગર અને તેના શ્રમયોગી શ્રી નાગેન્દ્રકુમાર મહંતા રામચંદ્ર મહંતા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮-(૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ના પેટા-વિભાગ-(સી) થી મળેલ સત્તાની રૂએ હું, ન. ચ. દવે, ઈ.ચા. મદદનીશ શ્રમ આયુક્ત, મહેસાણા, આથી લેબર કોર્ટ, કલોલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નાગેન્દ્રકુમાર મહંતા રામચંદ્ર મહંતાને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

મહેસાણા, તારીખ ૨૧મી જુન, ૨૦૦૮.

ન. ચ. દવે,
ઈ.ચા. મદદનીશ શ્રમ આયુક્ત,
મહેસાણા.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજેએસ/આઇડીઆર/૮૩/૦૮.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સિદ્ધેશ્વરી ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ., છત્રાલ, તા. કલોલ અને તેના શ્રમયોગી શ્રી રામસિંહ કાળુસિંહ પગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-(૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪ માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ના પેટા-વિભાગ-(સી) થી મળેલ સત્તાની રૂએ હું, ન. ચ. દવે, ઈ.ચા. મદદનીશ શ્રમ આયુક્ત, મહેસાણા, આથી લેબર કોર્ટ, કલોલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રામસિંહ કાળુસિંહ પગીને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

મહેસાણા, તારીખ ૨૧મી જુન, ૨૦૦૮.

ન. ચ. દવે,
ઈ.ચા. મદદનીશ શ્રમ આયુક્ત,
મહેસાણા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૧૮૨/૨૦૦૮/આઈડીઆર/એજે/૧૯૭/૨૦૦૮.– નીચે સહી કરનારનો એવો અભિ-ય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) રવિશંકર મહારાજ આંખની હોસ્પિટલ, ઠે. ચિખોદરા ચોકડી, તા. જિ. આણંદ (૨)નૂતન આંખની હોસ્પિટલ, ઠે. આણંદ રેલ્વે સ્ટેશનની સામે, આણંદ તા. જિ. આણંદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, મજુર અદાલત, આણંદને સદરહુ તકરારનો નિર્ણય કરવા માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''સંસ્થામાં કામ કરતાં શ્રમયોગી શ્રી કમલેશ બી. પટેલ અને રાજેન્દ્ર જી. પટેલને સરખા કામનું સરખું વેતન પ્રમાણેનો ગ્રેડ ૧૪૭૦-૨૧૩૫-૬૪૦૫-૨૨૪૨-૮૬૪૭ તેઓની સાથે કામ કરતાં સહકર્મચારીઓને જે તારીખથી ચુકવી આપવામાં આવે છે તે તારીખથી બંને કામદારોને તફાવત સાથે ચુકવી આપવા જોઈએ કે કેમ?

વડોદરા, તારીખ ૨૦મી જુન, ૨૦૦૮.

એસ. એન. ગોસાઈ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/૧૮૩/૨૦૦૮/આઇડીઆર/એજે/૨૦૧/૨૦૦૮.– નીચે સહી કરનારનો એવો અભિ-ાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર આણંદ કેબીન ઉદ્યોગ, મ. વિ. સ. નગર, તા. જિ. આણંદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એ-લિ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ ૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, મજુર અદ્દાલત, આણંદ, વડોદરાને સદરહુ તકરારનો નિર્ણય કરવા માટે મોકલી આપું છું.

અનુસૂચિ

(૧) **બોનસ :** સંસ્થામાં કામ કરતાં તમામ શ્રમયોગીઓને તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૬ થી તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૭ સુધીનું ૨૦ ટકા લેખે બોનસ તથા ૫ ટકા લેખે એક્સગ્રેસીયાની રકમ દિવાળીના ૨૦ દિવસ પહેલા આપવી જોઇએ કે કેમ?

(૨) **ફેસ્ટીવલ એલાઉન્સ :** સંસ્થામાં કામ કરતાં તમામ શ્રમયોગીઓને દિવાળીના તહેવાર માટે ફેસ્ટીવલ એલાઉન્સ પેટે બે પગારની રકમ દિવાળી પહેલા આપવી જોઇએ કે કેમ?

વડોદરા, તારીખ ૨૦મી જુન, ૨૦૦૮.

એસ. એન. ગોસાઈ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી//૧૮૪/૨૦૦૮/આઈડીઆર/એજે/૨૦૩/૨૦૦૮.– નીચે સહી કરનારનો એવો અભિ-ાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી એસ. ટી., નડીયાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬૧/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ નડીયાદ, વડોદરાને સદરહુ તકરારનો નિર્ણય કરવા માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''આણંદ ડેપોના ડ્રાઈવર શ્રી સી. એન. પરમારને એસ. ટી. આણંદ દ્વારા પત્ર નં. સીની ડેમેએ/આણંદ/ડી/૯૯/૨૦૦૬, તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૦૭ થી વાર્ષિક પગાર વધારો ૫(પાંચ) વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાની કરેલ શિક્ષા રદ કરવી જોઈએ કે કેમ?

વડોદરા, તારીખ ૨૦મી જુન, ૨૦૦૮.

એસ. એન. ગોસાઈ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૧૮૫/૨૦૦૮/આઇડીઆર/એજે/૨૦૪/૨૦૦૮.– નીચે **સહી કરનાર**નો એવો અભિ-પ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો **સાથે સંકળા**યેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી એસ. ટી., નડીયાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ-૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ **અને રોજગાર** વિભાગનાં તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં **ક્રમાંક** કેએચઆર/**૨૬૧/આઇડી**એ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-**કલમ (૧) અને કલમ ૧૨ની** પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુ**સૂચિ-૨ની આઇટમ** નં. ૩ અને **અનુસૂચિ-૩**ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ **કે તેથી ઓછા** કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પૂરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ **આયુક્તને સુ-ત** કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, **૧૯૪૭ના ૧૪માંની** કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, **નાયબ શ્રમ આયુક્ત, વડોદરા** આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, **ઔદ્યોગિક ન્યાયપંચ** નડીયાદ, વડોદરાને સદરહુ તકરારનો નિર્ણય કરવા માટે મોકલી **આપું છું**.

અનુસૂચિ

''બોરસદ ડેપોના એડબલ્યુએસ શ્રી વી. આર. પટેલને એસ. ટી. નડીયાદ દ્વારા પત્ર નં. ડીસીકે/ટીઆર/ડી/૧૦૧/૨૦૦૬, તારીખ ૧૪મી માર્ચ, ૨૦૦૭ થી વાર્ષિક પગાર વધારો ૬(છ) માટે કાયમી અસરથી બંધ કરવાની કરેલ શિક્ષા રદ કરવી જોઈએ કે કેમ?

વડોદરા, તારીખ ૨૦મી જુન, ૨૦૦૮.

એસ. એન. ગોસાઈ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

સુધારો

વિષય : ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળ ન્યાય નિર્ણય કરવા બાબત.

સંસ્થા : વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. વડોદરા વિભાગ, વડોદરા. રેફ. આઈ. ટી. નં. ૪૪/૨૦૦૮.

ક્રમાંક નાશ્રઆ/વડો/૧૫૭૬૪/૨૦૦૮.–ઉપરોકત વિષય પરત્વેના આ કચેરીના તારીખ ૩જી મે, ૨૦૦૮ના પત્ર ક્રમાંક નાશ્રઆ/વડો/૧૦૫૯૨ થી ૧૦૫૯૭/૨૦૦૮ અન્વયે વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. વડોદરા સામેનો ઔદ્યોગિક વિવાદ ન્યાય નિર્ણય માટે આપશ્રીને મોકલેલ છે. જેના કવરીંગ લેટરમાં નીચે મુજબનો ફેરફાર (સુધારો) વંચાણે લેવા વિનંતી છે.

" મંત્રીશ્રી, એસ. ટી. મઝદુર સંઘ, C/o. શ્રી ચેનભાઈ આર. રબારી, ૧૫, મણીનગર સોસાયટી, માંજલપુર, વડોદરાને બદલે મંત્રીશ્રી, એસ. ટી. કર્મચારી યુનિયન, વડોદરા વિભાગ, વડોદરા, C/o. એસ. ટી. વિભાગીય કચેરી, રેસકોર્સ, સર્કલ, વડોદરા."

વડોદરા, તારીખ ૨૭મી જુન, ૨૦૦૮.

એસ. એન. ગોસાઈ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

સુધારો

વિષય : ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦(૧) હેઠળ ન્યાય નિર્ણય બાબત કેસ નં. ૨૨૯/૨૦૦૮.

ક્રમાંક મશ્રઆ/વડો/૧૫૪૭૦/૨૦૦૮.–ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે અત્રેથી તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૦૮ના પત્ર ક્રમાંક નાશ્રઆ/વડો/૯૪૧૪૧૦ થી ઉક્ત કેસ ન્યાય

નિર્ણય સાથે આપશ્રી તરફ મોકલેલ સદરહું કેસમાં મંડળ ધ્યાનજીવી પ્રગતી જનરલ કામદાર યુનિયન વડોદરાએ તારીખ ૧૯મી જુન, ૨૦૦૮ના પત્રથી કરેલ રજુઆત મુજબ અરજદારના નામમાં સુધારો કરવાનો થાય છે. મંડળની રજૂઆત ધ્યાને લઈ નીચે મુજબનો સુધારો બહાર પાડવામાં આવે છે જે ધ્યાને લેવા વિનંતી છે.

સુધારો

અત્રેથી રજુ કરેલ કેસ નં. ૨૨૯/૨૦૦૮માં વડોદરા તે સાથે રજુ કરેલ હુકમમાં અરજદારનું નામ ''શંકરભાઈ શ્યામલાલ ખોડાભાઈ'' લખાયેલ છે, જેના બદલે ''શંકરભાઈ શ્યામલાલ દાસ'' વંચાણે લેવા વિનંતી.

વડોદરા, તારીખ ૨૩મી જુન, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

POSTAL REGISTRATION
No. VDR-E/14/2006-2008

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLIX] THURSDAY, SEPTEMBER 4, 2008/BHADRA 13, 1930 [No. 36

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસુચના

સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક ખ/શમક/૨૬/આર.યુ.–સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, ગુજરાત બેંક વર્કર્સ યુનિયન, રાજકોટ અને પોરબંદર વિભાગીય નાગરીક સહકારી બેંક લી., પોરબંદરની વચ્ચે ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૮ના મે માસના ૩૦ માં દિને આથી નોંધ કરૂં છું.

INDEX

આંક : ૯

શ્રી અશ્વિન બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત નં. ૨, ગુજરાત,

રાજકોટ સમક્ષ.

બી. આઈ. આર. અપીલ નં. ૫/૨૦૦૬.

ગુજરાત બેન્ક વર્કર્સ યુનીયન, એપેલન્ટ;
ઠે. ''રાહબર'', ૮, જાગનાથ પ્લોટ,
રાજકોટ.

વિરૂધ્ધ

પોરબંદર વિભાગીય નાગરીક સહ. બેન્ક લી., રીસ્પોડન્ટ.
ખાદી ગ્રામોદ્યોગ ભવન, ઠે. સુદામા ચોક,
પોરબંદર.

બી. આઈ. આર. અપીલ નં. ૬/૨૦૦૬.

પોરબંદર વિભાગીય નાગરીક સહ. બેન્ક લી., એપેલન્ટ;
ખાદી ગ્રામોદ્યોગ ભવન, ઠે. સુદામા ચોક,
પોરબંદર.

વિરૂધ્ધ

ગુજરાત બેન્ક વર્કર્સ યુનીયન, રીસ્પોડન્ટ.
ઠે. ''રાહબર'', ૮, જાગનાથ પ્લોટ,
રાજકોટ.

બાબત : મજુર અદાલત, જુનાગઢ દ્વારા બી.આઈ.આર. અરજી નં. ૨૩/૯૦ના કામમાં કરવામાં આવેલ આખરી હુકમ સામે અપીલ.

યુનીયન તરફે : વિદ્વાન એડવોકેટ શ્રી પી. એસ. વસાવડા.
બેન્ક તરફે : વિદ્વાન એડવોકેટ શ્રી એ. એસ. ગોગીયા.

ચુકાદો

૧. ઉપરોક્ત બન્ને અપીલો મજુર અદાલત, જુનાગઢ દ્વારા બી. આઈ. આર. અરજી નં. ૨૩/૯૦ના કામે તા. ૮-૮-૨૦૦૬ના રોજ આપેલ આખરી હુકમથી નારાજ થવાના કારણે ઉપરોક્ત પક્ષકારોની રજુઆત ધ્યાને લઈને ઉપરોક્ત બન્ને અપીલોમાં આ હુકમથી

INDEX

સંયુક્ત ચુકાદો આપવામાં આવે છે. આ ચુકાદામાં ગુજરાત બેન્ક વર્કર્સ યુનીયનને હવે પછીથી ''યુનીયન'' તરીકે સંબોધવામાં આવશે.

૨. હવે સૌ પ્રથમ યુનીયનની અપીલના રેકર્ડને ધ્યાને લેવામાં આવે, તો અપીલ મેમાના ગ્રાઉન્ડમાં યુનીયને એવી રજુઆત કરી છે કે, મજુર અદાલત, જુનાગઢ દ્વારા જે ૨૦ વર્ષ અરજીનો નિર્ણય થવામાં વિલંબ થયેલ હોવાનો ઉલ્લેખ છે, તેમાં મુળ કામદારની કોઇ જવાબદારી બનતી નથી. અને તે સંબંધેના કારણોની રજુઆત કરેલી છે. વધુમાં મજુર અદાલત, જુનાગઢે જે માત્ર રૂા. ૩૫,૦૦૦નું વળતર ચુકવવાનો હુકમ પસાર કરેલો છે, તે ગેરકાયદેસરનો અને ગેરવ્યાજબી હોવા સબંધે રજુઆત કરેલી છે. અને વધુમાં સબંધીત કામદારની બેરોજગારી બાબત સાબીત કરવાની જવાબદારી બેન્કના શીરે રહેલી છે, તેવી રજુઆત નોંધાવેલ છે. તેમજ મજુર અદાલત દ્વારા કામદારની આવક સંબંધમાં જે તારણો આપેલાં છે, તે પણ યોગ્ય ન હોવા સંબંધમાં રજુઆત કરેલી છે, અને વિગતે અપીલ મેમોમાં રજુઆત કરી, મજુર અદાલતનો ચુકાદો, એ સાબીત થયેલ પુરાવાઓ આધારીત ન હોય, ગેરકાયદેસરનો હોવાની રજુઆત કરેલી છે, અને તે બાબતની રજુઆત નોંધાવી, તેઓની હાલની અપીલને ગ્રાહ્ય રાખી, મજુર અદાલતનો હુકમ રદ કરવા, અથવા તો તા. ૮-૮-૦૬ના રોજ જે હુકમ પસાર કરેલ છે, તેને મોડીફાય કરી, મુળ કામદારને પડેલાં દિવસોના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા જોઇએ, તેવી રજુઆત કરેલી છે. યુનીયન તરફેની અપીલના કામમાં આંક-૪ના લીસ્ટથી વિવિધ ચુકાદાઓની યાદી રજુ કરેલી છે, જેનો ઉલ્લેખ નીચે મુજબ છે.

નામદાર ગુજરાત હાઇકોર્ટ સને ૨૦૦૨ (૨) જી.એલ.આર. પાના ૧૩૭૯ અને નામદાર ગુજરાત હાઇકોર્ટ ૨૦૦૫ (૧) જી.એલ.આર. પાના ૫૯૪ના ચુકાદા ઉપર આધાર રાખી રજુઆત કરેલી છે કે, ૧૨ મહીનાની સળંગ નોકરી હોય, તો ૨૪૦ દિવસની હાજરી સાબીત કરવાની જવાબદારી નથી. માત્ર ત્રુટક ત્રુટક નોકરી હોય, તો જ છેલ્લા વર્ષમાં ૨૪૦ દિવસની હાજરી સાબીત કરવી પડે. અને વધુમાં ઉપરોક્ત ચુકાદાઓનો ઉલ્લેખ કરી જણાવાયેલ છે કે, કલમ ૨૫ (બી)(૧)ના કેઇસમાં ૨૪૦ દિવસની હાજરી સાબીત કરવાની જરૂર નથી. પરંતુ કલમ ૨૫ (બી)(૨)ના કિસ્સામાંજ છેલ્લા વર્ષમાં ૨૪૦ દિવસની હાજરી સાબીત કરવી પડે.

તેમજ ૧૯૯૩ (૧) એલઆઇસી પાના ૪૦, સને ૨૦૦૪ (૨) જી.એલ.આર. પાના ૧૬૧૮ના ચુકાદા સબંધે રજુઆત કરેલ છે કે, આઇ.ડી.એકટની કલમ ૨૫-એફનું પ્રોટેકશન મેળવવા એક વર્ષની સળંગ નોકરી અથવા ૨૪૦ દિવસની હાજરી સાબીત કરવી પડે. અને આઇ.ડી.એકટની કલમ ૨૫-જી અને એચનું રક્ષણ મેળવવા માટે એક વર્ષ અથવા ૨૪૦ દિવસની આવશ્યકતા નથી.

INDEX

તેમજ સ્પે.સી.એ. નં. ૧૬૮૪/૭૮નો નામદાર ગુજરાત હાઇકોર્ટનો ડીવીઝન બેન્ચનો ચુકાદો અને ૨૦૦૨(૨) જી.એલ.આર. પાના ૧૧૦૫ તથા નામદાર ગુજરાત હાઇકોર્ટનો ૨૦૦૨ (૨) એલ.આઇ.સી. પાના ૩૨૩૦ના ચુકાદા સંબંધે એવી રજુઆત થયેલ છે કે, પડેલાં દિવસોના પગાર માટે કોઇ ચોકકસ સિધ્ધાંતો નથી. સંજોગો જોઇને દાદ આપવાની રહે, તેવી રજુઆત થયેલ છે.

તેમજ સ્પે.સી.એ. નં. ૩૭૯૪/૮૮નો નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો જેમાં નોકરીમાં પુનઃસ્થાપિત થતાં કામદારને પુનઃસ્થાપિત કરવા જોઇએ. કામ નથી, એ દલીલ ચાલી શકે નહીં, તેવી રજુઆત થયેલ છે, અને સ્ટેન્ડીંગ ઓર્ડર્સની કલમ ૨૦ (૨)નું અનુમોદન કરી છુટા કરવાનું કારણ દર્શાવવું જરૂરી છે, તેવો ઉલ્લેખ કરેલો છે. આમ ઉપરોક્ત પ્રમાણે યુનીયન દ્વારા તેઓના અપીલ મેમામાં રજુઆત થયેલી છે.

આ કામે યુનીયન તરફે તેમની દલીલમાં રજુઆત થયેલ છે કે, મજુર અદાલત, જુનાગઢે સંબંધીત કામદારને બેન્ક દ્વારા છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવેલ છે. પરંતુ મજુર અદાલતે આપેલ આખરી તારણો યોગ્ય ન હોવાની દલીલ કરેલી છે, અને વધુમાં મુળ કેઇસમાં રજુ થયેલ રજુઆતમાં એક એવી પણ દલીલ કરેલી છે કે, મુળ અરજદારને મૌખિક હુકમથી નોકરીમાં રાખેલાં, અને તેઓને કોઇ લેખીત હુકમ આપેલ ન હતો, અને છુટા કરતા સમયે આઇ.ડી.એકટ, ૧૯૪૭ની જોગવાઇ મુજબ કોઇ વળતર, કે નોટીસ, કે નોટીસ પગાર ચુકવવામાં આવેલ નથી, કે કોઇ ખાતાકીય તપાસ કરેલી નથી. અને વિશેષ દલીલમાં ભારપૂર્વક એવું જણાવેલ છે કે, મુળ કામે આંક-૬થી ઉપસ્થિત કરેલ વિવાદને સાબિત કરવા માટે કેટલાંક જરૂરી દસ્તાવેજો બેન્ક દ્વારા રજુ કરવા માટે અરજી પણ ઉપસ્થિત કરેલી, અને તે અરજીમાં મજુર અદાલતનો હુકમ થવા છતાં બેન્ક દ્વારા જરૂરી દસ્તાવેજો રજુ કરવામાં આવેલ નથી, તે બાબતને પણ દર્શાવી સળંગ નોકરી બાબતમાં બેન્ક વિરૂધ્ધનું અનુમાન થવાને પાત્ર બને છે. તેવી દલીલ કરેલી છે, અને વધુમાં ભારપૂર્વક એવી પણ રજુઆત કરેલી છે કે, હાથ ઉપરના કેઇસમાં આઇ.ડી.એકટની કલમ ૨૫-એફ, જી અને એચ નો પણ ભંગ થાય છે, અને તે સંબંધમાં મુળ રેકર્ડના થયેલ પુરાવાનો ઉલ્લેખ કરેલ છે, અને તેઓએ મુળ કામે માંગેલી દાદ કાયદેસર રીતે મેળવવા હકકદાર બને છે, તેવી દલીલ કરેલ છે અને તેથી તેઓની અપીલ ગ્રાઝા રાખી, મુળ કામદારને પડેલાં દિવસોના પગાર સાથે પુનઃસ્થાપિત કરવા હુકમ કરવો જોઇએ, તેવી રજુઆત થયેલી છે. અને વિશેષમાં તેઓ દ્વારા અદાલતને કોઇ મીસલીડીંગ કરવામાં આવેલ નથી. તેમ જણાવેલ છે. કારણ કે જો કોઇ બાબત તેઓ દ્વારા છુપાવવામાં આવે, તો જ મીસલીડીંગ કહેવાય. અને તેઓએ ઉપસ્થિત કરેલ વિવાદ ૨૦ વર્ષથી પણ વધુ સમયનો હોય, અને તેમાં સંબંધિત કામદારની કોઇ કસુર ન હોવા સંબંધમાં રજુઆત

INDEX

કરેલી છે. માટે મજુર અદાલતના ચુકાદાને રદ કરી, મુળ કામમાં માંગેલ દાદ આપવી કાયદેસર રીતે જરૂરી બને છે, અને તે આપવા માટે અપીલના કામે દલીલ કરેલી છે.

૩. હવે બેન્કની અપીલ બાબતે ટુંકમાં વિગત ધ્યાનમાં લેવામાં આવે તો, બેન્ક દ્વારા એવી રજુઆત થયેલી છે કે, મજુર અદાલત દ્વારા કામદારને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર ઠરાવેલ છે, અને જે કારણો આપેલાં છે કે ૨૪૦ દિવસની નોકરી પુરી કરેલી છે, તે સંબંધમાં મજુર અદાલતનું તારણ ગેરકાયદેસર, ગેરવ્યાજબી હોવાની રજુઆત કરેલી છે અને ૨૪૦ દિવસ પુરવાર કરવાની જવાબદારી કામદારના શીરે રહેલી છે. તેવી બાબતની રજુઆત કરેલી છે, અને તે સંબંધે નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાનો પણ ઉલ્લેખ કરેલો છે, અને મજુર અદાલતનું તારણ ભુલ ભરેલું અને ગેરકાયદેસર છે, અને આઇ.ડી. એકટની કલમ-૨૫-એફનો ભંગ થયેલ હોવાના તારણમાં પાર્ટ ટાઇમ કામદાર હોવાથી લાગુ કરી શકાય નહીં. અને તેઓને પુનઃસ્થાપિત કરી શકાય નહી, અને જો તેમ કરવામાં આવે, તો તે બેકડોર એન્ટ્રી ગણાય તેવી રજુઆતો છે. તેમજ મુળ અરજી અંશતઃ મંજુર રાખી, રૂા. ૩૫,૦૦૦ નું જે વળતર ચુકવવાનો હુકમ કરેલો છે, તે પણ મજુર અદાલતનો હુકમ ગેરકાયદેસર અને ગેરવ્યાંજબી છે. તેવી રજુઆત કરેલી છે. અને આમ તેઓની મુળ અપીલ મેમાની રજુઆતના અનુસંધાને લેખીત દલીલ પણ અદાલત સમક્ષ રજુ કરેલી છે. જેમાં અપીલ મેમોમાં દર્શાવેલ બાબતોને દોહરાવેલ છે. અને મુખ્યત્વે એવો પણ ઉલ્લેખ કરેલો છે કે, યુનીયન તરફે જે દલીલો થયેલ છે, તે નામદાર કોર્ટને ગેરમાર્ગે દોરવાના હેતુથી કરેલી છે, અને વિશેષમાં મુળ રેકર્ડ સંબંધે કેટલીક બાબતોનો ઉલ્લેખ કરેલો છે, જેવી કે મુળ કામદારે જુબાનીમાં વાઉચરમાં સહી કરાવી પગાર આપતાં હોવાની કબુલાત કરેલી હોવા છતાં અને મુળ કામદાર કાયમી ન હોવા છતાં, મજુર અદાલતે જે તારણ આપેલાં છે, તે ગેરકાયદેસરના અને ગેરવ્યાજબી હોવાથી દલીલ કરેલી છે, અને આમ તેઓની અપીલને ગ્રાજા રાખી, મજુર અદાલતે જે છુટા કરવાનું પગલું અયોગ્ય ઠરાવેલ છે, તેને રદ કરવા, અને ગેરકાયદેસર અને વ્યાજબી હોવાનું જાહેર કરવા સંબંધમાં દલીલ લેખીતમાં આપેલી છે.

૪. હવે ટુંકમાં રેકર્ડને ધ્યાને લેવામાં આવે તો, મુળ કેઇસ બી.આઇ.આર. નં. ૧૨/૮૭ થી મજુર અદાલત, રાજકોટ સમક્ષ ઉપસ્થિત કરાયાનું જણાય છે, અને તેમાં કારણો રજુ કરી, અરજી તારીખ ૨જી જાન્યુઆરી, ૧૯૮૭ ના રોજ ઉપસ્થિત કરેલી છે, અને દાદમાં સંબંધીત કામદાર શ્રી ગરચરને છુટા કરવાનો બેન્કનો તારીખ ૧૪મી જુલાઇ, ૧૯૮૬નો હુકમ અયોગ્ય અને ગેરકાયદેસરનો ઠરાવી, તેમને ચાલુ નોકરીએ, ચડત પગારે લઇ લેવા હુકમ કરવા દાદ માંગેલી છે. બેન્કના જવાબમાં તેવી રજુઆત છે કે, શ્રી ગરચરે વર્ષ દરમ્યાન ૨૪૦ દિવસ પુરા કરેલાં નથી, અને તેઓની નિમણુંક વધારાના કામને પહોંચી વળવા પાર્ટટાઇમ તરીકે કરેલી હતી, અને તે કામગીરી ન રહેતાં, તેઓને છુટા કરેલા હોવાની રજુઆત કરેલી છે.

INDEX

આંક-૬ થી દસ્તાવાજો રજુ કરવા સંબંધેની યુનીયનની અરજી છે, અને જેમાં મજુર અદાલત ક્રમ નં. ૧ થી એટલે કે ગરચરની નોકરી બતાવવા માટેના પહેલેથી છેલ્લે સુધીના હાજરી પત્રક, પગાર પત્રક, અને વાઉચરો રજુ કરવા હુકમ થયાનું જણાય છે. અને મુળ કેસના રેકર્ડમાં જરૂરી દસ્તાવેજોમાં યુનીયન તરફે સ્ટાફ સરક્યુલરની ઝેરોક્ષ નકલ, જે બેન્કના શ્રી ચંદારાણા મેનેજરની સહીવાળો રજુ કરેલો છે, અને પક્ષકારો તરફેના મૌખિક પુરાવાઓ અને તેના અનુસંધાને દસ્તાવેજો રજુ થયાનું માલુમ પડે છે, અને મજુર અદાલત, જુનાગઢ દ્વારા તારીખ ૮મી ઓગષ્ટ, ૨૦૦૬ ના રોજ આખરી હુકમ દ્વારા મુળ કામદારને પુનઃસ્થાપના બદલામાં રૂા. ૩૫,૦૦૦ ચુકવવા બેન્કને હુકમ કરેલાનું માલુમ પડે છે.

૫. ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લેતાં, અત્રેની અદાલતે હવે એ બાબતે ચકાસવાની રહે છે કે, મજુર અદાલતે કરેલ હુકમ કાયદેસરનો, યોગ્ય, વ્યાજબી અને ન્યાયી છે કે કેમ ? આ સંબંધમાં મુળ રેકર્ડને જોવામાં આવે તો, અરજદારની નિમણુંક તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૮૪ થી પટાવાળા તરીકે મૌખિક હુકમથી થયાનું છે, અને બેન્કે તેઓને તારીખ ૧૪મી જુલાઈ, ૧૯૮૬ ના મૌખિક હુકમથી છુટા કરેલાં છે, અને છુટા કરવા સંબંધમાં કોઇ લેખીત હુકમ આપેલો નથી. આ સંબંધેની બેન્કની રજુઆતને જોવામાં આવે, તો સંબંધીત મુળ કામદારને નોકરીમાં રાખવા કે છુટા કર્યાની તારીખ બાબતે કોઇ વાદ કે વિવાદ હોવાનું જણાતું નથી. બેન્કનો વિવાદ માત્ર એટલો છે કે, કામદારને પાર્ટ-ટાઇમ ધોરણે વધારાના કામને પહોંચી વળવા રાખેલ હતાં, અને સંબંધીત મુળ કામદારે ૨૪૦ દિવસની હાજરી પુરી કરેલી નથી તેવો વિવાદ છે. આમ ઉપરોક્ત બાબતેની ચકાસણી કરતાં, એ બાબત નિર્વિવાદ જણાય આવે છે કે, અરજદારની નોકરી બેન્કમાં તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૮૪ થી તારીખ ૧૪મી જુલાઇ, ૧૯૮૬ ના સમય દરમ્યાન સળંગ રીતે કરેલી છે. આ હકીકત બાબતે બેન્ક મુળ કામે તેમજ અપીલના કામે સંબંધીત કામદારની ૨૪૦ દિવસની કામગીરી બાબતમાં ઉપસ્થિત કરેલ વિવાદને વળગી રહેલ છે. જે બાબતની પુરી વિગતો ધ્યાનમાં લેવામાં આવે તો મુળ રેકર્ડમાં યુનીયન તરફે તેઓના પ્લીડીંગ્ઝને સાબીત કરવા માટે પુરતાં પ્રયત્નો કરેલ ફલીત થાય છે. એટલે કે આંક-૬ ની દસ્તાવેજો રજુ કરવા અંગેની અરજી ધ્યાનમાં લેવામાં આવે તો તે અરજીના અનુસંધાને મજુર અદાલતે કરેલ હુકમ જોવામાં આવે, તો તેમાં સ્પષ્ટ હુકમ કરી મજુર અદાલતે આદેશ આપેલ છે કે, ''સબંધીત કામદારની નોકરી બતાવવા માટે પહેલાંથી છેલ્લે સુધીના હાજરી પત્રકો, પગાર પત્રકો અને વાઉચરો રજુ કરવા જરૂરી છે.'' આમ મજુર અદાલતે બેન્કને દસ્તાવેજો રજુ કરવા સબંધેનો હુકમ કરેલ હોવા છતાં કોઇ દસ્તાવેજો બેન્ક દ્વારા રજુ થયેલ હોય, તેવું રેકર્ડ જોતાં જણાય આવતું નથી. આ તબક્કે બેન્ક તરફે ૨૪૦ દિવસની કામગીરી સાબીત કરવા બાબતની જવાબદારી કામદારના શીરે રહેલી છે, તેવી ભારપુર્વકની જે રજુઆત કરી, નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાઓનો જે ઉલ્લેખ કરેલો છે, તે ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોને આ અદાલત નમ્રપણે

સ્વીકારે છે. પરંતુ આ હાથ ઉપરના કેઇસમાંથી હકીકતો ધ્યાને લેતાં, અને નામદાર સુપ્રીમ કોર્ટનો આર. એમ. યેલ્લાતી વિરૂધ્ધ આસી. એક્ઝીક્યુટીવ એન્જીનીયરના કેઇસમાં આપેલ ચુકાદો કે જે ૨૦૦૬, સુપ્રીમ કોર્ટ કેઇસીસ, લેબર એન્ડ સરવીસીઝ, પાના ૫૭૧ ઉપર પ્રસિધ્ધ થયેલ છે, તે ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને ધ્યાને લેવામાં આવે તો, તેમાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, રોજમદારના કિસ્સામાં નોમીનલ મસ્ટર રોલ/કામદારનો મૌખિક પુરાવો તથા લેખીત પુરાવો રજુ કરી ૨૪૦ દિવસની કામગીરી અરજદારે સાબીત કરવી જોઇએ. અને રોજમદારના કિસ્સામાં જ્યારે નોમીનલ મસ્ટર રોલ રજુ કરવામાં અરજી કરવી જોઇએ, અને તેમ છતાં જો રજુ કરવામાં સામાવાળા નિષ્ફળ જાય, તો સંસ્થા વિરૂધ્ધનું અનુમાન થવાપાત્ર બને છે, તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે. આમ સદર નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાના સિધ્ધાંતને ધ્યાનમાં લેતાં, હાથ ઉપરના કેઇસમાં કામદારની નોકરીની સળંગતા બાબતમાં એટલે કે ૨૪૦ દિવસ ઉપરાંત કામગીરી બાબતમાં બેન્કને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવા આદેશ થવા છતાં બેન્ક તરફથી દસ્તાવેજી પુરાવાઓ જેવા કે હાજરી પત્રક, પગાર પત્રક અને વાઉચરો રજુ કરાયેલ નથી. અને આમ બેન્કે ઉઠાવેલ તકરારને સાબીત કરેલી નથી. આમ માત્ર આ જ બાબતને ધ્યાનમાં લેવામાં આવે તો, હાથ ઉપરના કેઇસમાં કામદારની ૨૪૦ દિવસની નોકરી પરત્વેનો વિવાદ કે જે બેન્કે ઉઠાવેલ છે, તેને ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

વધુમાં પાર્ટ-ટાઇમ કામદાર એ ઔદ્યોગિક વિવાદ ધારા, ૧૯૪૭ની કલમ-૨-એસ પ્રમાણે કામદાર કહેવાય કે કેમ ? તે સબંધમાં પણ નામદાર ગુજરાત હાઇકોર્ટની ફુલ બેન્ચ દ્વારા તાજેતરમાં ચુકાદો પસાર કરી ઠરાવાયેલ છે કે, ઔદ્યોગિક વિવાદ ધારો, ૧૯૪૭ની કલમ ૨-એસમાં દરેક પાર્ટ-ટાઇમ કામદારનો ''કામદાર'' તરીકેની વ્યાખ્યામાં સમાવેશ થાય છે. જે ચુકાદો ૨૦૦૮, લેબ.આઇ.સી., પાના ૫૪૫ ઉપર પ્રસિદ્ધ થયેલ છે. આમ મુળ કામદાર પાર્ટ-ટાઇમ કામદાર હોય તો પણ તેનો કામદારની વ્યાખ્યામાં સમાવેશ થઇ જાય છે.

હવે વિવાદ બાબતે એ બાબતે નકકી કરવાપાત્ર બને છે કે, કામદારની નોકરીનો અંત લાવતાં સમયે આઇ.ડી. એકટની કલમ ૨૫-એફનું પાલન થયેલ છે કે કેમ ? આ સબંધમાં રેકર્ડ જોતાં, સ્પષ્ટરીતે જણાય આવે છે કે, કામદારને છુટા કરતાં સમયે કોઇ નોટીસ, નોટીસ પગાર કે વળતર ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ ૨૫-એફ મુજબનું ચુકવવામાં આવેલ નથી. આ સબંધમાં પણ હાથ ઉપરના કેઇસની હકીકતો જોવામાં આવે તો, ૨૪૦ દિવસની કામગીરી કર્યાનું હાથ ઉપરના કેઇસમાં પ્રસ્થાપિત થઇ જાય છે, અને તે ધ્યાને લેતાં, સબંધિત કામદારને છુટા કરતાં સમયે ઔદ્યોગિક વિવાદ ધારાની જોગવાઇઓનું પાલન ન કરતાં, મજુર અદાલતે કામદારને છુટા કરવાનું પગલું ગેરકાયદેસર, અને ગેરવ્યાજબી ઠરાવેલ છે, તે મજુર અદાલતના તારણ સાથે આ અદાલત પણ સંમત થાય છે. વધુમાં મુળ કેઇસની હકીકતો જોવામાં આવે તો, યુનીયન તરફે જે આઇ.ડી. એકટની કલમ-૨૫જી અને એચનો ભંગ થવા સબંધમાં જે રજુઆત થયેલી છે, તે

INDEX

ક્રમાંક ખ/શમક/૨૯/આર.યુ.–સને ૧૯૪૬ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૭૪ (૨) અને સને ૧૯૬૧ના મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમોના નિયમ-૭૦ થી મને આપવામાં આવેલી સત્તાની રૂએ હું, અરૂણોદય મજુર મહાજન સંઘ, મોરબી અને (૧) મે. શાંતી એક્ષપોર્ટ પ્રા. લી., અમદાવાદ અને (૨) શ્રી અખીલ ગુજરાત કોટન મઝદુર સંઘ, અમદાવાદની ઔદ્યોગિક વિવાદમાં ઔદ્યોગિક ન્યાયાલયે આપેલ નીચે મુજબના નિવેડાની સને ૨૦૦૮ના મે માસના ૩૦ માં દિને આથી નોંધ કરૂં છું.

આંક : ૧૮

શ્રી અશ્વિન બી. પંચાલ, સભ્ય, ઔદ્યોગિક અદાલત ગુજરાત,

રાજકોટ સમક્ષ.

રીવીઝન અરજી નંબર ૬/૨૦૦૭

અરૂણોદય મજુર મહાજન સંઘ, અરજદાર;
અબ્બાસ મંઝીલ, વિજય સિનેમા પાસે,
મોરબી.

વિરૂધ્ધ

(૧) મેસર્સ શાંતિ એક્ષપોર્ટ પ્રા. લી., સામાવાળા.
C/o ચીરાપલી ગૃપ ઓફ કંપની, ચીરાપલી હાઉસ,
શીવરંજની કોલોની રોડ, સેટેલાઈટ, અમદાવાદ-૧૫

(૨) શ્રી અખીલ ગુજરાત કોટન મજદુર સંઘ,
બીજો માળ, આરબ મંઝીલ, પથ્થરકુવા,
રીલીફ રોડ, અમદાવાદ.

હાજર રજા : (૧) અરજદાર તરફે : વિદ્વાન પ્રતિનિધી શ્રી દિલિપભાઈ ઠાકર
(૨) સામાવાળા નં.-૧ તરફે-વિદ્વાન એડવોકેટ શ્રી જે. એમ. પટેલ
(૩) સામાવાળા નં.-૨ તરફે-વિદ્વાન એડવોકેટ શ્રી કે. એચ. પાટીલ.

ચુકાદો

૧. અરજદાર સંઘ તરફથી અત્રેની અદાલત સમક્ષ ઉપરોક્ત રીવીજન અરજીનું કામ દાખલ કરી રજુઆતો કરેલ છે કે આંક-૧૪ ઉપર તારીખ ૨૬મી ઓક્ટોબર, ૨૦૦૭ના રોજ મજુર અદાલતે જે હુકમ પસાર કરેલ તે હુકમમાં સામાવાળા નં.-૨ને પક્ષકાર તરીકે જોડાવાનો હુકમ કરેલ છે તે કાયદાની જોગવાઈઓ વિરૂદ્ધનો હોઈ તેને રદ કરી તેઓની રીવીજનને માન્ય રાખવા અરજી કરેલ છે. સદર રીવીજન અરજીના કારણોને ટૂંકમાં જોવામાં આવે તો તેઓની એવી રજુઆત છે કે, અરજદાર મંડળ મોરબી તાલુકાના કાપડ સુતરાઉ ઉદ્યોગની માન્યતા ધરાવતું અને પ્રતિનિધિત્વ ધરાવતું માન્ય મંડળ છે. અને તે આધારે જ મજુર અદાલત, રાજકોટ સમક્ષ સામાવાળા નં. ૧ સામે તેઓ દ્વારા બી. આઈ. આર.એક્ટની કલમ-૪૬ હેઠળ ગેરકાયદેસર ફેરફાર કરતાં કલમ-૭૮ અને ૭૯ હેઠળ અરજી કરેલ છે. વધુમાં એવી રજુઆત છે કે, બી. આઈ. આર.એક્ટની કલમ-૪૨ અનુસારની નોટીસ આપ્યા વિના નવા કામદારોની ભરતી કરેલ છે અને તે સંબધે જે વિવાદ ચાલી રહેલ છે તેમાં સામાવાળા નં.-૨ને પક્ષકાર તરીકે જોડાવાનો મજુર અદાલતે કરેલ હુકમથી નારાજ થવાથી રીવીજન અરજી દાખલ કરેલ છે અને વધુમાં બી. આઈ. આર.એક્ટની કલમ-૩(૩૨),૩,(૩૩),૨૭-એ તથા ૩૦ થી ૩૩(ક)ની રજુઆત ધ્યાને લઈને તેમજ આ કલમોનું યોગ્ય અર્થઘટન ન કરીને મજુર અદાલત, રાજકોટે સામાવાળા નં.-૨ને પક્ષકાર તરીકે દાખલ કરી કાયદાની ગંભીર ભુલ કરેલ છે. આમ આ પ્રકારે રીવીજન અરજીમાં રજુઆત કરી રજુઆતના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા નવજાગૃત લેબર યુનિયન વિરૂદ્ધ અમદાવાદ ઈલેક્ટ્રીસિટી કંપની લી.,ના કેસમાં ચુકાદો આપેલ છે કે, જે ૨૦૦૮/૩ સી.એલ.આર. પાના નં.-૪૩૦ ઉપર છે તેના સંબધે રજુઆત કરી મજુર અદાલતે કાઢેલ તારણ એ કાયદાની ભૂલ છે તેવી રજુઆત થયેલ છે.

INDEX

૨. રીવીજન અરજી સાથે મજુર અદાલતે આંક-૧૪ હેઠળ કરેલ હુકમની નકલ બીડેલ છે તેમજ મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૧૧૯-ડી અન્વયેની મનાઈ અરજી પણ રજુ કરેલ છે. જે અરજી તારીખ ૨૯મી ઓક્ટોબર, ૨૦૦૭ના રોજ રજુ કરેલ અને સંબંધીત અરજીની સુનાવણી કરી અત્રેની અદાલત દ્વારા મજુર અદાલતે જે આંક-૧૪થી હુકમ પસાર કરેલ તે હુકમને સ્ટે કરવાનો હુકમ પસાર કરાયેલ અને ત્યારબાદ રીવીજન અરજી સંબંધીની સુનાવણીની કાર્યવાહી કરવાનું ઠરાવેલ.

૩. વધુમાં રીવીજન અરજીના રેકર્ડને ધ્યાને લેતાં આંક-૪થી સામાવાળા નં.-૨ તરફે હાજર થઈ લેખીત જવાબ સોગંદનામા સાથે રજુ થયેલ છે. જેની બાબતોને ટૂંકમાં ધ્યાને લેવામાં આવે તો મુખ્યત્વે રીવીજન અરજીની બાબતોનો ઈનકાર કરી રજુઆત કરેલ છે કે, મોરબી શહેરના સ્થાનિક વિસ્તારમાં અગાઉ ધી અરૂણોદય મીલ્સ લી., નામની મીલ ચાલતી હતી. જેનો સંપૂર્ણ કબજો નાણાંકિય સંસ્થાએ લઈ લીધેલ અને તેના તમામ માલ-મિલ્કત અને મશીનરીનું વેચાણ નાણાંકિય સંસ્થા દ્વારા સામાવાળા નં.-૧ને તે તમામ માલ-મિલ્કતો સામાવાળા નં.-૧ને વેચાણ આપેલ છે અને તેથી અરૂણોદય મીલ લી., નું કોઈ અસ્તિત્વ નથી અને તે રીતે મોરબી શહેરમાં સામાવાળા મીલ નં. ૧ સિવાય કોઈ મીલ ચાલુ નથી કે ઉત્પાદન થતું નથી અને તેથી બી.આઈ.આર એક્ટ ૧૯૪૬ની જોગવાઈઓ અરૂણોદય મીલ્સ અને બીજી તમામ મીલોમાં કામદારો નોકરીમાં ન હોય અને હાલના સામાવાળા નં.-૧માં સુતરાઉ કાપડનું ઉત્પાદન થતું ન હોય અને હાલમાં કામ કરતાં ૨૩૦ જેટલા કામદાર અરજદાર મહાજનના સભ્ય ન હોય અને કાયદાની જોગવાઈ મુજબ રિપ્રેઝન્ટેટીવ અને માન્ય યુનિયન તરીકેની અરજદારે માન્યતા ખોઈ દીધી હોઈ, અરજદાર-યુનિયને ખોટી છાપ ઉભી કરવા કાર્યવાહી શરૂ કરેલ છે. વધુમાં હાલ કામ કરતાં કામદારોને અરજદાર સંઘ દ્વારા બેકાર બનાવવાનું હતું અને આ કામદારોની નોકરીના રક્ષણ માટે તેમના યુનિયનમાં જોડાયેલા હોઈ, આ સંજોગોમાં કામદારોને ન પૂરી શકાય તેવું નુકશાન થાય તેથી મજુર અદાલતે જે તેઓના યુનિયનને પક્ષકાર તરીકે દાખલ કરવાનો હુકમ કરેલ છે તે યોગ્ય અને વ્યાજબી હોવા સંબધે રજુઆત કરાયેલ છે અને વધુમાં મજુર અદાલત દ્વારા કલમ-૮૦ તેમજ કલમ-૩૦,૩૧,૩૨,૩૩ અને ૩૩-એ નો યોગ્ય અભ્યાસ કર્યા બાદ તેનું સચોટ અર્થઘટન કરેલ છે. તેવી રજુઆતો જવાબથી કરેલ છે અને આંક-૫ના લિસ્ટથી દસ્તાવેજી પૂરાવાઓ રજુ કરેલ છે જેમાં યુનિયનના રજીસ્ટ્રેશનની ઝેરોક્ષ નકલ તેમજ મજુર અદાલત સમક્ષ અખીલ ગુજરાત કોટન મજુર સંઘ તર ફથી રજુ કરેલ લેખીત નિવેદન અને અરજી નં.-૨/૦૭, તારીખ ૨જી નવેમ્બર, ૨૦૦૭માં કામદારોએ આપેલ અધિકારપત્રની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

૪. આંક-૬થી સામાવાળા નં. ૧ એટલે કે, શાંતી એક્ષપોર્ટ લી., તરફે એવી રજુઆત થયેલ છે કે, હાલની રીવીજન અરજી યુનિયનની માન્યતા બાબતે છે, તેથી તેઓએ મુળ કેસ નં. ૨/૦૭ના કામમાં રજુઆતોને બાધ ન આવે તે રીતે રીવીજન અરજીની તકરારને બાધ

આવ્યા સિવાય તેઓ હાલ પુરતી કોઈ રજુઆત કરવા માગતા નથી તેવી લેખીત રજુઆત થયેલ છે. ત્યારબાદ વખતોવખતની મુદતો દરમ્યાન કેસની સુનાવણીને મુલતવી રહેલ અને કેસમાં અદાલત દ્વારા આપેલ મનાઈ હુકમ વખતોવખત લંબાવેલ છે અને ત્યારબાદ આખરી સુનાવણી તારીખ ૯મી એપ્રિલ, ૨૦૦૮ના રોજ થયેલ આંક-૧૭થી સામાવાળા નં. ૨ યુનિયન તરફે દસ્તાવેજોનું લિસ્ટ રજુ કરેલ છે. જેમાં મદદનીશ શ્રમ આયુક્ત અને સ્ટેટ રજિસ્ટ્રાર અન્ડર ગુજરાત બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ દ્વારા તારીખ ૨૧મી નવેમ્બર, ૨૦૦૭નો લંખેલ પત્રની ઝેરોક્ષ રજુ કરેલ છે અને તે પત્રના કવરની ઝેરોક્ષ રજુ કેરલ છે. આમ રીવીજનના કામે રેકર્ડમાં ઉપરોક્ત કાર્યવાહી નોંધાયેલ છે.

૫. ઉપરોક્ત બાબતે હવે મુળ કામના રેકર્ડને ધ્યાને લેતાં અરૂણોદય મજુર મહાજન સંઘ દ્વારા મજુર અદાલત સમક્ષ બી. આઈ. આર. અરજી નં. ૨/૦૭નું કામ ઉપસ્થિત કરી દાદ માંગેલ છે કે, સામાવાળા એટલે કે, શાંતી એક્ષપોર્ટ લી., દ્વારા બી. આઈ. આર. એક્ટની કલમ-૪૨(૧) અને અનુસૂચિ-૨જીની કલમ-૨ વિરૂદ્ધ નવા કામદારોની ભરતી કરેલ છે અને કરી રહેલ છે જે મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૪૬ અનુસાર ગેરકાયદેસર ફેરફાર છે અને જે વિવાદમાં આંક-૧૪થી પક્ષકાર તરીકે દાખલ થવાની અરજી અખીલ ગુજરાત કોટન મજદુર સંઘ દ્વારા થયેલ અને તે અરજી સંબધી અદાલતે આંક-૧૪ અન્વયે હુકમ પસાર કરી ત્રાહિત યુનિયનની પક્ષકાર તરીકે જોડાવવાની અરજીને મંજુર રાખી અખીલ ગુજરાત કોટન મજદુર સંઘને સામાવાળા નં.-૨ તરીકે પક્ષકાર તરીકે દાખલ કરાયેલ છે.

૬. આમ પક્ષકારોની તરફે લંબાણપૂર્વક દલીલો પણ અદાલત સમક્ષ થયેલ છે. જેમાં અરજદાર મજુર મહાજન સંઘ તરફેની દલીલમાં તેમની લેખીત રજુઆતોને સમર્થન કરતી દલીલો કરેલ છે. જેમાં મુળ અરજી સંબધે રજુઆત કરી તેમની વધુ દલીલમાં જણાવેલ છે કે, હાલનું નવું મેનેજમેન્ટ અને જુના મેનેજમેન્ટ એટલે કે, અરૂણોદય મીલ્સ કંપની લી., સામેનો વિવાદ હાલમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પડતર હોવા સંબંધે રજુઆત કરેલ છે અને તેમની દલીલમાં એવો પણ ઉલ્લેખ કરેલ છે કે, અત્રેની અદાલત દ્વારા આઈ.સી. નં.૩/૦૩ ના કામે વચગાળાની અરજી ઉપર જે હુકમ થયેલ છે તે હુકમ સંબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ન્યાય નિર્ણય માટે પડતર છે. વધુમાં એવી દલીલ કરેલ છે કે, સામાવાળા મેનેજમેન્ટ દ્વારા તેઓના માન્ય મંડળને નોટીસ એટલે કે બી. આઈ. આર. એક્ટ ૧૯૪૬ની કલમ-૪૨ (૧) મુજબની નોટીસ આપ્યા સિવાય નવા કામદારોની ભરતી કરેલ હોવાથી તેઓએ મૂળ વિવાદ ઉપસ્થિત કરેલ છે અને વધુમાં એવી પણ દલીલ કરેલ છે કે, સામાવાળા નં.-૧ દ્વારા કામદારોની ભરતી થયેલ છે તેમાં તેઓને છુટા કરવા સંબંધે તેમની અરજીથી દાદમાં કોઈ આગ્રહ સેવાયેલ નથી, પરંતુ બી. આઈ. આર. એક્ટની કલમ-૪૨(૧) સંબંધે રજુઆત કરી તેઓની પાસેથી કામ નહી લેવા બાબતે

INDEX

દાદ માગેલ છે. વધુ દલીલમાં જણાવેલ છે કે, મૂળ અરજીમાં અખીલ ગુજરાત કોટન મજદુર સંઘે આંક-૧૪ની અરજી ઉપસ્થિત કરેલ છે. વધુમાં એવી પણ દલીલ કરેલ છે કે, આંક-૧૪ની અરજી અખીલ ગુજરાત કોટન મજદુર સંઘ તરફે રજુ થયેલ છે. જે મેનેજમેન્ટ પ્રેરિત જણાય છે અને તેઓનું યુનિયન એ રિપ્રેઝન્ટેટીવ યુનીયન છે. તેઓએ મુળ કામમાં આંક-૧૫થી દસ્તાવેજો રજુ કરેલ છે જેમાં તેઓના યુનિયનની નોંધણી અંગેના પ્રમાણપત્ર વગેરે દસ્તાવેજો રજુ થયેલ છે. તેમજ સંસ્થા તરફથી લખેલ પત્રને તેઓએ ઉલ્લેખ કરેલ છે જે મૂળ કામે આંક-૧૫/૪થી છે. જેમાં સામાવાળા નં.-૧એ તેઓના યુનિયન સાથે કરારો કરવાની કાર્યવાહી બાબતે લખેલ પત્ર સંબંધે છે. તેવા દલીલમાં ઉલ્લેખ કરેલ છે અને વધુ દલીલમાં અરજદાર મજુર મહાજન યુનિયને એવી પણ રજુઆત કરેલ છે કે, મુળ કામે ત્રાહિત યુનિયનને પક્ષકાર તરીકે દાખલ કરી શકે નહી અને મજુર અદાલત દ્વારા જે કલમ-૮૦-બીનું અર્થઘટન કરેલ છે જે કાયદાની દષ્ટિએ ભુલભરેલું અને ગેરકાયદેસર છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો જે નામદાર ગુજરાત હાઈકોર્ટની ડિવીજન બેન્ચ દ્વારા અપાયેલ છે જે નવજાગૃત લેબર યુનિયન અને બીજાઓ વિરૂદ્ધ અમદાવાદ ઈલેક્ટ્રીકસીટી કંપની લી., ના કેસમાં અપાયેલ છે. જે ચુકાદો ૨૦૦૭/૩ સી.એલ.આર. પાના નં. ૪૩૦ ઉપર પ્રસિદ્ધ થયેલ છે. તે ચુકાદામાં ઉપસ્થિત થયેલ સિદ્ધાંતોને દર્શાવેલ છે. અને તેઓની હાલની રીવીજન અરજીને આ ચુકાદો મદદકર્તા છે અને આમ અરૂણોદય મજુર મહાજન સંઘ તરફથી વિગતે દલીલ કરી મજુર અદાલતે મુળ કામે આંક-૧૪ નીચે જે હુકમ ફરમાવેલ છે તે ભુલભરેલું ઠરાવીને ગેરકાયદેસર હોઈ રદ કરવા અને કાયદાની જોગવાઈઓ વિરૂદ્ધનો હોવાની રજુઆત કરી તેમની રીવીજન અરજીને માન્ય રાખવા અરજી કરેલ છે.

૭. અખિલ ગુજરાત કોટન મજદુર સંઘ તરફથી વિદ્વાન એડવોકેટ શ્રી કે. એચ. પાટીલે અદાલત સમક્ષ લંબાણપૂર્વક દલીલો કરેલ છે અને જેમાં પણ તેઓએ તેમની લેખીત રજુઆતને દલીલમાં દોહરાવેલ છે અને મુખ્યત્વે વધુ દલીલમાં દર્શાવેલ છે કે તેમના કેસમાં અરજદારની નોકરી બાબતનો પ્રશ્ન છે અને હાલની સંસ્થાનો ઉદ્યોગ જે કાપડ સુતર ઉદ્યોગમાં તેનો સંસ્થાનો સમાવેશ થતો નથી તેમજ તેઓએ લેખીત રજુઆતમાં જે મહત્વના મુદાનો ઉલ્લેખ કરેલ છે તેને ધ્યાને લેતાં તેમના યુનિયનને હાલના કામે મજુર અદાલતે જે પક્ષકાર તરીકે જોડેલ છે તે મજુર અદાલતનો નિર્ણય યોગ્ય અને વ્યાજબી ગણી શકાય તેવો છે. વધુમાં એમ જણાવેલ છે કે અરૂણોદય મજુર મહાજન સંઘ, અરૂણોદય ટેક્ષટાઈલમાં મીલ્સમાં રિપ્રેઝન્ટેટીવ યુનિયન તરીકે અસ્તિત્વ ધરાવતું યુનિયન કહી શકાય અને હાલનું મેનેજમેન્ટ જે નવા મેનેજમેન્ટ છે અને નવા મેનેજમેન્ટ આઈ. ડી. બી. આઈ. બેંક પાસેથી માલમિલ્કતો ખરીદી અને પોતાનું અસ્તિત્વ અલગ ઉભું કરેલ છે અને તેનું ઉત્પાદન પણ અલગ છે માટે મુળ કામે આંક ૧૪ની અરજી કાયદાકીય રીતે ટકી શકે તેવી છે અને વધુ દલીલોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટનો જે

INDEX

ચૂકાદો અરૂણોદય મજુર મહાજન સંઘે જે રજુ કરેલ છે તે ચૂકાદો તેમના કેસમાં મદદકર્તા બને છે તેવી દલીલો છે.

(૮) મેસર્સ શાંતી એક્ષપોર્ટ પ્રા. લિ., તરફે વિદ્વાન એડવોકેટ શ્રી જે. એમ. પટેલે પણ દલીલો કરેલ છે. જેમાં તેઓએ એડવોકેટ શ્રી પાટીલની દલીલોને સમર્થન કર્તી દલીલો અદાલત સમક્ષ કરેલ છે. આમ ઉપરોક્ત બાબતો ધ્યાને લેતાં હાલના વિવાદમાં અદાલતે એ બાબત જોવાની છે કે, મજુર અદાલતે મુળ કામ આંક ૧૪ થી જે હુકમ પસાર કરેલ છે તે યોગ્ય, કાયદેસર, વ્યાજબી અને ન્યાયી છે કે કેમ ?

(૯) સૌ પ્રથમ મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬નો કાયદો જે ઘડેલ છે તે કાયદાના ઉદેશની ચર્ચા કરવી જરૂરી જણાય છે. સંબંધિત કાયદો એ માલિકો અને કામદારોના સંબધોનું નિયમન કરવા તેમજ ઔદ્યોગિક તકરારોની પતાવટ માટે જોગવાઈ કરવા અને બીજા અમુક હેતુઓ માટે જોગવાઈ કરવા બાબતનો અધિનિયમન છે. આ કાયદામાં રિપ્રેઝન્ટેટીવ યુનિયન સંબંધે જે જોગવાઈઓ કરેલ છે તે જોગવાઈઓનો ઉદેશ કલેક્ટીવ બાર્ગેનીંગનો (સામુહીક સોદાબાજીનો) છે. ઉદ્યોગમાં ઉપસ્થિત થતા ઔદ્યોગિક વિવાદ અને ઔદ્યોગિક બાબતોમાં રિપ્રેઝન્ટેટીવ યુનિયનની કામગીરી વિશાળ કામદારોના સમુદાયના હિતોને ધ્યાને લઈ કલેકટીવ બાર્ગેનીંગના સિદ્ધાંતોને અનુસરી અને વ્યક્તિગત હીતને ન જોતાં સામૂહિક હિતો જોવાનું એટલે કે, કામદારોના સમગ્ર સમુદાયના હિતોને ધ્યાને લેવાનું છે અને તેને ધ્યાને લેતાં રિપ્રેઝન્ટેટીવ યુનિયનને કામદારોના વિશાળ સમુદાયવતી રજુઆતો કરવા અંગેની જોગવાઈઓ છે અને તે મુજબ રિપ્રેઝન્ટેટીવ યુનિયનને કાર્ય કરવાની ફરજો અને અધિકારો કાયદાએ આપેલ છે. મૂળ વિવાદમાં કામદારોવતી માન્યતા ધરાવતા-પ્રતિનિધિત્વ ધરાવતાં માન્ય મંડળ દ્વારા વિવાદ ઉપસ્થિત કરેલ છે અને જે ઉદ્યોગમાં નવા કામદારોની ભરતી કરેલ છે, તેને ગેરકાયદેસર ફેરફાર ઠરાવવા અરજી કરેલ છે અને તેને ગેરકાયદેસર ઠરાવવાનો વિવાદ ઉપસ્થિત કરેલ છે. આ સંબંધમાં મૂળ રેકર્ડને વધુ ધ્યાને લેવામાં આવે તો આંક ૧૫ના લિસ્ટથી ૧૫(૪) થી જે પત્ર રજુ થયેલ છે તે જોતાં શાંતી એક્ષપોર્ટ પ્રા. લિ., દ્વારા જારી કરેલ છે કે જે પત્રમાં સંસ્થાએ ઉદ્યોગને વેચાણથી લીધેલ હોવા બાબતનો ઉલ્લેખ કરેલ છે અને પ્રથમકક્ષાએ ટ્રાયલબેઝ ઉત્પાદન કરવા સંબંધમાં રજુઆત કરેલ છે તેમજ તેઓ જનરેટર સેટ દ્વારા વિજળી ઉત્પન્ન કરી પ્રોડકશન લઈ રહ્યા છે અને તેઓ એકંદરે મીલ ચાલુ કરવા તમામ પગલાં લઈ રહ્યા છે તેવી રજુઆત કરી, મુખ્યત્વે બી. આઈ. આર. એક્ટની જોગવાઈઓ બાબતે ઉલ્લેખ કરી અરૂણોદય મજુર મહાજન સંઘ સાથે કેટલીક બાબતોના કરાર કરવા બાબતે કંઈ કંઈ બાબતોના કરાર કરવા તે અંગેની વિગતોની માંગણી કરેલ હોવાનું જણાય આવે છે. આમ આ પત્રને ધ્યાને લેતાં હાલના સામાવાળા નં. ૧એ યુનિયનને એટલે કે, અરજદાર અરૂણ મીલ મજુર મહાજન સંઘને રિપ્રેઝન્ટેટીવ યુનિયન તરીકે

સ્વીકારે છે તેવું જણાઈ આવે છે. હવે કાયદાની જોગવાઈઓમાં કામદારોના પ્રતિનિધી તરીકે કોણ પ્રતિનિધિત્વ કરી શકે તે સંબંધમાં કેટલીક જોગવાઈઓ આ ચૂકાદામાં ટાંકવાની જરૂર હોઈ તેનો ઉલ્લેખ નીચે કરેલ છે. જેમાં કલમ ૨૭-એ, કલમ ૩૦, કલમ ૩૨ અને કલમ ૩૩ અને કલમ ૩૩-એ નીચે દર્શાવેલ છે.

Section - 27-A :- Appearance on behalf of employees.– Save as provided in Secion 32 (33 and 33-A) no employee shall be allowed to appear or act in any proceeding under this Act except through the representative of employees.

Section -30 :- Representative of employees.– Subject to the provisions of Section 33-A, the following shall be entitled (to appear or act) in the order of preference specified as the representative of employees in an industry in any local area.

Section -32 :- Persons who may appear in proceedings .– A Conciliator, A Board, an Arbitrator, a Wage Board, a Labour Court and the Industrial Court may, if he or it considers it expedient for the ends of justice, permit in individual, whether an employee or not, to appear in any proceeding before him or it :

Provided that (subject ot the provisions of section 33-(A) no such individual shall be permitted to appear in any proceedings (not being a proceeding before a Labour Court or the Industrial Court in which the legality or propriety of an order of dismissal, discharge, removal, retrenchment, termination of service or suspension of an employee is under consideration) in which a Representative Union has appeared as the representative of employees.)

Section -33 :- (Appearance for)employer .– Notwithstanding anything contained in any other provision of this Act an employee (or a representative union) shall be entitled appear through any person.

(a) in all proceedings before the Industrial Court;

(aa) in all proceedings before a wage board ;

(b) in all proceedings before a Labour Court for deciding whether a strike, lock-out (closure or stoppage) or change or an order passed by an employer under the standing orders is illegal;

(c) in such other proceedings as the Industrial Court may, on application made in that behalf permit :

Provided that a legal practitioner shall not be permitted under clause (c) to appear in any proceeding under this Act except before a Labour Court (as provided in section 83(A) or the Industrial Court :

Provided further that subject to the provisions of section 33-(A). no employee shall be entitled to appear through any person in any proceeding under this Act (not being a proceeding before a Labour Court or the Industrial Court in which the legality or propriety of an order of dismissal, discharge, removal, retrenchment, termination of service or suspension of an employee is under consideration) in which a Representative Union has appeared as the representative of employees.)

Provided also that save as aforesaid, any person (other than the Representative Union or legal practitioner) shall not be permitted to appear on behalf of an employee in any proceeding before any Court under this Act, save with the permission of the Court.)

Section -33-A :- Persons who may appear in proceeding in which there is dispute between employees and employees .– (1) In any dispute between the employees referred to arbitration of a Labour Court or the Industrial Court under section 72, all persons, who are parties to the dispute shall be entitled to appear act in the proceedings before such Court :

Provided that, where number of employees on their side exceeds five, the such employees shall elect, in the manner prescribed two persons from amongst themselves to appear and act for them.

(2) If a Representative Union desires to be heard in respect of such dispute, it may on application made to the Court, also be heard by such Court.

ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લેતાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૨૭-એ, કલમ-૩૨,૩૩ ને સાથે ધ્યાને લેતાં એવી જોગવાઈ છે કે, રિપ્રેઝન્ટેટીવ યુનિયન કામદારોના પ્રતિનિધી તરીકે હાજર થાય ત્યારે આ અધિનિયમ હેઠળની કોઈપણ કાર્યવાહી વ્યક્તિગત કામદારને કે યુનિયનને હાજર રહેવાનો કોઈ અધિકાર રહેલો નથી તેમ દર્શાવેલ છે. વધુમાં ત્રાહિત યુનિયનની શુભ દાનતને પણ જોવા અંગેની કોઈ જોગવાઈ નથી. આમ જ્યારે પ્રતિનિધીત્વ ધરાવતું યુનિયન હાજર થાય ત્યારે પડતર કાર્યવાહીમાં વ્યક્તિગત કામદારને હાજર રહેવા સંબંધકમાં કલમ-૩૨ અને ૩૩માં સંપૂર્ણ બાન મૂકેલ છે. આમ એક વખત પ્રતિનિધીત્વ કરતું યુનિયન હાજર થયા પછી કોઈ કામદારને યનીયનને હાજર રહેવાનો પ્રશ્ન ઉભો થતો નથી. વધુમાં ઉપરોક્ત દર્શાવેલ કલમ-૨૭-એ, કલમ-૩૨ અને કલમ-૩૩, કલમ ૩૩ એમાં કામદારો વતીથી હાજર થવા બાબતોનું નિયમન કરેલ છે અને એ જોગવાઈઓને ધ્યાને લેતાં રિપ્રેઝન્ટેટીવ યુનિયન કામદારો વતી સામુહીક રજુઆતો કરી શકે છે તેવો નિર્દેશ કરી શકે છે. આ સંબંધમાં વધુમાં વધુ જોવામાં આવે તો રિપ્રેઝન્ટેટીવ યુનિયનને સંગઠીત કામદારો વતી રજુઆતો કરવા સંબધમાં નામદાર સુપ્રીમ કોર્ટે શાંતુરામ ખુદાઈ વિરૂદ્ધ કિમતરાય પ્રીન્ટર્સ અને પ્રોસેસર્સ પ્રા. લી., ના કેસમાં વ્યક્તિગત કામદારને હાજર રહી પ્રતિનિધીત્વ કરવા સામે બાન

INDEX

મૂકેલ છે. તે સિદ્ધાત પ્રસ્થાપિત થયેલ છે. જે ચુકાદો ૧૯૭૮ જી.એલ.આર. પાના નં. ૨૫૯ (નામદાર સુપ્રીમ કોર્ટનો) પ્રસિદ્ધ થયેલ છે તેમજ ગીરજાશંકર કાશીરામ વિરૂદ્ધ ગુજરાત સ્પીનીંગ એન્ડ વિવીંગ કંપની લિ. ૧૯૬૨, સપ્લીમેન્ટરી ટુ સુપ્રીમ કોર્ટ પાના નં. ૮૯૦ ઉપર પ્રસિદ્ધ થયેલ છે તે ચુકાદો અને રઘુવીરપ્રસાદ માળી, સેક્રેટરી, મહાગુજરાત મીલ મજદુર યનિયન વિરૂદ્ધ અરવિંદ મીલ્સ લી,. અમદાવાદનો ચુકાદો ૧૯૯૬-૧ જી.એલ.આર. પાના નં. ૫૩૩ ઉપર છે તે તમામ ચુકાદાઓને ધ્યાને લેતાં તેનો સાર એ નીકળે છે કે જ્યારે પ્રતિનિધિત્વ ધરાવતું યુનીયન બી.આઈ.આર. એક્ટ, ૧૯૪૬ની જોગવાઈઓ અન્વયે પડતર કાર્યવાહીમાં હાજર થયું હોય ત્યારે વ્યક્તિગત કામદારને હાજર થવાનો અધિકાર રહેતો નથી અને કલમ-૩૨ અને કલમ-૩૩ અને ભારતના બંધારણનાં આર્ટીકલની કલમ-૧૪,૧૯ અને ૨૧ વ્યક્તિગત કામદારને કાર્યવાહીમાં હાજર રહેવાથી વંચિત રાખવાની ભારતમાં બંધારણની કલમ-૧૪,૧૯ અને ૨૧નો પણ ભંગ ન થતો હોવા સંબધે કાયદાકીય સિદ્ધાંતો પ્રસ્થાપિત થયેલ છે, જે અંગેનો ચૂકાદો શ્રવણકુમાર મહાદેવ ડેકોટ અને બીજા વિરૂદ્ધ અરવિંદ મીલ્સ, અમદાવાદ અને બીજાઓના કેસમાં અપાયેલ છે જે ૧૯૮૫-૨ જી.એલ.આર. પાના નં. ૭૬૭, ઉપર પ્રસિદ્ધ થયેલ છે. આમ અગાઉ ચર્ચા કરી તે પ્રમાણે બી.આઈ.આર એક્ટની ઉપરોક્ત જોગવાઈઓનો ઉદેશ કામદારોની રજુઆત સંગઠિત શક્તિથી થાય અને સામૂહિક રીતે થાય તે હેતુને ધ્યાને રાખી રિપ્રેઝન્ટેટીવ યુનિયનને અગ્રતાક્રમ આપેલ છે અને જ્યારે ઉદ્યોગમાં ઔદ્યોગિક બાબતે રિપ્રેઝન્ટેટીવ યુનિયન હાજર થઈ જાય ત્યારે સામૂહિક વિવાદમાં અન્ય કોઈને હાજર રહેવાનો કે સાંભળવાનો પ્રશ્ન રહેતો નથી તેવું કાયદાથી પ્રસ્થાપિત થયેલ છે.

(૧૦) હવે તબક્કે નામદાર ગુજરાત હાઈકોર્ટે દ્વારા નવ જાગૃત લેબર યુનિયન વિરૂદ્ધ અમદાવાદ ઈલેકટ્રીસિટી કંપની લી., ના કેસમાં આપેલ ચુકાદો જે અરજદાર મજુર મહાજન સંઘ તરફે રજુ થયેલ છે કે જે પણ નામદાર ગુજરાત હાઈકોર્ટની ડિવિજન બેન્ચ દ્વારા પસાર કરેલ છે. જેનો પેરા ૩૦ અને ૩૧માં સ્પષ્ટપણે પ્રસ્થાપિત કરેલ છે. જેને ઉલ્લેખ જરૂરી જણાતો હોઈ, નીચે મુજબ છે.

30. After having heard learned advocates appearing for the respective parties and after having gone through the memo of Civil Application, affidavit-in-reply filed by the opponent Nos. 1 & 2 as well as the written submission filed by the learned advocates on behalf of the respective parties and after having considered the relevant statutory provisions and case law on the subject, the issues which acrose for Court's consideration are as to whether under the relevant provisions of BIR, Act, when one representative Union is there in any industrial establishment, is it open for any individual member of that Union or any other union to represent the case of the members of the Union ? The other issue which arose for the Court's consideration is that after an amendment by the State Government in BIR Act, 1946 by way of an insertion of sub-section (6) in

Section 2 and after publication of Notification dated 19-4-2006, graning exemption to the opponent No. 1 Company from the provisions of the BIR Act, with a rider that provisions of Section 7 of the Bombay General Clauses Act, 1904 shall apply to such cessor as if the said BIR Act had been repealed in relation to the opponent No. 1 Company, whether, by virtue of this amendment as well as Notification the opponent No. 1 Company is still governed by the provisions of BIR Act in so fact as the pending proceedings are concerned? As far as the first issued is concerned, Mr. T. R. Mishra, learned advocate appearing for the applicant union has fairly concerned that there is no disputes about the fact that under the BIR Act, once the representative Union is there in an establishment representing the case of its members, it is not open for any individual or another Union to represent the cases of its members. We, therefore, do not think it just and proper to discuss much about the first issue. Even otherwise, the law is well settled so far as this issue is concerned. As observed earlier, in the case of Shramik Utkarsh Sabha V. Raymond Woollen Mills Ltd. & Other (*supra*), the Hon'ble Supreme Court has clearly held that the interest of industrial peace and public national interest require the employer to deal with representative Union in matters concerning all or most of the employees. In the case of Santuram Khudai v. Kimatrai Printers and Processors Pvt. Ltd, (*supra*), the Hon'ble Supreme Court has held that under BIR Act, no other employee or Union has any right to appear or act in any proceeding in which the representative Union appears under the BIR Act.

31. Following these two judgments as well as recording the submission of Mr. Mishra on this issue, we hold that if BIR Act is applicable to the opponent No. 1 Company, so far as the pending proceedings are concerned, in that case, only the opponent No. 2 Union which is a reperesentative Union has all rights to appear or act in these proceedings and no other employee or Union has any right.

આમ ઉપરોક્ત નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા કરાયેલ નિરીક્ષણને ધ્યાને લેતાં રિપ્રેઝન્ટેટીવ યુનિયન હાજર છે અને તેથી અન્ય કામદારને કે યુનિયનને હવે કોઈ રજુઆત કરવાનો હક્ક રહેતો નથી તેવું પ્રસ્થાપિત થયેલ છે. આમ ઉપરોક્ત તમામ બાબતોને ધ્યાને લેતા હાથ ઉપરના કેસમાં વ્યક્તિગત કામદારોને કે અન્ય યુનિયન મારફતે પડતર કાર્યવાહીમાં હાજર રહેવાનો અધિકાર કાયદાની ઉપરોક્ત જોગવાઈ જોતાં પ્રાપ્ત થતો નથી તેવું આ અદાલતનું સ્પષ્ટ માનવું છે.વધુમાં આ તબક્કે જે હાલના સામાવાળા નં. ૧ એટલે કે, શાંતિ એક્ષપોર્ટ પ્રા. લી., અને અખિલ ગુજરાત કોટન મજદુર સંઘ તરફે જે સંસ્થાના ઉત્પાદનની પ્રક્રિયા બાબતે જે રજુઆતો કરેલ છે તે રજુઆતો સંબંધનો વિવાદ હાલના કામે અત્રેની અદાલતે જોવાનો રહેતો નથી. તેટલું જ નહી સામાવાળાઓ દ્વારા મજુર અદાલત સમક્ષ કોઈ લેખીત દસ્તાવેજો રજુ કરી સામાવાળા નં. ૧ ની ઉત્પાદન પ્રકીયા બદલાયેલ છે કે સંસ્થાના

INDEX

ઉદ્યોગની નોંધણી બદલાયેલી છે તેવા કોઈ દસ્તાવેજો રજુ કરેલ નથી. માટે પણ સામાવાળાઓની આ દલીલને ધ્યાને લઈ શકાય તેમ નથી.

(૧૧) હવે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમની કલમ-૮૫ અન્વયેની રીવીઝન અંગેની અત્રેની અદાલતની સત્તાઓ બાબતે પણ ચર્ચા કરવાની જરૂર હોઈ ચર્ચા કરવામાં આવે તો રીવીઝન અરજીમાં ઔદ્યોગિક અદાલતે જે સત્તાઓ પ્રાપ્ત થયેલ છે તે મર્યાદિત સત્તાઓ છે અને કલમ-૮૪માં ઔદ્યોગિક અદાલતને સંપૂર્ણ સત્તા છે અને કલમ-૮૫ અન્વયે ઔદ્યોગિક અદાલતને તમામ લેબર કોર્ટ ઉપર દેખરેખ રાખવાની સત્તા છે અને આ સંબંધમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સૌરાષ્ટ્ર મજુર મહાજન સંઘ વિરૂદ્ધ ઉના તાલુકા સહકારી ખાંડ ઉદ્યોગ લી.,ના કેસમાં આપેલ ચુકાદાથી કાયદાના કેટલાક સિદ્ધાંતો પણ પ્રસ્થાપિત કરેલા છે. જેમાં મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારાની કલમ-૮૫ અન્વયે ઔદ્યોગિક અદાલતને મજુર અદાલત ઉપર સુપરવાઈઝરી પાવરની સત્તા આપવામાં આવી છે. આમ જ્યારે મજુર અદાલત દ્વારા પ્રથમ દર્શનિય રીતે કોઈ ભૂલ કરવામાં આવી હોય ત્યારે તે સંજોગોમાં ઔદ્યોગિક અદાલત તેને મળેલ સત્તાનો ઉપયોગ કરી શકે છે. એટલે કે, મજુર અદાલતે જે નિર્ણય લીધેલ છે તે નિર્ણય લેવાતાં હકુમત ન હોવા છતાં હકૂમતનો ઉપયોગ કરવામાં આવેલ હોય અથવા હકુમત હોવા છતાં હકુમતનો ઉપયોગ કરવામાં આવ્યો ન હોઈ અથવા મજુર અદાલતે ઉપયોગ કરવામાં ગેરકાયદેસર રીતે વર્તેલ હોઈ અથવા તેમાં મુખ્યત્વે અનિયમિતતા કરેલી હોય તો તેવા સંજોગોમાં ઔદ્યોગિક અદાલતને મજુર અદાલતના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાની સત્તા છે. હવે હાથ ઉપરના કેસમાં મજુર અદાલતે જે ન્યાય નિર્ણય કરેલ છે તેને જોવામાં આવે તો આંક-૧૪ ના હૂકમમાં મુખ્યત્વે કલમ-૮૦-બી ની જોગવાઈનો ઉલ્લેખ કરી અને નવી ભરતી થયેલ કામદારો વતીથી ત્રાહીત યુનિયનને સીધી અસર પહોંચે છે. તેવી રજુઆતનો ઉલ્લેખ કરી તેઓને બચાવ કરતાં અટકાવી શકાય નહીં તેમ દર્શાવી ત્રાહીત યુનિયનને પક્ષકાર તરીકે જોડવાની અરજી મંજુર કરાયેલ છે.

હવે કલમ-૮૦-બી નો ઉલ્લેખ મજુર અદાલતે કરેલ છે તે સંબંધમાં અખીલ ગુજરાત કોટન મજદુર સંઘ તરફેની દલીલમાં પણ ઉલ્લેખ કરેલ કે, કલમ-૮૦-બીનું યોગ્ય અર્થઘટન કરવામાં મજુર અદાલતની ભુલ હોઈ શકે. આમ છતાં મજુર અદાલતે જે ઉલ્લેખ કરેલ છે તેને ધ્યાને લેતાં એટલે કે, ૮૦-બી ને ફરી વખત ધ્યાને લેવામાં આવે તો એવો સ્પષ્ટ ઉલ્લેખ છે કે, જે કામદારને કલમ-૮૦-એ મુજબ હાજર રહેવાની પરવાનગી આપવામાં આવી ન હોઈ અને તેના વતી બચાવ કરવામાં આવી હોય તે કામદાર સંબંધમાં તેઓને પક્ષકાર તરીકે જોડવા તરીકેની કાર્યવાહી થઈ શકે છે તેવો ઉલ્લેખ છે. આમ ૮૦-બીની જોગવાઈને જોતાં ૮૦-એ પણ ધ્યાને લેવી જરૂરી છે અને કલમ-૮૦-એ ને ધ્યાને લેતાં ૮૦-એ માં દર્શાવાયું છે કે માલિકે અથવા મજુર અધિકારીએ લેબર કોર્ટ સમક્ષના નિર્ણય માટે કાર્યવાહી કરવાની જોગવાઈ કરેલ છે અને આમ કલમ-૮૦/એને વંચાણે લેતાં જે કામદારોને એકસરખું હિત હોય ત્યારે માલિક અથવા તો મજુર અધિકારી અરજી દાખલ કરે તેવાં કિસ્સામાં અસર થતાં કામદારોની બાબતમાં રજુઆત

INDEX

કરવાની કાર્યવાહી કરી શકવાની બાબતોનો ઉલ્લેખ છે. આમ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ કલમ-૮૦-એ અને કલમ-૮૦-બી એ હાલના ઉપસ્થિત વિવાદમાં લાગું પાડી શકાય તેમ નથી. કારણ કે આ જોગવાઈ એ જુદા પ્રકારના વિવાદ સંબંધે જુદા પરીપ્રેક્ષમાં જોવાની જોગવાઈ છે. આથી મુળ કામે અન્ય યુનિયનને પક્ષકાર તરીકે દાખલ થવા અંગે આ કલમોને લાગુ પાડી શકાય નહીં આમ તમામ બાબતોને ધ્યાને લેતાં મજુર અદાલતે જે આંક-૧૪થી ત્રાહીત યુનિયનને પક્ષકાર તરીકે જોડાવાની અરજી મંજુર રાખી છે તે મજુર અદાલતનો નિર્ણય ગેરકાયદેસરનો અને ભુલભરેલો છે.

આમ ઉપરોક્ત તમામ સંજોગોને ધ્યાને લેતાં અરૂણોદય મજુર મહાજન સંઘ દ્વારા દાખલ કરેલ રીવીજન અરજી ૬/૨૦૦૭ મંજુર રાખવામાં આવે છે અને નીચે મુજબ હુકમ પસાર કરવામાં આવે છે.

હુકમ

૧. અરૂણોદય મજુર મહાજન સંઘ દ્વારા દાખલ કરેલ રીવીજન અરજી ૬/૨૦૦૭ મંજુર રાખવામાં આવે છે. અને મજુર અદાલત દ્વારા આંક-૧૪ ઉપર તારીખ ૨૬મી ઓક્ટોબર, ૨૦૦૭ના રોજનો સામાવાળા નં.-૨ યુનિયનને શ્રી અખીલ ગુજરાત કોટન મજદુર સંઘને પક્ષકાર તરીકે જોડાવાના કરેલ હુકમને ભૂલભરેલો અને ગેરકાયદેસરનો ઠરાવી તેને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

૩. આગળની કાર્યવાહી માટે મૂળ રેકર્ડ મજુર અદાલતને પરત કરવામાં આવે છે.

રાજકોટ, તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૦૮.

અશ્વિન. બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત, ગુજરાત,
રાજકોટ.

રાજકોટ, તારીખ ૩૦મી મે, ૨૦૦૮.

કે. એન. દોશી,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 37, *Gujarat Government Gazette,* Part I—L, dated 11th September, 2008 and for pages VAD–3271 to 3462 (in 1 set) *read* page Nos. 3554 to 3745.

વિજ્ઞપ્તિ

શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલના અંક-૩૭માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૩૨૭૧ થી વીએડી-૩૪૬૨ (૫ બંચમાં) ને પાન નંબર ૩૫૫૪ થી ૩૭૪૫ વાંચવા.

Vadodara , 11th September, 2008.

S. J. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નં. એકેએચ/એલસીઆર-જે-૬૩/૨૦૦૮/આર.ટી.—મદદનીશ શ્રમ આયુક્તશ્રીનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક તકરાર કાર્યપાલક ઇજનેરશ્રી યોજના બાંધકામ વિ-૧, પ/પ બહુમાળી ભવન, રેસકોર્સ, રાજકોટ અને તેના શ્રમયોગી શ્રી ગૌતમભાઇ ભરતભાઈ નાટડા C/o આર. સી. એસોસીએટસ, ૨૨૩ હિરાપન્ના કોમ્પ્લેક્ષ, ડૉ. યાજ્ઞિક રોડ, રાજકોટ વચ્ચેની છે.

અને હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/આઈડીએફ/૧૯૭૦-૧૧૦થી સદરહુ ધારાની અનુસૂચિ-૨૨ની આઇટમ ૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે મદદનીશ શ્રમ આયુક્ત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત થયેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪માંની પેટા કલમ-૧૦ થી મળેલ સત્તાની રૂએ હું, કે. એન. દોશી, મદદનીશ શ્રમ આયુક્ત, જામનગર, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલ મજુર અદાલત, જામનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

શ્રી ગૌતમભાઇ ભરતભાઈ નાટડાને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૭મી જુલાઇ, ૨૦૦૮.

કે. એન. દોશી,
મદદનીશ શ્રમ આયુક્ત,
જામનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નં. એકેએચ/એલસીઆર/જે/૫૮/૨૦૦૮/આર.ટી.–મદદનીશ શ્રમ આયુક્તશ્રીનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક તકરાર મેનેજરશ્રી યુનાઇટેડ શીપર્સ લી. લીમડા લાઇન, જામનગર અને તેના શ્રમયોગી શ્રી અરવિંદ પ્રેમજીભાઇ પરમાર C/o ભારતીય મઝદુર સંઘ તીનબત્તી, જામનગર વચ્ચેની છે.

અને હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/આઇડીએફ/૧૯૭૦-૧૧૦થી સદરહુ ધારાની અનુસૂચિ-૨૨ની આઇટમ ૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે મદદનીશ શ્રમ આયુક્ત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત થયેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪માંની પેટા કલમ-૧૦ થી મળેલ સત્તાની રૂએ હું, કે. એન. દોશી, મદદનીશ શ્રમ આયુક્ત, જામનગર, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલ મજુર અદાલત, જામનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રી અરવિંદ પ્રેમજીભાઇ પરમારને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૭મી જુલાઇ, ૨૦૦૮.

કે. એન. દોશી,
મદદનીશ શ્રમ આયુક્ત,
જામનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નં. એકેએચ/એલસીઆર/જે/૭૧/૨૦૦૮/આર.ટી.–મદદનીશ શ્રમ આયુક્તશ્રીનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક તકરાર જાવીદ અબ્દુલભાઈ બ્લોચ, જુલેખા મસ્જીદની બાજુમાં, વશીલા હોટલની શેરી, હુશેની ચોક, મહારાજા સોસાયટી, કાલાવડ નાકા બહાર, જામનગર અને તેના શ્રમયોગી શ્રી રફિક અશરફભાઈ નાગાણી, C/o મજુર સેવા સંઘ, બેડીગેઈટ, જામનગર વચ્ચેની છે.

અને હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/આઈડીએક્ટ/૧૯૭૦-૧૧૦થી સદરહુ ધારાની અનુસૂચિ-૨૨ની આઈટમ ૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે મદદનીશ શ્રમ આયુક્ત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત થયેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪માંની પેટા કલમ-૧૦ થી મળેલ સત્તાની રૂએ હું, કે. એન. દોશી, મદદનીશ શ્રમ આયુક્ત, જામનગર, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલ મજુર અદાલત, જામનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુ-ત કરું છું.

અનુસૂચિ

શ્રી રફિક અશરફભાઈ નાગાણીને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૭મી જુલાઈ, ૨૦૦૮.

કે. એન. દોશી,
મદદનીશ શ્રમ આયુક્ત,
જામનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નં. એકેએચ/એલસીઆર/જે-૫૨/૨૦૦૮/આર.ટી.–મદદનીશ શ્રમ આયુક્તશ્રીનો એવો અભિ-પ્રાય થાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક તકરાર અધિક્ષકશ્રી જી. જી. હોસ્પીટલ, પંડિત નહેરૂ માર્ગ, જામનગર અને તેના શ્રમયોગી શ્રી વિજયસિંહ નટુભા ચૌહાણ, C/o મજુર સેવા સંઘ, બેડીગેઇટ, જામનગર વચ્ચેની છે.

અને હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/આઇડીએફ/૧૯૭૦-૧૧૦થી સદરહુ ધારાની અનુસૂચિ-૨૨ની આઇટમ ૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે મદદનીશ શ્રમ આયુક્ત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત થયેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪માંની પેટા કલમ-૧૦ થી મળેલ સત્તાની રૂએ હું, કે. એન. દોશી, મદદનીશ શ્રમ આયુક્ત, જામનગર, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલ મજુર અદાલત, જામનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રી વિજયસિંહ નટુભા ચૌહાણને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૭મી જુલાઇ, ૨૦૦૮.

કે. એન. દોશી,
મદદનીશ શ્રમ આયુક્ત,
જામનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નં. એકેએચ/એલસીઆર/જે-૬૨/૨૦૦૮/આર.ટી.–મદદનીશ શ્રમ આયુક્તશ્રીનો એવો અભિ-પ્રાય થાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક તકરાર કાર્યપાલક ઈજનેરશ્રી યોજના બાંધકામ વિભાગ-૧, ૫/૫ બહુમાળી ભવન, રેસકોર્સ સામે, રાજકોટ અને તેના શ્રમયોગી શ્રી વિરેન્દ્ર મેરામભાઈ ખાદા, C/o આર. સી. એસોસીએટસ, ૨૨૩ હિરાપન્ના કોમ્પ્લેક્ષ, ડો. યાજ્ઞિક રોડ, રાજકોટ વચ્ચેની છે.

અને હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/આઈડીએફ/૧૯૭૦-૧૧૦થી સદરહુ ધારાની અનુસૂચિ-૨૨ની આઇટમ ૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે મદદનીશ શ્રમ આયુક્ત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત થયેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪માંની પેટા કલમ-૧૦ થી મળેલ સત્તાની રૂએ હું, કે. એન. દોશી, મદદનીશ શ્રમ આયુક્ત, જામનગર, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલ મજુર અદાલત, જામનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રી વિરેન્દ્ર મેરામભાઇ ખાદાને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૭મી જુલાઇ, ૨૦૦૮.

કે. એન. દોશી,
મદદનીશ શ્રમ આયુક્ત,
જામનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નં. એકેએચ/એલસીઆર/જે-૬૮/૦૮/આર.ટી.–મદદનીશ શ્રમ આયુક્તશ્રીનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગિક તકરાર રિધ્ધી કાસ્ટ, શેડ નં. ૫૧૫/૪-બી, શંકર ટેકરી, ઉદ્યોગનગર, જામનગર અને તેના શ્રમયોગી શ્રી મુસાફીર શ્રીઆનંદ યાદવ, C/o મજુર સેવા સંઘ, બેડીગેઇટ, જામનગર વચ્ચેની છે.

અને હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/આઇડીએફ/૧૯૭૦-૧૧૦થી સદરહુ ધારાની અનુસૂચિ-૨૨ની આઇટમ ૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે મદદનીશ શ્રમ આયુક્ત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુ-ત થયેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪માંની પેટા કલમ-૧૦ થી મળેલ સત્તાની રૂએ હું, કે. એન. દોશી, મદદનીશ શ્રમ આયુક્ત, જામનગર, આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલ મજુર અદાલત, જામનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રી મુસાફીર શ્રીઆનંદ યાદવને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૭મી જુલાઇ, ૨૦૦૮.

કે. એન. દોશી,
મદદનીશ શ્રમ આયુક્ત,
જામનગર.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૧૯૨/૦૮/આઇડીઆર/એજે/૨૨૭/૨૦૦૮.—નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી., નડીયાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહું તકરારનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''ખંભાત ડેપોની ડ્રાઇવરના જે. આર. ચુડાસમા, બેજ નં. ૧૩૫ને શિક્ષાત્મક હુકમ નં. ડીસીકે/ટીઆર/ડી/૧૦૫/૦૨/૨૫૫૮, તારીખ ૨૮-૧૧-૦૩ થી વાર્ષિક પગાર વધારો ૬(છ) માસ માટે કાયમી અસરથી બંધ કરવાની કરેલ શિક્ષા રદ કરવી જોઇએ કે કેમ ?''

વડોદરા, તારીખ ૧લી જુલાઇ, ૨૦૦૮.

એસ. એન. ગોસાઈ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૧૯૩/૦૮/આઈડીઆર/એજે/૨૨૮/૨૦૦૮.—નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી., નડીયાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એ-લિ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કેએચઆર/૨૬૧/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહું તકરારનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''બોરસદ ડેપોની કંડ. શ્રી એ. એચ. પઠાણ બેજ નં. ૩૬૩૨ને શિક્ષાત્મક હુકમ નં. ડીસીકે/ટીઆર/ડી/૮૯/૦૭/૧૮૧, તારીખ ૨૧-૨-૦૮ થી વાર્ષિક પગાર વધારો ૬(છ) વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાની કરેલ શિક્ષા રદ કરવી જોઈએ કે કેમ ?''

વડોદરા, તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૮.

એસ. એન. ગોસાઈ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૧૯૪/૦૮/આઇડીઆર/એજે/૨૩૨/૨૦૦૮.—નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી., નડીયાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહું તકરારનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''આણંદ ડેપોની કંડ. શ્રી બી. જી. મકવાણા બેજ નં. ૧૫૨૫૬ ને તારીખ ૧૬-૭-૦૭ શિક્ષાત્મક હુકમ નં. ડીસીકે/ટીઆર/ડી/કેસ નં. ૩૯/૦૭/૧૧૩૧, થી વાર્ષિક પગાર વધારો બે (૨) વર્ષ બીન કાયમી અસરથી બંધ કરવાનો કરેલ હુકમ રદ કરવો જોઇએ કે કેમ?''

વડોદરા, તારીખ ૧લી જુલાઇ, ૨૦૦૮.

એસ. એન. ગોસાઈ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૧૯૫/૦૮/આઈડીઆર/એજે/૨૩૦/૨૦૦૮.–નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી., નડીયાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કેએચઆર/૨૬૧/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહું તકરારનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''બોરસદ ડેપોના કંડ. શ્રી જી. આર. વાઘરી, બેજ નં. ૪૮૩૭ ને પત્ર નં. ડીસીકે/ટીઆર/ડી/૬૮/૦૭/૧૩૫૭, તારીખ ૬-૯-૦૭ થી વાર્ષિક પગાર વધારો ચાર (૪) વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાની કરેલ શિક્ષા રદ કરવી જોઈએ કે કેમ?

વડોદરા, તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૮.

એસ. એન. ગોસાઈ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૧૯૬/૦૮/આઈડીઆર/એજે/૨૨૫/૨૦૦૮.—નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી., નડીયાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કેએચઆર/૨૬૧/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા, આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહું તકરારનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

(૧) ખંભાત ડેપોના આર્ટ. સી. મીકેનીકલ શ્રી બકોરભાઇ આર. વાલ્મીકીને હુકમ નં. ૮૩/૦૭ ડીફોલ્ટ કેસ નં. ૧૫૭/૦૬ થી જવાબદાર ગણી તારીખ ૩૦-૫-૦૭ ના હુકમથી પગારમાંથી રૂા. ૨૦,૦૦૦/- વસુલ કરવાનો હુમક રદ કરવો જોઇએ કે કેમ ? અને રીકવરી કરેલ તમામ રકમ વ્યાજસહીત આપવી જોઇએ કે કેમ?

(૨) ખંભાત ડેપોના આર્ટ. સી. મીકેનીકલ શ્રી બકોરભાઇ આર. વાલ્મીકીને હુકમ નં. ૮૪/૦૭ ડીફોલ્ટ કેસ નં. ૧૫૬/૦૬ થી જવાબદાર ગણી તારીખ ૩૦-૫-૦૭ ના હુકમથી પગારમાંથી રૂા. ૨૦,૦૦૦/- વસુલ કરવાનો હુકમ રદ કરવો જોઇએ કે કેમ ? તથા રીકવરી કરેલ તમામ રકમ વ્યાજસહીત આપવી જોઇએ કે કેમ?

(૩) ખંભાત ડેપોના આર્ટ. સી. મીકેનીકલ શ્રી બકોરભાઇ આર. વાલ્મીકીને હુકમ નં. ૮૭/૦૭, ડીફોલ્ટ કેસ નં. ૧૫૬/૦૬ ધ્વારા ચાર્જશીટ આથી ખાતાકીય તપાસ કરી દોષિત ઠરાવી તારીખ ૩૦-૫-૦૭ ના રોજ પગારમાંથી રૂા. ૨૦,૦૦૦/- રીકવર કરવાનો હુકમ કરેલ જે રદ કરવો જોઇએ કે કેમ ? તથા રીકવરી થયેલ તમામ રકમ ૧૮% વ્યાજસહીત આપવી જોઇએ કે કેમ?

INDEX

(૪) ખંભાત ડેપોના આર્ટ. સી. મીકેનીકલ શ્રી બકોરભાઇ આર. વાલ્મીકીને હુકમ નં. ૯૦/૦૭ ડીફોલ્ટ કેસ નં. ૧૫૮/૦૬ ધ્વારા ચાર્જશીટ આપી ખાતાકીય તપાસ કરી દોષિત ઠરાવી તારીખ ૩૦-૫-૦૭ ના રોજથી પગારમાંથી રૂા. ૨૦,૦૦૦/- રીકવર કરવાનો હુકમ રદ કરવો જોઇએ કે કેમ ? તથા રીકવર થયેલ તમામ રકમ ૧૮% વ્યાજ સહીત ચુકવી આપવી જોઇએ કે કેમ?

(૫) ખંભાત ડેપોના આર્ટ સી. મીકેનીકલ શ્રી બકોરભાઇ આર. વાલ્મીકીને ડીફોલ્ટ કેસ નં. ૩૩૭/૦૩ ધ્વારા તારીખ ૨૮-૨-૦૪ ના હુકમથી રૂા. ૩૦૦૦/- રીકવર કરવાનો હુકમ રદ કરવો જોઇએ કે કેમ ? અને તેના આધારે થયેલ તમામ નુકશાન ૧૮% વ્યાજ સહીત પરત આપવી જોઇએ કે કેમ?

વડોદરા, તારીખ ૧લી જુલાઇ, ૨૦૦૮.

એસ. એન. ગોસાઈ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

નાયબ શ્રમ આયુકત દ્વારા
હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચઆર/એસએચએમસી/૧૮૬/૨૦૦૮/આઇડીઆર/એજે/૧૯૯/૨૦૦૮.—નીચે સહી કરનારનો એવો અભિ-નય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત રાજ્ય વનવિકાસ નિગમ, ૭૮, વનગંગા, અલકાપુરી, વડોદરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, મજૂર અદાલત, વડોદરાને સદરહું તકરારનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''પરિશિષ્ટમાં જણાવેલ તમામ કામદારોને કાયમી કરી કાયમી કામદારોને જે લાભો આપવામાં આવે છે તેવા તમામ લાભો આપવા જોઇએ કે કેમ ?

INDEX

Annexure 'A'

રોજમદાર કામદારોને કાયમી કરી કાયમી કામદારોને મળતા તમામ લાભો આપવા બાબત.

ક્રમ નં.	કામદારનું નામ	દાખલ થયા તારીખ	હોદો/પ્રોસેસીંગ	કામનો પ્રકાર	ક્યા સાહેબના હાથ નીચે
૧	મહેશ એમ. પટેલ	૧૩-૦૮-૧૯૯૦	ટેબલેટ મશીન ઓપરેટર	રોજમદાર	સબડીવીઝન મેનેજર, પોર
૨	દિનેશ એન. વસાવા	૧૪-૦૨-૧૯૯૧	પેકીંગ/રજી. આવક-જાવક તથા દફ્તરી કામગીરી	રોજમદાર	સબડીવીઝન મેનેજર, પોર
૩	રાજેન્દ્ર એન. વસાવા	૦૧-૦૫-૧૯૯૧	પેકીંગ તથા લેબલીંગ કામગીરી	રોજમદાર	સબડીવીઝન મેનેજર, પોર
૪	રાકેશ વી. પટેલ	૦૩-૦૯-૧૯૯૧	સેલ્સમેન	રોજમદાર	સબડીવીઝન મેનેજર, પોર
૫	સતીશ એસ. પટેલ	૨૫-૦૯-૧૯૯૧	પેકીંગ તથા લેબલીંગ કામગીરી	રોજમદાર	સબડીવીઝન મેનેજર, પોર
૬	સતીશ વી. પટેલ	૧૫-૧૧-૧૯૯૧	મશીન ઓપરેટર, પેકીંગ લેવલીંગ કામ	રોજમદાર	સબડીવીઝન મેનેજર, પોર
૭	મનુભાઇ આઇ. પરમાર	૧૦-૧૦-૧૯૯૧	વોચમેન	રોજમદાર	સબડીવીઝન મેનેજર, પોર
૮	માનસીંગ કાગડભાઇ રાઠવા	૦૧-૦૪-૧૯૯૧	વોચમેન-જામ્બુઘોડા ગોડાઉન	રોજમદાર	જેતપુર-પાવી ગોડાઉન
૯	હકરીયાભાઇ છોડાભાઇ રાઠવા	૦૧-૦૮-૧૯૯૧	વોચમેન-રોણ પ્લાન્ટ, ધનીવાડી ખાતે	રોજમદાર	કાવાટના તાબા હેઠળ
૧૦	અમરસિંગ કાગડાભાઇ રાઠવા	૦૧-૦૪-૧૯૯૧	વોચમેન-સબ ડીવીઝન મેનેજર	રોજમદાર	જામ્બુઘોડા તાબા હેઠળ
૧૧	હરેશભાઇ બી. રાઠવા	૦૧-૦૮-૧૯૯૧	વોચમેન	રોજમદાર	જામ્બુઘોડા તાબા હેઠળ
૧૨	પ્રવિણભાઇ કે. બારીયા	૦૧-૦૪-૧૯૯૧	વોચમેન-સબ ડીવીઝન, જામ્બુઘોડા	રોજમદાર	જામ્બુઘોડા તાબા હેઠળ

INDEX

૧	૨	૩	૪	૫	૬
૧૩	નિર્મલ સી. બારીયા	૦૧-૦૪-૧૯૮૧	વોચમેન, જામ્બુઘોડા	રોજમદાર	ડે. મેનેજરના તાબા હેઠળ
૧૪	અશોકભાઈ ગરબડભાઈ વસાવા	૨૧-૦૮-૧૯૯૧	વોચમેન, વડી કચેરી ખાતે, વોચમેનની કામગીરી.	રોજમદાર	મુખ્ય કચેરી, વડોદરા.
૧૫	દિનેશભાઈ ભીખાભાઈ પુરોહિત	૦૫-૦૬-૧૯૯૧	ડ્રાઈવર, વડી કચેરી ખાતે, ડ્રાઈવરની કામગીરી.	રોજમદાર	મુખ્ય કચેરી, વડોદરા.
૧૬	સુનિલભાઈ રામપ્રસાદ તડવી	૧૭-૦૭-૧૯૯૦	પટાવાળા, વડી કચેરી ખાતે મોબાઈલ વાન ક્લીનરની કામગીરી.	રોજમદાર	મુખ્ય કચેરી, વડોદરા.
૧૭	જસવંતભાઈ સુકાભાઈ ડોડીયા	૨૯-૦૬-૧૯૯૨	પટાવાળા, વડી કચેરી ખાતે પટાવાળાની કામગીરી.	રોજમદાર	મુખ્ય કચેરી, વડોદરા.
૧૮	કૌશિકભાઈ મહેન્દ્રભાઈ યાદવ	૨૩-૦૯-૧૯૯૨	પટાવાળા	રોજમદાર	ગાંધીનગર.
૧૯	નિવાઝભાઈ છત્રસિંહ મહીડા	૨૯-૦૬-૧૯૯૨	ફાજલપુર નર્સરીમાં કામગીરી.	રોજમદાર	ફાજલપુર.
૨૦	શામતસિંહ બેચરભાઈ ડોડીયા	૨૯-૦૬-૧૯૯૨	ફાજલપુર નર્સરીમાં કામગીરી.	રોજમદાર	ફાજલપુર.
૨૧	શ્રીમતિ સ્વરૂપબેન શામતસિંહ ડોડીયા	૨૯-૦૬-૧૯૯૨	ફાજલપુર નર્સરીમાં કામગીરી.	રોજમદાર	ફાજલપુર.
૨૨	અમરસિંહ શામતસિંહ પરમાર	૨૯-૦૬-૧૯૯૨	ફાજલપુર નર્સરીમાં કામગીરી.	રોજમદાર	ફાજલપુર.
૨૩	ભાઈલાલભાઈ મેલાભાઈ કોટવાર	૨૯-૦૬-૧૯૯૨	ફાજલપુર નર્સરીમાં કામગીરી.	રોજમદાર	ફાજલપુર.
૨૪	રતનબહાદુર કરનબહાદુર ખત્રી	૧૪-૦૨-૧૯૯૧	પટાવાળા	રોજમદાર	મુખ્ય કચેરી, વડોદરા.
૨૫	રતિલાલ એસ. વણકર	૧૪-૧૦-૧૯૯૦	માર્કેટીંગ	રોજમદાર	વડી કચેરી.

વડોદરા, તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૮.

એસ. એન. ગોસાઈ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

નાયબ શ્રમ આયુક્ત દ્વારા
હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચઆર/એસએચએમસી/૧૮૭/૦૮/આઈડીઆર/એજે/૨૦૬/૨૦૦૮.—નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ડાયામાઈન્સ એન્ડ કેમીકલ્સ લી. ૧૩, પીસીસી એરીયા, મુ.પો. પેટ્રોફિલ્સ, તા. જિ. વડોદરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કેએચઆર/૨૬૧/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહું તકરારનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''સંસ્થામાં કામ કરતા સીક્યુરીટી હેડ ગાર્ડ શ્રી ભગવાનસિંહ ડી. ગોહેલને તા. ૧૪-૧૧-૦૭ના રોજના હુકમથી તા. ૧૫-૧૧-૦૭, તા. ૧૬-૧૧-૦૭ના રોજ દિન-૨ માટે કંપનીની ફરજમાંથી સસ્પેન્શન કરવામાં આવેલ છે તે હુકમ રદ કરી પુરેપુરો પગાર અને લાભો આપવા જોઈએ કે કેમ?

વડોદરા, તારીખ ૧લી જુલાઈ, ૨૦૦૮.

એસ. એન. ગોસાઈ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચઆર/એસએચએમસી/૧૮૮/૦૮/આઇડીઆર/એજે/નામક/વડો/૨૦૫/૨૦૦૮.– નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ડાયામાઇન્સ એન્ડ કેમીકલ્સ લી. ૧૩, પીસીસી એરીયા, મુ.પો. પેટ્રોફિલ્સ, તા. જિ. વડોદરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કેએચઆર/૨૬૧/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહું તકરારનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''સંસ્થામાં કામ કરતા સીક્યુરીટી હેડ ગાર્ડ શ્રી ગૌતમભાઇ ડી. ડાભીને તા. ૧૫-૧૧-૦૭ના હુકમથી તા. ૧૭-૧૧-૦૭ ના રોજ દિન-૧ માટે કંપનીની ફરજમાંથી સસ્પેન્શન કરવામાં આવેલ છે તે હુકમ રદ કરી પુરેપુરો પગાર અને લાભો આપવા જોઇએ કે કેમ?

વડોદરા, તારીખ ૧લી જુલાઇ, ૨૦૦૮.

એસ. એન. ગોસાઈ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચઆર/એસએચએમસી/૧૮૯/૦૮/આઈડીઆર/એજે/૨૨૧/૨૦૦૮.–નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. ગોધરા વિભાગ, ગોધરા, જિ. પંચમહાલ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કેએચઆર/૨૬૧/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧(બી) થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા હેઠળ રચાયેલ જજ, ઔદ્યોગિક ન્યાયપંચ, વડોદરાને સદરહું તકરારનો ન્યાય નિર્ણય માટે મોકલી આપું છું.

અનુસૂચિ

''દાહોદ ડેપોના ડ્રાઇવર શ્રી સલીમ વી. શેખ બેજ નં. ૬૦૮ ને શિક્ષાત્મક હુકમ નં. ૨૨૦/૨૦૦૭, તારીખ ૧૭-૧૦-૨૦૦૭ થી મુળ પગાર પર મુકવાની કરેલ શિક્ષા રદ કરવી જોઇએ કે કેમ ? તથા તેને લીધે થયેલ આર્થિક નુકશાન ભરપાઇ કરી આપવું જોઇએ કે કેમ?

વડોદરા, તારીખ ૧લી જુલાઇ, ૨૦૦૮.

એસ. એન. ગોસાઈ,
નાયબ શ્રમ આયુક્ત,
વડોદરા.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચઆર/એસએચએમસી/૧૯૦/૨૦૮/આઈડીઆર/એજે/૨૨૦/૨૦૦૮.—નીચે સહી કરનારનો એવો અભિ-નય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. ગોધરા વિભાગ, ગોધરા, જિ. પંચમહાલ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ અન્વયે સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કેએચઆર/૨૬૧/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતી ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુક્તને સુ-ત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ શ્રમ આયુકત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમમાં રાજકોટ વિભાગનાં જેતપુર ડેપો ખાતે કન્ડકટર તરીકે ફરજ બજાવતા શ્રી નારણભાઈ હંસરાજભાઈ ધડુકને સજા કરવામાં આવેલ છે તેની વિગત આ પ્રમાણે છે.

(૧) પ્રથમ અપીલ નં. વિની/અમરેલી/વહીવટ/પ્ર. અપીલ/૧૦૦૬, તા. ૧૧-૨-૨૦૦૬ થી મુળ સજામાં ઘટાડો કરી બે (૨) વર્ષ માટે કાયમી અસરથી પગાર વધારો બંધ કરવાની સજા ગેરકાયદેસર કરેલ છે.

આમ આગામી વાર્ષિક પગાર વધારો કાયમી અસરથી બે (૨) માસ માટે બંધ કરવાનો ગેરકાયદેસર હુકમ કરેલ છે, જે હુકમ તદ્દન ગેરવ્યાજબી, ગેરકાયદેસરના, કુદરતી ન્યાયના સિધ્ધાંતો અને પ્રસ્થાપિત કાયદાઓની જોગવાઈઓ વિરૂધ્ધના હતા અને છે કે કેમ ? તેથી તે રીતે કરેલ સજાનો હુકમ રદ કરવો કે કેમ ? તેમજ પગાર તફાવતની રકમ તેના એરીયર્સ સાથે અને તેના પર ૧૮% લેખેના વ્યાજ સાથે માલિક શ્રમયોગીને ચુકવી આપે કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૧મી જુલાઈ, ૨૦૦૮.

(સહી) **અવાચ્ય,**
નાયબ શ્રમ આયુકત,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૮૮૭૮/૫.૨/આઈડીઆર/એજે/૫૪/૨૦૦૮.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર રેમોન પટેલ જીલેટીન પ્રા.લી., મુ. વાસદ, જિ. આણંદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

INDEX

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧/૧૭૩/આઈડીએ/૧૦૨૦૦૧/૬૦૭/મ (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ નડીયાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી નં.-૧.- બોનસ અંગે સંસ્થાના શ્રમયોગીઓને હિસાબી વર્ષ ૨૦૦૬-૦૭ના વર્ષ પેટે ૨૦ ટકા લેખે બોનસ અપાવવું કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૦૮.

(સહી) **અવાચ્ય,**
શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૮૮૭૯/૫.૨/આઈડીઆર/એજે/૧૬/૨૦૦૮.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ઇન્ડીયન ડેરી મશીનરી કું. લી., વિ.યુ. નગર, જિ. આણંદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧/૧૭૩/આઈડીએ/૧૦૨૦૦૧/૬૦૭/મ (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની

INDEX

આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી નં.-૧.- શ્રમયોગીઓને સને ૨૦૦૫-૨૦૦૬ના વર્ષનું ૨૦ ટકા લેખે બોનસ તેમજ ૫ ટકા લેખે એક્સગ્રેસીયા રકમ દિવાળીના ૨૦ દિવસ પહેલા ચુકવવી કે કેમ ?

માંગણી નં.-૨.- કામ કરતા શ્રમયોગીઓને દિવાળીના તહેવાર માટે ફેસ્ટીવલ એલાઉન્સ પેટે બે પગારની રકમ ચુકવવી કે કેમ ?

ગાંધીનગર, તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૦૮.

(સહી) **અવાચ્ય,**
શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૧૦૬૯/આઈડીઆર/એજે/૯૫/૦૮.-નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ, રાણપુર (રાણપુર) અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની

INDEX

આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકત, અમદાવાદને સુ-ત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદ, મજુર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થામાં કામ કરતા વણાટ કારીગર શ્રી દલાભાઈ દેહાભાઈ વાઘને તા. ૨૮-૯-૨૦૦૭ના રોજ આપેલ ત્રણ દિવસના સસ્પેન્શનનો હુકમ ગેરકાયદેસર, કુદરતી ન્યાયના સિધ્ધાંત અને સ્ટેન્ડીંગ ઓર્ડર વિરૂધ્ધનો હોઈ તે રદ કરવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૧૦૭૦/આઈડીઆર/એજે/૯૯/૦૮.-નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સ્ટેલમેક પ્રા.લી. અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકત, અમદાવાદને સુ-ત કરેલ છે.

INDEX

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદ મજુર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

આઈડી કેસ નં. ૩૮/૦૭.

માંગણીઓનું પરિશિષ્ટ

(૧) કંપનીમાં કામ કરતા તમામ કામદાર-કર્મચારીઓને ૯૦ દિવસની નોકરીબાદ કંપનીમાં કાયમી કામદારો ગણી તેઓને તમામ લાભો આપવા જોઈએ કે કેમ ?

(૨) કંપનીમાં રોકાયેલ તમામ કામદારોને તા. ૧-૧-૦૬ની અસરથી પ્રતિમાસ રૂા. ૧૦૦૦/- પગારમાં વધારો આપવો અને દરેક વર્ષે દરેક કામદાર કર્મચારીના પગારમાં રૂા. ૨૫૦/- પગાર વધારો કરવો જોઈએ કે કેમ ?

(૩) દરેક કામદારને માસિક રૂા. ૩૦૦/- સ્થિર મોંઘવારી ભથ્થું આપવુ જોઈએ કે કેમ ?

(૪) દરેક કામદાર-કર્મચારીને સીમલા બ્યુરો, ૧૯૮૨=૧૦૦ના ૫૯૦ આંકને આધાર ગણી પ્રતિઆંક રૂા. ૯/- લેખે ચલિત મોંઘવારી ભથ્થું ચુકવવું જોઈએ કે કેમ ?

(૫) દરેક કામદાર-કર્મચારીને દર વર્ષે ૩ જોડી ટેરીકોટન કાપડના સારી ગુણવત્તાવાળા યુનિફોર્મ, એક જોડી બુટ અને સ્લીપર તેમજ ૪ જોડી મોજા આપવા જોઈએ કે કેમ ?

(૬) દરેક કામદાર-કર્મચારીને પ્રતિમાસ રૂા. ૨૦૦/- વોશીંગ એલાઉન્સ આપવું જોઈએ કે કેમ ?

(૭) દરેક કામદાર-કર્મચારીને પ્રતિમાસ રૂા. ૧૨૦૦/- ઘરભાડું આપવું જોઈએ કે કેમ ?

(૮) દરેક કામદાર-કર્મચારીને પ્રતિમાસ રૂા. ૬૦૦/- જવા-આવવા માટે કન્વેયન્સ એલાઉન્સ ચુકવવું જોઈએ કે કેમ ?

(૯) દરેક કામદાર-કર્મચારીને પ્રતિમાસ ૧૨ કેજયુઅલ રજા, ૧૨ માંદગીની રજા, ૩૦ પ્રિવીલેજ લીવ તેમજ ૧૬ જાહેર રજા અને અઠવાડીક રજા ભરપગારે આપવી જોઈએ કે કેમ ?

(૧૦) દરેક કામદાર-કર્મચારીને સલામતિના સાધનો પુરા પાડવા જોઈએ કે કેમ ?

INDEX

(૧૧) નોકરીની દાખલ તારીખથી જયાં સુધી લઘુત્તમ વેતન મુજબનો પગાર ચુકવવામાં ન આવે ત્યાં સુધીનો લઘુત્તમ વેતનનો તફાવત ૧૨ ટકા વ્યાજ સાથે ચુકવવો જોઈએ કે કેમ ? અને દરેક કામદાર-કર્મચારીને તેઓ પાસેથી ૧૨ કલાક કામ લીધેલ છે તેનો ૪ કલાકનો ઓવરટાઈમ ડબલ પગારે ચુકવી આપવો જોઈએ કે કેમ ?

(૧૨) દરેક કામદાર-કર્મચારીનો પગાર એકાઉન્ટ પેઈ ચેકથી કરવો જોઈએ કે કેમ ?

આ તમામ માંગણીઓનો અમલ તા. ૧-૧-૨૦૦૬થી કરવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૧૦૭૧/આઈડીઆર/એજે/૧૦૦/૦૮.-નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ધી ખાંભડા ગૃપ સેવા સહકારી મંડળી લી. + ૨ અને તેના શ્રમયોગી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી)(૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજય માટે નાયબ શ્રમ આયુકત, અમદાવાદને સુ-ત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદ, મજુર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

પરિશિષ્ટ 'અ'

શ્રી ગુજરાત રાજય સહકારી સંસ્થા કર્મચારી મહામંડળ, 'સહકાર સદન', ૨૧૧, બીજો માળ, રીલીફ શોપીંગ સેન્ટર, એસ.વી. કોલેજ રોડ, જી.પી.ઓ. પાસે, અમદાવાદના તા. ૨૫-૬-૨૦૦૭ના પત્રથી ખાંભડા સેવા સહકારી મંડળી લી., મુ.પો. ખાંભડા, તા. ભરવાળા, જિ. અમદાવાદ સામેની માંગણીઓનું પરિશિષ્ટ :-

(૧) પગાર ધોરણ બાબત :

મંડળીમાં કામ કરતાં કર્મચારીઓને હાલમાં જે પગાર ચુકવવામાં આવે છે તે તેની કામગીરી, જવાબદારી, લાયકાત અને અનુભવના પ્રમાણમાં સાવ નહિવત છે અને પાછો આ પગારમાં જે કાંઇ વધારો આપવામાં આવે છે તેમાં કોઇ એકસુત્રતા નથી. મનફાવે તો વધારો આપવામાં આવે છે અન્યથા આપવામાં આવતો નથી. આ હકીકત વ્યાજબી કે યોગ્ય નથી. તો નીચેનું પગાર બેઝીક ધોરણ આપવાથી જેટલા વર્ષ કર્મચારીઓએ મંડળીમાં કામ કર્યુ હોય તેટલા વર્ષની સર્વિસની ગણતરી કરી પગાર ફીટ કરશો. આ પગાર ફીટ કરતી વખતે બે વર્ષે એક ઈન્ક્રીમેન્ટ આપી પગાર ફીટ કરવાનો છે એટલે કે એક કર્મચારીનો રૂા. ૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦નો ગ્રેડ માંગેલો છે. આ કર્મચારીએ સંસ્થામાં ૧૦ વર્ષ કામ કર્યુ હોય તો રૂા. ૬૫૦૦-૧૦૦૦-૭૫૦૦ બેઝીક પગાર આજ થી ચુકવવાનો થાય તો આ ધોરણે તમામ કર્મચારીના પગારો બેઝીક ફીટ કરશોને ચુકવવા માંડશો.

ક્રમ	કર્મચારીનો હોદ્દો	બેઝીક પગારનો ગ્રેડ
૧.	મેનેજર	૧૦,૦૦૦-૩૨૫-૧૫૨૦૦
૨.	આસી. મેનેજર/સેક્રેટરી	૬૫૦૦-૨૦૦-૧૦૫૦૦
૩.	સીનીયર કલાર્ક	૫૦૦૦-૧૫૦-૮૦૦૦
૪.	એકાઉન્ટન્ટ	૫૦૦૦-૧૫૦-૮૦૦૦
૫.	જુનીયર કલાર્ક	૫૦૦૦-૧૫૦-૮૦૦૦
૬.	કેશિયર	૫૦૦૦-૧૫૦-૮૦૦૦
૭.	કલાર્ક	૪૦૦૦-૧૦૦-૬૦૦૦
૮.	ગોડાઉન કીપર/દૂધ ભરનાર	૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦
૯.	પગી/પટાવાળા	૩૦૫૦-૭૫-૩૯૫૦-૮૦-૪૫૯૦
૧૦.	બીલ કલાર્ક/ડ્રાઇવર	૪૦૦૦-૧૦૦-૬૦૦
૧૧.	દુકાન સંચાલક/બીલ કલાર્ક-કમ શોપ મેનેજર	૫૦૦૦-૧૫૦-૮૦૦૦

ઉપર પ્રમાણે હોદ્દાવાર બેઝીક પગાર ચુકવવા વિનંતી.

INDEX

(૨) **મોંઘવારી** :-આપની સહકારી મંડળીમાં હાલમાં કોઇ મોંઘવારી ચુકવવામાં આવતી નથી. આવે છે તો પણ અવાસ્તવીક રીતે મોંઘવારી ચુકવવાનું ધોરણ ગોઠવાયેલું છે. આમ અયોગ્ય અને અવાસ્તવિક છે. જેથી ઓલ ઇન્ડયા પ્રાઇસ ઇન્ડેકસ કેન્દ્ર સરકાર અથવા ગુજરાત સરકાર જે ધોરણે તેમના કર્મચારીઓને મોંઘવારી આપે છે તે ધોરણે મોંઘવારી ચુકવવા વિનંતી છે. આ ત્રણ મોંઘવારીના ધોરણો પૈકી કોઇપણ એક ધોરણે મોંઘવારી ચુકવવાનો શરૂ કરવા અનુરોધ છે.

(૩) **ઘરભાડું** :-આપની સહકારી મંડળીમાં કામ કરતા કર્મચારીઓને કોઇ જાતનું ઘરભાડું ચુકવવામાં આવતું નથી. જે અયોગ્ય, અવાસ્તવિક અને ન્યાય સાથે સુસંગત નથી. જેથી બેઝીક પગાર અને મોંઘવારી બંનેનો જે આંકડો થાય તેના ઓછામાં ઓછા દસ ટકા ઘરભાડું ચુકવવા વિનંતી છે. એટલે કે એક કર્મચારીના બેઝીક પગાર રૂા. ૩૦૦ નક્કી થયો હોય અને મોંઘવારી ઉપરના ત્રણ ઓપ્શન પૈકી કોઇ પણ એક અનુસાર ૩૦૦ મોંઘવારી ચૂકવાતી હોય તો ૬૦૦ ઉપર ૧૦ ટકા ચુકવવા.

(૪) **પ્રોવિડન્ડ ફંડ** :-આપની સહકારી મંડળીમાં કામ કરતા કર્મચારીઓને પ્રોવિડન્ડ ફંડનો લાભ આપવામાં આવતો નથી. તો બેઝીક અને મોંઘવારી મળી જે રકમ થાય તેના ઓછામાં ઓછા ૧૦ ટકા પ્રોવિડન્ડ ફંડ ફાળો કાપી સામે એટલી જ રકમ મંડળીની ઉમેરી જે રકમ થાય તે તમામ રકમ ડીસ્ટ્રીકટ કો.ઓપ. બેન્કમાં પ્રોવિડન્ડ ફંડનું અલગ ખાતું ખોલી તેમાં નિયમિત જમા કરાવવા વિનંતી છે. આ ખાતામાંથી નાણાં મંડળીના કામકાજ માટે ઉપાડી શકાય નહી. પરંતુ કર્મચારીને પોતાની જમા થયેલી રકમમાંથી લોન જોઇતી હોય તો લોન આપવાનું ધોરણ ગોઠવવા અને આ ખાતામાં જે કોઇ વ્યાજની આવક થાય તે તમામ રકમ જે તે કર્મચારીને છેલ્લે છુટા થતા મળે તેવું ગોઠવવા વિનંતી છે. જો આપની મંડળીએ પ્રોવિડન્ડ ફંડના નિયમો અપનાવ્યા ન હોય તો સાથેના પરિશિષ્ટ(૧) નમુના મુજબના પ્રોવિડન્ડ ફંડના નિયમો અપનાવી ડીસ્ટ્રીકટ રજીસ્ટ્રારશ્રી સહકારી મંડળીઓ પાસે મંજુર કરાવી લેવા વિનંતી છે.

(૫) **ગ્રેજ્યુઈટી** :-આપની મંડળીમાં કામ કરતા કર્મચારીઓને હાલમાં ગ્રેજ્યુઈટીના લાભો આપવામાં આવતા નથી. કર્મચારી જ્યારે નિવૃત્ત થાય ત્યારે અથવા રાજીનામું આપી છુટો થાય ત્યારે ગ્રેજ્યુઈટીની રકમ ચુકવવાનું કોઇ ધોરણ નથી. જેથી આપની મંડળીએ આ સાથેના પરિશિષ્ટ (૨) મુજબ ગ્રેજ્યુઈટીના નિયમો સ્વીકારી જીલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ પાસે મંજુર કરાવીને તે પ્રમાણે કર્મચારી નિવૃત્ત થાય ત્યારે અથવા રાજીનામું આપે ત્યારે ગ્રેજ્યુઈટીની રકમ ચુકવવા વિનંતી.

(૬) **જુદા જુદા પ્રકારની રજાઓ** :-આપની સહકારી મંડળીમાં કર્મચારીઓની કોઇ રજાનો લાભ આપતી નથી જે અયોગ્ય અને અવાસ્તવિક છે. જેથી કર્મચારીઓને નીચેની રજા આપવાનું નક્કી કરી જાણ કરવા વિનંતી.

INDEX

(૧) **કેજયુઅલ રજાઓ (પરચુરણ રજાઓ)** :-કર્મચારી વર્ષમાં ઓછામાં ઓછી પંદર રજા આપવા વિનંતી છે. આ રજાઓ વર્ષમાં કર્મચારીઓ ભોગવે નહી તો કર્મચારીને મોંઘવારી સાથેનો પગાર ચુકવી આપવો. આ રજા વધુમાં વધુ એક સાથે ત્રણ દિવસ મળે ને ત્રણ દિવસથી વધુ જોઈતી હોય તો પરચુરણ રજા મળે નહિ પણ તેના માટે કર્મચારીને હક્ક રજા માંગવી જોઈએ.

(૨) **હક્ક રજા** :-આપની સહકારી મંડળીમાં કામ કરતા કર્મચારીઓને કોઈ જાતની હક્ક રજા આપવામાં આવતી નથી જે અયોગ્ય અને અવાસ્તવિક છે. જેથી ઓછામાં ઓછી વર્ષમાં ૩૦ દિવસ હક્ક રજા આપવાનું ધોરણ નક્કી કરવા વિનંતી છે. આ હક્ક રજા વધુમાં વધુ ૧૮૦ દિવસ એકઠી કરી શકાય. જો કર્મચારી આવી રજા ૧૮૦ દિવસથી વધુ એકઠી થઇ હોય તો ૧૮૦ દિવસથી વધારાની તમામ રજાઓ રદ થાય અને જો નાબુદ થતી રજાઓ કર્મચારી પગાર લેવા માંગતા હોય તો ૩૦ દિવસ રજા બેલેન્સમાં રાખીને બાકીની તમામ રજાનો પગાર મોંઘવારી સાથે ચુકવી આપવાનું ધોરણ નક્કી કરવા માંગણી છે.

(૩) **માંદગીની રજા** :- આપની સહકારી કંપનીમાં કામ કરતા કર્મચારીઓને કોઇ જાતની માંદગીની રજા આપવામાં આવતી નથી. જે અયોગ્ય અને અવાસ્તવિક છે. જેથી ઓછામાં ઓછી વર્ષમાં ૧૫ દિવસની માંદગીની રજા આપવાનું ધોરણ નક્કી કરવા વિનંતી છે. આ માંદગીની રજા વધુમાં વધુ ૯૦ દિવસ એકઠી કરી શકાય. જો કર્મચારીની આવી રજા ૯૦ દિવસથી વધુ એકઠી થઇ હોય તો રદ થાય. આવી માંદગીની રજા ત્રણ દિવસથી વધુ જોઈતી હોય તો ડોકટરશ્રીના સર્ટિફિકેટથી મંજુર કરાવવાનું ધોરણ રાખવા વિનંતી.

(૪) **અઠવાડીક રજા** :- આપની સહકારી મંડળીમાં અઠવાડીક રજાઓ પણ અપાતી નથી અને કર્મચારીને અઠવાડીક રજા આપતી નથી. જે યોગ્ય અને વાસ્તવિક નથી. તો અઠવાડીયે કોઇપણ એક દિવસ મંડળી બંધ રહે તેવું ધોરણ ગોઠવવા વિનંતી છે.

(૫) **જાહેર તહેવારની રજાઓ** :-આપની સહકારી મંડળી ગુજરાત સરકાર જે રજાઓ જાહેર કરે છે તે રજાઓએ બંધ રહેતી નથી અને કર્મચારી પાસેથી કામ લે છે. જેથી ગુજરાત સરકાર જે રજાઓ જાહેર કરે તે દિવસે બંધ રહે તેવું ધોરણ ગોઠવવા વિનંતી છે.

(૭) **મેડીકલ એલાઉન્સ** :-આપની સહકારી મંડળીના કર્મચારીઓ કે તેમના કુટુંબીજનો માંદગીમાં સપડાય ત્યારે તેમને કોઇ જાતનું મેડીકલ એઇડ આપવામાં આવતું નથી. તો આવી માંદગીના સમયે માંદગીના બીલોની થતી રકમ કર્મચારીને મેડીકલ એઇડ તરીકે ચુકવી આપવાની જાણ અપનાવવા વિનંતી છે.

(૮) **સંસ્થાનો સમય** :-આપની સહકારી સંસ્થાનો કામકાજનો કોઇ ચોક્કસ સમય નક્કી કરવામાં આવતો નથી. જે યોગ્ય કે વ્યાજબી કહેવાય નહિ. જેથી સંસ્થા ખોલવાનો સમય અને બંધ કરવાનો ચોક્કસ સમય નક્કી કરવા વિનંતી છે. સંસ્થા આઠ કલાકથી વધુ કામ કર્મચારી પાસેથી લઇ શકે નહિ તો તે પ્રમાણે ગોઠવવા વિનંતી છે.

INDEX

(૯) **પ્રવાસ એલાઉન્સ** :-મંડળીના કર્મચારી પોતાના કુટુંબ સાથે રજા ગાળવા હવાખાવાના સ્થળે જઇ શકે તે હેતુથી દર વર્ષે ઓછામાં ઓછી ૧૦૦૦ કિલોમીટર સુધીનું થતું પ્રવાસ ખર્ચ (ટીકીટ) પુરતું આપવા વિનંતી છે.

(૧૦) **ચોથા વર્ગના કર્મચારીને ડ્રેસ/છત્રી આપવા બાબત** :-

આપની સંસ્થામાં કામ કરતા ચોથા વર્ગના કર્મચારીઓ પટાવાળા, પગી, વગેરેને કોઇ જાતનો ડ્રેસ, છત્રી, રેઇનકોટ કે ગરમકોટ આપવામાં આવતો નથી. જે આજથી દર વર્ષ ચાર જોડી ફુલ કપડા, દર બે વર્ષે એક છત્રી અને ગરમ કોટ આપવાનું ધોરણ અપનાવવા વિનંતી છે.

(૧૧) **કેશ એલાઉન્સ** :-આપની સહકારી મંડળીમાં નાણાંકીય વ્યવહાર મોટા પાયે રહે છે. આથી જે કર્મચારી પાસે કેશ લેવાનું-દેવાનું અને રાખવાનું રહેતું હોય તેવા કર્મચારીને માસીક રૂા. ૨૦/- કેશ એલાઉન્સ તરીકે આપવા વિનંતી છે.

(૧૨) **બોનસ ચુકવવા બાબત** :-આપની મંડળીએ તમામ કર્મચારીને ઓછામાં ઓછુ ૨૦ ટકા બોનસ આપવું જ જોઇએ આપની સહકારી મંડળી બોનસ ન ચુકવે તે વ્યાજબી ન ગણાય.

(૧૩) **જોઇન્ટ મેનેજમેન્ટ** :-

આપની સહકારી મંડળીએ જાહેર સંસ્થા છે. આ જાહેર સંસ્થામાં જે રીતે સભાસદો વહીવટમાં ભાગ લે છે. તે જ રીતે કર્મચારી પણ વહીવટમાં ભાગ લઇ શકે તેવું ધોરણ અપનાવવું જોઇએ. જેથી કર્મચારી પોતાની સંસ્થા છે તેવો અનુભવ થાય તે ઉત્સાહ, સમયથી કામ કરે આથી મંડળીની -- સભ્ય તરીકે એક કર્મચારીને કો-ઓપ્ટ કરવો જોઇએ ને આ માટે આપની મંડળીના બંધારણમાં સુધારો કરી આ ગોઠવણી કરવા માંગણી છે.

(૧૪) **નોકરી અંગેના નિયમો** :-આપની મંડળીએ કર્મચારીઓની નિમણુંક, બઢતી વગેરે બાબતોને આવરી લેવા નોકરીના નિયમો પરિશિષ્ટ (૩) સાથે છે જે જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ પાસે નોંધાવી લઇ અમલમાં મુકવા વિનંતી છે.

(૧૫) **કર્મચારીઓને કાયમી ગણવા બાબત** :-આપની સહકારી મંડળીમાં વર્ષોના વર્ષો સુધી કામ કરવા છતાં તેમને કાયમી કરવામાં આવતા નથી તે કર્મચારી પર લટકતી તલવાર રાખવામાં આવે છે. ને ગમે ત્યારે ઠરાવ કરીને વાંક-ગુના વિના, ખુલાસો મેળવ્યા વિના, કાઢી મુકવામાં આવે છે. આવી પ્રથા યોગ્ય કે વ્યાજબી નથી. આ પરિસ્થિતિને કારણે કર્મચારી વફાદારી, નિષ્ઠાપૂર્વક કામ કરતા નથી. તેમનો જીવ ઉચ્ચક રહે છે. કયાંય પણ સારી સર્વિસ મળતા તેઓ મંડળીમાંથી ચાલ્યા જતા રહે છે. આ પ્રથા વ્યાજબી કે યોગ્ય નથી. જેથી જેમની છ માસથી વધુ સર્વિસ હોય તેવા તમામ કર્મચારીઓને કાયમી કરવા જોઇએ અને કાયમ થયા પછી તેમને પ્રોવિન્ડડ ફંડ વગેરેનો લાભ આપવો જોઇએ.

INDEX

(૧૬) ભાડા-ભથ્થુ ચુકવવા બાબત :-

આપની સહકારી મંડળીના કર્મચારી મંડળીના કામ અર્થે બહાર ગામ જાય ત્યારે તેમને કામ રૂપે ભાડું-ભથ્થુ તેમજ ઇન્સીડેન્ટલ ચાર્જ આપવામાં વિનંતી છે. આ ભાડા ભથ્થા અને ઇન્સીડેન્ટલ ચાર્જીસનું ધોરણ નીચે પ્રમાણે રાખવા વિનંતી છે.

અનુ. નંબર	કર્મચારીનો હોદ્દો	મંડળીના કાર્યક્ષેત્રમાં ભથ્થાનો દર રૂપિયા	મંડળીના કાર્યક્ષેત્ર બહાર જાય ત્યારે રૂપિયાનો દર રૂપિયા	ગુજરાત રાજ્ય બહાર જાય ત્યારે ભથ્થાનો દર રૂપિયા
૧	૨	૩	૪	૫
૧.	મેનેજર	૧૦૦	૨૦૦	૪૦૦
૨.	આસી. મેનેજર	૮૦	૧૫૦	૩૦૦
૩.	સીની. કલાર્ક અને બીજા	૭૦	૧૪૦	૧૫૦
૪.	પગી/પટાવાળા ગોડાઉન કીપર	૫૦	૧૦૦	૨૦૦

આ ભથ્થા ઉપરાંત ખરેખર થયેલ ટીકીટ ભાડું અને જેટલું ટીકીટ ભાડું થતું હોય તેના ૫૦ ટકા ઇન્સીડેન્સીયલ ચાર્જીસ ચુકવવો. આ માંગણી છે. આઠ કલાકથી વધુ રોકાણ હોય તો આખું ભથ્થુ અને આઠ કલાકથી ઓછી મુસાફરી હોય તો ઓછું ભથ્થું ચુકવવા અને ચાર કલાકથી ઓછી મુસાફરીમાં કોઇ જાતની રકમ નહી ચુકવવા માંગણી છે.

(૧૭) **નિવૃત્તિ વય મર્યાદા** :-આપની મંડળીના કર્મચારીઓની નિવૃત્તિ વય મર્યાદા ૬૫ વર્ષની રાખવાનું ધોરણ અપનાવશો. ત્યાર પછી સિવીલ સર્જનના ફીટનેસ સર્ટિફિકેટના આધારે વધુમાં વધુ ૭૫ વર્ષની ઉંમર સુધી નોકરીમાં ચાલુ રાખવા વિનંતી છે.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ હેઠળના કન્સી કેસ. નં. નાજીઆ/અવિ/આઈ.ડી.સી./૮૭/૦૭ ની માંગણીઓ બાબતે સમાધાન અધિકારી અને સરકારી શ્રમ અધિકારી, અમદાવાદની ખાનગી નોંધ :-

સંસ્થા : ધી ખાંભડા સેવા સહકારી મંડળી લી., મુ.પો. ખાંભડા, તા. ભરવાળા, જિ. અમદાવાદ + ૨ અન્ય સહકારી મંડળીઓ.

INDEX

અરજદાર : ધી ગુજરાત રાજ્ય સહકારી સંસ્થા કર્મચારી મહામંડળ, 'સહકાર સદન', ૨૧૧, બીજો માળ, રીલીફ શોપીંગ સેન્ટર, એસ. વી. કોલેજ રોડ, જી.પી.ઓ. પાસે, અમદાવાદ.

(૧) માંગણી નં. ૧ :

પગાર ધોરણ બાબતે માંગણીમાં જણાવેલ કર્મચારીઓને હોદ્દા મુજબનો પગાર ગ્રેડ આપવો કે કેમ ?

વર્તમાન સમયની મોંઘવારી મા કર્મચારીઓ પોતાનું જીવન ટકાવી રાખવા તથા જીવન ધોરણ ઊંચુ લાવવા નોકરીના વર્ષ તથા હોદ્દાને ધ્યાનમાં રાખી બેઝીક પગાર ગ્રેડની માંગણી કરેલ છે. જે માંગણી વ્યાજબી અને ન્યાયી જણાય છે. જેથી આ માંગણી ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવા ભલામણ કરવામાં આવે છે.

(૨) માંગણી નં. ૨ :

મોંઘવારી ઓલ ઈન્ડીયા પ્રાઈસ ઈન્ડેક્ષ/કેન્દ્ર સરકાર અથવા ગુજરાત સરકાર જે ધોરણે કર્મચારીઓને મોંઘવારી ભથ્થું આપે છે તે ધોરણે મોંઘવારી આપવી કે કેમ ?

વર્તમાન સમયની મોંઘવારીને પહોંચી વળવા તથા પોતાનું જીવન ધોરણ જળવાઇ રહે તે ધ્યાને રાખી કર્મચારીઓ મોંઘવારીની માંગણી કરે છે. જે વ્યાજબી અને ન્યાયી જણાય છે. આથી આ માંગણી ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવા ભલામણ કરવામાં આવે છે.

(૩) માંગણી નં. ૩ :

ઘરભાડું, બેઝીક પગાર અને મોંઘવારીની રકમના દસ ટકા ઘરભાડું આપવું કે કેમ ?

વર્તમાન સમયની મોંઘવારીમાં કર્મચારીઓ સારૂ મકાન ભાડે રાખી પોતાના કુટંબ સાથે રહી તંદુરસ્ત જીવન વિતાવી શકે તે આશયથી ઘરભાડું મુળ પગાર + મોંઘવારીના ૧૦ ટકા રકમની માંગણી કરે છે. જે વ્યાજબી અને ન્યાયી જણાય છે. જેથી આ માંગણી ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવા ભલામણ કરવામાં આવે છે.

(૪) માંગણી નં. ૪ :

પ્રોવિડન્ડ ફંડનો લાભ આપવો કે કેમ ?

INDEX

મંડળે જે સંસ્થાઓ સામે વિવાદ ઉપસ્થિત કરેલ છે તે સંસ્થાઓમાં કુલ ૧૩ કર્મચારીઓ રોકવામાં આવેલ હોવાથી પ્રોવિડન્ટ ફંડની જોગવાઇઓ લાગુ પડતી ન હોઇ કર્મચારીઓ નિવૃત્ત જીવનમાં પણ પોતાનું ગુજરાન ચલાવી શકે તે આશયથી પ્રોવિડન્ટ ફંડના લાભની માંગણી કરેલ છે. જે વ્યાજબી અને ન્યાયી જણાય છે. જેથી આ માંગણી ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવા ભલામણ કરવામાં આવે છે.

(૫) માંગણી નં. ૫ :

ગ્રેજયુઇટીનો લાભ મંડળીમાં કામ કરતા કર્મચારીઓને આપવો કે કેમ ?

મંડળે જે સંસ્થાઓ સામે વિવાદ ઉપસ્થિત કરેલ છે, તે સંસ્થાઓમાં કુલ ૧૩ કર્મચારીઓ રોકવામાં આવેલ હોવાથી ગ્રેજયુઇટીની ચુકવણી અધિનિયમ, ૧૯૭૨ અને ગ્રેજયુઇટી નિયમો, ૧૯૭૩ની જોગવાઇઓ લાગુ પડતી હોય, આ માંગણી ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવા ભલામણ કરવામાં આવતી નથી.

(૬) માંગણી નં. ૬ :

જુદા જુદા પ્રકારની રજાઓ :-(૧) કેજયુઅલ રજાઓ, (૨) હક્ક રજા, (૩) માંદગીની રજા, (૪) અઠવાડીક રજા, (૫) જાહેર તહેવારોની રજા આપવી કે કેમ ?

કર્મચારીઓને આકસ્મિક સમયે પહોંચી વળવા કેજયુઅલ રજાની માંગણી, પોતાના કુટુંબમાં સભ્યો સાથે રહી શકે તે માટે હક્ક રજાની માંગણી, કર્મચારી પોતાની કે પોતાના કુટુંબના સભ્યની માંદગી સમયે સાથે રહી શકે કે આરામ કરી શકે તે માટે માંદગીની રજાની તથા જાહેર તહેવારો કુટુંબના સભ્યો સાથે ઉજવણી કરી શકે તે આશયથી તહેવારોની રજાની માંગણી કરેલ છે. જે વ્યાજબી અને ન્યાયી જણાય છે. આથી આ માંગણી ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવા ભલામણ કરવામાં આવે છે.

(૭) માંગણી નં. ૭ :

મેડીકલ એલાવન્સ કર્મચારી કે કુટુંબના કોઇ સભ્યો માંદગીમાં સપડાય ત્યારે આપવું કે કેમ ?

કર્મચારી કે તેમના કુટુંબના સભ્યો માંદગીમાં સપડાય ત્યારે માંદગીના સમયે થતાં દવાના ખર્ચના થતા બીલની રકમ કર્મચારીઓ મેડીકલ એઇડ તરીકે ચુકવવા માંગણી કરેલ છે, જે વ્યાજબી અને ન્યાયી જણાય છે. આથી આ માગણી ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવા ભલામણ કરવામાં આવે છે.

INDEX

(૮) માંગણી નં. ૮ :

સંસ્થાનો સમય :-ચોક્કસ કામકાજનો સમય નક્કી કરવામાં આવેલ નથી આથી સંસ્થા ખોલવાનો, બંધ કરવાનો ચોક્કસ સમય નક્કી કરવો કે કેમ ?

સંસ્થાના કામકાજ શરૂ થવાનો તથા કામ બંધ કરવાનો ચોક્કસ સમય દરેક સંસ્થાઓમાં હોય છે. જે મુજબ કામકાજના સમયની માંગણી કરેલ છે. જે માંગણી વ્યાજબી અને ન્યાયી જણાય છે. જે માંગણી ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવા ભલામણ કરવામાં આવે છે.

(૯) માંગણી નં. ૯ :

પ્રવાસ એલાવન્સ :-મંડળીના કર્મચારી કુટુંબના સભ્યો સાથે રજા ગાળવા હવા ખાવાના સ્થળે જઇ શકે તે હેતુથી દર વર્ષે ઓછામાં ઓછી ૧૦૦૦ કિલોમીટર સુધીનું થતું પ્રવાસ ખર્ચ ટીકીટ પુરતુ આપવું કે કેમ ?

કર્મચારીઓ પોતાના કુટુંબના સભ્ય સાથે રજા ગાળવા હવા ખાવાના સ્થળે જઈ રજાઓ ગાળી શકે તે ખર્ચને વળવા ઓછામાં ઓછા ૧૦૦૦ કિમી. સુધી થતા પ્રવાસના ટીકીટ ભાડા પુરતું પ્રવાસ એલાવન્સની માંગણી કરેલ છે જે માંગણી વ્યાજબી અને ન્યાયી જણાય છે. જે માંગણી ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવા ભલામણ કરવામાં આવે છે.

(૧૦) માંગણી નં. ૧૦ :

ચોથા વર્ગના કર્મચારીને ડ્રેસ/છત્રી આપવી કે કેમ ?

સંસ્થામાં કામ કરતા ચોથા વર્ગના કર્મચારીઓને દર વર્ષે ડ્રેસ તથા દર બે વર્ષે છત્રી, ગરમકોટ આપવો જોઈએ તેવી માંગણી ગુજરાત સરકારની તમામ જાહેર સંસ્થાઓમાં આપવામાં આવતી હોવાથી આ માંગણી કરેલ છે. જે વ્યાજબી અને ન્યાયી જણાય છે. જથી આ માંગણી ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવા ભલામણ કરવામાં આવે છે.

(૧૧) માંગણી નં. ૧૧ :

કેશ એલાવન્સ :-જે કર્મચારી પાસે કેશ લેવાનું-દેવાનું અને આપવાનું રહેતું હોય તેવા કર્મચારીને માસીક રૂા. ૨૦/- કેશ એલાવન્સ આપવું કે કેમ ?

INDEX

ગુજરાતની તમામ સહકારી બેંકો, રાષ્ટ્રીયકૃત બેંકો, નાગરિક.સહકારી બેંકોમાં કર્મચારીઓ નાણાંની લેવડ-દેવડ કરતા હોઇ જે કેશનું કામ કરતા હોય તેવા કર્મચારીને કેશ એલાવન્સ ચુકવતી હોય, કેશની જવાબદારીને ધ્યાનમાં રાખી માસીક રૂા. ૨૦/- કેશ એલાવન્સ ચુકવવાની માંગણી કરેલ છે. જે વ્યાજબી અને ન્યાયી જણાય છે. જે માંગણી ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવા ભલામણ કરવામાં આવે છે.

(૧૨) માંગણી નં. ૧૨ :

બોનસ ચુકવવા બાબાત મંડળીએ તમામ કર્મચારીને ઓછામાં ઓછા ૨૦ ટકા બોનસ આપવું જોઇએ કે કેમ ?

મંડળી જે સંસ્થાઓ સામે વિવાદ ઉપસ્થિત કરેલ છે. જે સંસ્થાઓમાં કુલ ૧૩ કર્મચારીઓ કામે રોકવામાં આવેલ હોવાથી બોનસ ચુકવણી અધિનિયમ, ૧૯૬૫ અને બોનસ ચુકવણી નિયમો, ૧૯૭૫ની જોગવાઇઓ લાગુ પડતી હોઇ, આ માંગણી ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવાની ભલામણ કરવામાં આવતી નથી.

(૧૩) માંગણી નં. ૧૩ :

જોઇન્ટ મેનેજમેન્ટ મુજબ કર્મચારીઓ પણ વહીવટમાં ભાગ લઇ શકે તેવું ધોરણ અપનાવવું જોઇએ કે કેમ ?

સંસ્થાની સહકારી પ્રવૃત્તિને વિકસાવવામાં કર્મચારીઓને તેમાં યોગદાન લેવું અત્યંત જરૂરી હોવાના કારણે કર્મચારીઓ પણ વહીવટમાં ભાગ લઇ શકે તેવું ધોરણ અપનાવવાની માંગણી કરેલ છે. જે વ્યાજબી અને ન્યાયી જણાય છે. જે માંગણી ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવા ભલામણ કરવામાં આવે છે.

(૧૪) માંગણી નં. ૧૪ :

નોકરી અંગેના નિયમો કર્મચારીઓની નિમણુંક, બઢતી વગેરેની બાબતોને આવરી લેવામાં નોકરીના લીધેલો પરિશિષ્ટ (ક) સાથેનો જે રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ માટે નોંધાવી લઇ અમલમાં મુકવા કે કેમ ?

કર્મચારી નિમણુંક, બઢતી વગેરેમાં એકસુત્રતા જળવાઇ રહે, નોકરીની સલામતી જળવાઇ રહે તથા સંસ્થામાં કામ કરવાની દિલચસ્પી જળવાઇ રહે તે આશયથી આ માંગણી કરેલ છે. જે વ્યાજબી અને ન્યાયી જણાય છે. જે માંગણી ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવા ભલામણ કરવામાં આવે છે.

INDEX

(૧૫) **માંગણી નં. ૧૫ :**

કર્મચારીઓને કાયમી ગણવા બાબત :-સંસ્થામાં વર્ષોથી કામ કરતા કર્મચારીઓને કાયમી ગણવા કે કેમ ?

સંસ્થામાં વર્ષોથી કામ કરતા કર્મચારીઓની નોકરીની સલામતી જળવાઇ રહે તે આશયે આ માંગણી કરેલ છે. જે વ્યાજબી તથા ન્યાયી જણાય છે. જે માંગણી ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવા ભલામણ કરવામાં આવે છે.

(૧૬) **માંગણી નં. ૧૬ :**

ભાડા ભથ્થુ ચુકવવા બાબત :-સહકારી મંડળીના કામ અથવા બહાર ગામ જાય ત્યારે તેમને થનાર ખર્ચ રૂપે ભાડું-ભથ્થુ તેમજ ઇન્સીડેન્ટલ ચાર્જીસનું ધોરણ માંગણીમાં જણાવ્યા મુજબ આપવું કે કેમ ?

કર્મચારીઓ મંડળીના કામ અથવા મંડળીના કાર્યક્ષેત્રમાં, મંડળીના કાર્યક્ષેત્ર બહાર, તેમજ ગુજરાત બહાર જાય ત્યારે થનારા ખર્ચ રૂપે ભાડું-ભથ્થું તેમજ ઇન્સીડેન્ટલ ચાર્જીસની ચુકવણી કરવાની માંગણી વ્યાજબી અને ન્યાયી જણાય છે. જે માંગણી ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવા ભલામણ કરવામાં આવે છે.

(૧૭) **માંગણી નં. ૧૭ :**

નિવૃત્તિ વય મર્યાદા ૬૫ વર્ષની રાખવાનું ધોરણ અપનાવવું કે કેમ ?

કાયદાઓની જોગવાઇ મુજબ તેમજ સરકારશ્રીના કર્મચારીઓના કર્મચારીઓની નિવૃત્તિ વય મર્યાદા ૬૦ વર્ષની નક્કી કરવામાં આવેલ છે. જે મુજબ મંડળીના કર્મચારીઓની નિવૃત્તિ વયમર્યાદા ૬૫ વર્ષની રાખવાનું ધોરણ અપનાવવા માંગણી ન્યાય નિર્ણય માટે સુપ્રત કરવા ભલામણ કરવામાં આવતી નથી.

અમદાવાદ, તારીખ ૯મી જુલાઇ, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૧૦૭૩/આઈડીઆર/એજે/૯૬/૦૮.— નીચે સહી કરનારનો એવો અભિ-નય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર એસ. ટી., મહેસાણા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકત, અમદાવાદને સુ-ત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદ, ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પાટણ ડેપોના કંડકટર શ્રી ગૌતમભાઈ એમ. રાવલને તા. ૪-૮-૨૦૦૫ના હુકમથી બે માસ માટે કાયમી અસરથી વાર્ષિક પગાર વધારો બંધ કરવાની શિક્ષા કરેલ છે. જે રદ કરી તમામ આર્થિક નુકશાન ભરપાઈ કરી આપવું જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૧૦૭૪/આઈડીઆર/એજે/૯૭/૦૮.— નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર જાહેર આરોગ્ય અને સુખાકારી પેટા-વિભાગ, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, પાટણ+૧ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એ-લિ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકત, અમદાવાદને સુ-ત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદ, ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, જાહેર આરોગ્ય અને સુખાકારી પેટા-વિભાગ, પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, પાટણ સંસ્થામાં ઓપરેટર/લાઈનમેન તરીકે ફરજ બજાવતાં શ્રી જયદીપસિંહ ઉમેદસિંહ ચૌહાણને કાયમી ગણી કાયમી કામદારને મળતાં તમામ લાભો આપવા જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૧૦૭૬/આઈડીઆર/એજે/૧૦૨/૦૮.— નીચે સહી કરનારનો એવો અભિ-નય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી પાવર કોર્પોરેશન લી., ગાંધીનગર અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકત, અમદાવાદને સુ-ત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદ, ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

સંસ્થામાં કામ કરતાં શ્રી રમેશચન્દ્ર મનીલાલ ભાવસારને ૧૯૭૨ના નિમણૂંક સમયને ટ્રેની હેલ્પર તરીકેનો તમામ સમય કાયમી હેલ્પર તરીકે ગણી તમામ લાભાલાભ ચુકવી આપવો જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ,
અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૧૦૭૮/આઈડીઆર/એજે/૧૦૫/૦૮.— નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એ-લિ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજય માટે નાયબ શ્રમ આયુકત, અમદાવાદને સુ-ત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદ, ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

પરિશિષ્ટ

(૧) એ.એમ.ટી.એસ.માં ટ્રાફીક વિભાગમાં કાયમી ડ્રાયવર બેજ નં. ૨૧૦ થી ફરજ બજાવતા કામદાર શ્રી પટેલ ગોરધનભાઈ આત્મારામને બાયપાસ સર્જરીને કારણે મેડીકલ સર્ટી.ના આધારે લાઈટ ડ્યુટીની ફરજ પર મુકવા જોઈએ કે કેમ ?

(૨) શ્રી પટેલ ગોરધનભાઈ આત્મારામને હાર્ટની બાયપાસ સર્જરી અને સારવારના થયેલ કુલ રૂા. ૧,૦૩,૦૦૦/-ના ખર્ચમાંથી સંસ્થાએ માત્ર રૂા. ૫૩,૬૭૦/- જ મેડીકલ રીએમ્બર્સમેન્ટ પેટે ચુકવ્યા છે. તેથી, તફાવતના ૪૯,૩૩૦/- વ્યાજ સહિત ચુકવી આપશો કે કેમ ?

(૩) શ્રી પટેલ ગોરધનભાઈ આત્મારામને દર મહિને આશરે રૂા. ૬૦૦/- જેટલો દવા તથા મેડીકલ સારવારનો ખર્ચ થાય છે. સંસ્થા કામદારને મહીને રૂા. ૧૦૦/- લેખે વરસે રૂા. ૧,૨૦૦/- મેડીકલ એલાઉન્સ ચુકવે છે. તેથી, નિયમ મુજબ વાર્ષિક રૂા. ૧,૨૦૦/- કરતાં થતી વધારાના ખર્ચની રકમ મેડીકલ રીએમ્બર્સમેન્ટ પેટે ચુકવી આપવી જોઈએ કે કેમ ?

INDEX

(૪) શ્રી પટેલ ગોરધનભાઈ આત્મારામ ડ્રા. બે. નં. ૨૧૦ને શ્રી જી. એસ. બારોટ સાહેબના લવાદી ચુકાદા અને તે અંગેના નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ મુજબ નોકરીમાં ૯ વર્ષ પુરાં થયા તારીખથી મળવાપાત્ર થતો ૯-૧૮-૨૭ના સિલેક્શન ગ્રેડ મુજબનો ડ્રાયવરથી ઉપલી કેટેગરીના પગાર ધોરણોનો લાભ આપશોજી અને સદર લાભ સમયસર નહીં આપીને પહોંચાડેલ તમામ આર્થિક નુકશાની વ્યાજ સહિત ભરપાઈ કરી આપવા જોઈએ કે કેમ ?

(૫) આ વિવાદના ખર્ચ પેટે રૂા. ૫,૦૦૦/- યુનિયનને ચુકવી આપવા કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૧૦૮૦/આઈડીઆર/એજે/૧૦૭/૦૮.— નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સી. આર. ઈન્ડસ્ટ્રીઝ, અમદાવાદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એ-લિ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજય માટે નાયબ શ્રમ આયુકત, અમદાવાદને સુ-ત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદ, મજૂર અદાલત, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

INDEX

અનુસૂચિ

પરિશિષ્ટ

સી. આર. ઈન્ડસ્ટ્રીઝ કંપનીમાં કામ કરતા કામદારોના પગાર વધારા તેમજ અન્ય સવલતો અંગેની માંગણીઓ :

(૧) **મુળ પગાર :**

(અ) કંપનીમાં કામ કરતા તમામ કામદારોને નીચે દર્શાવ્યા મુજબના રનીંગ સ્કેલ મુજબ મુળ પગાર તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭ થી આપવા.

ગ્રેડ-૧ : રૂા. ૩૫૦૦-૦૫૦-૩૭૫૦-૦૭૦-૪૧૦૦.

ગ્રેડ-૨ : રૂા. ૪૨૦૦-૦૯૦-૪૬૫૦-૧૧૦-૫૨૦૦.

ગ્રેડ-૩ : રૂા. ૫૩૫૦-૧૩૦-૬૦૦૦-૧૫૦-૬૭૫૦.

ગ્રેડ-૪ : રૂા. ૬૯૫૦-૧૭૦-૭૮૦-૧૯૦-૮૭૫૦.

નોંધ : ઉપર દર્શાવેલ તમામ ગ્રેડ રનીંગ ગ્રેડ છે. તમામ કામદારો ગ્રેડ-૧ પુરો થયા પછી ઓટોમેટીકલી ગ્રેડ-૨માં આવશે. અને તે રીતે ગ્રેડ-૨ પુરો થયા પછી ગ્રેડ-૩માં આવશે. અને ગ્રેડ-૩ પુરો થયા પછી ગ્રેડ-૪માં આવશે.

(બ) **સ્ટેગનેશન ઈન્ક્રીમેન્ટ :**

ગ્રેડ-૪ પુરો થયા પછી જે તે કામદાર તેણે મેળવેલ છેલ્લું ઈન્ક્રીમેન્ટ જે હોય તે મુજબ વાર્ષિક ઈન્ક્રીમેન્ટ આપવાનું ચાલું રાખવું.

(૨) **ગ્રેડમાં ફીટમેન્ટ :**

કંપનીમાં કામ કરતા કામદારોને તારીખ ૩૧મી માર્ચ, ૨૦૦૭ના રોજ મળતા મુળ પગારમાં ફીક્સ મોંઘવારી ભથ્થું, અસ્થાયી મોંઘવારી ભથ્થું ઉમેરી જે રકમ થાય તેને મુળ પગાર ગણી આ મુળ પગારની રકમમાં રૂા. ૧૦૦૦/-નો માસીક પગાર વધારો તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭ના રોજથી આપવો.

આ પગાર વધારો કર્યા બાદ જો કામદાર પોતાના ગ્રેડ અને સ્કેલમાં ફીટ ન થાય તો તે કામદારને નજીકના ઉપરના સ્કેલમાં મુકવો અને ત્યારબાદ સને ૨૦૦૭ વર્ષનું ઈન્ક્રીમેન્ટ સુધારેલા દરથી આપવું અને ત્યારબાદ દર વર્ષે તે મુજબ વાર્ષિક ઈન્ક્રીમેન્ટ આપવું.

(૩) **મોંઘવારી ભથ્થાઓ :**

(અ) **સ્થાયી મોંઘવારી ભથ્થું :** કંપનીમાં કામ કરતા તમામ કામદારોને ઉપર દર્શાવ્યા મુજબના મુળ પગાર ઉપરાંત દર મહીને રૂા. ૧૨૫૦/- સ્થાયી મોંઘવારી ભથ્થા તરીકે તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭ના રોજથી આપવા.

INDEX

(બ) **અસ્થાયી મોંઘવારી ભથ્થું :** કંપનીમાં કામ કરતા તમામ કામદારોને ઉપર દર્શાવ્યા મુજબના મુળ પગાર, સ્થાયી મોંઘવારી ભથ્થાં ઉપરાંત ઓલ ઈન્ડીયા કન્ઝયુમર પ્રાઈઝ ઈન્ડેક્ષ બેઈઝ (૧૯૬૦=૧૦૦)ના પ્રમાણે ગણતા, ૨૯૦૦ આંક ઉપર એક પણ આંકની વધઘટ થાય તે દરેક આંક દીઠ રૂા. ૪/- લેખે ગણતરી કરી તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭ના રોજથી દર મહીને અસ્થાયી મોંઘવારી ભથ્થાં તરીકે ચુકવવું.

એપ્રિલ-૨૦૦૭ના પગારની ગણતરી માટે ફેબ્રુઆરી-૨૦૦૭ માસનો જાહેર થયેલ આંક ગણવા.

(૪) **અન્ય ભથ્થાઓ :**

(અ) **ઘરભાડા ભથ્થું :** કંપનીમાં કામ કરતા કામદારોને દર મહીને રૂા. ૧૦૦૦/- ઘરભાડા ભથ્થાં તરીકે તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭ના રોજથી ચુકવવા.

(બ) **કન્વેયન્સ એલાઉન્સ :** કંપનીમાં કામ કરતા કામદારોને દર મહીને રૂા. ૫૦૦/- કન્વેયન્સ એલાઉન્સ તરીકે તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭ના રોજથી ચુકવવા.

(ક) **એજ્યુકેશન એલાઉન્સ :** કંપનીમાં કામ કરતા કામદારોને દર મહીને રૂા. ૮૦૦/- એજ્યુકેશન એલાઉન્સ તરીકે તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭ના રોજથી ચુકવવા.

(ડ) **વોશીંગ એલાઉન્સ :** કંપનીમાં કામ કરતા કામદારોને દર મહીને રૂા. ૪૦૦/- વોશીંગ એલાઉન્સ તરીકે તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭ના રોજથી ચુકવવા.

(ઇ) **મેડીકલ એલાઉન્સ :** કંપનીમાં કામ કરતા કામદારોને દર મહીને રૂા. ૫૦૦/- મેડીકલ એલાઉન્સ તરીકે તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭ના રોજથી ચુકવવા.

(૫) **લીવ ટ્રાવેલીંગ એલાઉન્સ :**

કંપનીમાં કામ કરતા કામદારોને દર વર્ષે રૂા. ૫,૦૦૦/- લીવ ટ્રાવેલીંગ એલાઉન્સ તરીકે કેલેન્ડર વર્ષ-૨૦૦૭ના રોજથી આપવા.

(૬) **રજાઓ :**

(અ) **કેજ્યુઅલ રજાઓ :** કંપનીમાં કામ કરતા કામદારોને દર વર્ષે ૧૫ દિવસની ભરપગારે કેજ્યુઅલ રજાઓ કેલેન્ડર વર્ષ-૨૦૦૭થી આપવી.

(બ) **હક્ક રજાઓ :** કંપનીમાં કામ કરતા કામદારોને દર વર્ષે ૩૦ દિવસની ભરપગારે હક્ક રજાઓ કેલેન્ડર વર્ષ-૨૦૦૭થી આપવી.

(ક) **માંદગીની રજાઓ :** કંપનીમાં કામ કરતા કામદારોને દર વર્ષે ૧૫ દિવસની ભરપગારે માંદગીની રજાઓ કેલેન્ડર વર્ષ-૨૦૦૭થી આપવી.

INDEX

(૬) **અકસ્માતની રજાઓ :** કંપનીમાં કામ કરતા કામદારને જ્યારે ચાલુ નોકરી દરમ્યાન અકસ્માત થાય તેવા સંજોગોમાં કામદાર જ્યાં સુધી સંપૂર્ણ સાજો ન થાય ત્યાં સુધી ભરપગારે અકસ્માતની આપવી.

(૭) **બોનસ :**

કંપનીમાં કામ કરતા કામદારોને તેઓની કુલ વાર્ષિક આવકના ૨૦ ટકા જેટલું બોનસ દર વર્ષે ચુકવવું.

(૮) **ગ્રેજ્યુઈટી :**

કંપનીમાં કામ કરતા કામદારોને તેઓને જેટલા વર્ષ નોકરી કરી હોઈ તે દરેક વર્ષ દીઠ એક વર્ષ માટે ૩૦ દિવસના પગાર જેટલી રકમ ગ્રેજ્યુઈટી તરીકે ચુકવવી.

(૯) **નિવૃત્તિ-કમ-મૃત્યુ લાભ :**

(અ) **નિવૃત્તિ લાભ :** કંપનીમાં કામ કરતા કામદારોમાંથી જે કામદાર નોકરીમાંથી નિવૃત્ત થાય તે કામદારને તેના કાયદેસરના હક્કો ઉપરાંત રૂા. ૧,૦૦,૦૦૦/- નિવૃત્તિ લાભ તરીકે આપવા.

(બ) **મૃત્યુ લાભ :** કંપનીમાં કામ કરતા કામદારોમાંથી જે કામદાર ચાલુ નોકરી દરમ્યાન મૃત્યુ થાય તેવા સંજોગોમાં તે કામદારની અંતીમ ક્રિયા માટે રૂા. ૨૦,૦૦૦/- તેના વારસદારને અંતીમ ક્રિયા ખર્ચના આપવા.

અને

મૃત્યુ પામેલ કામદારના આશ્રીતને તેના નીકળતા કાયદેસરના હક્કો ઉપરાંત રૂા. ૧,૦૦,૦૦૦/- મૃત્યુ લાભ તરીકે આપવા.

(૧૦) **ચાલુ લાભો અને સુવિધાઓ :**

કંપનીમાં કામ કરતા કામદારોને હાલમાં જે લાભો અને સુવિધાઓ આપવામાં આવે છે, પરંતુ જેનો આ માંગણીપત્રમાં ઉલ્લેખ કર્યો નથી તે તમામ લાભો અને સુવિધાઓ આપવાનું ચાલુ રાખવું.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ,
અમદાવાદ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/આર/ક/૩૧૦૮૨/આઈડીઆર/એજે/૧૦૯/૦૮.—નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ઉત્તર ગુજરાત વિજ કંપની લી. અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઈડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી)(૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે નાયબ શ્રમ આયુકત, અમદાવાદને સુ-ત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, અમદાવાદ, ઔદ્યોગિક ન્યાયપંચ, અમદાવાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રાજેન્દ્રપ્રસાદ ચંદુલાલ દેસાઈ, નાયબ ઈજનેર, કોર્પોરેટ ઓફીસ, ઉત્તર ગુજરાત વિજ કું. લી., મહેસાણાને આપેલ સજાનો હુકમ નં. યુજીવીસીએલ/આર. એન્ડ સી./આઈઆર/ડી.આર./૨૧૦૨/આરસીડી/૨૭૩, તારીખ ૧૮-૭-૨૦૦૭ તથા યુજીવીસીએલ/આર. એન્ડ સી./આઈઆર/ડી.એ./આરસીડી/અપીલ/૩૪૬, તારીખ ૧૨-૯-૨૦૦૭ રદ કરવા જેઈએ કે કેમ ? તેમજ તપાસ અહેવાલ રદ કરી શ્રી દેસાઈને ચાર્જશીટમાંથી દોષમુક્ત જાહેર કરવા જોઈએ કે કેમ ?

અમદાવાદ, તારીખ ૧૯મી જુલાઈ, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
નાયબ શ્રમ આયુકત,
અમદાવાદ વિભાગ, અમદાવાદ.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/મશ્રઆ/ભ/આઈડીઆર/૭૦૭૭.— મદદનીશ શ્રમ આયુક્ત, ભરૂચનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર ઝૈન એન્જીનીયરીંગ પ્રા. લી., પ્લોટ નં. ૨૪૬, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર, જિ. ભરૂચ અને તેના શ્રમયોગી શ્રી સનતભાઈ અવીચરભાઈ વસાવા, મુ.પો. સેંગપુર, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઈડીએ-૧૦૭૨/૪૬૧૮/૩-ઝ થી સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમને સોંપેલ કાર્યક્રમ માટે સત્તા સુ-ત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ(૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. ઓ. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુક્ત, ભરૂચ, આથી, મજુર અદાલત, નં. ૦૧, ભરૂચને, સદરહુ વિવાદ ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી સનતભાઈ અવીચરભાઈ વસાવાને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભરૂચ, તારીખ ૨૩મી જુલાઈ, ૨૦૦૮.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભરૂચ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/મશ્રઆ/ભ/આઈડીઆર/૭૦૮૨.— મદદનીશ શ્રમ આયુક્ત, ભરૂચનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર પારેખ કેબલ પ્રા. લી., પ્લોટ નં. એ/૧/૧૭૧, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર, જિ. ભરૂચ અને તેના શ્રમયોગી શ્રી રઈજીભાઈ વેચાણભાઈ વસાવા, મુ.પો. હરીપુરા, તા. વાગરા, જિ. ભરૂચ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, (સને ૧૯૪૭ના ૧૪માં)ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઈડીએ-૧૦૭૨/૪૬૧૮/૩-ઝ થી સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમને સોંપેલ કાર્યક્રમ માટે સત્તા સુ-ત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ(૧)ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. ઓ. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુક્ત, ભરૂચ, આથી, મજુર અદાલત, નં. ૦૧, ભરૂચને, સદરહુ વિવાદ ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રઈજીભાઈ વેચાણભાઈ વસાવાને તેમની મૂળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભરૂચ, તારીખ ૨૩મી જુલાઈ, ૨૦૦૮.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભરૂચ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૪૩૧૭/એ.જે./આઇ.ડી.આર./૩૪/૨૦૦૮.— આથી નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર હરીશ એન્ટરપ્રાઇઝ પ્રા. લી., રાયખાડી, તા. ઉમરગામ, જિ. વલસાડ અને તેના શ્રમયોગી શ્રી અભય દત્તાત્રેય ચૌઘુલે વચ્ચેની છે.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮(૩) થી સદર અધિનિયમની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના કલોઝ 'સી' થી વાંચતા તેમજ સદર અધિનિયમની અનુસૂચિ-૨ ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમને સોંપેલા કાર્યવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના કલોઝ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, આર. એસ. લેઉઆ, મદદનીશ શ્રમ આયુક્ત, વલસાડ, આથી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮મી મે, ૨૦૦૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૦/૮૫-આઇસીઇ-૧૦૯૯-૫૩૨૦-મ(૪)થી રચાયેલ વલસાડ જિલ્લાની મજુર અદાલત, મુ. વલસાડને આ તકરાર તેના ન્યાયનિર્ણય અર્થે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી અભય દત્તાત્રેય ચૌઘુલેને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વલસાડ, તારીખ ૧૬મી જુલાઈ, ૨૦૦૮.

આર. એસ. લેઉઆ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વલસાડ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૪૩૩૩/એ.જે./આઈ.ડી.આર./૪૫૦/૨૦૦૮.— આથી નીચે સહી કરનારનો એવો અભિ-ાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર મે. એન. આર. અગ્રવાલ ઈન્ડ. લી., વાપી, જિ. વલસાડ અને તેના શ્રમયોગી શ્રી ઈન્દ્રકુમાર પુર્ણબહાદુર રાય, C/o. ગુજરાત રાજ્ય કામદાર સભા, સોલધરા વચ્ચેની છે.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨-૪૬૧૮(૩) થી સદર અધિનિયમની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના કલોઝ 'સી' થી વાંચતા તેમજ સદર અધિનિયમની અનુસૂચિ-૨ ની આઈટમ-૩ અને અનુસૂચિ-૩ની આઈટમ-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમને સોંપેલા કાર્યવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના કલોઝ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, આર. એસ. લેઉઆ, મદદનીશ શ્રમ આયુક્ત, વલસાડ, આથી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮મી મે, ૨૦૦૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૦/૮૫-આઈસીઈ-૧૦૯૯-૫૩૨૦-મ(૪)થી રચાયેલ વલસાડ જિલ્લાની મજુર અદાલત, મુ. વલસાડને આ તકરાર તેના ન્યાયનિર્ણય અર્થે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ઈન્દ્રકુમાર પુર્ણબહાદુર રાયને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વલસાડ, તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૦૮.

આર. એસ. લેઉઆ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વલસાડ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૪૩૩૭/એ.જે./આઇ.ડી.આર./૪૫૦/૨૦૦૮.—આથી નીચે સહી કરનારનો એવો અભિ-નય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર મે. રૂપાની ડાઈઝ ઈન્ટરમીડીએટસ પ્રા. લી., વાપી, જિ. વલસાડ અને તેના શ્રમયોગી શ્રીમતી પ્રતિમા કે. પ્રવાસી, C/o. ગુજરાત રાજ્ય કામદાર સભા, સોલધરા વચ્ચેની છે.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮(૩) થી સદર અધિનિયમની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના કલોઝ 'સી' થી વાંચતા તેમજ સદર અધિનિયમની અનુસૂચિ-૨ ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમને સોંપેલા કાર્યવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના કલોઝ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, આર. એસ. લેઉઆ, મદદનીશ શ્રમ આયુક્ત, વલસાડ, આથી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮મી મે, ૨૦૦૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૦/૮૫-આઇસીઈ-૧૦૯૯-૫૩૨૦-મ(૪)થી રચાયેલ વલસાડ જિલ્લાની મજુર અદાલત, મુ. વલસાડને આ તકરાર તેના ન્યાયનિર્ણય અર્થે લાની મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી પ્રતિભા કે. પ્રવાસીને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વલસાડ, તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૦૮.

આર. એસ. લેઉઆ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વલસાડ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૪૩૪૧/એ.જે./આઇ.ડી.આર./૪૫૦/૨૦૦૮.—આથી નીચે સહી કરનારનો એવો અભિ-નય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર મે. સન અપ બોટાનીક્સ પ્રા. લી., વાપી, જિ. વલસાડ અને તેના શ્રમયોગી શ્રી જયવીરસિંહ રાજપરા, C/o. ગુજરાત રાજ્ય કામદાર સભા, સોલધરા વચ્ચેની છે.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારશ્રીના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮(૩) થી સદર અધિનિયમની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના ક્લોઝ 'સી' થી વાંચતા તેમજ સદર અધિનિયમની અનુસૂચિ-૨ ની આઇટમ-૩ અને અનુસૂચિ-૩ની આઇટમ-૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમને સોંપેલા કાર્યવિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના ક્લોઝ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, આર. એસ. લેઉઆ, મદદનીશ શ્રમ આયુક્ત, વલસાડ, આથી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૧૮મી મે, ૨૦૦૦ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૦/૮૫-આઇસીઇ-૧૦૯૯-૫૩૨૦-મ(૪)થી રચાયેલ વલસાડ જિલ્લાની મજુર અદાલત, મુ. વલસાડને આ તકરાર તેના ન્યાયનિર્ણય અર્થે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી જયવીરસિંહ રાજપરાને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહીત નોકરીમાં સાતત્ય સાથે પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વલસાડ, તારીખ ૧૭મી જુલાઈ, ૨૦૦૮.

આર. એસ. લેઉઆ,
મદદનીશ શ્રમ આયુક્ત,
વલસાડ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા
હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૭૯૫૧/ઔ.વિ.રે./૮૭/૨૦૦૮.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ, રાજકોટ અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ ૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુકત, સૌરાષ્ટ્ર કચ્છ, રાજકોટને સુપરત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ-૧૦(૧)થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુકત, સૌરાષ્ટ્ર કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમમાં રાજકોટ વિભાગના ગોંડલ ડેપો ખાતે કન્ડકટર તરીકે ફરજ બજાવતાં શ્રી નાથાભાઇ સોમાભાઇ મકવાણાને સજા કરવામાં આવેલ છે. તેની વિગત આ પ્રમાણે છે.

(૧) પત્ર નં. ડી.એમ. /રાજ/ડી./ ૧૬૮૭/૯૩, તા. ૨૭-૮-૦૨ થી વાર્ષિક પગાર વધારો કાયમી અસરથી ચાર (૪) માસ માટે બંધ કરવાની સજા ગેરકાયદેસર કરેલ છે.

આમ આગામી વાર્ષિક પગાર વધારો કાયમી અસરથી ચાર (૪) માસ માટે બંધ કરવાનો ગેરકાયદેસર હુકમ કરેલ છે. જે હુકમ તદન ગેરવ્યાજબી, ગેરકાયદેસરના, કુદરતી ન્યાયનાં સિદ્ધાંતો અને પ્રસ્થાપિત કાયદાઓની જોગવાઇઓ વિરૂદ્ધના હતાં અને છે કે કેમ ? તેથી તે રીતે કરેલ સજાનો હુકમ રદ કરવો કે કેમ ? તેમજ પગાર તથા તફાવતની રકમ તેનાં એરીયર્સ સાથે અને તેના પર ૧૮ ટકા લેખેના વ્યાજ સાથે માલીક શ્રમયોગીને ચુકવી આપે કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૦૮.

(સહી) **અવાચ્ય,**
નાયબ શ્રમ આયુકત,
સૌરાષ્ટ્ર કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૭૯૫૨/ઔ.વિ.રે./૮૮/૨૦૦૮.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, રાજકોટ અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨(બી) (૨)-ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ ૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસુચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા કામદારો કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર કચ્છ, રાજકોટને સુપરત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો)ની કલમ-૧૦(૧)થી મળેલ સત્તાની રૂએ હું, નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, રાજકોટને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમમાં રાજકોટ વિભાગના ગોંડલ ડેપો ખાતે કન્ડકટર તરીકે ફરજ બજાવતાં શ્રી નાથાભાઇ સોમાભાઇ મકવાણાને સજા કરવામાં આવેલ છે. તેની વિગત આ પ્રમાણે છે.

(૧) પત્ર નં. બીજી અપીલ નં. ૨૬૭૪ નં. ડી.એમ. આર./એ.ડી.એમ./બી.અપીલ/ ૪૭૯૮/૯૩, તા. ૧૨-૪-૨૦૦૧ થી વાર્ષિક પગાર વધારો કાયમી અસરથી બે (૨) વર્ષ માટે બંધ કરવાની સજા ગેરકાયદેસર કરેલ છે.

આમ આગામી વાર્ષિક પગાર વધારો કાયમી અસરથી બે (૨) વર્ષ માટે બંધ કરવાનો ગેરકાયદેસર હુકમ કરેલ છે. જે હુકમ તદન ગેરવ્યાજબી, ગેરકાયદેસરના, કુદરતી ન્યાયનાં સિદ્ધાંતો અને પ્રસ્થાપિત કાયદાઓની જોગવાઈઓ વિરૂદ્ધના હતાં અને છે કે કેમ ? તેથી તે રીતે કરેલ સજાનો હુકમ રદ કરવો કે કેમ ? તેમજ પગાર તથા તફાવતની રકમ તેનાં એરીયર્સ સાથે અને તેના પર ૧૮ ટકા લેખેના વ્યાજ સાથે માલીક શ્રમયોગીને ચુકવી આપે કે કેમ ?

અમદાવાદ, તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૦૮.

(સહી) અવાચ્ય,
નાયબ શ્રમ આયુક્ત,
સૌરાષ્ટ્ર કચ્છ, રાજકોટ.

INDEX

નાયબ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૭૯૫૩/ઔ.વિ.રે./૮૯/૨૦૦૮.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, રાજકોટ અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

૩. નામદાર દિલ્હી હાઈકોર્ટ દ્વારા એચ. સી. ખુરાના વિરૂધ્ધ દિલ્હી ડેવલપમેન્ટ ઓથોરીટીના કેઈસમાં આપેલ ચુકાદો જે ૨૦૦૨ (૧) એલ.એલ.આર. પાના ૩૭ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. તેમાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતને ધ્યાનમાં લેતાં, જુના વર્ષો બાબતમાં આક્ષેપનામું આપવામાં આવતાં, આક્ષેપનામું રદ કરાયેલ. અને તે લાંબા સમય બાદ આપેલ હોવાના કારણે, અને પીટીશનર નિવૃત્ત થઈ ગયેલ હોવાથી રદ કરેલ, અને તેના ચાર્જશીટનો કોઈ હેતુ ગણી શકાય નહીં.

૪. નામદાર દિલ્હી હાઈકોર્ટે સુખબીરસીંગ વિ. કમિશનર, એમ.સી.ડી. અને બીજાઓના કેઈસમાં આપેલ ચુકાદો, જે ૨૦૦૬ એલ. એલ. આર. પાના ૩૪૪ ઉપર પ્રસિધ્ધ થયેલ છે. જેમાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતને ધ્યાને લેતાં દર્શાવેલ છે કે, ચાર વર્ષના સસ્પેન્સન સમય પછી આક્ષેપનામું અપાયેલ, અને તે બાબતના વિલંબ અંગે કોઈ સ્પષ્ટતા ન હોવાથી, તે ગેરકાયદેસરનું ગણાય, અને તેવું આક્ષેપનામું રદ થવાને પાત્ર છે, અને આથી કામદારને નોકરીમાં પુનઃસ્થાપિત કરવા સંબંધમાં હુકમ થયેલો છે. આમ ઉપરોક્ત પ્રકારે ચુકાદાઓ લીસ્ટથી કર્મચારી તરફે રજુ થયેલાં છે.

૫. હવે બંને પક્ષના વિદ્વાન વકીલશ્રીઓએ અત્રેની અદાલત સમક્ષ મૌખીક દલીલો પણ લંબાણપૂર્વકની કરેલી છે, અને બંને પક્ષકારોના વકીલશ્રીઓ દ્વારા તેઓએ ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબની લેખિત રજુઆત કરેલી છે, તે લેખિત રજુઆતની વિગતોને અદાલત સમક્ષ મૌખિક

INDEX

દલીલોથી દોહરાવેલ છે, અને કર્મચારી તરફે ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબની લેખિત રજુઆત અને મૌખિક રજુઆત કરી, તેઓની અપીલમાં માંગેલી દાદ આપવા આગ્રહ રાખેલો છે, અને બેન્ક તરફે પણ તેઓની લેખિત રજુઆતના સમર્થનમાં અલગથી કેટલાંક ચુકાદાઓ રજુ કરેલાં છે. જેની ચર્ચા નીચે મુજબ કરાયેલ છે. જેમાં :--

૧. સને ૧૯૭૫(૨) એલ. એલ. જે, પાના ૩૯૯ ઉપર પ્રસિદ્ધ થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત કરાયેલ છે કે, ખાતાકીય તપાસની કાયદેસરતાનો મુદ્દો પ્રથમ નક્કી કરવો જોઈએ.

૨. ૨૦૦૧(૩) જી. એલ. આર. પાના ૨૫૭૭ ના ચુકાદાનો ઉલ્લેખ કરી જણાવેલ છે કે, લેખિત જવાબમાં ખાતાકીય તપાસની કાયદેસરતા બાબતે સાબીત કરવા તકરાર ઉઠાવવી જોઈએ.

૩. ૨૦૦૧ જી. એલ.આર. પાના ૨૦૪૫માં પ્રસિધ્ધ થયેલ ચુકાદાનો ઉલ્લેખ કરી દર્શાવેલ છે કે, જ્યારે ગેરવર્તણુંકની કબુલાત હોય, ત્યારે ખાતાકીય તપાસની જરૂરીયાત રહેતી નથી.

૪. વધુમાં બેન્કને લાગુ પડતા વહીવટી નિયમોની કલમ ૨૨(૪) ની જોગવાઈઓ પ્રમાણે માત્ર પ્રતિનિધિ દ્વારા ખાતાકીય તપાસમાં હાજર થઈ શકાય છે.

૫. અને તે મુજબ જી. એલ. આર. ૪૧(૧) પાના ૫૬૨નો ચુકાદો રજુ કરી દર્શાવેલ છે કે, જો પ્રેઝટીંગ ઓફીસર કાયદાકીય રીતે ટ્રેઈન્ડ ન હોય તો કામદારને વકીલ રોકવાની કોઈ જરૂર રહેતી નથી.

૬. વધુમાં જી. એલ.આર. ૪૩(૩) પાના ૨૧૧૫નો ચુકાદા રજુ કરી દર્શાવેલ છે કે, જો સજા આઘાતજનક રીતે વધુ પડતી હોય, તો જ કોર્ટ તે સંજોગોમાં ઈન્ટરફીયર થઈ શકે.

૭. વધુમાં જી. એલ. આર. ૩૮ પાના ૧૪૬ નો ચુકાદો રજુ કરી દર્શાવેલ છે કે, રકમને ધ્યાનમાં લેવાની હોતી નથી. ગેરવર્તણુંકનો પ્રકાર જોવો જરૂરી છે.

૮. અને તે મુજબ જી. એલ.આર. ૩૮(૩) પાના ૨૩૮૦નો ઉલ્લેખ કરી દર્શાવેલ છે કે, એકજ વખતની ઉચાપતનો કિસ્સો બરતરફી માટે પુરતો છે, તેવી રજુઆત કરેલી છે. આમ વિદ્વાન વકીલ શ્રી વસાવડા દ્વારા ઉપરોક્ત પ્રકારે અદાલત સમક્ષ તેમની અપીલના કામે થયેલી લેખિત અને મૌખિક રજુઆતના સમર્થનમાં ચુકાદાઓ ટાંકી રજુઆત કરેલી છે.

૬. વધુમાં બેન્કની રજુઆત એવી છે કે, હાલની અપીલ એ વિલંબથી થયેલી છે. અને વિલંબ બાબતે કોઈ ડીલેકોન્ડેન અરજી રજુ કરેલી નથી. માટે કર્મચારીની અપીલ તે મુદ્દા ઉપરજ રદ થવા પાત્ર છે. પરંતુ બેન્કની આ રજુઆતને ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી. કારણ કે કર્મચારી દ્વારા જે અપીલ રજુ થયેલી છે, તે અપીલની સાથે તેઓને મજુર અદાલત દ્વારા જે આખરી હુકમ કે જે તા. ૧૪-૧૨-૨૦૦૫ના રોજનો છે. જે તેઓને પોષ્ટ મારફત મલ્યા બાબતનું મજુર અદાલતનું કવર રજુ કરેલ છે. કે જે કવર ઉપર આઉટવર્ડ નંબર અને મજુર

અદાલતનો સીક્કો મારેલ છે, અને તે કવર ધ્યાને લેતાં પોષ્ટની તા. ૧૦-૩-૦૬ વંચાય છે. તે બાબતને જોતાં અને અપીલ મેમોમાં કરાયેલ રજુઆતને ધ્યાને લેતાં, માનવાને કારણ બને છે કે, મજુર અદાલતનો હુકમ એપેલન્ટને તા. ૧૧-૩-૦૬ના રોજ પોષ્ટ મારફતે મળેલ હતો. હવે તેઓની દલીલમાં એવી રજુઆત છે કે, અપીલ, ચુકાદો પસાર કર્યાની તારીખથી ૩૦ દિવસની અંદર કરવી જોઈએ, માટે અપીલ ગ્રાઙ્ઞા રાખી શકાય નહીં. આ સંબંધમાં અત્રેની અદાલત એવું સ્પષ્ટપણે માને છે કે, નીચલી અદાલત એટલે કે મજુર અદાલત દ્વારા જે આખરી નિર્ણય લેવામા આવે, તે નિર્ણય કોમ્યુનીકેટ થયાની એટલે કે મલ્યાની તારીખથી નારાજ થનાર પક્ષકારે ૩૦ દિવસની અંદર અપીલ કરી શકે. હકીકતમાં આ સંબંધમાં કલમ-૮૪ માં એવો સ્પષ્ટ ઉલ્લેખ નથી. પરંતુ વિવિધ મજુર કાયદાઓની જોગવાઈઓ ધ્યાનમાં લેવામાં આવે તો, તેમાં બી. આઈ. આર. એક્ટની કલમ-૧૧૮-બી(૨) જોતાં તેમાં એવી જોગવાઈઓ છે કે, એક તરફી નિર્ણય લેવાયેલો હોય, અને તે ચુકાદાને રદ કરવાની બાબતે જે પ્રોસીડીંગઝ કરવાના થાય, તો તે ચુકાદાની જાણ થયાની તારીખથી દિન-૩૦માં થઈ શકે. તેમજ અન્ય મજુર કાયદામાં એટલે કે ઔદ્યોગિક વિવાદ ધારા, ૧૯૪૭ માં પણ એક તરફી ચુકાદાને રદ કરવા સબંધી કાર્યવાહી લાગુ પડતાં નિયમ ૨૬(એ)માં જે જોગવાઈ કરેલી છે, તે મુજબ એક તરફી ચુકાદો મલ્યેથી દિન-૩૦ માં અરજી કરવી જોઈએ. આમ ઉપરોક્ત જોગવાઈઓ ધ્યાનમાં લેતાં, અને કાયદાકીય ઉદ્દેશોને ધ્યાનમાં લેતાં હાલની અપીલ જે વિલંબથી ફાઈલ કરવાની રજુઆત છે, તે સ્વીકારી શકાય તેમ નથી. માટે અપીલ સાંભળવાપાત્ર છે, તેમ ઠરાવવામાં આવે છે.

૭. હવે મુળ રેકર્ડની હકીકતો ધ્યાને લેવામાં આવે, તો અરજી અરજદાર દ્વારા સને ૧૯૯૨માં ઉપસ્થિત કરાયેલ છે, અને મુળ અરજીના કામે તેઓના કેઈસની હકીકતોની વિગતો દોહરાવી પેરા-૧૨થી દાદ માંગવામાં આવેલ છે કે, બેન્ક દ્વારા જે તા. ૧૭-૧-૯૨નો બરતરફીનો હુકમ પસાર કરેલ છે, તે રદ કરવો અને પડેલાં દિવસોના પગાર સાથે તમામ લાભો સહીત ફરીથી નોકરીમાં પુનઃસ્થાપિત કરે તેવો હુકમ ફરમાવવા અરજ કરેલ છે. અને પડેલાં દિવસોના પગાર ઉપર ૨૪ ટકા વ્યાજ અપાવવા, તથા ખાતાકીય તપાસ દરમ્યાનના પણ પગાર અપાવવાની દાદ માંગતી અરજી તા. ૧૦-૪-૯૨ના રોજ કરાયેલ હોવાનું માલુમ પડે છે. જે અનુસંધાને બેન્ક દ્વારા પણ લેખિત જવાબ રજુ કરાયેલ છે. બંને પક્ષકારો તરફે વિવિધ દસ્તાવેજો રજુ કરાયેલ છે. કેઈસના મુળ રેકર્ડને ધ્યાને લેતાં પ્રથમ મજુર અદાલતે ખાતાકીય તપાસની કાયદેસરતા બાબતે ન્યાય નિર્ણય કરેલો છે. જે તા. ૧૪-૭-૦૫ના હુકમથી કરેલો છે, અને ત્યારબાદ મજુર અદાલત દ્વારા તા. ૧૪-૧૨-૦૫ના રોજનો આખરી હુકમ પસાર કરાયેલ છે. હવે સૌ પ્રથમ તા. ૧૪-૭-૦૫ના રોજના હુકમને ધ્યાને લેવામાં આવે તો મજુર અદાલત દ્વારા ખાતાકીય તપાસને કાયદેસર ઠરાવતો નિર્ણય લીધેલ છે. અને ત્યારબાદ આખરી હુકમ પસાર કરેલ છે. ઉપરોક્ત તમામ બાબતોને જોતાં અત્રેની અદાલતે એ નક્કી કરવાનું રહે છે કે, મજુર અદાલતે જે હુકમો પસાર કરેલા છે, તે હુકમો યોગ્ય, કાયદેસરનો, વ્યાજબી અને ન્યાયી છે કે કેમ ?

INDEX

૮. હવે સૌ પ્રથમ વિવાદિત મુદ્દો એ છે કે, કર્મચારીએ અપીલ અને રીવીઝન બન્ને હેડ નીચે વિવાદ ઉપસ્થિત કરેલ છે, તે સંબંધમાં વિચારણા કરવામાં આવે, તો હાલની અપીલ એ મજુર અદાલતના પ્રાથમિક મુદ્દાના નિર્ણય સંબંધે અને આખરી નિર્ણય ગુણદોષના સંબંધે કરાયેલ છે. અને હાલની અરજીથી કર્મચારી દ્વારા બન્ને મુદ્દાઓ સંબંધે એટલે કે મજુર અદાલત દ્વારા કરાયેલ બન્ને નિર્ણયને પડકારેલ છે. જે હાથ ઉપરના કેઈસની હકીકતો જોતાં, અદાલત બન્ને મુદ્દાઓ બાબતે વિચારણા કરવા સંપૂર્ણ સત્તા અને હકુમત ધરાવે છે.

૯. હવે ખાતાકીય તપાસની બાબતે મજુર અદાલતે જે ન્યાય નિર્ણય કર્યો છે, તે નિર્ણય અંગે ચકાસણી કરવામાં આવે, તો મજુર અદાલતે તેમના નિર્ણયમાં પેજ-૫માં કારણો આપેલાં છે, અને તેમાં ઉલ્લેખ કરેલો છે કે, કામદારને બચાવની પુરેપુરી તક આપેલી છે, અને ખાતાકીય તપાસ પુરી થયા બાદ બીજી શો કોઝ નોટીસ પણ આપેલી છે. અને ખાતાકીય તપાસને કાયદેસરની ઠરાવેલ છે. મજુર અદાલતના ચુકાદાના પેજ ૪ અને ૫ની બાબતે મુળ કેઈસના રેકર્ડનો ફરી વખત અત્રેની અદાલત દ્વારા અભ્યાસ કરવામાં આવે, તો માલુમ પડે છે કે, કર્મચારીને સૌ પ્રથમ ચાર્જશીટ તા. ૮-૭-૮૬ ના રોજનું અને ત્યારબાદ વધારાનું ચાર્જશીટ તા. ૨-૬-૯૦ની આપેલી છે, આ બાબતે ચકાસણી કરતાં માલુમ પડે છે કે, કર્મચારી દ્વારા તેમની કામગીરીમાં જી. ઈ. બી. ના બીલના નાણા સ્વીકારવાની કામગીરી કરતાં હોવાનું જણાય આવે છે. તે બાબતનુ અલગ મહેનતાણું પણ રૂા. ૪૦ ચુકવવામાં આવતું હોવાનું દર્શાવેલ છે. હવે તેમની ઉપરના આક્ષેપો ધ્યાનમાં લેતાં જણાય છે કે તેમના દ્વારા જી.ઈ.બી. ના બીલના નાણાંનો ગ્રાહકો મારફત સ્વીકાર થતો હતો. અને તેથી તે પેટે તેમના ગ્રાહકોના નાણાં સ્વીકારી તેની પહોંચ આપતાં હોવાનું માલુમ પડે છે. જેમાં અસલ પહોંચ ગ્રાહકોને આપતાં, અને બાકીની ડુપ્લીકેટ અને ત્રીપ્લીકેટમાં નાણાં સ્વીકાર્યાની રકમમાં ફેરફાર કરી ઉચાપત કરવા બાબતનો આક્ષેપ તેઓની સામે મુકાયેલો છે. સંબંધીત કર્મચારીને આપેલ આક્ષેપનામા સંબંધે કર્મચારી તરફે જે રજુઆત થયેલ છે, તે માર્ક ૩/૪ થી મુળ રેકર્ડમાં જણાય છે. તેને વંચાણે લેતાં, પેરા-૩માં હિન્દીમાં રજુઆત કરેલી છે. તેનો ઉલ્લેખ નીચે મુજબ કરવો જરૂરી હોય, તે કરેલ છે.

"मेरे पास बील भरनेवाला आदमी या स्टाफका कोई आदमी जी.ई.बी. के बीलके बदलेमे ग्राहक नंबर लेकर पैसा भरना चाहता था, तो मैं उसे रसीद निकाल देता था. हो सकता है की उसके कारण जी.ई.बी. के बील और बेन्कमें भरी कोई रकममें फर्क आता हो". ઉપરોકત ઉલ્લેખ ધ્યાને લેતાં, તેઓ એ વાતનો સ્વીકાર કરે છે કે, જે કોઈ ગ્રાહક કે સ્ટાફની વ્યક્તિ બીલ ફક્ત ગ્રાહક નંબરથી પૈસા ભરવા આવે, તો તેઓ તેમના ગ્રાહક નંબરથી રસીદ આપતાં હતાં, તેના કારણે જી.ઈ.બી. બીલ અને બેન્કમાં ભરાતી રકમમાં ફેરફાર હોવાનું બની શકે. તેવી રજુઆતનો સ્વીકાર કરેલો છે, અને વધુમાં તેઓએ રૂા. ૪,૦૦૦/- જે ભરેલા છે, તે બાબતે જી.ઈ.બી. સાથે પત્ર વ્યવહાર કરી તેઓના ભરેલ નાણા પાછા આપવાનો પણ ઉલ્લેખ છે. આમ તેઓની ઉપર મુકેલ આક્ષેપ સંબંધે ઉપરોકત પ્રમાણેની રજુઆતો હોવાનું જણાય આવે છે.

INDEX

વધુમાં મુળ રેકર્ડને ધ્યાને લેતાં, સંબંધીત કર્મચારી દ્વારા અલગ અલગ તારીખોએ રજા માંગતી અરજીઓ છે, અને જે અરજીઓ સંબંધે બેન્ક દ્વારા રજા મંજૂર કરવામા આવેલાના હુકમો છે, તેમાં કેટલીક રજા અર્ધ-પગારી, કેટલીક અર્ન લીવ, અને ત્યારબાદ વગર પગારી રજા હોવાનું જણાય આવે છે.

૧૦. હવે હાથ ઉપરના કેઈસમાં સંબંધીત કર્મચારીની રજુઆત એ છે કે, આવું આક્ષેપનામું ૧૯૮૬ માં આપેલું, તે સંબંધે ૧૯૯૦ સુધી કોઈપણ કાર્યવાહી તઓની સામે હાથ ધરાયેલ નહીં, અને જે કાર્યવાહી સને ૧૯૯૦ માં શરૂ કરાયેલ. અને ત્યારબાદ તેઓને વધારાનું એક ચાર્જશીટ તા. ૨-૬-૯૦ ના રોજનું આપવામાં આવેલ. આમ તેઓ સામે પાંચ વર્ષના સમય દરમ્યાન કોઈ કાર્યવાહી થયેલ નહીં, અને તેઓને સસ્પેન્શન ઉપર પણ રાખેલાં નહીં. અને કોઈ પગાર પણ ચુકવેલો નહીં. તે સંજોગોમાં તેમની સામે થયેલ ખાતાકીય તપાસની કાર્યવાહી રદ થવા પાત્ર બને છે. અને તેના સમર્થનમાં તેઓએ જે નામદાર મદ્રાસ હાઈકોર્ટનો ચુકાદો ટાંકી તેઓના કેઈસને મદદ કરતાં હોવાનું દર્શાવેલ છે. હવે હાથ ઉપરના કેઈસની તમામ હકીકતોનો અભ્યાસ કરતાં, સંબંધીત કર્મચારી દ્વારા જે ગેરવર્તણુંક સંબંધમાં તેઓને તહોમતપત્ર આપેલું તે તહોમતપત્ર નાણાંની ઉચાપત સંબંધે હોવાનું ફલીત થાય છે. અને જે સંબંધમાં ઉપર ચર્ચા કરી તે પ્રમાણેના રેકર્ડને ધ્યાને લેતાં, કર્મચારીએ જાતે સ્વેચ્છાએ રૂા. ૪,૦૦૦/- ભરેલ છે. હવે ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબની બાબતને ઝીણવટથી જોવામાં આવે તો, જે જી.ઈ.બી. ના સ્વીકારેલ નાણાની ઘટ બાબતમાં જો કર્મચારી ઉપર નાણા ભરવા માટે બેન્ક દ્વારા દબાણ કરવામાં આવેલ હોય, તો પણ કર્મચારી તે દબાણની સામે જે તે વખતે પ્રોટેસ્ટ તે જ સમયે કરી શક્યા હોત. અને તે જ સમયે જે કાંઈ પણ પ્રકારની ઘટ અથવા તો ઉચાપતમાં તઓ સંપુર્ણપણે નિર્દોષ હોય તો તે બાબતથી અડીખમ રહી તેને વળગી રહેવું જોઈએ, અને બેન્કના દબાણને વશ થવાની એટલે કે નાણા ભરવાની કે રજા ઉપર જવાની વાતને સ્વીકારવી ના જોઈએ, તેવું અદાલતનું માનવું છે. વધુમાં તપાસ કાર્યવાહીના રેકર્ડને પણ ધ્યાનમાં લેવામાં આવે તો, તે આંક-૨૨થી છે. જેમાં શરૂઆતના સમય દરમ્યાન તેઓ હાજર થયેલ હોવાનું જણાય છે, અને શરૂઆતના બે સાક્ષીની ઉલટ તપાસ પણ કરેલ હોવાનું રેકર્ડ ઉપરથી માલુમ પડે છે. જ્યારે ત્યારબાદની ખાતાકીય તપાસમાં એટલે કે સાક્ષી નં. ૧ કે જે રામચંદ ચાવલાનું નિવેદન થયેલ છે, તે નિવેદનની ઉલટ તપાસ સંબંધે કામદારે જાતે હાજર રહી કરેલી છે. અને ત્યારબાદ સાક્ષી નં. ૨ રમેશભાઈની પણ ઉલટ તપાસ કામદારે જાતે હાજર રહી કરેલી હોવાનું ફલિત થાય છે. અને ત્યારબાદ ખાતાકિય તપાસની કાર્યવાહીમાં તેઓનો સતત આગ્રહ વકીલશ્રી મારફત રજુઆત કરવાનો નોંધાવેલ છે. વકીલશ્રી મારફત રજુઆત કરવાની બાબતમાં ખાતાકીય તપાસ અધિકારી દ્વારા તા. ૨૭-૩-૯૧ ના રોજ નિર્ણય કરી ઠરાવેલ છે કે, કર્મચારી ક્યા કાયદાની જોગવાઈને ધ્યાને લઈ વકીલ મારફત રજુઆત કરવાનો આગ્રહ સેવેલ છે, તે અંગે પુછપરછ કરતાં કોઈ ખુલાસો ન થતાં, વકીલ રોકવાની માંગણી નામંજુર કરાયેલ હોય, તેવું ઠરાવેલ હોવાનું જણાય આવે છે. આમ તા. ૨૭-૩-૯૧ ના રોજ કર્મચારીની વકીલ રોકવાની માંગણી રદ કરાયાની બાબત

INDEX

નિર્ણીત કરાયેલ છે. અને ત્યારબાદ તા. ૨૭-૩-૯૧ના રોજ સાક્ષી નં. ૧ની જુબાની થયેલી હોવાનું જણાય છે, કે જે કાર્યવાહીમાં કર્મચારીએ હાજર રહી ભાગ લીધેલ હોવાનું જણાય આવે છે. આ હકીકત હોવા છતાં પણ વકીલ મારફત બચાવ કરવાના આગ્રહને વળગી રહેલ હોવાનું જણાય છે. આમ કર્મચારીની મુખ્યત્વે એવી રજુઆત છે કે, તેઓની વકીલ રોકવાની પરવાનગી ગ્રાજ્ઞા ન રાખી હોઈ, ખાતાકીય તપાસમાં કુદરતી ન્યાયના સિદ્ધાંતોનો ભંગ કરેલ હોવાની રજુઆત નોંધાવેલ છે. હવે આ બાબતે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે લાગુ પડતાં નમુના રૂપ સ્થાયી હુકમો કે જે સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના બેન્કીંગ ઉદ્યોગ માટે લાગુ પડે છે, તેની કલમ ૨૨(૪) જોતાં, તે નીચે મુજબ છે.

"કલમ-૨૨-ગેરવર્તણુંક માટે શિક્ષા :-

(૪) જે કામદારની વિરૂદ્ધ તપાસ કરવાની હોય, તેની સામે ઉપસ્થિત થતાં સંજોગો સ્પષ્ટ રીતે જણાવાતું સ્પષ્ટતા કરવા જણાવતું એક તહોમતનામું તેને આપવું. તહોમતનો જવાબ આપવાની તેને એક તક આપવી, અને મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૩૦ હેઠળ પોતાના પ્રતિનિધિ મારફતે બચાવ કરવાની તક આપવી. તપાસ કરનાર અધિકારીએ લેખિત નોંધવાના કારણોસર હોય તે સિવાય કામદારને સ્વબચાવમાં સાક્ષીઓ રજૂ કરવાની અને જેમના પુરાવા ઉપર તહોમતનો આધાર હોય, તેવા કોઈ સાક્ષીની ઉલટ તપાસ કરવાની પરવાનગી આપવી. બેમાંથી કોઈ પક્ષે આપેલાં પુરાવાનો ટુંકસાર અને કામદારની દલીલોની નોંધ કરવી જોઈશે." ઉપરોક્ત નિયમોને ધ્યાને લેવામાં આવે તો તેને બી.આઈ.આર. એક્ટની કલમ-૩૦ ની જોગવાઈ પ્રમાણે તપાસના કામે પ્રતિનિધિત્વ કરી શકે છે. આમ નમુનારૂપ સ્થાયી નિયમો કે જે કર્મચારીની નોકરી સંબંધેના નિયમો છે, જેની જોગવાઈને જોતાં, તેમાં ખાતાકીય તપાસ દરમ્યાન વકીલ રાખી બચાવ કરવાની કોઈ જોગવાઈ નથી. વધુમાં હાથ ઉપરના કેઈસની હકીકતોને પણ ધ્યાનમાં લેવામાં આવે તો, પ્રેઝન્ટીંગ ઓફીસર એ કોઈ લીગલ, ક્વોલીફાઈડ, કે લીગલ ટ્રેઈન્ડ માણસ હોવાનું જણાય આવતું નથી. તે બાબતને ધ્યાને લેતાં તેમજ માત્ર તપાસ અધિકારી વકીલ હોવાથી, તેમજ તેઓને કાયદાકીય જાણકારી હોવાની બાબત હોવાથી તેઓને વકીલ મારફત જ બચાવ કરવાની રજુઆત કરવાની તક મળવી જોઈએ. અને તેઓની તેવી રજુઆતને ગ્રાજ્ઞા ન રાખવાથી, કુદરતી ન્યાયના સિદ્ધાંતોનો ભંગ થયેલો છે. તેમ ગણી શકાય નહીં. માટે ઉપરોક્ત બાબતોને જોતાં, કર્મચારીની રજુઆત કે ખાતાકીય તપાસમાં કુદરતી ન્યાયના સિદ્ધાંતોનો ભંગ કરાયેલ છે, તે રજુઆત સ્વીકારી શકાય તેમ નથી.

૧૧. વધુમાં ખાતાકીય તપાસનું રેકર્ડ જોતાં, દસ્તાવેજોની ચકાસણી અર્થે કર્મચારીની રજુઆત કરાયેલ છે, તે દસ્તાવેજો તેમને ચકાસણી માટે આપી તક આપેલ હોવાનું પણ રેકર્ડ જોતાં જણાય છે. આ બાબત તપાસ કાર્યવાહી દરમ્યાન તપાસ અધિકારીએ આપેલ આંકને ધ્યાને લેતાં આંક-૩૦ થી જરૂરી દસ્તાવેજો કે જે જી.ઈ.બી. દ્વારા બેન્કને પ્રાજ્ઞ થયેલાં, તેની નકલ પણ પુરી પડાયેલ હોવાનું જણાય આવે છે. વધુમાં તપાસ કાર્યવાહીની ફાઈલના કાગળોને અદાલતે

આંક-૨૨ આપેલ છે. જેના કાગળોમાં તપાસ અધિકારીએ કાર્યવાહી દરમ્યાન આંક-૨૮ જોતાં બેન્ક દ્વારા જી.ઈ.બી.ના જે અધિકારીને તા. ૨૦-૪-૯૧ના રોજ તપાસવામાં આવનાર હતા, તેની જાણ પણ સંબંધીત કર્મચારીને કરેલ છે. જે પત્રની નકલ રેકર્ડ ઉપર જણાય આવે છે. અને સંબંધીત કર્મચારીએ ત્યારબાદ તપાસમાં હાજર થઈને તપાસની કાર્યવાહીમાં ભાગ લેવાનું ટાળી વકીલ રોકવાની રજુઆતને વળગી રહેલ હોવાનું જણાય આવે છે. અને તેઓની સામેની ખાતાકીય તપાસમાં ભાગ લીધેલ ન હોવાનું માલુમ પડે છે. આમ કર્મચારી દ્વારા તેઓ સામેની ખાતાકીય તપાસની કાર્યવાહીમાં ભાગ ન લઈ, અને તેનાથી અળગા રહેવાનું વર્તન કરેલ હોવાનું રેકર્ડ ઉપરથી માલુમ પડે છે. વધુમાં તપાસ અધિકારી દ્વારા કાર્યવાહીને આપેલ આંક-૩૩ થી જી.ઈ.બી. ના સીનીયર આસીસ્ટંટનો પુરાવો નોંધાયેલ હોવાનું માલુમ પડે છે, અને છેલ્લે ત્યારબાદ તેઓને તા. ૭-૫-૯૧નો પત્ર લખી ઉલ્લેખ કરાયેલ છે કે, તેઓ તપાસની કાર્યવાહી અવગણીને ચાલ્યા ગયેલ છે, અને બેન્ક તરફેનો પુરાવો બંધ કરાયેલ છે, અને તેઓને જે કાંઈપણ રજુઆત કે સાક્ષી પુરાવા હોય, તે રજુ કરવા સંબંધે પત્ર લખાયેલાનું માલુમ પડે છે. જે કાર્યવાહીમાં આંક-૩૭ થી હોવાનું માલુમ પડે છે. અને ત્યારબાદ પણ કર્મચારી દ્વારા તપાસમાં ભાગ ન લેવાનું જણાય આવે છે. જેથી કાર્યવાહી એક તરફી પુરી કરી તેનું તારણ બેન્કને તપાસ અધિકારીએ આપેલું છે. આમ ઉપરોક્ત તપાસ કાર્યવાહીનું રેકર્ડ જોતાં, અને તે અંગેના તારણોનો અભ્યાસ કરતા તે તારણ તપાસમાં રેકર્ડ આધારીત લખાયેલ હોવાનું જણાય આવે છે, અને તેમાં તપાસ અધિકારી દ્વારા વિગતે દરેકેદરેક બાબતોનો ઉલ્લેખ કરેલ હોવાનું રેકર્ડ જોતાં વંચાય છે. આમ સંબંધીત કર્મચારી તરફે જે વિવાદ ઉપસ્થિત કરી ખાતાકીય તપાસની કાયદેસરતા બાબતે જે રજુઆત નોંધાવેલ છે, અને મજુર અદાલતના હુકમમાં ક્ષતિ હોવાનું દર્શાવેલ છે, તે બાબત ઉપરોક્ત કરેલ ચર્ચાને ધ્યાને લેતાં, સ્વીકારી શકાય તેવી જણાતી નથી અને માટે મજુર અદાલતે તપાસની કાયદેસરતા બાબતે જે હુકમ પસાર કરેલ છે, તે યોગ્ય કાયદેસર અને વ્યાજબી છે. અને તેમાં કોઈ હસ્તક્ષેપ કરવો જણાતો નથી.

૧૨. હવે કર્મચારી તરફે ભારપુર્વકની એ દલીલ કરાયેલ છે કે, મજુર અદાલતે જે આખરી હુકમ પસાર કરેલ છે, તે હુકમમાં શરૂઆતના ત્રણ પાનામાં કેઈસના રેકર્ડની હકીકતો દર્શાવેલ છે, અને ત્યારબાદ મજૂર અદાલતે આઈ.ડી. એક્ટની કલમ-૧૧-અ નો ઉલ્લેખ કરી અરજદારની અરજી રદ કરેલ છે, જે હુકમ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી અને અયોગ્ય છે. હવે અગાઉ ચર્ચા કરી તે મુજબ મજૂર અદાલત દ્વારા ઈન્કવાયરીની કાયદેસરતા સંબંધમાં નિર્ણય લેવાયા બાદ મજુર અદાલતે જે ગુણદોષ બાબતે નિર્ણય લીધેલ છે, તેની ચકાસણી કરવામાં આવે તો, મજુર અદાલતે સજાના વ્યાજબીપણા અંગે ચર્ચા કરેલી છે. એટલે કે કર્મચારીને જે બરતરફીની સજા કરાયેલ છે, તે વધુ પડતી આકરી શિક્ષા છે કે કેમ? તે સંબંધે આઈ. ડી. એક્ટની કલમ-૧૧ અ ઉલ્લેખ કરી રદ કરેલ છે. આ સંબંધે મુંબઈ ઔદ્યોગિક સંબંધક ધારા, ૧૯૪૬ ની જોગવાઈનો અભ્યાસ કરવામાં આવે, તો કલમ ૭૮માં નીચેની જોગવાઈ છે.

INDEX

"કલમ-૭૮ : લેબર કોર્ટની સત્તાઓ"

૧. લેબર કોર્ટને નીચેની સત્તા રહેશે.

એ - ૧. સ્થાયી હકમો મુજબ કામ કરતાં અથવા કામ કરવાનું અભિપ્રેત જણાતાં માલિકે કરેલ હુકમની ઔચીત્યતા અથવા કાયદેસરતા અંગેની નિર્ણય કરવાની;

૨. સ્થાયી હુકમો લાગુ પાડવા અને તેમના અર્થઘટન અંગેની તકરારનો નિર્ણય કરવાની;

૩. અનુસુચિ-૩માં નિર્દિષ્ટ કરેલી કોઈ ઔદ્યોગિક બાબત સંબંધમાં માલિકે કરેલા અથવા કામદારે માંગેલા કોઈ ફેરફારને લગતો અને તેવા ફેરફારમાંથી ઉપસ્થિત થતી બાબતો અંગેની તકરારનો નિર્ણય કરવાની.

કલમ-૭૮ની ઉપરોક્ત જોગવાઈઓને ધ્યાને લેતાં, સ્પષ્ટ જણાય છે કે, વહીવટી નિયમો અન્વયે માલિકે કરેલ હુકમનો ન્યાય નિર્ણય કરવાનો હોય, ત્યારે તેની ઔચીત્યતા અને કાયદેસરતા બન્ને બાબતે નિર્ણય કરવાનો છે. આમ ઉપરોક્ત ઔચીત્યતા અને કાયદેસરતાની બાબતે ચકાસણી કરતાં, ખરેખર મજુર અદાલતે હુકમની કાયદેસરતા અને વ્યાજબીપણાની પણ ચકાસણી કરવાની રહે છે. અને તે બાબતને ધ્યાને લેતાં, કલમ ૭૮ નીચે મજુર અદાલતને હુકમના વ્યાજબીપણા અંગે ચકાસણીની સત્તા રહેલી છે. હાથ ઉપરના કેઈસમાં મજુર અદાલતે જે આઈ.ડી એક્ટની કલમ-૧૧-અનો ઉલ્લેખ કરલો છે, તે જોગવાઈ હાથ ઉપરના કેઈસમાં લાગુ પાડી શકાય નહીં, પરંતુ અગાઉ ચર્ચા કરી તે મુજબ કલમ ૭૮ નીચે મજુર અદાલત હુકમના વ્યાજબીપણાને પણ જોઈ શકે. તેમ અદાલત દ્વારા ઠરાવવામાં આવે છે. આમ હવે મજુર અદાલતે જે કર્મચારીની બરતરફીના હુકમને યથાર્થ ઠરાવેલ છે, તે બાબતે અગાઉ આ અદાલત દ્વારા જે ચર્ચા કરવામાં આવી છે તેને ફરીથી ધ્યાનમાં લેવામાં આવે તો કર્મચારી ઉપર નાણાકીય ઉચાપત અંગેનો આક્ષેપ છે. અને તે આક્ષેપો સંબંધમાં ખાતાકીય તપાસ કરાયેલ છે. જરૂરી દસ્તાવેજોનું ઈન્સ્પેકશન અપાયાનું જણાય આવે છે. અને તે બાબતોના અંતે તેઓ ઉપરના નાણાકીય ઉચાપતના આક્ષેપો પુરવાર થયાનું પ્રસ્થાપિત થયેલ છે. આ સંબંધમાં બેન્ક તરફે રજુ થયેલ ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત કે નાણાકીય ઉચાપતનો એકજ પ્રસંગ પુરતો છે. તે સિદ્ધાંત તેમજ હાલમાં પણ જ્યાં વિશ્વસનિયતાના સંબંધો પ્રસ્થાપિત થતાં હોય, એટલે કે, બેન્ક જેવી પબ્લીક બોડીમાં કામ કરતાં કર્મચારીઓ, એસ.ટી. કોર્પોરેશનના કર્મચારીઓ, કે જેઓ સાથેની વિશ્વસનિયતાના સંબંધો બંધાયેલ હોય, તેવા ઉપક્રમમાં કામ કરતાં કર્મચારી દ્વારા જો વિશ્વાસભંગ કરવામાં આવે, અને નાણાકીય ઉચાપત જેવી ગેરવર્તણુંક કરવામાં આવે, તો તેને ખુબ જ ગંભીર પ્રકારની ગેરવર્તણુંક તરીકે ઉલ્લેખાયેલ છે. જે અંગેનો તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા રમેશભાઈ સુખાભાઈ પટેલ વિરૂદ્ધ ડીવીઝનલ કન્ટ્રોલર, ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સ્પોર્ટ કોર્પોરેશનના કેઈસમાં આપવામાં આવેલ ચુકાદો, કે જે ૨૦૦૮, એલએલઆર.,

INDEX

સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના કેઈસમાં આપવામાં આવેલ ચુકાદો, કે જે ૨૦૦૮, એલએલઆર., પાના ૬૮ ઉપર પ્રસિદ્ધ થયેલ છે, તે ધ્યાને લેવો જરૂરી છે. તેમાં પણ નાણાંકીય મીસ-એપ્રોપ્રીએશનના પુરવાર થયેલ ગુનામાં કન્ડક્ટરને ડીસમીસલની કરવામા આવેલ સજા યોગ્ય હોવાનું ઠરાવેલ છે, અને જે ચુકાદામાં નામદાર હાઈકોર્ટ દ્વારા એપેક્ષ કોર્ટનો ચુકાદો જે Regional Manager, U.P.S.R.T.C. v. Hoti Lal reported in 2003, LLR, 344 (SC) (2003), 3, SCC 605 માં પ્રસિદ્ધ થયેલ જેના દ્વારા જે નિરીક્ષણ કરવામાં આવેલું તેની ચર્ચા કરેલી છે, જે નીચે મુજબ છે.

"If the charged employee holds a position of trust where honesty and integrity are inbuilt requirements of functioning. It would not be proper to deal with the matter leniently. Misconduct in such cases has to be dealt with iron hands. Where the person deals with public money or is engaged in financial transactions of acts in a fiduciary capacity, the highest degree or integrity and trustworthiness is a must and unexceptionable. Judged in the background, conclusions of the Division Bench of the High Court do not appear to be proper. We set aside the same and restore order of learned Single Judge upholding the order of dismissal" તેમજ નામદાર હાઈકોર્ટે તેમના ઉપરોક્ત જજમેન્ટમા The Depot Manager APSRTC V. B. Swamy reported in 2007, AIR SCW 4930; 2007 LLR 52 (SC) માં થયેલ ચુકાદાની પણ ચર્ચા કરેલ છે. જેમાં એવું નિરીક્ષણ કરવામાં આવેલ કે, "We fail to understand how the incident could be characterized as accidental. The more fact that this was the first occasion when the respondent was caught is no ground to hold that it was accidetal. What weighed with the learned judges was the fact that the respodent had not found to be involved in such irregularities earlier. In our view that is not very material in the fact of this case. A conducter of a bus enjoys the faith reposed in him. He accepts the responsibility of honesty collecting fares from the passengers after issuing proper tickets and is obliged to account for the money so collected. If conductors were to be dishonest in the perfomance of their duties. It would cause serious pecuniary loss to the employer. The High Court was therefore not justified in observing that the management gave "excess gravity" to the offence. We are constrained to observe that the High Court was not justified in characterizing the order of the management as one induced by exaggeration of the gravity of the offence. The conductor performs only the duty of issuing tickets to the passengers and accounting for the fare collected from the passengers to the managements. If he is guilty of serious misconduct and the gravity of the misconduct cannot be minimized by the fact that he was not earlier caught indulging in such dishonest conduct. There is no guarantee that he had not acted dishonestly in the past as well which went undetected. Even

INDEX

one act of dishonestly amounting to breach of faith may invite serious punishment" તેમ સ્પષ્ટપણે જણાવેલ છે. આમ ઉપરોક્ત દર્શાવેલ કેઈસમાં નામદાર સુપ્રીમ કોર્ટે જે સિદ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે, તેને નામદાર ગુજરાત હાઈકોર્ટે તેમના ચુકાદામાં ચર્ચા કરેલ છે અને તેમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને ધ્યાને લેતાં, હાથ ઉપરના કેઈસમાં પણ અરજદારની જે ગેરવર્તણુંકો છે તે ગંભીર ગેરવર્તણુંક છે, આમ ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લેતાં , મજુર અદાલતે જે તેમના ચુકાદામાં આખરી નિર્ણયમાં અરજદારની અરજી રદ કરવાનો હુકમ કરેલો છે, તેમાં હસ્તક્ષેપ કરવાપણું જણાતું નથી. અને તે તમામ સંજોગોને ધ્યાને લેતાં, એપેલન્ટની અપીલમાં કોઈ વજુદ જણાતું નથી. ઉપરોક્ત સમગ્ર ચર્ચા કર્યાના અંતે નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ છે.

હુકમ

૧. એપેલન્ટની અપીલ આથી નામંજુર કરવામાં આવે છે. અને મજુર અદાલતે પસાર કરેલ તા. ૧૪-૭-૦૫ અને તા. ૧૪-૧૨-૦૫ના રોજના હુકમને યોગ્ય, કાયદેસર અને વ્યાજબી ઠરાવવામાં આવે છે.

૨. ખર્ચ સંબંધે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

૩. મજુર અદાલતનું રેકર્ડ પરત મોકલવું.

રાજકોટ, તારીખ ૨૨મી એપ્રિલ, ૨૦૦૮.

અશ્વિન બી. પંચાલ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત નં.-૨, રાજકોટ.

રાજકોટ, તારીખ ૩૦મી મે, ૨૦૦૮.

કે. એન. દોશી,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
રાજકોટ.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette*, Part I—L should be *read* to have been published in Issue No. 38, *Gujarat Government Gazette*, Part I—L, dated 18th September, 2008 and for pages VAD–3463 to 3510 (in 1 set) *read* page Nos. 3761 to 3808.

વિજ્ઞપ્તિ

શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૨૦૦૮ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલના અંક-૩૮માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૩૪૬૩ થી વીએડી-૩૫૧૦ (૧ બંચમાં) ને પાન નંબર ૩૭૬૧ થી ૩૮૦૮ વાંચવા.

Vadodara , 18th September, 2008.

S. J. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આરએજે/૯૪/૨૦૦૮/આર.ટી.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર શ્રી (૧) દિલીપ એન્જીનીયરીંગ, રાજકોટ અને તેના શ્રમયોગી શ્રી લલીતભાઇ જીણાભાઇ વાઘેલા વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજ્યના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની પેટા-કલમ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. ડી. સાતા, મદદનીશ શ્રમ આયુકત, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૨, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી લલીતભાઇ જીણાભાઇ વાઘેલાને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૦૮.

એમ. ડી. સાતા,
મદદનીશ શ્રમ આયુકત,
રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આરએજે/૯૮/૨૦૦૮/આર.ટી.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર શ્રી (૧) રેન્જ ફોરેસ્ટ ઓફીસર, ઉપલેટા, જી. રાજકોટ, (૨) નાયબ વન સંરક્ષકશ્રી રાજકોટ અને તેના શ્રમયોગી શ્રી નોઇડા હબીબભાઈ ઉમરભાઇ વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત રાજયના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૯-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા વિભાગ-૧ ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની પેટા-કલમ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. ડી. સાતા, મદદનીશ શ્રમ આયુકત, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૨, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નોઇડા હબીબભાઈ ઉમરભાઈને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૦૮.

એમ. ડી. સાતા,
મદદનીશ શ્રમ આયુકત,
રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/મશ્રઆ/ભ/આઈડીઆર/૭૨૯૨/૨૦૦૮.-મદદનીશ શ્રમ આયુકત, ભરૂચનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર ચીફ ઓફીસરશ્રી/પ્રમુખશ્રી, ભરૂચ સેવા સદન, ભરૂચ અને તેના શ્રમયોગી શ્રી મહેશભાઈ શાંતીલાલ સોલંકી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, (સને ૧૯૪૭ના ૧૪માંની) કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલા કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, એમ. ઓ. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુકત, ભરૂચ, આથી મજુર અદાલત નં. ૧, ભરૂચને સદરહુ વિવાદ ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી મહેશભાઈ શાંતીલાલ સોલંકીને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

ભરૂચ, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૦૮.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુકત,
ભરૂચ.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/મશ્રઆ/ભ/આઈડીઆર/૭૨૯૭/૨૦૦૮.-મદદનીશ શ્રમ આયુકત, ભરૂચનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ લીમીટેડ, મુ.પો. કનેરાવ, તા. વાલીયા, જી. ભરૂચ અને તેના શ્રમયોગીશ્રી મહેશભાઈ મેલ્યાભાઈ વસાવા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, (સને ૧૯૪૭ના ૧૪માંની) કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮/૩/ઝ થી સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલા કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, એમ. ઓ. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુકત, ભરૂચ, આથી મજુર અદાલત નં. ૧ ભરૂચને સદરહુ વિવાદ ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી મહેશભાઈ મેલ્યાભાઈ વસાવાને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભરૂચ, તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૦૮.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુકત,
ભરૂચ.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

સુધારા હુકમ

સંદર્ભ :- (૧) આ કચેરીના ક્રમાંક મ.મ.ક./ભરૂચ/૬૫૩૦, તા. ૧૪-૮-૨૦૦૩.

(૨) મગનભાઈ ત્રિભોવનભાઈ પરમાર, મુ. મુલદ, પો. ગોવાલી, તા. ઝગડીયા, જી. ભરૂચની તા. ૨-૭-૨૦૦૮ની સુધારા અરજી.

ક્રમાંક મશ્રઆ/ભ/૦૮/૭૨૭૯/૨૦૦૮.-આ કચેરીના સંદર્ભ-૧ના પત્રથી ગુજરાત ઈન્સેકટી સાઇડ લીમીટેડ, પ્લોટ નં. ૮૦૫-૮૦૬, જી.આઈ.ડી.સી., અંકલેશ્વરના શ્રમયોગી શ્રી મગનભાઈ ત્રિભોવનભાઈ પરમાર, મુ. મુલદ. પો. ગોવાલી, તા. ઝગડીયા, જી. ભરૂચની નોકરીમાં પુનઃ સ્થાપિત થવા અંગેનો વિવાદ નામદાર મજુર અદાલત, ભરૂચ, (કોર્ટ નં.-૨) ને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે.

સંદર્ભ-૨ના પત્રથી અરજદાર શ્રી મગનભાઈ ત્રિભોવનભાઈ પરમાર તરફથી સદર રેફરન્સમાં પક્ષકાર નંબર-૨ તરીકે કોન્ટ્રાકટરશ્રી કિર્તી લેબર્સ, ડી-૨૯, નારાયણ કુંજ સોસાયટી, નર્મદાનગર, જી.આઈ.ડી.સી., ભરૂચને પક્ષકાર તરીકે દાખલ કરવા વિનંતી કરવામાં આવેલ.

આ અંગે સામાવાળા કિર્તી લેબર્સ, ભરૂચને સાંભળવાની તક આપવામાં આવેલ.

આથી નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે ન્યાયના હિતમાં સામાવાળા નં.-૨ તરીકે કિર્તી લેબર્સ, ડી-૨૯, નારાયણકુંજ સોસાયટી, નર્મદાનગર, જી.આઈ.ડી.સી., ભરૂચને જોડવા જરૂરી છે.

આથી અત્રેના સંદર્ભ-૧ના હુકમના પ્રથમ પેરામાં સુધારો કરી પક્ષકાર તરીકે ગુજરાત ઈન્સેકટીસાઇડ લી., અંકલેશ્વર, બાદ પક્ષકાર (૨) તરીકે કિર્તી લેબર્સ, ડી-૨૯, નારાયણકુંજ, સોસાયટી, નર્મદાનગર, જી.આઈ.ડી.સી., ભરૂચને જોડવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૦૮.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુકત,
ભરૂચ.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

સુધારા હુકમ

સંદર્ભ :- (૧) આ કચેરીના ક્રમાંક મ.મ.ક./ભરૂચ/૬૧૭૮, તા. ૨૪-૧૨-૧૯૯૬.

(૨) જશભાઈ લલ્લુભાઈ પટેલ, સી-૧૧, જનકવાટીકા સોસાયટી, આંબોલી રોડ, મુ.તા. અંકલેશ્વરની તા. ૯-૭-૨૦૦૮ની સુધારા અરજી.

ક્રમાંક મશ્રઆ/ભ/૦૮/૭૨૭૪/૨૦૦૮.-આ કચેરીના સંદર્ભ-૧ના પત્રથી અશોક ઓર્ગેનીકસ લીમીટેડ, (ડીસ્ટીલરી ડીવીઝન) મુ. બોરીદરા, હાંસોટ રોડ, તા અંકલેશ્વરના શ્રમયોગી શ્રી જશભાઈ લલ્લુભાઈ પટેલ, સી-૧૧, જનકવાટીકા સોસાયટી, આંબોલી રોડ, મુ.તા. અંકલેશ્વર, જી. ભરૂચની નોકરીમાં પુનઃ સ્થાપિત થવા અંગેનો વિવાદ નામદાર મજુર અદાલત, ભરૂચ, (કોર્ટ નં.-૨) ને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે.

સંદર્ભ-૨ના પત્રથી અરજદાર શ્રી જશુભાઈ લલ્લુભાઈ પટેલ તરફથી સદર રેફરન્સમાં સુધારા માટે અરજી આપતા જણાવવામાં આવેલ કે, રેફરન્સમાં પક્ષકાર નંબર-૨ તરીકે ડેક્કન આલ્કોહોલ પ્રાઈવેટ લીમીટેડ, (ડીસ્ટીલરી ડિવીઝન), મુ. બોરીદરા, હાંસોટ રોડ, તા. અંકલેશ્વર જી. ભરૂચને પક્ષકાર તરીકે દાખલ કરવા વિનંતી કરવામાં આવેલ.

આ અંગે સામાવાળા ડેક્કન આલ્કોહોલ પ્રાઈવેટ લીમીટેડ, (ડીસ્ટીલરી ડિવીઝન), મુ. બોરીદરા, હાંસોટ રોડ, તા. અંકલેશ્વર જી. ભરૂચને સાંભળવાની તક આપવામાં આવેલ.

આથી નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે ન્યાયના હિતમાં સામાવાળા નં.-૨ તરીકે ડેક્કન આલ્કોહોલ પ્રાઈવેટ લીમીટેડ, (ડીસ્ટીલરી ડિવીઝન), મુ. બોરીદરા, હાંસોટ રોડ, તા. અંકલેશ્વર જી. ભરૂચને જોડવા જરૂરી છે.

આથી અત્રેના સંદર્ભ-૧ના હુકમના પ્રથમ પેરામાં સુધારો કરી પક્ષકાર તરીકે અશોક ઓર્ગેનીકસ લીમીટેડ, (ડીસ્ટીલરી ડિવીઝન), મુ. બોરીદરા, હાંસોટ રોડ, તા. અંકલેશ્વર જી. ભરૂચ બાદ પક્ષકાર (૨) તરીકે ડેક્કન આલ્કોહોલ પ્રાઈવેટ લીમીટેડ, (ડીસ્ટીલરી ડિવીઝન), મુ. બોરીદરા, હાંસોટ રોડ, તા. અંકલેશ્વર જી. ભરૂચને જોડવામાં આવે છે.

ભરૂચ, તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૦૮.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુકત,
ભરૂચ.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએસએમસી/એજેબી/આઇડીઆર/૬૮/૨૦૦૮.-મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર મેનેજરશ્રી, બ્લ્યુ સ્ટાર ઇન્ડસ્ટ્રીઝ, કલોક અને તેના શ્રમયોગી શ્રી રાકેશ મિશ્રા પાસપતિ મિશ્રા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા-વિભાગ-૧નો 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી આર. બી. રાણા, મદદનીશ શ્રમ આયુકત, મહેસાણા, આથી લેબર કોર્ટ, કલોલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રાકેશ મિશ્રા પાસપતિ મિશ્રાને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

મહેસાણા, તારીખ ૨૯મી જુલાઇ, ૨૦૦૮.

આર. બી. રાણા,
મદદનીશ શ્રમ આયુકત,
મહેસાણા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએસએમસી/એજેએસ/આઈડીઆર/૯૧/૨૦૦૮.- મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર સર્વોદય આશ્રમ, માઢી, વિજાપુર અને તેના શ્રમયોગી શ્રી પરમાર પ્રહલાદભાઈ વેચાતભાઈ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) સાથે પેટા-વિભાગ-૧નો 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, આર. બી. રાણા, મદદનીશ શ્રમ આયુકત, મહેસાણા, આથી લેબર કોર્ટ, કલોલને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પરમાર પ્રહલાદભાઈ વેચાતભાઈને પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

મહેસાણા, તારીખ ૨૯મી જુલાઈ, ૨૦૦૮.

આર. બી. રાણા,
મદદનીશ શ્રમ આયુકત,
મહેસાણા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચ/એજેએસ/આઈડીઆર/૩૩/૨૦૦૮.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર (૧) તલાટી કમ-મંત્રીશ્રી બારપટોલી, (૨) સરપંચશ્રી, બારપટોલી ગ્રામ પંચાયત, મુ. બારપટોલી અને તેના શ્રમયોગી શ્રી નાથાભાઈ કાનાભાઈ ગડથરીયા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮-(૩૩) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા કલમ-૧ની સાથે પેટા-વિભાગ-૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતોને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામા આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ ની પેટા-કલમ-(૧)ની પેટા-વિભાગ-(સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. સી. કારીયા, મદદનીશ શ્રમ આયુકત, જૂનાગઢ આથી મજુર અદાલત, અમરેલીને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નાથાભાઈ કાનાભાઈ ગડથરીયાને તેમના પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જુનાગઢ, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૦૮.

એમ. સી. કારીયા,
મદદનીશ શ્રમ આયુકત,
જૂનાગઢ.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર એકેએચ/એલસીઆર/જે/૨૯/આર.ટી./૨૦૦૮—મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગીક તકરાર મેનેજરશ્રી કનૈયા કાસ્ટીંગ, શેડ નં.-૬૦૩, જીઆઈડીસી, ફેસ-૨, દરેડ, જામનગર અને તેના શ્રમયોગી શ્રી દિલીપસિંહ નાથુભા પીગર, ગોકુલનગર, રડાર રોડ, મોમાઇ પાન હાઉસવાળી ગલી, જામનગર, C/o. મજુર સેવા સંઘ, ૨૮, મનુ માર્કેટ, બેડી ગેઇટ, જામનગર વચ્ચેની છે.

હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએસ/આઇડીએફ/૧૯૭૦-૧૧૦થી સદરહુ ધારાની અનુસૂચિ-૨૨ની આઇટમ ૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે મદદનીશ શ્રમ આયુકત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત થયેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪માંથી પેટા કલમ-૧૦થી મળેલ સત્તાની રૂએ હું, કે. એન. દોશી, મદદનીશ શ્રમ આયુકત, જામનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલ મજુર અદાલત, જામનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રી દિલીપસિંહ નાથુભા પીગરને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૦૮.

કે. એન. દોશી,
મદદનીશ શ્રમ આયુકત
જામનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર એકેએચ/એલસીઆર/જે/૫૪/આર.ટી./૨૦૦૮–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગીક તકરાર મેનેજરશ્રી, કિરણ ઓઈલ મીલ બેડેશ્વર, જામનગર અને તેના શ્રમયોગી શ્રી સલીમ અબ્દુલ સત્તાર કકલ, બેડી બંદર રોડ, જોડીયા, ભાડેલા વારા, જામનગર, C/o. મજુર સેવા સંઘ, ૨૮, મનુ માર્કેટ, બેડી ગેઇટ, જામનગર વચ્ચેની છે.

હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએસ/આઈડીએફ/૧૯૭૦-૧૧૦થી સદરહુ ધારાની અનુસૂચિ-૨૨ની આઈટમ ૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે મદદનીશ શ્રમ આયુકત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત થયેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪માંથી પેટા કલમ-૧૦થી મળેલ સત્તાની રૂએ હું, કે. એન. દોશી, મદદનીશ શ્રમ આયુકત, જામનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલ મજુર અદાલત, જામનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

શ્રી સલીમ અબ્દુલ સત્તાર કકલને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૦૮.

કે. એન. દોશી,
મદદનીશ શ્રમ આયુકત
જામનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર એકેએચ/એલસીઆર/જે/૮૦/આર.ટી./૨૦૦૮–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે બીડેલ નકલમાં નિર્દિષ્ટ કરેલ ઔદ્યોગીક તકરાર મેનેજરશ્રી સ્ટલીંગ એન્ટરપ્રાઈઝ શેડ નં.-૪૦૮, જીઆઈડીસી, શંકર ટેકરી ઉદ્યોગનગર, જામનગર અને તેના શ્રમયોગી શ્રી ચાવડા જોરુભા ગોવુભા, ઠે. પટેલ કોલોની પાઠળ, શાંતીનગર રોડ નં.-૭, આશાપુરા પાન સેન્ટર, જામનગર, C/o. મજુર સેવા સંઘ, ૨૮, મનુ માર્કેટ, બેડી ગેઈટ, જામનગર વચ્ચેની છે.

હવે, પછીના ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની ૧૪ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૪ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએસ/આઈડીએફ/૧૯૭૦-૧૧૦થી સદરહુ ધારાની અનુસૂચિ-૨૨ની આઈટમ ૩ થી ૧૦ સાથે સંકળાયેલ બાબત અંગે મદદનીશ શ્રમ આયુકત અને તેમના કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત થયેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૪માંથી પેટા કલમ-૧૦થી મળેલ સત્તાની રૂએ હું, કે. એન. દોશી, મદદનીશ શ્રમ આયુકત, જામનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૦થી રચાયેલ મજુર અદાલત, જામનગરને સદરહુ તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરું છું.

અનુસૂચિ

શ્રી ચાવડા જોરૂભા ગોવુભાને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

જામનગર, તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૦૮.

કે. એન. દોશી,
મદદનીશ શ્રમ આયુકત
જામનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/આઇડીઆર/પોર/૨૦૦૮/૧૩૩૭.—નીચે સહી કરનાર મદદનીશ શ્રમ આયુકત, પોરબંદરનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે જણાવેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથેની ઔદ્યોગિક તકરાર અધિક્ષકશ્રી સામુહિક આરોગ્ય કેન્દ્ર, રાણાવાવ તથા તેના શ્રમયોગી શ્રી નિમાવત વનરાવન હરીભાઈ, રાણાવાવ વચ્ચેની છે.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/આરડીએ-૧૦૭૨-૪૬૧૮-૪ થી સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે રાજયના મદદનીશ શ્રમ આયુકતશ્રીને તેમના કાર્ય વિસ્તાર માટે સત્તા સુપ્રત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા મુજબ ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ના પેટા-વિભાગ (સી) ની મળેલ સત્તાની રૂએ હું, એ. ડી. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુકત, પોરબંદર આથી મજુર અદાલત, જુનાગઢને સદરહુ તકરાર ન્યાય નિર્ણય માટે આથી સુપ્રત કરૂં છું.

અનુસૂચિ

શ્રી નિમાવત વનરાવન હરીભાઈને તેમના પડેલા રોજના પગાર સાથે પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

પોરબંદર, તારીખ ૨૩મી જુલાઇ, ૨૦૦૮.

એ. ડી. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુકત,
પોરબંદર.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૩૮૮૮૦/૫/૨/આઇડીઆર/૪૬/૨૦૦૮.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) જી.ઇ. ઇન્ડીયા ઇન્ડસ્ટ્રીયલ પ્રા.લી., લીમ્બાંસી, તા. માતર, જી. ખેડા, (૨) સીમા ઇલેકટ્રીક લાઇનીંગ પ્રોડકટસ ઇન્ડીયા પ્રા.લી., તા. માતર, જી. ખેડા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭/મ (૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ નં. ૯, ૧૦, ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની (૧૪માંની) કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગર, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, નડીયાદને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણીઓનું પરિશિષ્ટ :

''(૧) શ્રી મુકન્દ પારેખ, (૨) શ્રી પરેશ મેલવીન, (૩) શ્રી ચંદ્રેશ જે. પટેલ, (૪) શ્રી સ્વપ્નેશ ટી. પટેલ આ તમામ શ્રમયોગીઓ ટેકનીકલ કામો કરતા આવેલ, પરંતુ ટેકનીકલ કામોમાં સ્ટ્રેન્થ વધુ પડતા આ શ્રમયોગીઓને પ્રોડકશનમાં મુકેલ પરંતુ આ શ્રમયોગીઓને ટેકનીકલ ગ્રેડ આપવાનું ચાલુ રહેશે તેમ જણાવેલ હોવા છતાં તે મુજબ ટેકનીકલ ગ્રેડ, સ્કીલ્ડ/ હાઇસ્કીલ્ડ આપેલ નથી, ત્યારથી આપી તેના તફાવતની રકમ ચુકવી આપવી કે કેમ ?''

ગાંધીનગર, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૦૮.

(સહી) અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૨./૧૫/૨૦૦૮.–મદદનીશ શ્રમ આયુકતશ્રીનો એવો અભિપ્રાય થાય છે કે આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર શ્રી નાયબ કાર્યપાલક ઇજનેરશ્રી, જીઆઈડીસી ઓફીસ, ઉદ્યોગનગર, વઢવાણ અને તેના શ્રમયોગી શ્રીમતી લક્ષ્મીબેન સામંતભાઈ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૪મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક કેએચ/એસ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૩૮ (૩)ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૩)ના પેટા-વિભાગ-૧ની કલમ-''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ ની આઇટમ નં. ૧ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બાબા મદદનીશ શ્રમ આયુકતશ્રીને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર મુજબ જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ (૧૦)ની પેટા-કલમ (૧) ની પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ હું, એમ. જી. પટેલ, મદદનીશ શ્રમ આયુકત, સુરેન્દ્રનગર આથી સરકારશ્રીના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામા ક્રમાંક કેએચ/આર-૮૨/આઈડીએ-૧૦૯૦/૪૬૩૫ (એ) એમ (૪)થી રચાયેલી મજુર અદાલત, સુરેન્દ્રનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી લક્ષ્મીબેન સામંતભાઈને તા. ૧-૫-૦૬થી તેમના પડેલા દિવસોનો પગાર સાથે સળંગ નોકરીમાં તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

સુરેન્દ્રનગર, તારીખ ૨૮મી જુલાઇ, ૨૦૦૮.

એમ. જી. પટેલ,
મદદનીશ શ્રમ આયુકત,
સુરેન્દ્રનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૧૬૫.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) ડાયરેકટરશ્રી, જીપીટી પાઇપ લી., મંજુસર, તા. સાવલી, (૨) કોન્ટ્રાકટરશ્રી, શાંતિ કન્સ્ટ્રકશન, ભરૂચ અને તેના શ્રમયોગી શ્રી નટવરભાઇ સોમાભાઈ પરમાર વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુકત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી નટવરભાઇ સોમાભાઈ પરમારને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુકત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૧૭૧.—મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) ડાયરેકટરશ્રી, જીપીટી પાઇપ ઈન્ડ. લી., મંજુસર, તા. સાવલી, (૨) કોન્ટ્રાકટરશ્રી, શાંતિ કન્સ્ટ્રકશન, ભરૂચ અને તેના શ્રમયોગી શ્રી રાજેન્દ્રભાઇ ત્રિભોવનભાઈ ગોહિલ વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુકત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રાજેન્દ્રભાઇ ત્રિભોવનભાઈ ગોહિલને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુકત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૧૭૭.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અરવિંદ પાઇપ એન્ડ ફીટીંગ, વાઘોડીયા, જી. વડોદરા અને તેના શ્રમયોગી શ્રી પ્રજાપતી જગદીશભાઇ ચીમનભાઈ વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુકત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પ્રજાપતી જગદીશભાઇ ચીમનભાઈને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુકત,
વડોદરા.

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૧૮૨.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર આઈપીસીએલ (રીલાયન્સ), વડોદરા અને તેના શ્રમયોગી શ્રી ચંદ્રસિંહ હિંમતસિંહ પરમાર વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઈડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુકત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ચંદ્રસિંહ હિંમતસિંહ પરમારને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૩૦મી જુલાઈ, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુકત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૧૮૭.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર યશ કેમીકલ્સ, નંદેસરી-વડોદરા અને તેના શ્રમયોગી શ્રી પુનમભાઇ રાયસીંગભાઈ પરમાર વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુકત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પુનમભાઇ રાયસીંગભાઈ પરમારને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુકત,
વડોદરા.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/વ/એજે/૧૮૧૯૨.—મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર મે. ઓટોજેમ પ્રા.લી., ફર્ટીલાઇઝર, વડોદરા અને તેના શ્રમયોગી શ્રી પંડયા કૌશલ પ્રફુલચંદ્ર વચ્ચેની છે.

અને ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઇડીએ-૧૦૭૨-૪૬૧૮-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ની સામે પેટા-વિભાગ-૧૦ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની બાબત ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામા આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંનો કલમ-૧૦ની પેટા-કલમ (૧) ના પેટા-વિભાગ (સી)થી મળેલ સત્તાની રૂએ મદદનીશ શ્રમ આયુકત, વડોદરા આથી શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામાંથી રચાયેલી લેબર કોર્ટ, વડોદરાને સદરહુ તકરારનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પંડયા કૌશલ પ્રફુલચંદ્રને પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય મળવાપાત્ર તમામ લાભો સાથે નોકરીની સળંગતા સહિત નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

વડોદરા, તારીખ ૩૦મી જુલાઇ, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
મદદનીશ શ્રમ આયુકત,
વડોદરા.

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/૭૯૬૮/ઔ.વિ.રે/૧૦૪/૦૮.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક વિવાદ વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. ભાવનગર અને તેના શ્રમયોગી વચ્ચેનો છે.

આથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારનાં શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૮૨ના જાહેરનામાં ક્રમાંક : કેએચઆર/૨૬/આઇડીએ/૧૦૭૮/૧૧૮૬૨ (બી) (૨) ઝ થી સદર ધારાની કલમ-૧૦(૧) અને કલમ-૧૨(૪) તથા કલમ-૧૨(૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) એકસો કે તેથી ઓછા શ્રમયોગીઓ કામે રાખતાં ઔદ્યોગિક એકમો પુરતી સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તાર માટે નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટને સુપ્રત કરેલ છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭નો ૧૪મો) ની કલમ-૧૦(૧) થી મળેલ સત્તાની રૂએ હું નાયબ શ્રમ આયુક્ત, સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ, આથી ઔદ્યોગિક ન્યાયપંચ, ભાવનગરને સદરહુ વિવાદનો ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

ડીફોલ્ડ કેસ નં. ૧૯૯/૦૧ માં કંડકટર બેઝ નં. ૨૨૬૪ શ્રી કાંતિલાલ એલ. દેવમુરારીને પનીશીંગ ઓથોરીટી દ્વારા કરવામાં આવેલ આગામી વાર્ષિક પગાર વધારો એક વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાનો તા. ૭-૨-૦૫ નો હુકમ તથા પ્રથમ એપેલેટ ઓથોરીટી દ્વારા શિક્ષામાં ઘટાડો કરી, પાછલા નાણાંકીય લાભ આપ્યા સિવાય વાર્ષિક પગાર વધારો છ માસની મુદત માટે કાયમી અસરથી બંધ કરવાનો હુકમ રદ કરવો કે કેમ ? મજકુરને તેનાં પરિણામે થયેલ અને થનાર તમામ નુકશાન ભરપાઇ કરી આપે કે કેમ ? પારિણામીક લાભો એરિયર્સ સહિત ચુકવી આપવાં કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૦૮.

(સહી) **અવાચ્ય,**
નાયબ મજુર કમિશનર,
સૌરાષ્ટ્ર-કચ્છ, રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચએસ/એચએમસી/આરએજે/૧૪૫/૦૮/આરટી.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર ભાયાવદર નગરપાલિકા, ભાયાવદર અને તેનાં શ્રમયોગીશ્રી વિનોદરાય લાલજીભાઈ ઝાલાવાડીયા વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૬૯ અન્વયે ગુજરાત રાજ્યનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭૩-આઈડીએ-૧૦૭૨-૪૬૧૯-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-વિભાગની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની પેટા-કલમ–સી થી મળેલ સત્તાની રૂએ હું, એમ. ડી. સાતા, મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૨, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી વિનોદરાય લાલજીભાઈ ઝાલાવાડીયાને તેમના પડેલાં દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૮.

એમ. ડી. સાતા,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચએસ/એચએમસી/આરએજે/૧૪૯/૦૮/આરટી.—મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, ભાદર જળસિંચન પેટા વિભાગ, જેતપુર અને તેનાં શ્રમયોગીશ્રી પ્રવિણભાઇ નાનજીભાઈ ભરડવા વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૬૯ અન્વયે ગુજરાત રાજ્યનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઈડીએ-૧૦૭૨-૪૬૧૯-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-વિભાગની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં (૧૪)માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની પેટા-કલમ—સી થી મળેલ સત્તાની રૂએ હું, એમ. ડી. સાતા, મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૨, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી પ્રવિણભાઇ નાનજીભાઈ ભરડવાને તેમના પડેલાં દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઇએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૮.

એમ. ડી. સાતા,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચએસ/એચએમસી/આરએજે/૧૫૬/૦૮/આરટી.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી એસ. ટી. કોર્પોરેશન, રાજકોટ અને તેનાં શ્રમયોગીશ્રી લીલાધર બી. ચોટલીયા વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૬૯ અન્વયે ગુજરાત રાજ્યનાં મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનાં તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઈડીએ-૧૦૭૨-૪૬૧૯-૩-ઝ થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-વિભાગની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધાં મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭નાં ૧૪માંની કલમ-૧૦ની પેટા-કલમ-૧ની પેટા-કલમ–સી થી મળેલ સત્તાની રૂએ હું, એમ. ડી. સાતા, મદદનીશ શ્રમ આયુક્ત, રાજકોટ આથી મજુર અદાલત, નં. ૨, રાજકોટને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી લીલાધર બી. ચોટલીયાને તેમના પડેલાં દિવસોનાં પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

રાજકોટ, તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૮.

એમ. ડી. સાતા,
મદદનીશ શ્રમ આયુક્ત,
રાજકોટ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/૫૨/૦૮/એજેએસ/આઈડીઆર/૮/૦૮.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર સમદર્શનકુમાર છાત્રાલય, મોરોજ અને તેના શ્રમયોગી શ્રીમતી રાવળ હિરાબેન રાજુભાઈ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૧૦(૧) અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક નં. કેએચ/એમએચ/૩૬૭/ આઈડીએ/૧૦૭૨/ ૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ની પેટા-વિભાગ (સી) થી તા. ૫મી જુન, ૧૯૮૪ના જાહેરનામા નં. ક્રમાંક કેએચ/એસએચ/એમસી/૧૦૬૬૧/આઈડીસી/૭૦૯૫થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી મદદનીશ શ્રમ આયુક્ત, હિંમતનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૪મી નવેમ્બર, ૧૯૭૭ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ ૧૦૪૬/આઈડીએ-૨૦૭૭ સી-૩૭૦૧(૧)-ઝેડ થી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલી શ્રમ અદાલત, હિંમતનગરને સદરહું તકરાર તેને ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી રાવળ હિરાબેન રાજુભાઈના પડેલા દિવસોના પગાર સહીતની તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

હિંમતનગર, તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
મદદનીશ શ્રમ આયુક્ત,
હિંમતનગર.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

REGISTERED No. G-BA-14-E

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XLIX] THURSDAY, OCTOBER 9, 2008 / ASVINA 17, 1930 [No. 41

Separate paging is given to this part in order that it may be filed as a separate compilation

PART I-L

Notifications, Orders and Awards (other than those published in Part I, IV-A, IV-B and IV-C) under (Central) Industrial Disputes Act and Gujarat Industrial Relations Act

શ્રમ અને રોજગાર વિભાગ

હુકમ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૮.

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચઆર-૨૦૦૮-૧૬૭-આઇડીએ-૧૦૨૦૦૮-૧૧૮૩-મ(૪).—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે, નીચે પરિશિષ્ટ (માંગણી)માં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર શ્રી કિશનાકેશવ લેબોરેટરીઝ લી., અમરાઇવાડી, અમદાવાદ અને તે હેઠળ કામે રાખેલા કામદારો વચ્ચેની છે.

INDEX

તેથી, હવે, ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ (સને ૧૯૪૭ના ૧૪માં) ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ ના ખંડ(ઘ) થી મળેલી સત્તાની રૂએ ગુજરાત આથી અમદાવાદ ખાતેના ઔદ્યોગિક ન્યાયપંચને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલે છે અને ઉક્ત અધિનિયમની કલમ-૧૦(૩) હેઠળ મળેલી સત્તાની રૂએ સંસ્થાએ હંગામી શ્રમયોગીઓ માટે તારીખ ૧લી જુલાઇ, ૨૦૦૮ થી અને કાયમી-૬૬ શ્રમયોગીઓ માટે તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૦૮ થી જાહેર કરેલ તાળાબંધી ગેરકાયદેસર ગણી તેના પર પ્રતિબંધ મૂકે છે.

ઉક્ત અધિનિયમની કલમ-૧૦(૨-ક) અન્વયે સદરહુ કેસનો ચુકાદો આપવાની સમયમર્યાદા આ હુકમની તારીખથી ત્રણ માસ સુધીની ઠરાવવામાં આવે છે.

પરિશિષ્ટ (માંગણી)

(૧) હંગામી શ્રમયોગીઓ માટે તારીખ ૧લી જુલાઇ, ૨૦૦૮ થી તાળાબંધી પ્રતિબંધિત કરવામાં આવે ત્યાં સુધીનો પગાર આપવો કે કેમ ?

(૨) કાયમી-૬૬ શ્રમયોગીઓને તારીખ ૬ઠ્ઠી જુલાઇ, ૨૦૦૮ થી તાળાબંધી પ્રતિબંધિત કરવામાં આવે ત્યાં સુધીનો પગાર આપવો કે કેમ ?

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. એમ. કાદરી,
નાયબ સચિવ.

સહાયક સંઘ નિબંધક દ્વારા

અધિસૂચના

સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ અન્વયે.

ક્રમાંક એફ/સ. સં. નિ./વડો/૧/૨૦૦૮.–સને ૧૯૪૬ના મુંબઈ ઔદ્યોગિક સંબંધ અધિનિયમની કલમ-૫ (૨) હેઠળ મને વડોદરા વિભાગના સહાયક સંઘ નિબંધક તરીકે સત્તાઓ આપવામાં આવેલ છે. તે અન્વયે આ કાયદાની કલમ-૧૬ હેઠળ મળેલ સત્તા અન્વયે મજુર મહાજન સંઘ, પેટલાદ દ્વારા પેટલાદ તાલુકામાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે રજીસ્ટર થઈ ચુકેલા સંઘના બદલે તેઓના સંઘને રજીસ્ટર કરવા માટે તારીખ ૨૯મી એપ્રિલ, ૨૦૦૬ના રોજ અરજી કરવામા આવેલ છે. તેની નોંધ રજીસ્ટરમાં ક્રમાંક ૧/૨૦૦૬થી નોંધેલ છે.

INDEX

નમૂનો એફ-એ

(કલમ ૧૬ અને નિયમ ૧૪-એ)

રજીસ્ટર થઈ ચૂકેલા સંઘને બદલે કોઈ સંઘને રજીસ્ટર કરવા માટેની અરજી.

સંઘનું નામ :- મજૂર મહાજન સંઘ
સંઘનું સરનામું :- મજૂર સેવાલય, સ્ટેશન રોડ,
મું. પેટલાદ, તા. પેટલાદ
જી. આણંદ. ૩૮૮૪૫૦

સને ૨૦૦૬ના એપ્રિલ મહીનાની ૨૯મી તારીખ

પ્રતિ,
રજીસ્ટારશ્રી,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬.
મજૂર કમિશનરની કચેરી, ઓ-૩,
ન્યુ મેન્ટલ હોસ્પીટલ કંપાઉન્ડ, મેઘાણીનગર,
અસારવા, અમદાવાદ-૧૬.

મે. સાહેબ,

હું તમોને જણાવું છું કે સન ૨૦૦૬ના એપ્રિલ મહીનાની ૧૫ી તારીખે મળેલી ઉપરના સંઘની સભ્યોની સામાન્ય સભામાં એવું નક્કી કરવામાં આવ્યું હતુ કે અખિલ ગુજરાત કોટન મજદુર સંઘ, અમદાવાદ, રજીસ્ટર થઈ ગયેલા સંઘને બદલે આવા સ્થાનિક વિસ્તારમાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગ માટે પ્રતિનિધિત્વ ધરાવતા સંઘ તરીકે રજીસ્ટર કરવા માટે સંઘે તમને અરજી કરવી જોઈએ, કારણ કે પેટલાદ તાલુકાના સ્થાનિક વિસ્તારમાંના સુતરાઉ કાપડ ઉદ્યોગમાં નોકરીમાં રાખેલા શ્રમયોગીઓની સંઘમાં વધુ સભ્ય સંખ્યા છે.

સંઘના ઉપ-પ્રમુખે સહી કરેલા ઠરાવની એક નકલ આ સાથે જોડવામાં આવેલ છે.

સને ૧૯૫૦ના માર્ચ મહીનાની ૮મી તારીખે ભારતના કામદાર સંઘ અધિનિયમ, ૧૯૨૬ મુજબ અને કામદાર સંઘોના કાઢી આપેલો નવા પ્રમાણપત્રના નવા નંબર ૮૪૪ હેઠળ સંઘને રજીસ્ટર કર્યો છે.

છેલ્લા ત્રણ અંગ્રેજી મહીનાથી પેટલાદ તાલુકાના સ્થાનિક વિસ્તારમાં સુતરાઉ કાપડ ઉદ્યોગમાં સંઘમાં નીચે પ્રમાણે સભ્ય સંખ્યા છે.

INDEX

મહીનો	સંભ્ય સંખ્યા	ઉદ્યોગમાં /અંડરટેકીંગમાં કામદારોની કુલ સંખ્યાની ટકાવારી
જાન્યુઆરી - ૨૦૦૬	૯૦૦	૯૦%
ફેબ્રુઆરી - ૨૦૦૬	૯૦૦	૯૦%
માર્ચ - ૨૦૦૬	૯૦૦	૯૦ %

રજીસ્ટર થઈ ચૂકેલા સંઘની સભ્ય સંખ્યા કરતાં વધુ સભ્યો ઉપરના ત્રણ મહીનાથી હોવાનો સંઘ દાવો કરે છે. અને પેટલાદ તાલુકાના સ્થાનિક વિસ્તારમાં રજીસ્ટર થઈ ચૂકેલા સંઘને બદલે તેને મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની જોગવાઈઓ મુજબ રજીસ્ટર કરવા વિનંતી છે.

સંઘનું સરનામું :- મજૂર મહાજન સંઘ
''મજૂર સેવાલય'',
સ્ટેશન રોડ, મું. તા. પેટલાદ,
જી. આણંદ. ૩૮૮૪૫૦

આપનો વિશ્વાસુ
(સહી) અવાચ્ય,
જનરલ સેક્રેટરી,
મજુર મહાજન સંઘ, પેટલાદ.

ડી. એન. બારોટ, ઔદ્યોગિક અદાલત, ગુજરાત સમક્ષ

અપીલ (આઈ. સી.) નં. ૧/૨૦૦૭

વિષય :- B. I. R. Act, ૧૯૪૬ની કલમ-૨૦ મુજબની અરજી.

અખિલ ગુજરાત કોટન મજદુર સંઘ, અમદાવાદ.

વિરૂદ્ધ

સહાયક સંઘ નિબંધકશ્રી, વડોદરા.

આંક - ૧૬

ડી. એન. બારોટ, ઔદ્યોગિક અદાલત, ગુજરાત નડીઆદ સમક્ષ

અપીલ (આઈ. સી.) નં. ૧/૨૦૦૭

સામાન્ય મંત્રીશ્રી, એપેલન્ટ ;
અખિલ ગુજરાત કોટન મજદુર સંઘ,
રજો માળ, અરબ ચેમ્બર્સ, પથ્થર કુવા,
પેટ્રોલ પંપ સામે, રીલીફ રોડ,
અમદાવાદ.

વિરૂદ્ધ

સહાયક સંઘ નિબંધકશ્રી, વડોદરા રીસ્પોન્ડન્ટ.

એપેલન્ટ તરફે : શ્રી કે. એચ. પાટીલ,
રીસ્પોન્ડન્ટ તરફે : શ્રી કે. ઓ. શાહ, પોતે

બાબત :- રીસ્પોન્ડન્ટ દ્વારા તારીખ ૧લી માર્ચ, ૨૦૦૭ના રોજ કરેલા આદેશ સામે બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ની કલમ ૨૦ મુજબની અપીલ.

ચુકાદો

૧. આ કામના એપેલન્ટ-સામાન્ય મંત્રીશ્રી, અખિલ ગુજરાત કોટન મજદુર સંઘ તરફથી આ કામના રીસ્પોન્ડન્ટ-સહાયક સંઘ નિબંધકશ્રી (વડોદરા) ની વિરૂદ્ધમાં રીસ્પોન્ડન્ટ દ્વારા તા. ૧-૩-૦૭ના રોજ કરેલ હુકમ સામે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ-૨૦ હેઠળ આ અપીલ કરેલ છે.

૨. એપેલન્ટની અપીલની ટૂંકમાં હકીકત એવી છે કે આ કામના એપેલન્ટ ધ ટ્રેડ યુનિયન એક્ટ, ૧૯૨૬ હેઠળ રજીસ્ટર્ડ થયેલ ટ્રેડ યુનિયન છે અને પેટલાદ તાલુકામાં આવેલ સુતરાઉ કાપડ ઉદ્યોગમાં કામ કરતાં કામદારો બાબતે બી. આઈ. આર. એક્ટ, ૧૯૪૬ અન્વયે ''રીપ્રેઝન્ટેટિવ અને માન્ય યુનિયન'' છે. મજૂર મહાજન સંઘ, પેટલાદ દ્વારા તેઓની સભ્ય સંખ્યા આ કામના એપેલન્ટ યુનિયન કરતાં જાન્યુ.-૨૦૦૬, ફેબ્રુ.-૨૦૦૬ અને માર્ચ-૨૦૦૬ એવા સતત ત્રણ માસ દરમ્યાન વધારે થયેલ હોવાનું જણાવી તારીખ ૨૯-૪-૦૬ના રોજ આ કામના રીસ્પોન્ડન્ટશ્રીને બી. આઈ. આર. એક્ટની કલમ-૧૬ અને નિયમ-૧૪-એ હેઠળ અરજી કરેલ છે. સદર અરજી અન્વયે તા. ૧૮-૫-૦૬ના રોજ એપેલન્ટ યુનિયનને કોઈ શો કોઝ નોટિસ આપ્યા વગર કે અરજીની પ્રસિદ્ધિ કર્યા વગર, મજૂર મહાજન સંઘની અરજીની નકલ મોકલ્યા વગર નિયમ ૨૮-ક મુજબનું રેકર્ડ અને દસ્તાવેજો રજુ કરવાનો આદેશ ફરમાવેલ જેથી મજૂર મહાજન સંઘની કોઈ અરજીની નકલ ન હોવાથી તે મોકલી આપવા તા.

INDEX

૨૯-૫-૦૬ના રોજ રીસ્પોન્ડન્ટને જણાવેલ. ત્યારબાદ તા. ૯-૬-૦૬ના રોજ સદર અરજીની નકલ મોકલી આપેલ. ત્યારબાદ સદર અરજીની જાણ થયેલ તે અન્વયે તારીખ ૩૦મી જુન, ૦૬ના રોજ કાયદાકીય જોગવાઈ બાબતે યુનિયને રીસ્પોન્ડન્ટશ્રીને પત્ર લખેલ જેમાં સૌ પ્રથમ શો કોઝ નોટિસ આપવા અને મજૂર મહાજન સંઘની ઓછી સભ્ય સંખ્યા બાબતે રજુઆત કરેલ, તે અન્વયે રીસ્પોન્ડન્ટશ્રીએ તારીખ ૨૭મી નવેમ્બર, ૦૬ના રોજ એક નોટિસ આપેલ અને તેમાં એપેલન્ટ યુનિયનની માન્યતા રદ કેમ ન કરવી ? તેવું જણાવેલ. તેનો તારીખ ૨૬મી ડિસેમ્બર, ૦૬ના રોજ વિસ્તૃત લેખિત જવાબ આપેલ અને તેમાં કાનૂની મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલ. તે મુજબ રીસ્પોન્ડન્ટશ્રીએ તારીખ ૨૭મી નવેમ્બર, ૦૬ના રોજ આપેલ શો કોઝ નોટિસ બી.આઈ.આર. એકટની કલમ-૧૬(૧) અન્વયે નહીં પરંતુ કલમ-૨૪ અન્વયે આપેલ હતી જેથી તે નોટિસ રદ થવાને પાત્ર છે. તેમજ કલમ-૧૬(૪) મુજબ કરેલ અરજી પેટા-કલમ-૧ મુજબ નોટિસની મુદત પુરી થાય તેના ઓછામાં ઓછા ૧૪ દિવસ પહેલાં ઠરાવેલ રીતે પ્રસિદ્ધ કરવી જોઈએ, પરંતુ તેવી કોઈ પ્રસિદ્ધિ કરેલ નથી. કલમ-૧૬ મુજબ અરજી કરનાર સંઘની સભ્ય સતત ત્રણ માસ સુધી નોંધાયેલા સંઘ કરતાં વધારે થાય તો એપેલન્ટ સંઘને સ્થાને તેમના રીપ્રેઝન્ટેટીવ અને માન્ય યુનિયન તરીકે નોંધણી કરી શકે, પરંતુ મજુર મહાજન સંઘ દ્વારા તેમની અરજીમાં દર્શાવેલ સભ્ય જોતાં તેમની સંખ્યા એપેલન્ટ યુનિયન કરતાં સળંગ ત્રણ માસ કરતા વધેલ નથી. જેથી સદર અરજી રદ કરવાને પાત્ર છે. તે સંજોગોમાં મજૂર મહાજન સંઘની કલમ-૧૬ અને કલમ-૨૩ નીચેની અરજી આરંભથી જ રદબાતલ થવાને પાત્ર ઠરે તેમ છે. જેથી રીસ્પોન્ડન્ટશ્રી દ્વારા આરંભેલી કાર્યવાહી ભુલભરેલ હોઈ સદર કાર્યવાહી ગેરકાયદેસર ઠરાવી તેઓશ્રીએ આપેલ કલમ-૧૬ હેઠળની નોટિસ રદબાતલ ઠરાવવા હુકમ ફરમાવવા એપેલન્ટની અરજ છે.

૩. આ કામના એપેલન્ટની આ અપીલની વિરૂદ્ધમાં આ કામના રીસ્પોન્ડન્ટશ્રી તરફથી આંક-૭ મુજબનો લેખિત જવાબ રજુ કરેલ છે અને તેમાં જણાવેલ છે કે તારીખ ૧લી માર્ચ, ૨૦૦૭ના પત્રમાં કોઈ હુકમ કરવામાં આવેલ નથી, જેથી કલમ-૨૦ હેઠળની આ અપીલ ચાલી શકે તેમ નથી. તેઓશ્રી તરફથી કલમ-૧૬(૧) હેઠળ એપેલન્ટ યુનિયનની માન્યતા રદ કરી તેની જગ્યાએ મજૂર મહાજન સંઘ, પેટલાદને માન્યતા આપવા બાબતે તારીખ ૨૭મી નવેમ્બર, ૦૬ મુજબ કારણદર્શક નોટિસ આપવામાં આવેલ છે જે કાયદા મુજબની છે. બંને મંડળો પૈકી ક્યા મંડળની સભ્ય સંખ્યા વધુ છે તે રેકર્ડ ઉપરથી નક્કી થઈ શકે તેમ હોવાથી જ્યાં સુધી બંને મંડળો જરૂરી રેકર્ડ રજુ ન કરે ત્યાં સુધી હકીકત બહાર આવે તેમ નથી. જની અરજદાર મંડળને જરૂરી માહિતી અને વિગતો પુરી પાડવા આદેશ કરવા વિનંતી છે. તે સિવાય આ અપીલ ચાલી શકે તેમ ન હોઈ તે રદ થવાને પાત્ર છે. આ લેખિત જવાબ ઉપરાંત રીસ્પોન્ડન્ટશ્રી તરફથી આંક-૧૦ મુજબ ફરીથી સુધારા-વધારા સાથે લેખિત જવાબ રજુ કરેલ છે તેમાં જણાવેલ છે કે એપેલન્ટની હાલની અપીલ તથા મનાઈ હુકમ મેળવવાની અરજી ગેરકાયદેસર હોઈ તે રદ થવાને પાત્ર છે. રીસ્પોન્ડન્ટશ્રીએ બી.આઈ.આર. એકટ

હેઠળ કોઇ હુકમ કરેલ ન હોઇ હુકમ સામે કલમ-૨૦ મુજબની આ અપીલ ચાલી શકે તેમ ન હોઇ તે રદ થવાને પાત્ર છે. મજૂર મહાજન સંઘ, પેટલાદની તારીખ ૨૯મી એપ્રિલ, ૦૬ના રોજની અરજી અંગે બી.આઇ.આર. એકટની કલમ-૧૬ અને ૨૩ના બાબતે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહેલ છે. તેની સામે મનાઇ હુકમ મેળવવા એપેલન્ટને કોઇ હક્ક કે અધિકાર નથી. રીસ્પોન્ટન્ડશ્રીનો હુકમ મળેથી કલમ-૨૦ હેઠળ અપીલ થઇ શકે પરંતુ આ અપીલ મુદત વિતી ગયા બાદની કોઇ રદ થવાને પાત્ર છે. એપેલન્ટ યુનિયન કે કોઇપણ યુનિયન માન્યતા માટેની અરજી અન્વયે વાંધાઓ રજુ કરી શક્યા હોત પરંતુ અપીલ કરી કાર્યવાહી બંધ રાખવાનો એપેલન્ટને હક્ક કે અધિકાર નથી. બી.આઇ.આર. એકટની કલમ-૧૬ અને ૨૩ મુજબ કોઇ યુનિયન અરજી કરે ત્યારે તેની ઇન્કવાયરી કાયદા પ્રમાણે કરવી જોઇએ તે મુજબ રીસ્પોન્ડન્ટ કાર્યવાહી કરી રહેલ તેની સામે કરેલ આ અપીલ રદ થવાને પાત્ર છે.

૪. આ કામમાં યુનિયન તરફથી આંક-૪ના લિસ્ટ મુજબ એપેલન્ટ યુનિયન સાથે કરેલ પત્ર વ્યવહારની ઝેરોક્ષ ખરી નકલો રજુ કરેલ છે. જેમાં રીસ્પોન્ડન્ટ દ્વારા એપેલન્ટને માહિતી રજુ કરવા લખેલ પત્ર, મજૂર મહાજન સંઘની અરજીની નકલ મોકલી આપ્યા અંગેનો પત્ર, રૂબરૂ મુલાકાત રાખવા અંગે યુનિયનને લખેલ પત્ર, એપેલન્ટ યુનિયનની લેખિત રજુઆત, રીસ્પોન્ડન્ટ દ્વારા યુનિયનને આપવામાં આવેલ કારણદર્શક નોટિસ તથા તેનો વિસ્તૃત જવાબ, રીસ્પોન્ડન્ટ દ્વારા દસ્તાવેજો રજુ કરવા લખેલ પત્ર તથા કારણદર્શક નોટિસના સંદર્ભમાં ઉપસ્થિત કરેલ મુદ્દાઓ અંગે લખેલ પત્ર તથા તે અન્વયેનો હુકમ વગેરેનો સમાવેશ થાય છે. આ કામમાં પક્ષકારો તરફથી કોઇ મૌખિક સાક્ષીઓ રજુ કરેલ નથી કે તપાસેલ નથી અને બંને પક્ષકારોના વિદ્વાન પ્રતિનિધિશ્રીઓ તરફથી આ કામમાં મુખ્ય અરજી અને મનાઇ અરજીની સંયુક્ત સુનાવણી કરી લેવા રજુઆત કરતાં બંને પક્ષકારોના વિદ્વાન પ્રતિનિધિશ્રીઓની દલીલો સાંભળવામાં આવેલ છે.

૫. આ કામની સુનાવણી દરમ્યાન આ કામના એપેલન્ટના વિદ્વાન એડવોકેટ શ્રી કે. એચ. પાટીલે દલીલ કરતાં જણાવેલ છે કે આ અપીલ બી.આઇ.આર. એકટ, ૧૯૪૬ની કલમ-૨૦ હેઠળ કરેલ છે અને તે રીસ્પોન્ડન્ટશ્રીએ કરેલ હુકમની તારીખથી ત્રીસ દિવસમાં કરી દીધેલ હોઇ તે સમય મર્યાદામાં છે. રીસ્પોન્ડન્ટશ્રીએ એપેલન્ટ યુનિયનની માન્યતા રદ કેમ ન કરવી ? તે બાબતે કારણદર્શક નોટિસ આપેલ જે ગેરકાયદેસર હોઇ તે રદ કરવાનો હુકમ ફરમાવવા આ અપીલમાં દાદ માંગેલ છે અને સદર નોટિસના સંદર્ભમાં કરેલ હુકમના અનુસંધાનમાં આગળની કોઇ કાર્યવાહી કરે/કરાવે નહીં તેવો હુકમ ફરમાવવાની પણ માંગણી કરેલ છે. આ કામના રીસ્પોન્ડન્ટશ્રીએ તારીખ ૧લી માર્ચ, ૨૦૦૭ના રોજ જે હુકમ કરેલ છે તે કારણો વગરનો અને ભુલભરેલો હોઇ તે રદ થવાને પાત્ર છે. બી.આઇ.આર. એકટની કલમ-૧૬(૧) મુજબની નોટિસ અન્ય યુનિયનની નોંધણી કરવા બાબતની હોવા છતાં તેમાં એપેલન્ટ યુનિયનની માન્યતા કેમ રદ ન કરવી ? તે અંગે કારણ દર્શાવવા નોટિસ આપેલ છે તે ગેરકાયદેસર છે. આવી નોટિસ રીસ્પોન્ડન્ટશ્રી દ્વારા માન્ય યુનિયન તેમજ

નવી નોંધણી કરવા અરજી આપનાર યુનિયનની સભ્ય સંખ્યા તપાસ કર્યા બાદ અરજી કરનાર યુનિયનની સભ્ય વધારે જણાય તો તેવી નોટિસ આપી શકે તે સિવાય આપેલ કલમ-૧૬(૧) હેઠળની નોટિસ કાયદામાં પરમિસિબલ નથી અને તે ગેરકાયદેસર હોઈ તે રદ થવાને પાત્ર છે.

૬. આ કામના એપેલન્ટના વિદ્વાન એડવોકેટશ્રીની દલીલોની વિરૂધ્ધમાં આ કામના રીસ્પોન્ડન્ટશ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે એપેલન્ટને જે શોકોઝ નોટિસ આપેલ છે તેમાં સ્પષ્ટ ઉલ્લેખ કરેલ છે કે મજૂર મહાજન સંઘ, પેટલાદ દ્વારા એપેલન્ટ યુનિયનની જગ્યાએ દાખલ થવા અરજી કરેલ છે, કોઈપણ સંઘ અરજી કરે તો રેકર્ડ મંગાવ્યા બાદ સભ્ય સંખ્યાની ચકાસણી કરી શકાય અને ત્યારબાદ પ્રાથમિક રીતે અરજદાર મંડળની અરજી રદ કરવા પાત્ર છે કે કેમ? તે નકકી થઈ શકે, જેના માટે બી.આઈ.આર. એકટની કલમ ૧૬(૧) મુજબની નોટિસ આપેલ છે જે યોગ્ય છે. સદર નોટિસમાં કોઈ હુકમ કરેલ નથી પરંતુ રેકર્ડની માંગણી કરવામાં આવેલ છે. જેથી સદર હુકમ સામે આવી અપીલ થઈ શકે નહીં, જેથી આ અપીલ રદ થવાને પાત્ર છે. બી.આઈ.આર. એકટની કલમ ૨૪ નીચે અરજી ગણવાની હોય તો કલમ ૨૦ હેઠળ અપીલ થઈ શકે તેવું પણ આ કેસમાં નથી. જેથી મનાઈ હુકમ મેળવવાની અરજી પણ રદ થવાને પાત્ર છે.

૭. આ કેસની હકીકતો તથા રેકર્ડ જોતાં આ કામના એપેલન્ટને આ કામના રીસ્પોન્ડન્ટશ્રી તરફથી મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૧૬ હેઠળ આપવામાં આવેલ કારણદર્શક નોટિસ બાબતે મુખ્ય તકરાર લેવામાં આવેલ છે અને સદર નોટિસ રદ કરવા તથા તેના સંદર્ભમાં આગળની કાર્યવાહી ન કરવા હુકમ ફરમાવવા અરજી કરેલ છે. આ અંગે મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૧૬માં નીચે મુજબ જોગવાઈ કરવામાં આવેલ છે.

''કલમ-૧૬. વર્તમાન રજિસ્ટર કરેલા સંઘને બદલે બીજા કોઈ સંઘનું રજિસ્ટ્રેશન કરવા બાબત :

(૧) કોઈ પણ સમયે કોઈ સંઘ (જેનો આમાં હવે પછી આ કલમમાં 'અરજી કરનાર સંઘ' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે) કોઈ સ્થાનિક વિસ્તારમાંના કોઈ ઉદ્યોગ માટે અગાઉ રજિસ્ટર થયેલા સંઘ (જેનો આમાં હવે પછી આ કલમમાં 'રજિસ્ટર થયેલી સંઘ' તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે)ને બદલે એવા ઉદ્યોગમાં રોકાયેલા કામદારો વધુ સંખ્યામાં પોતાના સભ્યો છે તે કારણે રજિસ્ટ્રારને રજિસ્ટર કરવા માટે અરજી કરે, તો રજિસ્ટ્રાર રજિસ્ટર કરેલા સંઘના રજિસ્ટ્રેશનની તારીખ સુધીમાં બે વર્ષની મુદત પુરી થઈ ગઈ હોય તો રજિસ્ટર કરેલા સંઘને લેખિત નોટિસ આપીને તેને બદલે અરજી કરનાર સંઘનું રજિસ્ટ્રેશન શા માટે ન કરવું ? તેનું કારણ એવી નોટિસ મળ્યાની તારીખથી બીજા દિવસની અંદર દર્શાવવાને ફરમાવશે. આ પેટા-કલમ મુજબ કરેલી અરજી સાથે ઠરાવવામાં આવે

INDEX

તેવી ફી હોવી જોઇશે.

પરંતુ સંઘની અગાઉની અરજીના નિકાલની તારીખ સુધીમાં એક વર્ષની મુદત પૂરી થઇ હોય તે સિવાય રજિસ્ટ્રારે સંઘના રજિસ્ટ્રેશન માટેની કોઇ પણ અરજી સ્વીકારવી નહિ.

(૨) રજિસ્ટ્રાર સદરહુ અરજી તથા નોટિસની નકલ મજૂર અધિકારીને મોકલશે.

(૩) પેટા-કલમ (૧) મુજબની નોટિસની મુદત પૂરી થયેથી પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી રજિસ્ટ્રાર એવા નિર્ણય પર આવે છે કે અરજી કરનાર સંઘે કલમ ૧૩માં નિર્દિષ્ટ કરેલા રજિસ્ટ્રેશન માટેની જરૂરી શરતોનું પાલન કર્યું છે અને તેના સભ્યોની સંખ્યા જે અંગ્રેજી મહિનામાં આ કલમ મુજબ તેણે અરજી કરી હોય તે અંગ્રેજી મહિનાની તરત જ પહેલાના ત્રણ અંગ્રેજી મહિનાની સમગ્ર મુદત દરમ્યાન રજિસ્ટર થયેલા સંઘના સભ્યોની સંખ્યા કરતા વધારે હતી તો, તેણે કલમ ૧૪ની જોગવાઇઓને આધીન રહીને રજિસ્ટર કરેલા સંઘને બદલે અરજી કરનાર સંઘને રજિસ્ટર કરવો જોઇશે. અને ઠરાવવામાં આવે તેવા નમૂનામાં રજિસ્ટ્રેશનનું પ્રમાણપત્ર આપવું જોઇશે.

(૪) આ કલમ હેઠળ કરેલી દરેક અરજી, પેટા-કલમ (૧) મુજબ નોટિસની મુદત પૂરી થાય તેના ઓછામાં ઓછા ચૌદ દિવસ પહેલા ઠરાવેલી રીતે પ્રસિધ્ધ કરવી જોઇશે.''

૮. આ જોગવાઇ જોતાં કલમ ૧૬(૧) માં જણાવ્યા મુજબ કોઇપણ સમયે કોઇ સંઘ સ્થાનિક વિસ્તારમાંના કોઇ ઉદ્યોગ માટે અગાઉ રજિસ્ટર થયેલ સંઘના બદલે એવા ઉદ્યોગમાં રોકાયેલા કામદારો વધુ સંખ્યામાં પોતાના સભ્યો છે તે કારણે રજિસ્ટ્રારશ્રીને રજિસ્ટર કરવા અરજી કરે તો રજિસ્ટ્રારે રજિસ્ટર કરેલ સંઘની રજિસ્ટ્રેશન તારીખ સુધીમાં બે વર્ષની મુદત પુરી થઇ ગયેલ હોય તો રજિસ્ટર થયેલ સંઘને લેખિત નોટિસ આપીને તેને બદલે અરજી કરનાર સંઘનું રજિસ્ટ્રેશન શા માટે ન કરવું ? તેનું કારણ દર્શાવવા ત્રીસ દિવસની નોટિસ ફરમાવવી. પરંતુ સંઘની અગાઉની અરજીના નિકાલ સુધીમાં એક વર્ષની મુદત પુરી થઇ ગયેલ હોઇ તે સિવાય રજિસ્ટ્રારે રજિસ્ટ્રેશન માટેની કોઇપણ અરજી સ્વિકારવી નહિ. આ જોગવાઇના સંદર્ભમાં આ કામમાં રજુ કર્યા મુજબની તા. ૨૭-૧૧-૦૬ના રોજની આ કામના રીસ્પોન્ડન્ટશ્રીએ આ કામના એપેલન્ટ યુનિયનને કલમ ૧૬ (૧) ની જોગવાઇ હેઠળ આપવામાં આવેલ નોટિસ જોતાં તેમાં એપેલન્ટ યુનિયનની માન્યતા રદ કેમ ન કરવી ? તેનો ખુલાસો દિન-૩૦માં કરવા જણાવેલ છે. તેમાં એમ પણ વિશેષમાં જણાવેલ છે કે મજૂર મહાજન સંઘ દ્વારા દાવો કરેલ છે કે સ્થાનિક વિસ્તારમાં આવેલ ઉદ્યોગમાં નોકરી રાખેલા શ્રમયોગીઓની સભ્ય સંખ્યા એપેલન્ટ મંડળ કરતાં વધુ ધરાવે છે. જેથી એપેલન્ટની માન્યતા રદ કરવા અરજી કરેલ છે. આમ, નોટિસના આ શબ્દો જોતાં 'એપેલન્ટ યુનિયનની માન્યતા રદ કેમ ન કરવી ?' તેવા શબ્દોને બદલે 'અરજદાર મંડળની માન્યતા અંગેની નોંધણી કરવી ?' તેવા શબ્દો વાપરવા જોઇએ, કારણ કે સદર નોટિસમાં એવું જણાવી દીધેલ છે કે

INDEX

મજૂર મહાજન સંઘ દ્વારા તેમની સભ્ય સંખ્યા એપેલન્ટ મંડળ કરતાં વધુ ધરાવે છે, તેવી માન્યતા રદ કરવી જોઇએ તેવી અરજી કરેલ છે. પરંતુ જ્યાં સુધી અરજદાર મંડળ તથા એપેલન્ટ મંડળની સભ્ય સંખ્યા ચકાસણી કરવામાં ન આવે અને કયા મંડળની સભ્ય સંખ્યા વધારે છે અથવા ઓછી છે એવું નકકી ન થાય ત્યાં સુધી નોંધાયેલ એપેલન્ટ યુનિયનની માન્યતા રદ કરવા આવી નોટિસ આપી શકાય નહીં. તે સંજોગોમાં તા. ૨૭-૧૧-૦૬ના રોજની રીસ્પોન્ડન્ટશ્રીએ એપેલન્ટ યુનિયને આપેલ શો કોઝ નોટિસ ગેરકાયદેસર કરે છે અને રદ થવાને પાત્ર છે. વધુમાં કલમ ૧૬માં જણાવ્યા મુજબ કોઇ યુનિયન રજિસ્ટ્રારશ્રીને રજિસ્ટર કરવા અરજી કરે તો રજિસ્ટ્રાર રજિસ્ટ્રેશન કરેલ સંઘની તારીખ સુધીમાં બે વર્ષની મુદત પુરી થઇ ગયેલ હોય તો રજિસ્ટર્ડ થયેલ સંઘને અરજી કરનાર સંઘની નોંધણી શા માટે ન કરવી તે માટે ત્રીસ દિવસની મુદતની કારણદર્શક નોટિસ આપી શકે છે પરંતુ રજિસ્ટ્રારશ્રીએ એપેલન્ટ યુનિયનને આપેલ શો કોઝ નોટિસમાં રજિસ્ટર્ડ થયેલ સંઘની તારીખ સુધીમાં બે વર્ષની મુદત પુરી થઇ ગયેલ છે કે કેમ ? તેનો કોઇ ઉલ્લેખ કરેલ નથી. વળી, કલમ ૧૬(૧)માં જણાવ્યા મુજબ સંઘની અગાઉની અરજીના નિકાલની તારીખ સુધીમાં એક વર્ષની મુદત પુરી થઇ ગયેલ હોય તે સિવાય રજિસ્ટર સંઘના રજિસ્ટ્રેશન માટેની કોઇ અરજી સ્વીકારવી નહિ તેવી જે જોગવાઇ કરેલ છે તે જોગવાઇના સંદર્ભમાં પણ એક વર્ષની મુદત પુરી થઇ ગયેલ છે કે કેમ ? તેનો પણ કોઇ ઉલ્લેખ કરેલ નથી. કલમ ૧૬(૨) માં જણાવ્યા મુજબ રજિસ્ટ્રારશ્રી સદરહું અરજી તથા નોટિસની નકલ મજૂર અધિકારીને મોકલશે તેવી જોગવાઇ બાબતે પણ સદર અરજી તથા નોટિસની નકલ મજૂર અધિકારીશ્રીને મોકલવા અંગેનો કોઇ ઉલ્લેખ કરેલ નથી. તદ્ઉપરાંત કલમ ૧૬(૪) માં જોગવાઇ કર્યા મુજબ આ કલમ હેઠળ કરેલ દરેક અરજી પૈકી કલમ (૧) મુજબ નોટિસની મુદત પુરી થાય તેના ઓછામાં ઓછા ૧૪ દિવસ પહેલાં ઠરાવેલી રીતે પ્રસિદ્ધ કરવી જોઇએ તે અન્વયે રજિસ્ટ્રારશ્રીએ આ કામના એપેલન્ટ યુનિયનને આપેલ નોટિસની મુદત પુરી થાય તેના ઓછામાં ઓછા ૧૪ દિવસ પહેલા ઠરાવેલ રીતે પ્રસિધ્ધ કરેલ હોવાનું જણાતું નથી અને પ્રસિદ્ધ કરેલ હોય તે અંગેનો કોઇ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. મુંબઇ ઔદ્યોગિક સંબંધક (ગુજરાત) નિયમો ૧૯૬૧માં પણ ઉલ્લેખ કરેલ છે કે, ''કોઇ સંઘે કલમ ૧૬ હેઠળ કરેલી અરજી રજીસ્ટ્રાર રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરવી જોઇએ.'' તે પ્રમાણે સંઘે કરેલ અરજી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરેલ હોવાનું જણાતું નથી. તે સંજોગમાં પણ સદર નોટિસની કાર્યવાહી તથા તેના સંદર્ભમાં તા. ૧-૩-૦૭નો કરેલ હુકમ ગેરકાયદેસર ઠરે છે અને તેના સંદર્ભમાં રજિસ્ટ્રારશ્રી આગળ કોઇ કાર્યવાહી કરી શકે નહીં અને કાર્યવાહી કરેલ હોય તો તે રદબાતલ હોવાનું ઠરે છે આ ઉપરાંત બી.આઇ.આર. એકટની કલમ ૨૩માં જોગવાઇ કર્યા મુજબ માન્ય રાખેલ યા રાખવા બાબતે અને તેમાં દાખલ કરવા બાબતની શરતો જણાવેલ છે તે શરતોનું પાલ એપેલન્ટ યુનિયને નહીં કરેલ હોવા અંગેનો રીસ્પોન્ડન્ટશ્રીનો કોઇ કેસ નથી કે જેના કાર કલમ ૨૩માં જણાવેલ શરતોનું પાલન એપેલન્ટ યુનિયને ન કરેલ હોવાના કારણે માન્ય

INDEX

રદ કરવી પડે. તે સંજોગોમાં આ કેસ બી.આઈ.આર. એકટની કલમ ૧૬ હેઠળ સમાવિષ્ટ થાય છે અને કલમ ૧૬માં કરેલ જોગવાઈ મુજબ પ્રવર્તમાન રજિસ્ટર્ડ થયેલ સંઘને બદલે બીજા કોઈ સંઘનું રજિસ્ટ્રેશન કરવા બાબતનો કેસ હોઈ તેને કલમ ૧૬માં આગળ જણાવેલ જોગવાઈઓ લાગુ પડે છે અને જે સંઘે બી.આઈ.આર. એકટની કલમ ૧૪માં જણાવેલ જોગવાઈઓનું પાલન કરેલ હોય તેવા સંઘની જ નોંધણી થઈ શકે જેથી કલમ ૧૪માં જણાવેલ શરતોનું પાલન કરીને આગળની કાર્યવાહી કરવી જોઈએ. સાથે રીસ્પોન્ડન્ટશ્રીએ લેખિત જવાબમાં તથા દલીલોમાં રજુઆત કર્યા મુજબ તેઓશ્રી જે તે મંડળ પાસે રેકર્ડ અથવા માહિતી માંગે તે જે તે મંડળે એટલે કે આ કેસમાં સંબંધકર્તા બંને મંડળોએ જરૂરી રેકર્ડ તથા માહિતી પુરી પાડવી જોઈએ જેથી કરીને કાયદાની જોગવાઈઓ મુજબ રીસ્પોન્ડન્ટશ્રી આગળની કાર્યવાહી કરી શકે અને યોગ્ય નિર્ણય કરી જરૂરી આદેશ પણ કરી શકે. તે સંજોગોમાં આગળ ચર્ચા કર્યા મુજબ તથા જણાવ્યા મુજબ આ કેસમાં રીસ્પોન્ડન્ટશ્રી દ્વારા બી.આઈ.આર. એકટ, ૧૯૪૬ની કલમ ૧૬ હેઠળ એપેલન્ટ યુનિયનને જે કારણદર્શક નોટિસ આપેલ છે તે બાબતે કલમ ૧૬(૪)માં જણાવ્યા મુજબ આ કલમ હેઠળ કરેલ દરેક અરજી પેટા-કલમ(૧) મુજબ નોટિસની મુદત પુરી થાય તેના ઓછામાં ઓછા ચૌદ દિવસ પહેલાં ઠરાવેલી રીતે પ્રસિધ્ધ કરવી જોઈએ, તે કરેલ નથી, જેથી તે પ્રસિદ્ધ કર્યા બાદ અને નોટિસ સમય પુરો થયા બાદ તથા જે મંડળને આવી નોટિસ આપેલ હોય તે મંડળ તરફથી આવેલ વાંધા કે તકેદારી મુદ્દાઓ ધ્યાનમાં લઈને તેના સંદર્ભમાં આગળની કાર્યવાહી કરવી જોઈએ. તે સંજોગોમાં કલમ-૧૬ અન્વયેની નોટિસના સંદર્ભમાં તા. ૧-૩-૨૦૦૭ના રોજ કરેલ હુકમ રદ થવાને પાત્ર ઠરે છે અને તેના સંદર્ભમાં કરવામાં આવેલ કાર્યવાહી પણ રદ થવાને પાત્ર હોઈ તે રદ કરવાનો હુકમ કરવામાં આવે અને ફરીથી નવેસરથી તે અંગે જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેમજ સંબંધકર્તા મંડળો પાસે રીસ્પોન્ડન્ટશ્રી જે તે જરૂરી માહિતી માંગે તે પુરી પાડવા સુચના આપવામાં આવે તો તે યોગ્ય અને વ્યાજબી હોવાનું જણાય છે, તે સંજોગોમાં તથા કેસની પરિસ્થિતિ જોતાં આ કામમાં આ અપીલ મંજૂર કરવા અંગે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી એપેલન્ટ યુનિયનની આ અપીલ મંજુર કરવામાં આવે છે.

આથી આ કામના રીસ્પોન્ડન્ટશ્રીએ આ કામના એપેલન્ટ યુનિયનને મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬ની કલમ ૧૬(૧) ની જોગવાઈ હેઠળ આપેલ કારણદર્શક નોટિસના સંદર્ભમાં કરવામાં આવેલ કાર્યવાહી તથા તા. ૧-૩-૦૭ના રોજનો હુકમ ગેરકાયદેસર ઠરાવી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે અને અરજદાર મંડળની અરજી અન્વયે કાયદાની જોગવાઈઓ મુજબ નવેસરથી જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. તેમજ સંબંધકર્તા મંડળોને રીસ્પોન્ડન્ટશ્રી તરફથી જે રેકર્ડ તથા માહિતી માંગવામાં આવે તે રજુ કરવા પણ જણાવવામાં

INDEX

આવે છે. આ હુકમના સંદર્ભમાં આંક-૧ની મુખ્ય અપીલના અનુસંધાનમાં એપેલન્ટ તરફથી આપવામાં આવેલ આંક-૨ની વચગાળાની મનાઇ હુકમની અરજી અન્વયે આપવામાં આવેલ જે તે વચગાળાનો મનાઇ હુકમ રદ કરવાનો પણ હુકમ કરવામાં આવે છે અને તે રીતે આ અપીલ તથા મનાઇ અરજી નિકાલે ગણવામાં આવે છે.

ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

નડીયાદ, તારીખ ૧૯મી મે, ૨૦૦૮.

ડી. એન. બારોટ,
સભ્ય,
ઔદ્યોગિક અદાલત,
નડીયાદ.

વડોદરા, તારીખ ૪થી જુલાઇ, ૨૦૦૮.

કે. ઓ. શાહ,
સહાયક સંઘ નિબંધક,
મુંબઈ ઔદ્યોગિક સંબંધક અધિનિયમ, ૧૯૪૬,
વડોદરા.

સરકારી મુદ્રણાલય, વડોદરા.

INDEX

NOTE

The Notifications issued by Labour Commissioner, Deputy Labour Commissioner, Assistant Labour Commissioner and Sahayak Sangh Nibandhak, of *Gujarat Government Gazette,* Part I—L should be *read* to have been published in Issue No. 41, *Gujarat Government Gazette,* Part I—L, dated 9th October, 2008 and for pages VAD–3543 to VAD 3598 (in 1 set) *read* page Nos. 3875 to VAD-3930.

વિજ્ઞપ્તિ

શ્રમ આયુક્ત, નાયબ શ્રમ આયુક્ત, મદદનીશ શ્રમ આયુક્ત, અને સહાયક સંઘ નિબંધક દ્વારા બહાર પાડેલ જાહેરનામાઓ ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલ માં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, તે તારીખ ૯મી ઓકટોબર, ૨૦૦૮ના ગુજરાત રાજ્યના રાજ્યપત્ર ભાગ-૧–એલના અંક-૪૧માં પ્રસિદ્ધ થયેલ છે, તેમ વાંચવું અને પાના વીએડી-૩૫૪૩ થી વીએડી-૩૫૯૮ (૧ બંચમાં) ને પાન નંબર ૩૮૭૫ થી ૩૯૩૦ વાંચવા.

Vadodara , 9th October, 2008.

S. J. SHAH,
MANAGER,
GOVERNMENT PRESS AND STATIONERY DEPARTMENT,
VADODARA.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/૫૩/૦૮/એજેવી/આઇડીઆર/૫૭/૦૮.-મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, નીચે મુજબની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વાત્રક પેટા નહેર વિભાગ નંબર ૨ બાયડ અને તેના શ્રમયોગીશ્રી ખાંટ ઉદાભાઈ જેસીંગભાઈ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ ૧૦(૧) અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૭૩ના જાહેરનામાં ક્રમાંક નં. કેએચ/એમએચ/૩૬૭/ આઇડીએ/૧૦૭૨/ ૪૬૧૮ (૩૩)થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ (૧) ની સાથે પેટા-વિભાગ ૧ની કલમ ''સી'' વાંચતા અને સદર ધારાની અનુસુચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગેના બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી હવે, ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪)માંની કલમ ૧૦ની પેટા-કલમ (૧)ના પેટા-વિભાગ (સી) થી તા. ૫મી જુન, ૧૯૮૪ના જાહેરનામા નં. ક્રમાંક કેએચ/એસએચ/એમસી/૧૦૬૬૧/આઇડીસી/૭૦૯૫થી મળેલ સત્તાની રૂએ હું, શ્રી મદદનીશ શ્રમ આયુક્ત, હિંમતનગર આથી શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૪મી નવેમ્બર, ૧૯૭૭ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસ ૧૦૪૬/આઇડીએ-૨૦૭૭ સી-૩૭૦૧(૧)-ઝેડ થી રચાયેલ કોર્ટ નં. ૧ની બનેલી શ્રમ અદાલત, હિંમતનગરને સદરહું તકરાર તેને ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ખાંટ ઉદાભાઈ જેસીંગભાઈના પડેલા દિવસોના પગાર સહીતની તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા કે કેમ ?

હિંમતનગર, તારીખ ૧૪મી ઓગસ્ટ, ૨૦૦૮.

કે. બી. લાલવાણી,
મદદનીશ શ્રમ આયુક્ત,
હિંમતનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૮/૨૦૦૮.—મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, ગુ.રા.મા. વા. વ્ય. નિગમ, પાલનપુર અને તેના શ્રમયોગી શ્રી મકવાણા બલુભાઈ નાનાભાઈ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨-૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા-કલમ ૧ની સાથે પેટા વિભાગ ૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ-નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ-નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, આર. બી. રાણા, મદદનીશ શ્રમ આયુકત, પાટણ, આથી મજુર અદાલત, પાલનપુરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રમયોગી શ્રી મકવાણા બલુભાઈ નાનાભાઈને પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

પાટણ, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૦૮.

આર. બી. રાણા,
મદદનીશ શ્રમ આયુકત,
પાટણ.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૧૫/૨૦૦૮.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વ્યવસાયલક્ષી તાલીમ કેન્દ્ર મુ. પો. દાંતા, જિ. બનાસકાંઠા અને તેના શ્રમયોગી શ્રી તરાલ વજાભાઈ રામાભાઈ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨-૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા-કલમ ૧ની સાથે પેટા વિભાગ ૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ-નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ-નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, આર. બી. રાણા, મદદનીશ શ્રમ આયુકત, પાટણ, આથી મજુર અદાલત, પાલનપુરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રમયોગી શ્રી તરાલ વજાભાઈ રામાભાઈને પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

પાટણ, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૦૮.

આર. બી. રાણા,
મદદનીશ શ્રમ આયુકત,
પાટણ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઇડીઆર/૧૮/૨૦૦૮.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ધી વરવાડીયા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., વરવાડીયા, પો. ધોતા, તા. વડગામ, જિ. બનાસકાંઠા અને તેના શ્રમયોગી શ્રી રજપૂત વાઘાજી નવાજી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા-કલમ ૧ની સાથે પેટા વિભાગ ૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ-નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ-નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, આર. બી. રાણા, મદદનીશ શ્રમ આયુક્ત, પાટણ, આથી મજુર અદાલત, પાલનપુરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રમયોગી શ્રી રજપૂત વાઘાજી નવાજીને પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

પાટણ, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૦૮.

આર. બી. રાણા,
મદદનીશ શ્રમ આયુક્ત,
પાટણ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૨૦/૨૦૦૮.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ, પાલનપુર અને તેના શ્રમયોગી શ્રી ખલીફા મહમદઈકબાલ હસનભાઈ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨-૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા-કલમ ૧ની સાથે પેટા વિભાગ ૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ-નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઈટમ-નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, આર. બી. રાણા, મદદનીશ શ્રમ આયુક્ત, પાટણ, આથી મજુર અદાલત, પાલનપુરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રમયોગી શ્રી ખલીફા મહમદઈકબાલ હસનભાઈને પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

પાટણ, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૦૮.

આર. બી. રાણા,
મદદનીશ શ્રમ આયુક્ત,
પાટણ.

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/એજે/આઈડીઆર/૨૧/૨૦૦૮.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર પાલનપુર નગરપાલિકા, પાલનપુર, જિ. બનાસકાંઠા અને તેના શ્રમયોગી શ્રી અશોકભાઈ ડાહ્યાલાલ મોદી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨-૪૬૧૮ (૩૩) થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા-કલમ ૧ની સાથે પેટા વિભાગ ૧ની કલમ 'સી' વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ-નં. ૩ અને અનુસૂચિ-૩ ની આઇટમ-નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતને તેમના સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપરત કરવામાં આવેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ ૧૯૪૭ના ૧૪માંની કલમ-૧૦ની પેટા કલમ (૧) અને પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, આર. બી. રાણા, મદદનીશ શ્રમ આયુકત, પાટણ, આથી મજુર અદાલત, પાલનપુરને સદરહુ તકરાર તેના ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રમયોગી શ્રી અશોકભાઈ ડાહ્યાલાલ મોદીને પડેલા દિવસોના પગાર સાથે નોકરીમાં મૂળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા કે કેમ ?

પાટણ, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૦૮.

આર. બી. રાણા,
મદદનીશ શ્રમ આયુકત,
પાટણ.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૪૪/૨૦૦૮/૫૦૦૭.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર વૃન્દાવન રેસ્ટોરન્ટ, દરબારગઢ, ભાવનગર (૨) હોટલ વૃન્દાવન દરબારગઢ, ભાવનગર અને તેના શ્રમયોગી શ્રી ઘોઘુભા દેવુભા ઝાલા વચ્ચેનની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-(૩૩)થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા કલમ (૧) સાથે વિભાગ-૧ની કલમ (સી) વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ ૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એ. એમ. શાહ, મદદનીશ શ્રમ આયુકત, ભાવનગર શ્રમ અદાલત, નં. ૨, ભાવનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ઘોઘુભા દેવુભા ઝાલાને નોકરીમાંથી છુટા કર્યા તારીખ ૧-૪-૨૦૦૮થી તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૮.

એ. એમ. શાહ,
મદદનીશ શ્રમ આયુકત,
ભાવનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઈડીઆર/૪૭/૨૦૦૮/૫૦૩૪.–મદદનીશ શ્રમ આયુક્તનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર રાધેશ્યામ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત રાધેશ્યામ ગુજરાતી શાળા, ગાંધીબાગ સામે, મહુવા, જિ. ભાવનગર અને તેના શ્રમયોગી શ્રીમતી ગીતાબેન મનુભાઈ બુધેલીયા વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮-(૩૩)થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા કલમ (૧) સાથે વિભાગ-૧ની કલમ (સી) વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એ. એમ. શાહ, મદદનીશ શ્રમ આયુકત, ભાવનગર શ્રમ અદાલત, નં. ૨, ભાવનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી ગીતાબેન મનુભાઈ બુધેલીયાને નોકરીમાંથી છુટા કર્યા તારીખ ૫-૮-૨૦૦૭થી તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૮.

એ. એમ. શાહ,
મદદનીશ શ્રમ આયુકત,
ભાવનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઈડીઆર/૪૮/૨૦૦૮/૫૦૨૭.—મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) લીઓ ફોમ્યુલેશન પ્રા. લી., ૬૦૪, સિએર્સ ટાવર, ગુલબાઈ ટેકરા, અમદાવાદ (૨) અરવિંદભાઈ એસ. મોદી ડાયરેક્ટર લીઓ ફોર્મ્યુલેશન્સ પ્રા. લી., ૬૦૪, સિએર્સ ટાવર, ગુલબાઈ ટેકરા, અમદાવાદ અને તેના શ્રમયોગી શ્રી રાજેન્દ્ર એન. જોષી વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઈડીએ/૧૦૭૨/૪૬૧૮-(૩૩)થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા કલમ (૧) સાથે વિભાગ-૧ની કલમ (સી) વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ ૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એ. એમ. શાહ, મદદનીશ શ્રમ આયુકત, ભાવનગર શ્રમ અદાલત, નં. ૨, ભાવનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી રાજેન્દ્ર એન. જોષીને નોકરીમાંથી છુટા કર્યા તારીખ ૧૦-૧૨-૨૦૦૭થી તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૮.

એ. એમ. શાહ,
મદદનીશ શ્રમ આયુકત,
ભાવનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૫૦/૨૦૦૮/૫૦૨૧.—મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમૃતપુરી સરદાર સ્મૃતિની સામે, કેસન્ટ ચોક, ભાવનગર અને તેના શ્રમયોગી શ્રીમતી અનિતાબેન કમળસિંહ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-(૩૩)થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા કલમ (૧) સાથે વિભાગ-૧ની કલમ (સી) વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ ૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એ. એમ. શાહ, મદદનીશ શ્રમ આયુકત, ભાવનગર શ્રમ અદાલત, નં. ૨, ભાવનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રીમતી અનિતાબેન કમળસિંહને નોકરીમાંથી છુટા કર્યા તારીખ ૭-૫-૨૦૦૮થી તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૮.

એ. એમ. શાહ,
મદદનીશ શ્રમ આયુકત,
ભાવનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુકત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

નંબર કેએચ/એસએચએમસી/બીએચએ/એજેબી/આઇડીઆર/૫૧/૨૦૦૮/૫૦૧૩.–મદદનીશ શ્રમ આયુકતનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) સેકશન ઓફીસરશ્રી સથરા સેકશન, સથરા, વાયાઃ ત્રાપજ, તા. તળાજા, જિ. ભાવનગર (૨) નાયબ કાર્યપાલક ઈજનેર, શેત્રુંજી ડાબા કાઠાં નહેર પેટા વિભાગ, તળાજા (૩) કાર્યપાલક ઈજનેર, જળસિંચન વિભાગ, પાનવાડી, ભાવનગર અને તેના શ્રમયોગી શ્રી ગોહીલ રતુભા મહોબતસિંહ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના ૧૪માંની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭૭/આઇડીએ/૧૦૭૨/૪૬૧૮-(૩૩)થી સદર ધારાની કલમ-૧૦ ની પેટા કલમ (૧) સાથે વિભાગ-૧ની કલમ (સી) વાંચતા અને સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ ૩ની આઇટમ નં. ૧૦ સાથે સંકળાયેલ બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુકતને તેમને સોંપેલ કાર્યક્ષેત્ર માટે સત્તા સુપ્રત કરવામાં આવી છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ના (૧૪) માંની કલમ-૧૦ની પેટા-કલમ (૧)ના પેટા વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એ. એમ. શાહ, મદદનીશ શ્રમ આયુકત, ભાવનગર શ્રમ અદાલત, નં. ૨, ભાવનગરને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ગોહીલ રતુભા મહોબતસિંહને નોકરીમાંથી છુટા કર્યા તારીખ ૩૦-૪-૨૦૦૩થી તેમના પડેલા દિવસોના પુરા પગાર સાથે તેમની મુળ જગ્યાએ સળંગ નોકરીથી પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભાવનગર, તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૮.

એ. એમ. શાહ,
મદદનીશ શ્રમ આયુકત,
ભાવનગર.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ.એસએચએમસી/૩૮૮૮૫/૫.૨/આઇડીઆર/૧૧૧/૨૦૦૭.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે બીડેલ પરિશિષ્ટમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર અમોલી ઓર્ગેનીક પ્રા. લી., લુણા, પાદરા, જિ. વડોદરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગર આથી ઔદ્યોગિક ન્યાયપંચ વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલું છું.

અનુસૂચિ

માંગણી નં. ૧ : પગાર વધારો : કંપનીના તમામ કાયમી શ્રમયોગીઓને હાલના કૂલ વેતનમાં રૂા. ૨૫૦૦/- નો માસીક પગાર વધારો તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭ની અસરથી અમલમાં આવે તે રીતે કરવો અને ૨૦૦૮ માટે રૂા. ૨૦૦/- તથા સને ૨૦૦૯ના વર્ષ માટે રૂા. ૩૦૦/- પ્રતિમાસ વાર્ષિક ઈજાફા સ્વરૂપે પગાર વધારો તેમજ ઈજાફાના લાભો સીનીયોરીટી મુજબ આપવા કે કેમ ?

માંગણી નં. ૨ : મકાન ભાડા વધારો : હાલ કંપનીમાં તમામ શ્રમયોગીઓને જે મકાન ભાડુ (એચ.આર.એ.) તરીકે ચુકવવામાં આવે છે તેમાં રૂા. ૮૦૦/- નો માસીક વધારો તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭ની અસરથી અમલ કરી મકાન ભાડા વધારો ચુકવવો કે કેમ ?

માંગણી નં. ૩ : કન્વેયન્સ એલાઉન્સ વધારો : કંપનીમાં હાલ તમામ કાયમી શ્રમયોગીઓને જે કન્વેયન્સ એલાઉન્સ ચુકવવામાં આવે છે તેમાં રૂા. ૭૫૦/- નો તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭થી વધારો કરવો કે કેમ ?

INDEX

માંગણી નં. ૪ : મેડીકલ એલાઉન્સ : કંપનીમાં હાલ તમામ કાયમી શ્રમયોગીઓને મેડીકલ એલાઉન્સ કંપની ચુકવે છે તેમાં રૂા. ૭૫૦/- નો તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭થી વધારો કરવો કે કેમ ?

માંગણી નં. ૫ : વોશીંગ એલાઉન્સ : કંપનીમાં હાલમાં તમામ કાયમી શ્રમયોગીઓને વોશીંગ એલાઉન્સ ચુકવવામાં આવે છે તેમાં હાલમાં રૂા. ૨૦૦/- નો માસીક વધારો તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭થી વધારો કરવો કે કેમ ?

માંગણી નં. ૬ : પ્રવાસ ભથ્થુ : કંપનીનાં તમામ શ્રમયોગીઓને દર વર્ષે રૂા. ૩૫૦૦/-પ્રવાસ ભથ્થા તરીકે આપવા અથવા ૧૪૦૦/- કી. મી. નો પ્રવાસ સહકુટુંબ કરવાનો ખર્ચ કંપનીએ દરેક શ્રમયોગીઓને દર વર્ષે પ્રવાસ ભથ્થા તરીકે ચુકવવા કે કેમ ?

માંગણી નં. ૭ : રાત્રી પાળી એલાઉન્સ : કંપનીમાં કામ કરતાં તમામ શ્રમયોગીઓને રાત્રીપાળી કામના એલાઉન્સ તરીકે રોજંદા રૂા. ૨૫/- લેખે ચુકવવા કે કેમ ?

માંગણી નં. ૮ : વરસાદી બુટ : કંપનીમાં વરસાદી સીઝનમાં ફરજો અદા કરવા આવતાં તમામ શ્રમયોગીઓને દર બે વર્ષે હાલ સને ૨૦૦૭ની અસરથી એક જોડી વરસાદી બુટ આપવા કે કેમ ?

માંગણી નં. ૯ : પ્રોડકશન ઈન્સેન્ટીવ : કંપનીમાં ફરજ બજાવતા તમામ કાયમી શ્રમયોગીઓને પ્રોડકશન ઈન્સેન્ટીવ માસીક રૂા. ૨૦૦/ તારીખ ૧લી એપ્રિલ, ૨૦૦૭ની અસરથી આપવા કે કેમ ?

માંગણી નં. ૧૦ : શિક્ષણ એલાઉન્સ : ફરજ બજાવતા તમામ શ્રમયોગીઓના બે બાળક દીઠ રૂા. ૬૦૦/ શિક્ષણ એલાઉન્સ તરીકે ચુકવવા કે કેમ ?

માંગણી નં. ૧૧ : વુલન સ્વેટર : હાલ દરેક કાયમી શ્રમયોગીઓને દર ત્રણ વર્ષે એક નંગ વુલન સ્વેટર રૂા. ૩૦૦/ ની કિંમતનું સારી ક્વોલીટીનું સને ૨૦૦૭ની અસરથી આપવુ કે કેમ ?

માંગણી નં. ૧૨ : રેઈની સુટ : દરેક કાયમી શ્રમયોગીઓને દર ત્રણ વર્ષે એક નંગ ડગબેગ કંપનીના માર્કાવાળા રેઈની સુટ સને ૨૦૦૭ની અસરથી આપવો કે કેમ ?

માંગણી નં. ૧૩ : મૃત્યુ સહાય : કંપનીના કાયમી શ્રમયોગી મૃત્યુ પામે તો એક દિવસનો પગાર તમામ કાયમી શ્રમયોગીઓના કપાત કરવા અને એટલો જ નાણાંકીય ફાળો કંપનીએ ઉમેરો કરી મૃત્યુ સહાય તરીકે શ્રમયોગીઓના કુટુંબીજનોને આપવા કે કેમ ?

વડોદરા, તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૮.

(સહી), અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત સરકાર, ગાંધીનગર.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએ.એસએચએમસી/૩૮૮૮૬/૫.૨/આઈડીઆર/એજે/૪૮/૨૦૦૮.—નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર કૃપાલુ એન્ટરપ્રાઈઝ C/o. ઓટોમોટીવ સ્ટેમ્પીંગ એન્ડ એસેમ્બલીંગ સર્વે નંબર ૧૭૩, ખાખરીયા, તા. સાવલી જિ. વડોદરા અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઈડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગાંધીનગર આથી ઔદ્યોગિક ન્યાયપંચ વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલી છું.

અનુસૂચિ

કોન્ટ્રાક્ટમાં કામ કરતા તમામ શ્રમયોગીઓને તા. ૧-૪-૨૦૦૬થી તા. ૩૧-૩-૨૦૦૭ સુધીના સમયગાળાનું બોલસ ૨૦ % લેખે દિવાળીના ૨૦ દિવસ પહેલા ચૂકવી આપવું કે કેમ ? કોન્ટ્રાક્ટમાં કામ કરતા તમામ શ્રમયોગીઓને ફેસ્ટીવલ એડવાન્સના બે પગાર દિવાળી પહેલા ચૂકવી આપવા કે કેમ ?

વડોદરા, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૦૮.

(સહી), અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત સરકાર, ગાંધીનગર.

INDEX

શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએ.એસએચએમસી/૩૮૮૮૭/૫.૨/આઇડીઆર/એજે/૫૩/૨૦૦૮.–નીચે સહી કરનારનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી બાબતો સાથે સંકળાયેલી ઔદ્યોગિક તકરાર (૧) કોન્ટ્રાક્ટશ્રી મોટવાણી C/o.IDMC વિયુનગર તા. જિ. આણંદ (૨) ડાયરેક્ટરશ્રી, ઈન્ડીયન ડેરી મશીનરી કંપની લી., મુ. વીયુનગર, તા. જિ. આણંદ અને તેના શ્રમયોગીઓ વચ્ચેની છે.

અને હવે, ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૧૮મી ઓગસ્ટ, ૨૦૦૧ના જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૨૦૦૧/૧૭૩/આઇડીએ/૧૦૨૦૦૧/૬૦૭-મ(૨) થી સદર ધારાની કલમ-૧૦ની પેટા-કલમ-(૧) અને કલમ-૧૨ની પેટા-કલમ (૪) અને (૫) હેઠળની સત્તાઓ (સદર ધારાની અનુસૂચિ-૨ની આઇટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઇટમ નં. ૯, ૧૦, અને ૧૧ સિવાય) ૧૦૦ કે તેથી વધારે શ્રમયોગીઓ કામે રાખતા ઔદ્યોગિક એકમો પુરતી સમગ્ર રાજ્ય માટે શ્રમ આયુક્ત, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે.

તેથી, હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ની કલમ-૧૦ની પેટા-કલમ-૧ થી મળેલ સત્તાની રૂએ હું, શ્રમ આયુક્ત, ગાંધીનગર આથી ઔદ્યોગિક ન્યાયપંચ વડોદરાને સદરહુ તકરાર તેનો ન્યાય નિર્ણય કરવા માટે લખી મોકલી છું.

અનુસૂચિ

માંગણી નં. ૧ : બોનસ અંગે સંસ્થાના શ્રમયોગીઓને તા. ૧-૪-૨૦૦૬થી તા. ૩૧-૩-૨૦૦૭ સુધી ૨૦ % લેખે બોનસ ચુકવવા તથા ૫ % લેખે એક્સગ્રેસીયાની દિવાળીના ૨૦ દિવસ પહેલા ચૂકવવી કે કેમ ?

માંગણી નં. ૨ : ફેસ્ટીવલ એલાઉન્સ અંગે સંસ્થાના શ્રમયોગીઓને દિવાળીના તહેવાર માટે ફેસ્ટીવલ એલાઉન્સ પેટે બે પગારની રકમ દિવાળી પહેલા ફેસ્ટીવલ એલાઉન્સ ચૂકવવી કે કેમ ?

વડોદરા, તારીખ ૨૦મી ઓગસ્ટ, ૨૦૦૮.

(સહી), અવાચ્ય,
શ્રમ આયુક્ત,
ગુજરાત સરકાર, ગાંધીનગર.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક કેએચ/એસએચએમસી/મશ્રઆ/ભ/આઈડીઆર/૮૩૦૩.–મદદનીશ શ્રમ આયુક્ત ભરૂચનો એવો અભિપ્રાય થાય છે કે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ બાબતો સાથે સંકળાયેલ ઔદ્યોગિક તકરાર વિભાગીય નિયામકશ્રી, એસ. ટી. કોર્પોરેશન, ભરૂચ વિભાગ, ઠે. ભોલાવ, ભરૂચ અને તેના શ્રમયોગી શ્રી ઈદ્રીસ ગુલામ ખીલજી વચ્ચેની છે.

અને હવે ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, (સને ૧૯૪૭ના ૧૪મા) ની કલમ-૩૯ અન્વયે ગુજરાત સરકારના મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૬મી માર્ચ, ૧૯૭૩ના જાહેરનામા ક્રમાંક કેએચ/એસએચ/૩૬૭-આઈડીએ-૧૦૭૨/૪૬૧૮/૩-ઝ થી સદર ધારાની અનુસૂચિ-૨ની આઈટમ નં. ૩ અને અનુસૂચિ-૩ની આઈટમ નં. ૧૦ સાથે સંકળાયેલી બાબતો અંગે બધા મદદનીશ શ્રમ આયુક્તોને તેમનાં સોંપેલા કાર્યક્રમ માટે સત્તા સુપ્રત કરવામાં આવે છે.

તેથી હવે ઉપર જણાવ્યા અનુસાર ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭ના (૧૪માં)ની કલમ-૧૦ની પેટા-કલમ(૧) ના પેટા-વિભાગ (સી) થી મળેલ સત્તાની રૂએ હું, એમ. ઓ. ભટ્ટ, મદદનીશ શ્રમ આયુક્ત, ભરૂચ આથી મજુર અદાલત, નં. ૧, ભરૂચને, સદરહુ વિવાદ ન્યાય નિર્ણય કરવા વાસ્તે લખી મોકલું છું.

અનુસૂચિ

શ્રી ઈદ્રીસ ગુલામ ખીલજીને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહિત નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા જોઈએ કે કેમ ?

ભરૂચ, તારીખ ૨૫મી ઓગસ્ટ, ૨૦૦૮.

એમ. ઓ. ભટ્ટ,
મદદનીશ શ્રમ આયુક્ત,
ભરૂચ.

INDEX

મદદનીશ શ્રમ આયુક્ત દ્વારા

હુકમ

ઔદ્યોગિક વિવાદ અધિનિયમ, ૧૯૪૭.

